5

22966

22966

તારીખ Date	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids	ગૃહકાર્ય Home Work

22966
22966

Daily-Planning

વાસ. Prd.	ધોરણ. Std.	વિ. Su

આ પુસ્તક ફક્ત, પંદર, ત્રીસ, દિવસ રાખી શકાશે.

શૈ. સા. Teach Aids	H V

29 MAY 20
29 NOV 2004

22466

ચિકાગ પત્રિકા
વર્ષ પહું: ૧૮

૨૯ (ઓક્ટોબર ૦૪)

પ્રતિ ડે મળિયા.

[પાછળ]

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

22966
GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

ધોરણ Std.	વિષય Sub.	ધોરણ Std.	વિષય Sub.	પ્રકરણ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids	ગૃહકાર્ય Home Work

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૧

અંક ૧ લો
ફાગણ

:તંત્રી:
ગિજુભાઈ
તારાબેન

જ્યાં સુધી આપણી આજુબાજુમાં ગંદકી છે,
ત્યાં સુધી આપણી જ સ્વચ્છતા ટકવાની નથી.
જ્યાં સુધી આપણી આજુબાજુ ચેપી રોગો છે,
ત્યાં સુધી આપણું જ આરોગ્ય સહીસલામત નથી.
જ્યાં સુધી આપણી આસપાસ દરિદ્રતા છે,
ત્યાં સુધી આપણો જ રોટલો નિર્ભય નથી.
જ્યાં સુધી આપણી આસપાસ ચોર, લુંટારા અને
ખૂનીઓ છે ત્યાં સુધી આપણો જ જાન સુરક્ષિત નથી.
જ્યાં સુધી આપણી આસપાસ નિરક્ષરતા, અજ્ઞાન,
અંધકાર, વ્હેમ, જડતા, કુરિવાજ, કુરૂઢીઓ છે,
ત્યાં સુધી આપણું જ જીવન સ્વસ્થ નથી, સુખી નથી.
કંઈ નહિ તો આપણે આપણા જ હિત માટે
લડીએ, ગંદકી, ચેપીરોગો, દુષ્ટતા, દરિદ્રતા અને
નિરક્ષરતા સામે આપણે જ ઉભા થઈએ અને
ઝુઝીએ,-દુનિયામાં ચાલી રહેલી અનેક લડતોમાંથી
કઈ લડતમાં આપણે પણ ઝુકાવીશું ?

નવું વર્ષ

આજે આપણે પત્રિકાના પાંચમા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. આ વર્ષ પણ નિર્વિઘ્ને પસાર થાઓ એવી આપણે પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ. પત્રિકા અને આપણે સૌ એની કૃપાછાયામાં જ વિકસી શકીએ અને વિકસી રહ્યાં છીએ. એ કૃપાછાયા આપણા પર અમર રહો, અનન્ત રહો. નવા વર્ષમાં પ્રવેશ કરતાં આપણે નિશ્ચય કરીએ કે આપણે પરસ્પર વધારે મદદગાર થઈએ, આપણી સંઘશક્તિ વધારે સંગઠ્ઠિત કરીએ, આપણી પત્રિકાની સેવામાં કંઇ ને કંઇ અર્પણ કરીએ. પત્રિકાથી આપણી વચ્ચે થએલ સંબંધ વધારે ને વધારે દૃઢ કરીએ. નવું વર્ષ આપણને સૌને સફળ નીવડો.

તંત્રીઓ

નવા વર્ષે અભિલાષાઓ

નવા વર્ષે પાત્રકા કંઇ કંઇ ફેરફાર કરે અને આપણે સૌ તે પૂરા પાડીએ. ગયે વર્ષે પત્રિકાએ ૪૦૦૦ સંઘીઓને માગ્યા અને આપણે તે આપ્યા. આ વખતે પાત્રકા ૫૦૬૦ મિત્રો માગે છે: આપણે ચાર હજાર થઈને એક હજાર મિત્રોને શોધતાં કેટલી વાર ? આપણે એક એક જ નવો મિત્ર શોધીએ તો પણ પત્રિકાનું બળ બમણું થાય. પણ પત્રિકા આ વર્ષે માત્ર ૧૦૦૦ મિત્રો જ વધારે માગે છે. પત્રિકા આપણી પાસે આજીવન સભ્યો પણ માગે છે. આપણે ધારીએ તો આપણામાંથી જ ઘણાઓને આપી શકીએ. નવા વર્ષની આ માગણી જરા લક્ષમાં લઇશું તો પત્રિકાના આજીવનસભ્યો બમણા થઇ જાય. આજે આજીવનસભ્યો બાવન છે. આ તો બહુ થોડી સંખ્યા. પત્રિકા આપણું સૌનું પ્રિય સંબંધી છે અને તેથી જ આપણે સૌ તેના ઉપર પ્રેમ કરી રહ્યા છીએ. આ વર્ષે આપણે તેને વધારે શોભાવીએ, વધારે સમૃદ્ધ કરીએ.

રાજબાળકની . . . ખરી . . . કેળવણી

આજે રાજ મહારાજાઓ પોતાનાં બાળકો માટે બબ્બે હજાર રૂપિયા ખર્ચી તેમને માટે કાચા પાયાની કેળવણી ખરીદે છે. તેઓની નજર ઉઘડે તો તેઓ તેમાંથી ચોથા ભાગને બચે પાયાશુદ્ધ કેળવણી, રાજના મિજાજને બાસ જરૂરની એવી સ્વાતંત્ર્યની કેળવણી, સહેલાઈથી મેળવી શકે છે.

અમે તો એમ માનીએ છીએ કે રાજપુત્રો ને રાજકન્યાઓની ખરી કેળવણી પ્રજાના બાળકો સાથે જ થઇ શકે. બાળપણમાં જેઓ પ્રજાની સાથે રમ્યા હોય, નાચ્યા હોય, કૂદ્યા હોય તેમની શક્તિઅશક્તિ અનુભવી હોય તેઓ જ આગળ જતાં રાજપદે આવે ત્યારે પ્રજાનાં સુખદુઃખ સારી રીતે સમજી શકે. પ્રજાના સુખે સુખી ને પ્રજાના દુઃખે દુઃખી થઇ શકે. સાચા અર્થમાં પ્રજાના પાલનહાર થઇ શકે. આજની રાજ કેળવણીની પ્રથા તો પ્રજા ને રાજા વચ્ચે લાખ ગાઉનું અંતર વધારે એવી છે, જે રાજા અને

પ્રજાએ બાળપણમાં સાથે ભણી સાચું સ્વાતંત્ર્ય ચાખ્યું હોય, સ્વાતંત્ર્યના વાતાવરણની હવા લીધી હોય તો આગળ જતાં રાજા ને પ્રજાના પ્રશ્નો હિત દૃષ્ટિએ એક બીજાથી જૂદા પડી જ ન શકે.

બાલમંદિરની કેળવણી -એટલે સ્વાધીનતાની કેળવણી. રાજબાળક બાલમંદિરમાં આવીને સુપડી સાવરણી લઇ વાળે, અથવા પોતાનું ટેબલ પોતે સાફ કરી નાખે, પોતાના બૂટ પોતે પહેરતાં શીખે, તો તેમાં રાજશોભામાં કશો ઘટાડો તો નથી જ થતો. પણ વધારો થાય છે. જે રાજા થવા માટે સર્જાએલો છે, જેને લાખોનું પાલન કરવાનું છે, તે પોતે પોતાની બાબતમાં જ નોકરડાનો-ગુલામ રહે તે કેમ ચાલે! એટલે તે રીતે પણ રાજબાળકો બાલમંદિરમાં સૌની સાથે ભણે રમે જમે એ અત્યંત ઇષ્ટ જ છે. તા.

બરી જરૂર ક્યાં - - - - - - છે?

"મોન્ટીસોરી પદ્ધતિની બરી જરૂર આફ્રિકાના હબસીઓને છે. એ પ્રાણદાયી પદ્ધતિથી એ નિષ્પ્રાણ પ્રજામાં ચેતન પ્રગટશે. એ સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિના સિદ્ધાન્ત પર રચાએલી પદ્ધતિ, એ દીનહીન પ્રજાને ગુલામીમાંથી મુક્ત કરશે. પણ એ ભગીરથ કાર્ય કોણ કરે? કેવી રીતે કરે? કયારે કરે?

* * *

સાચે જ મોન્ટીસોરી પદ્ધતિ પ્રથમ તો ગરીબો માટે છે. ગરીબોના આંગણામાં મોન્ટીસોરી પદ્ધતિને લઇ જવાનું કાર્ય હજી બાકી છે. મિલ માલેકોના આંગણે હજી મોન્ટીસોરી પદ્ધતિ નથી પહોંચી. હિંદના નિરાધાર કંગાળ બાળકોને જ્યારે કોઇ માતૃહૃદય ગોદમાં લેશે ત્યારે હિંદુસ્તાન ઇટલીની મોન્ટીસોરી પદ્ધતિને વીસરી જશે, ત્યારે આફ્રિકાના ઉત્કર્ષને માટે પણ હિંદની મોન્ટીસોરીના શિષ્યો મોમ્બાસાના કિનારે ઉતરી આવશે. ત્યારે સમસ્ત માનવ હૃદયમાં જ્ઞાનદીપ પ્રગટાવવા મથતા કેળવણી કારોને એ સાદી, સરલ, સસ્તી ને ઉપયોગી પદ્ધતિ ચકમક રૂપ થઇ પડશે. હિંદુસ્તાનને રેંટીયા જેટલી કોઇ પણ વસ્તુની જરૂર હોય તો તે આવી ચેતનદાયી શિક્ષણપદ્ધતિની. મોન્ટીસોરી પદ્ધતિને ગરીબોના ઘરમાં લઇ જવાશે તે દિવસે આપણાં મોન્ટીસોરી સંઘનું જીવ્યું સાર્થક થશે."

મોશી
પૂર્વ આફ્રિકા

રામનારાયણ ના. પાઠકના
એક પત્રમાંથી

. . . . . અંત્યજ ભાઇઓ માટે?

ગયે વર્ષે ઉદાર ગૃહસ્થોએ અંત્યજ ભાઇઓને પત્રિકા પહોંચાડવા મદદ મોકલેલી. એવી એક મદદ નવા વર્ષે રૂા. ૨૫) ની આવી છે. શ્રી કોરશી વીજપાળ રંગૂન. પચીસ અંત્યજના ઘરમાં પત્રિકા જશે. પણ અંત્યજ ભાઇઓ માટે જેટલા નાણાં આવે તેટલાં ઓછાં. જેટલા અંત્યજ ભાઇઓ પત્રિકાનો લાભ લે તેટલું આપણે રળ્યા. જે ભાઇઓ અને બ્હેનો અંત્યજને માટે પોતાના તરફથી જે કંઇ રકમ મોકલી આપશે તે સ્વીકારતાં હર્ષ થશે.

વેળાસર આપની મદદ મોકલી આપશો. . . . . .

માતા પિતાઓને ભલામણ

જેમને માતા પિતા થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તેમને સપ્રેમ અર્પણ.

૧ તમે તમારા પૂરા અંતઃકરણથી, તમારા સમગ્ર આત્માથી, તમારા સંપૂર્ણ બળથી, તમારા બાળકને ચાહજો; પણ સાથે સાથે ડહાપણથી ને તમારી સમગ્ર બુદ્ધિથી ચાહજો.

૨ તમે તમારા બાળકને પોતાની માલીકીનું ના ગણજો, પણ તમે તેને એક સ્વતંત્ર વ્યક્તિ લેખજો.

૩ તમે તમારા બાળકના પ્રેમ અને માનને હક્ક તરીકે ના માંગજો; ઉલટું એના તમે અધિકારી થજો. થવા પ્રયત્ન કરજો.

૪ તમે જ્યારે બાળકની અપૂર્ણતાથી અને બીજાઓથી અધીરા થઇ છેડાઇ પડો ત્યારે તમારું કૃત્યપણ યાદ કરજો ને તમારી પોતાની ન્યૂનતાઓ અને અધુરાપણાને સંભારજો.

તમે યાદ રાખજો કે બાળકની સમક્ષ તમે તેનો આદર્શ છો. માટે જ યોગ્ય આદર્શ થવા તમે ધ્યાનમાં રાખજો.

૫ એ પણ વળી યાદ રાખજો કે તમારા ઉપદેશ કે ઠપકા કરતાં તમે જે કરી બતાવશો તે જ તેને કામ આવશે.

૬ રસ્તા ઉપરના માર્ગ બતાવનાર પાટીયા જેવા તમે બાળજીવનને દેખાજો. પૈડાને ખુતાડી દે છે તેવા ધૂળવાળા અને ઉડા ચીલા જેવા ના થજો.

૭ તમે તમારા બાળકને સ્વાધીન થતાં અને જીવનકલહમાં જાતે જ લડી લે તેવાં કરજો.

૮ તમે તમારા બાળકને પગભર કરજો. તેને તમે જીવનવિગ્રહની સામે ઝુઝે તેવાં કરજો.

૯ તમે તમારા બાળકને સૌંદર્યને જોતાં, દયા માયા આચરતાં, સત્યને ચાહતાં અને મિત્ર થતાં શીખવજો.

૧૦ તમે તમારા ઘરમાં સાચું ગૃહજીવન આણજો. તમારું, તમારા બાળકોનું, મારતા મિત્રોનું અને તમારા બાળકોના મિત્રોનું, તમારા ઘરને સાચું સ્વર્ગ બનાવજો. (અંગ્રેજીને આધારે)

નવી માતા

આજે સૌની આંખો 'નવી સ્ત્રી' તરફ વળી છે. આજનો યુગ 'નવી સ્ત્રી' માગે છે.

પરંતુ આવતો યુગ 'નવી માતા' માગે છે. કારણ નવો યુગ બાળકનો છે. નવા યુગની માતા આમાંથી જ નીકળવી જોઇએ.

નવી પેઢી નવો ઉછેર માગે છે. શિક્ષણમાં નવી દિશા માગે છે.

આવતી પેઢીને માતાનો લાડઘેલો પ્રેમ નથી જોતો. પણ તે બાળવિકાસને પોષે તેવો સાચો પ્રેમ માગે છે.

લાડઘેલા પ્રેમમાં માતા પોતાને સંતોષે છે.

સાચા પ્રેમમાં માતા બાળકને પોષે છે.

લાડઘેલા પ્રેમમાં માતા બાળકને અપંગ બનાવે છે.

સાચા પ્રેમમાં માતા બાળકને સ્વાધીન બનવા મદદ આપે છે.

લાડઘેલાં પ્રેમમાં માતા બાળકની ઉગતી આકાંક્ષાઓ દબાવે છે.

સાચો પ્રેમ બાળકને વિકસવાનો પૂર્ણ અવકાશ આપે છે. નવી માતા સાચો પ્રેમ જાણે છે. તા

એ પણે.....બાપુ આવે

(૧)

એ પણે બાપુ આવે, હેઠયાં.

"ચાલો ત્યારે હવે પછી વાંચશું."

"આજે મારે બાપુને મેં ગોઠવેલી જોડાની હાર બતાવવી છે. જો પેલી રહી. બાપુ કહેશે સુંદર છે."

"ઉભો રહે; માટીનાં રમકડાં બનાવ્યાં છે તે મેડી ઉપરથી લઇ આવું."

"જો તો જરા આ બાંય ચડાવી દે ને. મારા હાથ શાહીવાળા છે. બાપુનો બડીઓ અને હોલ્ડર સાફ કરું છું."

"પેલી બાપુની ચોપડીમાં નિશાન મૂકયાં કે? એ ચિત્રો બાપુને બતાવવાનાં છે." ગિ.

(૨)

"એ પણે બાપુ આવે."

"જા, જા, ઝટ ચોપડી લઇને બેસી જા નહિતર બાર વાગ્યા સમજજે."

"એલા આ તારા જોડા રસ્તામાંથી ઉપાડી લે. બાપુ; ભાળશે તો લગાવશે."

"કોણ બાપુ આવે છે કે? ચાલ મને ઝટ ઝટ હાથ ધોઈ લેવા દે. કહેશે કે ગારાળા કેમ કર્યાં."

"એ રૂપી, સરખું ઓઢ, જો બાપુ દેખાણા. કાલે કાન ખેંચ્યો હતો તે ભૂલી ગઇ?"

"એલા મૂકી દે બાપુની ચોપડી. બાપુએ નો'તું કીધું કે જો કોઇ અડ્યાં છો ઇ ચોપડીને તો." ગિ.

તમને ..... શું લાગે છે?

શિવજીભાઇ બહુ કડક હતા. ઘરમાં ચાર છોકરાં. રતુ, અમૃત, ધીરી ને છગન. ચારે છોકરાં નામ સાંભળી ધ્રૂજે. શિવજીભાઇને ઘેર આવવાનો વખત થાય ત્યાં તો સૌ પાઠ કરવા બેસી જાય. કોઇ ચૂં કે ચાં ન કરે. શિવજીભાઇ ઘરમાં રહે ત્યાં સુધી સૌ ડાહ્યું ડમરું. જ્યાં શિવજીભાઇ બહાર ગયા કે કુદાકુદ ધક્કમ ધક્કા ગમ્મત રમત નાચમ્ નાચા. ચોપડી તો હાથમાંયે કોણ લે.

શિવજીભાઇ મનમાં એમ સમજતા હશે કે છોકરાં કેવાં ડાહ્યાં ને કામઢાં છે?

શિવજીભાઇ મનમાં એમ સમજતાં હશે કે જોયું મારો રોફ કેવું સરસ કામ કરે છે?

શિવજીભાઇ મનમાં એમ પણ માનતા હશે કે મને છોકરાંને સીધા રાખતાં બહુ આવડે છે.

શિવજીભાઇ ભલે એમ ધારે પણ તમને સૌને શું લાગે છે? ગિ.

શાન્તિનાં ભંગ ..... કેમ પાડે છે?

બાલમંદિરમાં વારંવાર શાન્તિની રમત ચાલે છે. એકાદ ઓરડામાં બાળકો બધાં ભેગાં થાય. શાન્તિથી બેસે. હાથ હલતાં બંધ થાય. પગ કે માથું પણ ના હલે. બધાં બાળકો સ્થિર થાય. ધીમે ધીમે ઓરડાના બારણા ઉપર પડદા પડે ને કોઇ કોઇ બારણાં બંધ થાય. અજવાળો ઓરડો અંધારો થવા માંડે. શાન્તિ અને ઝાંખું અજવાળું. સુંદર મજાનો દેખાવ.

બરાબર શાન્તિ જમે એટલે સંગીત શરૂ થાય. સૌ સાંભળવામાં તરબોળ હોય ત્યાં 'એં એં ઉં ઊં' નો અવાજ આવે ને રમતમાં ભંગ પડે. રામજી જ રડતો હોય. ઉભો થઇને ભાગવા માટે બારણા સુધી આવ્યો જ હોય.

કારણ શોધતાં એમ જડેલું કે રામજીને

એંઠું . . . . . કેમ ખાય છે?

બાલમંદિરમાં રોજ નાસ્તો હોય છે. નાસ્તા પછી સૌ બાળકો રમવા નીકળે. ચંદ્રપ્રભા સૌથી છેલ્લે રહે. ધીમે ધીમે ખાય ને પાછળ રહે. રોજ છેલ્લી મોડી મોડી નીકળે.

શિક્ષકને થયું: "આનું કારણ તે ધીમે ખાવાની ટેવ છે કે છે શું?"

શિક્ષકે ઝીણી તપાસ રાખી. નજરે આવ્યું કે બધાં બાળકો ગયા પછી ચંદ્રપ્રભા બીજાં બાળકોનાં પ્યાલમાંથી વધેલું લઇ છે ને ખાઇ જાય છે.

શિક્ષકે પ્રેમથી પૂછ્યું: "ચંદ્રપ્રભા, બીજા એ તોફાન કરે તો એના બાપા અંધારા ઓરડામાં પૂરે છે. અંધારા ઓરડામાં પૂરી દેવાની ધમકી આપે છે.

બાલમંદિરના અંધારા ઓરડામાં પેલી બીક અને અનુભવ સાંભરે છે ને રામજી શાંતિની રમતમાં ભંગ પાડે છે. ગિ.

એંઠું . . . . . કેમ ખાય છે?

ના પ્યાલામાંથી કેમ લો છો?"

ચંદ્રપ્રભા કહે: "મને ભૂખ લાગે છે. તમે તો થોડુ જ ખાવાનું આપો છો."

શિક્ષક કહે: "પણ વેર જમીને નથી આવતાં?"

ચંદ્રપ્રભા કહે: "આવીએ છીએ. પણ બા પૂરું ખાવાનું નથી આપતી. કહે છે કે જાજું ખાઇશ તો ઝાડા થશે ને માંદી પડીશ. અરધું ખવરાવીને ઉભી કરે છે."

શિક્ષકને વાત સમજાણી કે ચંદ્રપ્રભા એંઠું કેમ ખાય છે. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિ એ શું છે?

સ૦ મોન્ટીસોરી પદ્ધતિ એ શું છે?

જ૦ નાનાં બાળકોને કેળવવાની પદ્ધતિ.

સ૦ તે એનું નામ મોન્ટીસોરી કેમ?

જ૦ ડો. મોન્ટીસોરી નામની એક બાઇ છે. તેણે નાનાં બાળકોને કેળવવાની નવી રીત કાઢી તે ઉપરથી તે રીતનું નામ મોન્ટીસોરી.

સ૦ પણ પેલી 'કિન્ડર ગાર્ટન' એવું કંઇક કહે છે તે નહિ?

જ૦ ના કિન્ડરગાર્ટન જૂદી છે. તેને અને મોન્ટીસોરીને ગાડાંનું અંતર.

સ૦ નવી રીત તે વળી શી કાઢી છે?

જ૦ નવી રીતમાં એમ છે કે છેક નાનાં બાળકોને માર્યા વિના ને ઇનામ આપ્યા વિના શીખવવાનું.

સ૦ પણ સાવ માર્યા વિના ચાલતું હશે? એમ ને એમ તે કાંઇ બાળક ભણે?

જ૦ હા, એની નિશાળોમાં જઇને જુઓ તો ખબર પડે. એક પણ બાળકને મારવું ન પડે.

સ. ઇ તો હશે પણ નાના એટલે કેવડાં બાળકોને શીખવવાની નિશાળ?

જ૦ નાનાં એટલે રા૦ કે ત્રણથી તે છ વરસ સુધીનાં બાળકોને શીખવવાની નિશાળ.

સ૦ એટલાં બધાં નાનાં બાળકને વળી શું શીખવવાનું હોય ?

જ૦ એને તો ઘણુંય શીખવવાનું હોય છે. એને નિશાળમાં ચાલતાં અને દોડતાં શીખવે.

સ૦ તે ચાલતાં અને દોડતાં તો સૌ બાળકને આવડે. એમાં શીખવવું'તું શું ?

જ૦ ના, બાળકોને ચાલતાં નથી આવડતું. શરીર બરાબર હાથ નથી હોતું તેથી તેનાથી સીધી લીટીએ નથી ચાલી શકાતું. જેમ સાઇકલનું હેંડલ આડું અવળું થઇ જાય છે ને સાઇકલ વાંકી ચુંકી ચાલે છે તેમ બાળકો ચાલે છે. એને બરાબર ચાલતાં શીખવે છે. બરાબર ચાલતાં આવડે એટલે જ્યાં ત્યાં ન અથડાય.

સ૦ પણ એમાં શીખવ્યું શું કહેવાય ? એ તો મોટા થાય ત્યારે સૌને આવડે.

જ૦ ના, નાનપણથી સફાઇથી ચાલતાં ન આવડયું તો મોટપણેય બેઢંગ જ ચલાય છે. આપણા મોટી ઉંમરના માણસોને જોને કેમ ચાલે છે. તેઓ જરાએ સફાઇ કે શોભા વિના ઢંગધડા વિનાના ચાલતા જોવામાં આવે છે. ને એ તો નાની ડાળ વાળીએ તેમ વળે. નાનપણથી સારી રીત લીધી તો ઠેઠ સુધી ચાલે.

સ૦ ત્યારે બાલમંદિરનાં તો બધાં નવી રીતે ચાલતાં હશે ?

જ૦ નવી રીતે તો ઠીક પણ કોઇ બારણા સાથે કે ટેબલ સાથે કે જ્યાં ત્યાં અથડાઇને નહિ ચાલે. કાચના પ્યાલાઓમાં પેન્સિલો પડી હોય છે, કુંડાં, પુલદાનીઓ, નાનાં ટેબલો, એવું એવું રસ્તામાં આવે છે પણ અથડાઇને ઉંધું પડતું નથી. જમતી વખતે પણ કોઇના પ્યાલા કોઇના પગથી અથડાઇને ઉંધા નથી પડતા.

સ૦ ઈ તો કોઇ ઢોળે ફોડે તો ત્યાં કોઇ વઢતું હશેના ?

જ૦ નારે, વઢવાનું તો નામજ નહિ. વઢવાથી માણસ ગાળજી રાખી ધીમે ધીમે ચાલે તો તે કેટલો વખત ? ઉલટો બીકમાં ને બીકમાં વધારે લથડે. પણ અહીં તો શરીર કાબુમાં આવ્યું હોવાથી બરાબર ચલાય છે.

સ૦ વાત તો ઠીક લાગે છે. પણ દોડતાં શી રીતે શીખવવાનું ? જોર હોય તે દોડે. માંદુ હોય તે ન દોડે. એમાં શીખવવાનું શું ?

જ૦ છે, એમાં પણ શીખવવાનું છે જ. ગામમાં કે ઘરમાં નાનાં બાળકોને જોયાં છે કે ? દોડશે તો પગ પછાડતાં ધબ ધબ, થપ થપ, લફ લફ કરતાં દોડશે. વાંકા ચૂંકા તો દોડશે પણ દોડતાં દોડતાં ગુલાંટ ખાઇ જશે. એવાં બાળકોને સુંદર રીતે દોડતાં શીખવે છે.

સ૦ તે બાલમંદિરનાં બાળકો તે વળી કેમ દોડતાં હશે ?

જ૦ બાલમંદિરનાં બાળકો હાથ જરા ઉંચા રાખી કોણીથી વાળી, પગના કૂણા પર દોડે છે. એટલે શરીર સમતોલ રહે છે ને પગનો અવાજ થતો નથી. ઘણાં બધાં બાળકો કમ કરતાં હોય તેની વચ્ચેથી નાનું બાળક દોડીને જઇ શકે છે.

સ૦ પણ બીજું કાંઇ શીખવવાનું ખરૂં કે ?

જ૦ હા, બીજું ઘણુંયે શીખવાનું. બેસતાં ને ઉઠતાં પણ શીખવે છે.

સ૦ તે એમાં પણ શીખવવાનું ? એ પણ, નાનાં બાળકને નથી આવડતું ? ઘરમાં તો રોજ બેસે છે ને ઉઠે છે.

જ૦ પણ એમાં અને બાલમંદિરમાં બેસતાં ઉઠતાંમાં ફેર છે. બાલમંદિરમાં બાળકોને બેસતાં ઉઠતાં જોશો તો શું જોશો કહું ?

સ૦ હા કહોને.

જ૦ વારૂ આવતે અંકે કહીશ.

બાલમંદિરની સૃષ્ટિ

બાલમંદિરો વિષે સ્વપ્નો સેવતી હતી. તેનું ઉજળું ભવિષ્ય કેવું હોય તેની કલ્પનામાં વિહરતી હતી. ત્યાં બે ચિત્રો આંખ આગળથી પસાર થયાં.

મોટું વિશાળ મકાન છે. મોટા મોટા ઓરડા છે. પ્લાસ્ટરની સરસ ભીંતો છે. સુંદર રંગે ભીંતો શોભે છે. મધ્યમાં કલાત્મક રંગોળી ને જુવારા છે. ભીંતે સુંદર ચિત્રો છે. બાળકો માટે ઉત્તમ આસનો છે. એકંદરે ઠાઠઠઠારો ભારે મનમોહક છે. બધે સમૃદ્ધિની છાયા પસરેલી છે. બહાર એવો જ સરસ બગીચો છે. બગીચામાં ઠેકઠેકાણે બેસવા માટે આરસ પથ્થરના ઓટલા છે. પીતળની કોતરણીવાળી સાંકળના હિંડોળા છે. કુવારા છે.

પણ બાળકો ક્યાં? બાળકો ક્યાંક ભટકતાં હતાં. સાધનસંપન્ન ઓરડામાં તેમને લાવવા માટે શિક્ષક જતનતની તરકીબો રચતો હતો. મોન્ટીસોરીનાં નીરસ, કલાહીન સાધનોમાં તેમને રસ ન પડે તેથી શિક્ષકે જતનતનાં બાળપ્રિય ઉધોગો વધાર્યા હતા ને ઓરડે ઓરડે શિક્ષકો રાખ્યા હતા! બાળકોને કાપવા માટે ભાતભાતના કાગળ, રંગીન સુંદર ને હાથીદાંતની મુઠવાળી સુંદર કાતરો મૂકી હતી. શીવવા માટે રંગીણેરંગી કુલઝાડથી સુશોભીત કપડાં ને ભાતભાતની રેશમની દડી મૂકી હતી. પણ બાળકો તો આમથી તેમ દોડે. શિક્ષક તેમને કાગળના ઓરડામાં લઇ જાય ત્યાં તો તે શીવણના ઓરડામાં ભાગી જાય. શિવણના ઓરડામાં શિક્ષક જાય ત્યાં તેઓ બગીચામાં નાઠા જ હોય. એક એક ઓરડામાં એક બે એક બે બાળકો કાંઇક ચીંધેલું કામ કરતાં હતાં ને શિક્ષકની પાછળ પડતાં હતાં કે 'કરી દોને' 'કાઢી દોને.'

ચિત્ર બદલાણું. દૃશ્ય ફરી ગયું. છાણમાટીથી સુંદર લી પેલી એક પરસાળ છે શણગારમાં માત્ર એક કેશુડાંની ડાળ છે. ભીંતે હાથે કાઢેલાં બાળકોનાં ચિત્રો છે. એક બાજુએ ગામના ચિતારાએ ચિતરેલી સરસ્વતી દેવી છે. બીજે બાળકોએ કાઢેલા ગણપતિ છે. પરસાળની સામે નાનો વાડો દેખાય છે. વાડામાં શાકભાજીના ક્યારા લીલાછમ દેખાય છે. બાળકો પાણી વાળવાનું કામ કરતાં નજરે પડ્યાં.

સાઠ માણસ સુખેથી બેસી શકે એવડી પરસાળ. ત્યાં ત્રીશ બાળકો ભેગાં થઇ પોતાનાં કામો કરતાં હતાં. તે દૂરથી એકાદ મધપૂડા જેવું લાગતું હતું. મિનારાના પડવાનો ઝીણો ધડુમ ધૂમ, રંગની તપ્શીનો ઝીણો કટકટ અવાજ, ને ડાબલીની ઝીણી ખટખટ એ બધું ચાલતું હતું. પણે બે જણા વાતો કરતા હતા. પેલી બાજુ ચાર જણા મળીને એક મકાન પૂરું કરતાં હતાં. એક બાજુ કોડીઓ ગણાતી હતી. બીજી બાજુએ છોકરાં દડબડ દડબડ અક્ષર મૂકવા જતાં હતાં. શિક્ષક આખા ઓરડામાં ફરી જ્યાં જ્યાં મદદ જોઇતી હતી ત્યાં આપતો હતો. એનો મદદનીશ અક્ષર શીખવતો હતો ને કોડીઓ ગણાવતો હતો. જોવા આવેલો એક મુંબઇનો મેમાન વિચાર કરતો હતો કે આ આટલી જગ્યામાં આટલાં બધાં બાળકો આમથી તેમ ફરે છે હરે છે તે શું કરે છે? આ તે કઇ જાતની શાળા!

પહેલું દૃશ્ય જોતાં મનને દુઃખ થતું હતું. હૃદયમાં ભવિષ્ય માટે નિરાશા છવાતી હતી. હાય! હાય! જે કિંડરગાર્ટનનું થયું તે જ ભવિષ્ય મોન્ટીસોરી માટે રાહ જોઇ રહ્યું છે એમ થતું હતું. શિક્ષકો બાહ્ય સમૃદ્ધિ વધારામાં તરત સમજશે. શાળા એક શ્રીમંતનું દિવાનખાનું બનાવતા તેમને ઝટ આવડશે. છેલ્લામાં છેલ્લાં સાધનોનો ઓર્ડર તે તરત આપી દેશે. પેલા બાલમંદિરે બે કબાટ વસાવ્યા તો પોતે ત્રણ વસાવી દેશે. પેલાએ

સિનેમા વસાવ્યો તો પોતે રેડીયો વસાવશે. ને ન થાય ત્યાં સુધી અસંતુષ્ટ રહેશે. પણ આ બધાથી શું ? પેલા બાળકોનું ને તેમના માનસનું શું ? તેમની એકાગ્રતાનું શું ? ને તેમની ક્રિયાશક્તિની કેળવણીનું શું ? તેમનું સ્વાતંત્ર્ય ? તેમની સ્વયં-સ્ફુર્તિ ? તેમની અંદરની આજ્ઞાંકિતતા ? હાય ! ભવિષ્ય બધું કાળું, નિરાશાજનક દેખાણું હતું. પણ બીજું ચિત્ર જોઇ મનને ઉલ્લાસ થયો. ઉત્સાહ આવ્યો. આશાનાં મીઠાં કિરણોથી ભવિષ્ય ઉજળું દેખાવા લાગ્યું. મનને થયું બધા બહારની સમૃદ્ધિથી મોહિત થવા વાળા જ નહિ પાકે. બાલ-મંદિરની ખરી સમૃદ્ધિ જાણવાવાળા પણ હશે. આ કામનો આત્મા પકડવાવાળા પણ નીકળ્યા હશે ખરા. તેઓ બાળકના માનસમાં ઉંડા પેઠા હશે. તેનાં હૃદયના ધબકારા તેઓ સાંભળી શકયા હશે. કામ ઉપર એકાગ્ર થએલા બાળકના ચહેરા ઉપરની મસ્તી અને શાંતિ તેણે નિહાળી હશે. કામ કરીને ઉઠયા પછીનું તેનું મીઠું હાસ્ય તેણે જોયું હશે.

મોન્ટીસોરીની બાળમાનસને અવલોકવાની, તેને પોષવાની, તેને વિકસવા દેવાની આ પદ્ધતિનું ભવિષ્ય ઉજળું દેખાણું. મનને સંતોષ થયો.

આનંદથી મન પ્રફુલ્લ થયું.

તા.

વસંત વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાન ૨ જું

વસંત બાલશિક્ષણ પ્રચારને અંગે ગૂજરાત અને ખુહત્ ગૂજરાતમાં જુદા જુદા સ્થળોએ આવતી માર્ચ તા. નવ રવિવારે 'બાલક્રીડાંગણો શા માટે ?' એ વિષય પર વ્યાખ્યાનો થશે.

પત્રિકાના વાંચનારા ભાઇ બ્હેનોની આ કાર્યમાં અમે મદદ માગીએ છીએ. આપમાંના જે ભાઇ-બ્હેનો પોતાને સ્થળે અગર આજુ-બાજુમાં જ્યાં વ્યાખ્યાન કરવા ઇચ્છા ધરાવો ત્યાં વ્યાખ્યાન કરી શકશો. આપની તેવી ઇચ્છા જાણતાં અમે આપના ઉપર 'બાલક્રીડાંગણ' નામની નાની ચોપડી તથા વ્યાખ્યાન વખતે વાંચવાના અને ફેલાવવાના જાહેરપત્રો મોકલી આપીશું. બાળશિક્ષણના પ્રચાર અર્થે હરેક ભાઇ યા બેન આમાં ભાગ લઇ શકે છે. આ પ્રવૃત્તિને અંગે જે કંઇ પણ ખર્ચ કરવો હોય તો તે કરી તેનું બીલ અમારા તરફ આવતાં તેના નાણાં મોકલી આપીશું. અમે અંતઃકરણથી ઇચ્છીએ કે વર્ષમાં એક વાર તો આપ આવી પ્રવૃત્તિમાં ભાગ લેશો જ અને વળતી ટપાલે માગણીઓના પત્રથી અમારા હાથ ભરી દેશો.

બાલમંદિર
ભાવનગર

મંત્રીઓ,
વસંત વ્યાખ્યાનમાળા.

બાલક્રીડાંગણ શા માટે ?

જાહેર પત્રિકા નં. ૩

ઘરમાં હડધૂત થતાં ને શેરીમાં રઝળતાં રખડતાં બાળકોને કોઇ પણ પ્રયત્ને બચાવવાં જોઇશે. તેમને ગંદકીમાંથી, ગંદી રમતોમાંથી, અવ્યવસ્થા ને જંગલીપણામાંથી, ગાળાગાળી ને વાઝાબાઝીમાંથી કોઇ પણ ભોગે બચાવવાં જ જોઇએ.

એવો ઉપાય શોધવો જોઇએ કે જેથી બાળકોને ખુલ્લી હવા ને તડકો મળે. રમવા માટે વિશાળ અને ખુલ્લી જગા મળે. છૂટથી ને સુખની રમવાનું ને કૂદવાદનું મળે. નિશાળના સખ્ત ઉપરીપણા અને ભણાવવામાંથી મુક્તિ મળે.

એવો ઉપાય શોધવો જોઇએ કે જેથી બાળક ગંદું મટી સ્વચ્છ થાય, શોભીતું થાય થાય. બાળકના હાથપગ મજબુત અને કાબુ-વાળા થાય; બાળકની આંખો ચપળ થાય, બાળકનો કાન તીવ્ર થાય, બાળકની સઘળી ઇંદ્રિયો સશક્ત ને તેજસ્વી થાય.

એવો ઉપાય શોધવો જોઇએ કે જેથી બાળકની જીજ્ઞાસા વધે અને તૃપ્ત થાય; પળે પળે ઉઠતા સવાલોનો જવાબ મળે; નવું નવું જોવાની વૃત્તિને અવકાશ મળે, નવું કરવાની ઇચ્છાને ખોળવાનું મળે, નવું સાંળવાનું મળે, ગાવાનું મળે, નવું જીવવાનું મળે.

આ ઉપાય તે બાલક્રીડાંગણનો છે. ઠેરઠેર બાલક્રીડાંગણો કરીએ. ઠેરઠેર બાલવિકાસની વાડીઓ રચીએ. એ વાડીએ બાલહાસ્યનાં ફૂલો ઉઘડશે; એ વાડીએ બાલસુખનાં ગીત ગવાશે. એ વાડીએ મનુષ્યજીવનની પ્રગતિનાં પગલાં મંડાશે.

આજે તો બાલક્રીડાંગણ એક જ ભેટ છે. બાળકોનું એક જ કલ્યાણ છે.

લાખો બાળકોનો પ્રશ્ન.

જાહેર પત્રિકા નં. ૪

આપણી સામે લાખો બાળકોનો પ્રશ્ન છે. અને તે મોટા પાયા પર ઉકેલાવો જોઇએ.

આ પ્રશ્ન બાનગી માણસનો નથી. માત્ર એક શ્રીમન્તનો નથી; એકાદ કલ્પક શિક્ષકનો નથી. એકલા કેળવણી બાતાનો પણ નથી. આ પ્રશ્ન એક બાજુથી સંઘળાં રાજ્યોનો અને બીજી બાજુથી આખી પ્રજાનો છે. અને તે આ રીતે ઉકલી શકે.

આપણે સ્થળે સ્થળે **'બાળક્રીડાંગણો'** સ્થાપવાં જોઇએ. 'બાળક્રીડાંગણો' બાળકોને વિકાસક એવી ક્રીડાઓ આપે. બાળક્રીડાંગણો દરેકે દરેક ગામમાં જોઇએ. મોટું શહેર હોય ત્યાં દરેકે દરેક લત્તામાં જોઇએ.

આ ક્રીડાંગણોનો ઉદ્દેશ આ પ્રમાણે રાખવોઃ—

"ત્રણથી સાત વર્ષનાં એટલે પ્રાથમિક શાળામાં જવા યોગ્ય થાય ત્યાં સુધીની ઉંમરનાં બાળકોને શેરીની વિવિધ બદીઓમાંથી બચાવી લેવાનો; તેમજ માબાપના અતિ લાડમાંથી અથવા બેદરકારીમાંથી અથવા જોહુકમીમાંથી અથવા ઘરના અયોગ્ય વાતાવરણમાંથી છોડાવવાનોઃ તેમજ બાળકની બીલતી જતી ઇંદ્રિયો અને મનને પોષક એવું કેળવણીની દૃષ્ટિએ રચેલું સુખી અને તંદુરસ્ત વાતાવરણ અને ક્રિયાઓ આપવાનો."

આવાં ક્રીડાંગણો દરેક ગામની ભાગોળે ને ગામડું હોય ત્યાં પાદરે સ્થાપવાં જોઇએ.

"ઘરમાં મોન્ટીસોરી" કિં. ૦-૮-૦
તમામ માબાપ માટે લે. તારાબેન

નિબંધ-સંગ્રહ-મોન્ટીસોરી ૦-૧૨-૦
માબાપો તેમજ શિક્ષકો માટે

અક્ષરજ્ઞાનની યોજના

– એક વિજ્ઞપ્તિ – + – ટૂંકી રૂપરેખા –

પ્રિય વાચક,

અમે આપની પાસે એક યોજના રજુ કરીએ છીએ. એ યોજના નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવાની છે.

આપણા હતભાગી દેશમાં આપણી આસપાસ કરોડો નરનારીઓ વાંચી શકતાં નથી; નિરક્ષર છે, છતી આંખે આંધળાં છે. આંખનો અંધાપો દુઃખદ છે પરંતુ તેથીયે દુઃખદ મનનો અંધાપો છે. આંખ વિનાનો માણસ પરાધીન અજ્ઞાની છે.

આપણે કયાં જાણતાં નથી કે આપણું બધું દુઃખ આપણા અજ્ઞાનમાંથી જન્મેલું છે? આપણા કુરિવાજો, આપણી કુરૂઢિઓ, આપણું અનારોગ્ય ને ગંદકી, આપણી ગુલામી ને અપમાન બધું અજ્ઞાનને લીધે છે. આંખ ઉઘડે તો જ માણસ જાગે!

આ બધું જાણીએ છીએ છતાં આપણા ઘરમાં જ નિરક્ષરતા છે ત્યાં સુધી આપણે ભણેલાં કેમ જ કહેવડાવીએ? આપણી સેવા કરનાર આપણા નોકરચાકરો, આપણો ધોબી, આપણો દૂધવાળો બધા નિરક્ષર છે ત્યાં સુધી આપણે સુખેથી ચોપડી વાંચીને બૌદ્ધિક આનંદ કેમ જ લૂંટી શકીએ? આપણા મીલમજુરો, આપણા ઢેઢભંગી, આપણા કોળીવાઘરી બધા અજ્ઞાનમાં કચરાઈ મરે છે ને આપણું હૈયું ન થડકે એ કેમ જ બને? ને આપણાં બેહુતો?

પાછળ જુઓ]

ઉદ્દેશ: અભણ લોકોને વાંચતા કરવાનો.

સભ્યસદ: કોઈ પણ સ્ત્રી યા પુરુષ આ યોજનામાં જોડાઈ શકે–જે ભણેલ હોય, જે આ યોજના પ્રમાણે કામ કરવા તૈયાર હોય, જેને માણસનો પ્રેમ હોય.

કાર્યની દિશા: પોતાને કુરસદ મળે ત્યારે એક અથવા એકથી વધારે માણસોને ઘરમાં, ચાલીમાં કે ગમે ત્યાં પોતાને જેટલો વખત કુરસદ હોય તેટલો વખત અક્ષર જ્ઞાન આપવું.

તૈયારી: આ યોજનામાં કામ કરનારે "અક્ષરજ્ઞાન કેમ આપવું" તે વિષયનો અભ્યાસ કરી લેવો.

વ્યવસ્થા: અભ્યાસ વેર બેઠાં થઈ શકશે. યોજનામાં જોડાનારને અભ્યાસક્રમ તથા શીખવવાની રીતિ ટપાલથી સૂચનાઓ સાથે મોકલાશે. વખતો વખત પત્રવ્યવહારથી કેમ શીખવવું વગેરે બાબતમાં ખબરો આપવામાં આવશે.

શીખ્યા પછી: જેઓને અક્ષરજ્ઞાન મળી જાય તેમનું જ્ઞાન ભૂલાઈ ન જાય માટે તેમને માટે ખાસ વાચન તૈયાર કરવામાં આવશે. તે તેમને પહોંચાડવાની યોજના રચવામાં આવશે. તે યોજના અનુસાર તેમને અનેકવિધ જ્ઞાન મળે તેવી સગવડ જોવાશે.

[પાછળ જુઓ

પોતે ભૂખે મરીને આપણને ખવડાવનાર આપણી માતા સમાન આપણા ખેડુતો અજ્ઞાન રૂપી રોગથી મરણ પથારીએ છતાં આપણે સુખેથી કેમ જ સૂઇએ ?

નહિ જ; આપણે સુખેથી સૂઇ નહિ રહીએ. ભણેલાં તરીકે આપણી નિરક્ષરો તરફની ફરજ બજાવવા આપણે જાગીએ. જાગ્યા ત્યાંથી સવાર ગણીને ઝટ કામે લાગીએ.

અમારી યોજનાનું ટૂંકું સ્વરૂપ નીચે પ્રમાણે છે. વિગતવાર પત્રિકાઓ પછી આવશે. આ યોજનામાં જોડાવા ઇચ્છનાર તુરત સાથેનું ફોર્મ ભરી મોકલી આભારી કરે.

આપનાં

શ્રીદક્ષિણામૂર્તિ ભવન ભાવનગર

નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ
ગિજુભાઇ બધેકા
તારાબેન મોડક
હરભાઈ ત્રિવેદી
ગોપાળ ગ. વિદ્વાંસ

આપને ગયા અંક સાથે અક્ષરજ્ઞાનની યોજના મળી હશે. જણાવતાં ખુશી ઉપજે છે કે આપના તરફથી ફોર્મો ભરાઇને આવવાં લાગ્યાં છે. આપનો ઉત્સાહ જોઇ અમને આનંદ આવે છે. અક્ષરજ્ઞાનની યોજનાનું, નિરક્ષર ભાઈ બહેનોનું ભાવિ ઉજળું લાગે છે.

જે ભાઇ બહેનોએ ફોર્મો ભરી મોકલ્યાં છે તેમના હાથમાં થોડા જ વખતમાં 'કેમ શીખવવું' એ નામની ચોપડી પડશે. તેને આધારે તેઓ શીખવવા માંડશે. દરમ્યાન હમણા તો આપણે શીખનાર વર્ગને શોધીએ ને તૈયાર

[નકલ કરીને ભરી મોકલવાનું ફોરમ]

તંત્રવાહકો,
અક્ષરજ્ઞાન યોજના,
શ્રીદક્ષિણામૂર્તિ ભવન,
ભાવનગર.

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઈશ.

મારા કામનો ટૂંક અહેવાલ દર માસે મોકલી આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામ હમો હું વખતો વખત મોકલીશ.

આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

આપનો

નામ _____

સરનામું _____

ગામ _____

નોંધ

રાખીએ. શીખવનાર મિત્રોને શોધીએ ને તેને સભ્ય બનાવીએ. શીખનારના જૂદા જૂદા કેન્દ્રો સ્થાપીએ અને તેને વ્યવસ્થિત પણે કેમ ચલાવવા તેનો વિચાર કરીએ.

જેઓની જાણમાં આ યોજના હજી ન આવી હોય તેમને માટે યોજનાને આ સાથે છાપેલી છે. જેઓ હજી સભ્યો થઇ ચૂકયા ન હોય તેઓ સાથે આપેલા ફોર્મ પ્રમાણે ફોર્મ ભરીને મોકલી આપે. તુરત મોકલી આપે. અક્ષરજ્ઞાન આપવાના પુણ્ય કાર્યમાં પોતાનું નામ વહેલું નોંધાવે.

અમારાં શિક્ષક ભાઇ બેનોને

આપણું શિક્ષકો એટલે મૂળથી જ આપણું કાર્ય બીજાઓને શીખવવાનું. આપણું આ કાર્ય અત્યંત મહત્ત્વનું અને પવિત્ર છે એમાં કોઇને પણ શંકા નથી અને હોઇ શકે પણ નહિ. આ મહત્ત્વ અને પવિત્રતા ટકાવવાં, ઉજળાં રાખવાં, સફળ કરવાં, એ હમેશ આપણા હાથમાં છે અને રહેશે. જ્યાં સુધી આપણે ભણવું અને ભણાવવું એ એક જ ઉદ્યમ, દિવસ અને રાત કરી રહીશું ત્યાં સુધી આપણા જીવનને આપણે હાંસલ કરી રહ્યા છીએ. ત્યાં સુધી આપણે સફળ જીવન જીવી રહ્યાં છીએ.

આપણું ક્ષેત્ર માત્ર શાળા નથી. જ્યાં જ્યાં માણસ અભણ છે ત્યાં ત્યાં ભણતરને અવકાશ છે ને ત્યાં ત્યાં આપણી સેવાની જરૂર છે. લાખો બલ્કે કરોડો લોકો આજે અભણ છે. મૂઠીભર લોકો જ ભણેલા છે. અજ્ઞાનનો અંધાપો જેવું તેવું દુઃખ નથી. એ મિટાવવાનું પુણ્ય કાર્ય સૌથી વધારે તો આપણે શિક્ષક ભાઇઓ જ સાધી શકીએ. આપણે એ કાર્યમાં જોડાઇએ. આપણે આપણો અદનો ફાળો આપીએ અને થોડુંએક સુકૃત રળીએ.

અન્યત્ર 'અક્ષર જ્ઞાનની યોજના' સાથે ભરી મોકલવાનું ફોર્મ છે. નકલ કરી તે ભરી મોકલી તુરત જોડાશો? ગુજરાત કાઠિયાવાડ અને બૃહત ગુજરાત પર ફેલાઇ રહેનારી વિશાળ યોજનામાં જોડાઇ તેને વધારે વિશાળ કરશો? અમારી વિનતિ સ્વીકારી અમને આપનો સાથ આપશો?

તમારાં
ઝીણાભાઈ અને તારાબેન

વઢવાણનું બાલમંદિર

(પાંચ વર્ષનો અહેવાલ)

શ્રી વઢવાણ બાળમંદિરના પાંચ વર્ષના અહેવાલની નોંધ લેતાં અમને હર્ષ થાય છે. એક રીતે આ બાલમંદિર સંબંધે કાંઇ પણ લખતાં અમને સંકોચ થાય છે કારણ કે એનો તે અમારો એટલો અંગત સંબંધ છે. છતાં થોડુંએક લખ્યા વગર રહેવાય નહિ.

આ બાલમંદિરનો વિકાસ અમે નજરે જોયો છે. પાંચ વર્ષમાં એ કેવી આબોહવામાં ઉછર્યું છે તે નજીકથી અવલોકયું છે ને પાંચ વર્ષના લાંબા કાળ પછી ખાત્રી પૂર્વક કહીએ કે આ બાલમંદિરે ઉંડા મૂળ નાખ્યા છે અને તે સારી રીતે આગળ વધ્યું છે.

આની પાછળ વઢવાણ રાજ્ય છે. વઢવાણના ઠાકોરસાહેબનું તથા દિવાન સાહેબનું એ પ્રિય બાળક છે. પોતાનાં રાજ્યનાં બાળકોનું ને તે પણ નાનાં અઢી ત્રણ વર્ષનાં બાળકોનું હિત જે રાજાના મનમાં વસે, તેની જે તેને લગ લાગે, તેને જે તેને શોખ જાગે તો તે રાજ્યની ભવિષ્યની પ્રજાના અહોભાગ્ય. તે રાજ્યના પણ અહોભાગ્ય. કારણ કે રાજ તો પ્રજાથી જ શોભે છે.

રાજ્ય અને શિક્ષકવર્ગની સાથે જ વઢવાણની પ્રજાને પણ અહીં ધન્યવાદ આપીએ કે જેણે પોતાનાં બાળકો આવી પ્રયોગાત્મક ગણાતી શાળાને શ્રદ્ધાથી સોંપ્યા. સામાન્ય પ્રાથમિક શાળાઓ કરતાં બાલમંદિરો માબાપો પાસે ઘણું વધારે માગે છે. તેમના નાસ્તા માટે આઠદસ આના તો માગે જ પણ તે સિવાય બાળકને રોજ નહવરાવવું જોઇએ, તેનું રોજ માથું ઓળવું જોઇએ, તેના નખ ઉતારવા જોઇએ, તેની આંખ કાનની તપાસ કરવી જોઇએ એવું એવું ઘણું માગે છે. સિવાય મારવું નહિ, વઢવું નહિ, લાલચ આપવી નહિ, ભય બતાવવો નહિ વગેરે નિષેધાત્મક નિયમો પણ તે માબાપો માટે રાખે છે. આવી બધી બાબતોમાં ધીરજ રાખી પ્રયત્ન પૂર્વક સહકાર આપનાર માબાપોને ધન્યવાદ આપ્યા વગર કેમ જ ચાલે. જો કે આ સહકારથી તેમના બાળકનું જ હિત સધાય છે. આશા છે કે માબાપોની શ્રદ્ધા ને સહકાર તેમજ રાજ્યનો શોખ દિન પ્રતિ દિન વધે ને આ બાલમંદિરનું કામ અધિક દીપે.

તા.

આ બાલમંદિરનું ફત્તેહમંદીથી ચાલતું કામ જોઇ કાઠિયાવાડના બીજા રાજા મહારાજાઓ પણ પોતાને ત્યાં આવાં બાલમંદિરો સ્થાપવા પ્રેરાય ને આ રાજ્યની જેમ તેને પોતાના બાનગી શોખની અથવા બાસ લાલનની વસ્તુ બનાવે એવી અમને આશા છે.

બાલમંદિરના સરસ કામ માટે અહીં તેના આચાર્ય અને શિક્ષકોને ધન્યવાદ આપ્યા વગર ચાલે તેમ નથી. આ બાલમંદિરના આચાર્ય એટલે ભાઇ ભોગીલાલ શ્રીદક્ષિણામૂર્તિ બાલ-અધ્યાપન મંદિરના પહેલા વિદ્યાર્થી. અધ્યાપન મંદિરનો પ્રારંભ હોવાથી અભ્યાસ કરતા તેમને ઘણી મુશ્કેલી વેઠવી પડી છે. છતાં જરા યે ફંટાળ્યા વગર તેમણે અભ્યાસ પૂરો કર્યો. રાજ્યે જ તેમને શિષ્યવૃત્તિ આપીને અભ્યાસ માટે મોકલ્યા હતા એટલું જ નહિ પણ તેમની પછી બીજા બે વિદ્યાર્થીઓને મોકલ્યા. તેમ જ દરેક વર્ષ દરમિયાન આઠેક દિવસ બધાને ભાવનગર જઇ નવું જાણી તેમ જ જૂનું તપાસી ફરી વાર નવેસરથી કામ કરવા માટે તૈયાર થવાની તક પણ રાજ્યે આપી છે.

* અક્ષરજ્ઞાન યોજના *

સમાચાર

આજની તારીખે ૬૪૫ સભ્યો નોંધાયા છે. ભાવનગરમાં ૭ વર્ગો ચાલુ થઇ ગયા છે.

મિત્રોના ઉત્સાહ આપતા પત્રો આવતા જાય છે. થોડાંએકના નામોઃ દાહોદથી અમૃતલાલ ઠક્કર, વેરાવળથી જુગતરામભાઈ, ગોંડળથી ચંદુલાલ ખેચરલાલ, વિદ્યાધિકારી ગોંડળ સ્ટેટ. રાજકોટથી મુલજીભાઈ ચતુરભાઇ, પ્રિન્સીપાલ હે મે. ટ્રે. કોલેજ. વડોદરાથી મોતીભાઈ અમીન. મુંબાઇથી શ્રીમતી જયશ્રીબેન, અમદાવાદથી અનસુયાબેન, શારદાબેન, નિર્મળાબેન.

'સૌરાષ્ટ્ર' 'પ્રતાપ' 'કુમાર' 'સૌરાષ્ટ્ર શિક્ષક' 'ગુજરાત દૈનિક' 'પુસ્તકાલય' વગેરે પત્રોએ યોજનાને વધાવી લઇ તેનો પોતાના પત્ર મારફતે ફેલાવો કરવાનું જણાવ્યું છે.

તા.-૨૩-૩-૩૦

અક્ષરજ્ઞાન કાર્યાલય
બાલમંદિર-ભાવનગર.

મોન્ટીસોરી શિક્ષણસંઘ

આમુખ

પ્રથમ મોન્ટીસોરી સંમેલનના પ્રત્યક્ષ પરિણામ રૂપે એક મોન્ટીસોરી શિક્ષણસંઘની સ્થાપના કરવામાં આવી છે.

ઉદ્દેશ

આ સંઘનો ઉદ્દેશ મોન્ટીસોરી સિદ્ધાંતનો આપણા પ્રાંતમાં અભ્યાસ, સંશોધન અને પ્રચાર કરવાનો છે.

સભાસદો

જેઓને આ સંઘનો ઉદ્દેશ માન્ય હશે, અને જેઓ એકી સાથે રૂા. ૫૦) કે તેથી વધુ મદદ સંઘને આપશે તેઓ સંઘના આજીવન સભ્ય ગણાશે.

જેઓને આ સંઘનો ઉદ્દેશ માન્ય હશે અને જેઓ આ સંઘને વાર્ષિક ૧–૦–૦ મદદ આપશે તેઓ સંઘના સામાન્ય સભ્યો ગણાશે.

સંઘના દરેક સભ્યને 'શિક્ષણ પત્રિકા' વિના મૂલ્યે મળશે.

કાર્યપ્રદેશ

૧. આપણી ભાષામાં મોન્ટીસોરી પદ્ધત્તિનું સાહિત્ય નથી, માટે અંગ્રેજી કે ઇટાલિયન ભાષામાંથી તે ગૂજરાતીમાં ઉતારવું કે ઉતરાવવું.

૨. મોન્ટીસોરી પદ્ધતિમાં જેમણે કામ કર્યું છે અને જેઓ કામ કરે છે તેમની પાસે એ પદ્ધિત ઉપર તેમના અનુભવ અને અભ્યાસને આધારે પુસ્તકો રચાવવાં.

૩. મોન્ટીસોરી સાહિત્યને બને તેટલું સસ્તું રચાવવું અને તેને તેથીયે ઓછી કિંમતે લોકોમાં ફેલાવવું.

૪. માબાપો મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતો સરલતાથી સમજી શકે તે માટે સાદી ભાષામાં નાનાં નાનાં ચોપાનીયાં તૈયાર કરાવવાં, અને તે મફત અથવા થોડી કિંમતે વહેંચવાં કે વેચવાં.

૫. લોકો સમજી શકે તેવાં વ્યાખ્યાનો આપવાં કે અપાવવાં.

૬. મોન્ટીસોરી પદ્ધતિમાં જે જે નવું જાણવાનું મળે તે, તથા જે જે નવા અનુભવો થાય તે, પદ્ધતિમાં રસ લેનાર શિક્ષકો તથા અન્ય જનોને નિયમિત રીતે મળ્યા કરે તે માટે એકાદ પત્ર (માસિક) ચલાવવું.

૭. નવી મોન્ટીસોરી શાળા કાઢનારાઓને મોન્ટીસોરી શિક્ષકો પૂરા પાડવા માટે મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિનું શિક્ષણ આપનાર અધ્યાપનમંદિર કાઢવું અથવા તેવા અધ્યાપનમંદિરને બને તેટલી મદદ આપવી.

૮. પરદેશમાં તેમજ આપણા દેશમાં મોન્ટીસોરીને લગતી જાતજાતની પ્રવૃત્તિઓ, તેને લગતાં પુસ્તકો, તેમાં વપરાતાં સાધનો વગેરે સંબંધી માહિતી મેળવી પૂરું પાડનારું એક કેન્દ્ર સ્થાપવું.

૯. આપણા દેશમાં મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો તૈયાર કરાવી લેવાની વ્યવહારૂ પ્રવૃત્તિ કરવી, અને તેવાં તૈયાર થએલાં સાધનો જેને જોઇએ તેને પૂરાં પાડવાની ગોઠવણ કરવી.

૧૦. અત્યારે ચાલતી અને ભવિષ્યમાં નીકળનારી મોન્ટીસોરી શાળાઓ બરાબર-કામ ચલાવી શકે તે માટે અવારનવાર સૂચના અને મદદ કરી શકે તેટલા માટે નિરીક્ષણમંડળ રાખવું.

૧૧. અત્યારે ચાલતી પદ્ધતિમાં પ્રાથમિક શાળાના શિક્ષકો મોન્ટીસોરી પદ્ધતિનો લાભ કેવી રીતે લઈ શકે તેનો વ્યવહારૂ રસ્તો બતાવવાની યોજના કરી તેને અમલમાં મૂકવા પગલાં લેવાં.

૧૨. સંઘમાંના યોગ્ય માણસોને પદ્ધતિનો પરિચય અને અભ્યાસ કરવાની દરેક પ્રકારની વ્યવસ્થા કરી આપવી.

૧૩. મોન્ટીસોરી પદ્ધતિનાં અને બીજાં બાલાશિક્ષણસાહિત્યનાં અંગ્રેજી તથા દેશી ભાષાઓનાં ઉપયોગી પુસ્તકો એક સ્થળે એકઠાં કરી ત્યાંથી ફરતાં પુસ્તકાલયની વ્યવસ્થા કરવી.

૧૪. દશ વર્ષની અંદરનાં બાળકો ઉપર તેમના માનસના જ્ઞાન માટે વિશેષ અખતરાઓ કરવા તથા અગિયાર વર્ષ પછીની ઉમરનાં બાળકો ઉપર મોન્ટીસોરી પદ્ધતિએ આગળ અખતરા કરવા માટે એક કાયમી પ્રયોગમંદિર સ્થાપવું, અથવા તેવા કોઈ ચાલતા પ્રયોગમંદિરને બનતી મદદ કરવી.

૧૫. આવી જાતનાં સંમેલનોની કાર્યપદ્ધતિ વખતો વખત સુધારતા જવી અને તેની ઉપયોગિતા વધારે થાય તેવી યોજના વિચારતા જવી.

મંત્રીઓ
ગિજુભાઇ અને તારાબેન
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

: ટૂંકી ખબરો :

ગ્રાહકોને પત્રવ્યવહાર કરતી વખતે મહેરબાની કરી પોતાનો ગ્રાહક નંબર લખો.

કોઇને પરદેશ—આફ્રિકા, રંગુન, સીલોન, બંગાળ વગેરે પરદેશ ખાતે મોન્ટીસોરી શિક્ષકની જરૂર હોય તો લખો: મંત્રીઓ
મોન્ટીસોરી સંઘ બાલમંદિર : ભાવનગર.

ગુણસુંદરી 'બાળક અંક' — માર્ચ ૧૯૩૦
તંત્રીઓ: ગિજુભાઇ અને તારાબેન.

મોન્ટીસોરી પદ્ધતિ કિં. રૂ. ૨
પદ્ધતિના અભ્યાસી માટે. લે. ગિજુભાઇ.

નવું મોન્ટીસોરી સાહિત્ય' કિં. ૦-૯-૦
નાની નાની ૬ ચોપડીઓ.
લેખકો: ગિજુભાઇ અને તારાબેન

બાડી પડવાથી રામનારાયણ રેવાશંકર ત્રિવેદી જણાવે છે કે 'ગોબવાથી બાળકોને ભારે નુકસાન થાય છે. માટે તમે ગોબાવો નહિ.'

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૨ જો
ચૈત્ર

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

સરદાર કોણ થઈ શકે ?

સરદાર કોણ થઇ શકે ?

જણે સાચી સિપાઇગિરી ઉઠાવી હોય તે.

શેઠ કોણ થઇ શકે ?

જણે સાચી નોકરી કરી જાણી હોય તે.

રાજા કોણ થઇ શકે ?

જણે પ્રજાનું દર્દ અંતરથી અનુભવ્યું હોય તે.

શિક્ષક કોણ થઈ શકે ?

જણે સાચું વિદ્યાર્થિજીવન ગાળ્યું હોય તે.

શિક્ષણતીર્થની યાત્રા

અમદાવાદથી એક ભાઇ અહીંનું બાલ-મંદિર જોવા આવવાના હતા. તેમણે કાગળ લખ્યો કે "એક તીર્થયાત્રા ગણીને અમે આવીએ છીએ."

મને થયું: "એક આટલા માટે આટલું બધું કહી નાખવું બહુ વધારે પડતું કહેવાય. આપણે શબ્દોને એટલા સોંઘા કરવા ન જોઇએ."

થોડા દિવસ પહેલાં બાલમંદિરની મુસાફરીમાં અમે બજુડ ગયાં ને અધ્યાપનમંદિર સાથે મુસાફરીમાં મોટા ઝીંઝાવદર ગયાં. પાછા વળતાં મનમાં થયું: "આ તો શિક્ષણની તીર્થયાત્રા!" તરત ઉપલો પ્રસંગ સાંભર્યો. બજુડ અને ઝીંઝાવદરને તીર્થસ્થાન તરીકે ઓળખાવીએ તો બજુડના ભાઇ પ્રભુદાસ અને ઝીંઝાવદરના ભાઇ કાશીરામને તે વધારે પડતું લાગે તે સહજ છે. શબ્દોનો સોંઘો ઉપયોગ લાગે. પણ વળતાં મનનું પૃથક્કરણ કર્યું ત્યારે મને સમજાયું કે કોઇ સ્થાન તીર્થસ્થાન છે કે નહિ તે ત્યાં જનારની ત્યાં ગયા પછી તે સ્થાનના વાતાવરણમાં કઇ જાતની મનોવૃત્તિ થાય છે તેના ઉપર અવલંબિત છે. ઘણાં માણસો ભાવનગર આવતાં હશે, અહીં ભાવનગરમાં જ રહેતાં હશે, ખુદ દક્ષિણામુર્તિમાં રહેતાં હશે છતાં પણ તેમને મન દક્ષિણામૂર્તિમાં તીર્થપણું ન પણ હોય. બજુડ, ઝીંઝાવદર ઓફિસરો જાય છે; ઘણી જાનો જાય છે. પણ ત્યાં જતાં તીર્થસ્થાનમાં સ્નાન કરતાં હોઇએ એવી મનોવૃત્તિ જેની થાય તેમને મન તે સાચાં તીર્થસ્થાનો જ કાં ન હોય?

ભાઇ કાશીરામની ત્યાગવૃત્તિએ ઝીંઝાવદરને તીર્થ બનાવ્યું છે. પોતાને ઘેર ૧૦૦ વીઘાં જમીન છતાં મહિને ૭ રૂપિયામાં બાયડી છોકરાં સહિત પાંચ માણસોના કુટુંબનો નિર્વાહ ચલાવે છે. બળામાંથી ખેડુતો દાણા આપી જાય છે ખરા, પણ આગળ જતાં ખેડુતોના દાણા ખૂટી પડે ત્યારે ભાઇ કાશીરામની કોઠી તેમને માટે ઉઘડે છે.

ભાઇ કાશીરામ માત્ર એક સારા બાવા છે, પરોપકારી છે, સાદા છે, એટલું જ નહિ પણ કુદરતી રીતે શિક્ષણમાં તેમની દૃષ્ટિ પહોંચે છે. છોકરાંઓ સાથે દિલભર દિલ રહેતાં તેમને આવડે છે. શિક્ષણના આજના જમાનાના રાષ્ટ્રીય દૃષ્ટિના અને શાસ્ત્રીય દૃષ્ટિના સુધારા તેમના ધ્યાનમાં છે, ને તેનો અમલ તેમની શાળામાં ચોખ્ખો દેખાય છે.

રાષ્ટ્રીય દૃષ્ટિએ તેમણે ગામને પાદર વૃક્ષો ઉછેરવાની પ્રવૃત્તિ કાઢી છે. ગામની નાખી દેવાની

બાળકોના મોંમાંથી

બા કહે: "રતુ, અલ્યા તારે ગણિત શીખવું જોઇએ. ગણિત નહિ શીખે તો તું રખડી પડીશ."

રતુ કહે: "તું, બા એમ માને છે કે માણસને વાંચતાં આવડે, લખતાં આવડે, ચિત્ર આવડે, સંગીત આવડે અને ગણિત ન આવડે તો રખડી પડે?"

પ્રસ્તુમાંથી દોરીઓ બનાવવાની પ્રવૃત્તિઓ કાઢી છે. હાથે તકલી બનાવીને હાથે રૂ સાફ કરી કારવી કાંતીને દોરડાં પણ ત્યાં બનાવે છે. દેશી ભરતકામ ને બીજા અનેક હુન્નરોને વિકસાવવાનો તેમનો પ્રયત્ન દેખાય છે. છોકરાંઓને કસરત શીખવે છે; સાફસુફી શીખવે છે.

બીજી બાજુ શિક્ષણની દૃષ્ટિએ વર્ગશિક્ષણ કાઢી નાખી સ્વપ્રયત્નથી દરેક જણ પોતાની ગતિથી આગળ વધે એવી અનેક યોજના તેમણે પોતાના કલ્પક મગજમાંથી કાઢી છે. છોકરાઓ ભણે, વચ્ચે વચ્ચે હીંચકે હીંચે, કસરતના લાકડા ઉપર ચડી આવે વગેરે વગેરે બહુ જ સુંદર રીતે ચાલે છે. એ ભાઈએ રાસ, રાંસડા, લડાઈ, દુહા, રામાવાળા વગેરે ગ્રામની સુંદર પ્રવૃત્તિને પોતાની શાળામાં વિકસવાનો સારો અવકાશ આપ્યો છે. સાથે સાથે જાતે ઓટલા ચણવા, બેઠક બનાવવી, ભીંતે ચિત્રો પાડવાં વગેરે પ્રવૃત્તિ પણ રાખેલ છે. તેમની માસિકો બાંધવાની રીત જ તેમની પાસે સ્વતંત્ર શિક્ષણની દૃષ્ટિ છે તે સ્પષ્ટ બતાવે છે. અમે ત્યાંનું લખાણ વાંચવામાં ઘણો વખત ગાળ્યો અને બહુ જ સંતોષ પામ્યાં. બાળકોની કહેલી વાર્તા પણ તેઓ સુંદર રીતે લખી લાવ્યા. વિચારમાં, ભાષામાં અને અક્ષરોમાં લખાણ સુંદર હતું. ટૂંકમાં શાળા જીવતી લાગી, શાળામાં પ્રાણ લાગ્યો; તેથી જ અમારાં મન તે તરફ ખેંચાયાં. ભાઇ કાશીરામ માણસાઇભર્યું જીવંત શિક્ષણ દે છે એમાં શંકા નથી.

બજુડમાં ભાઇ પ્રભુદાસનું કામ શાંત મે ધીરૂં છતાં જોરદાર રીતે ભણનારના હૃદયમાં સોંસરૂં જાય એવી રીતે ચાલે છે. પ્રભુદાસની રાત્રિશાળામાં સાઠ બેહુતેા શીખે છે. પ્રભુદાસ તેમની વચ્ચે તેમના થઇને રહે છે; તેમને ઉત્કટ ભાવથી ભીંજવે છે; તેમનાથી અલગાપણું કે પારકાપણું રાખતા નથી. છતાં પોતાની સૌમ્ય સંસ્કારિતા છોડતા નથી. તેની અસર બાહ્યતઃ જાડા દેખાતા પણ અંદરથી ભાવગ્રાહી એવા બેહુતોના મન ઉપર ઉંડી પડ્યા વિના રહેવાની નથી. 'અમે પરભુભાઇનાં વિદ્યાર્થીઓ છીએ' એમ કહેતાં તેમની છાતી વેંત વેંત ફૂલતી હતી. અક્ષરજ્ઞાન સાથે પ્રભુભાઇ તેમને ગ્રામજીવનના સુધારાની સામાન્ય માહિતી પણ આપે છે અને ગ્રામસુધારા કરે છે.

બન્ને કામો અત્યંત સ્તુત્ય છે. પ્રયોગ તરીકે ધ્યાનમાં લેવા જેવાં છે. બન્ને જગ્યાએ તે તે કામને લાયક એવા જ માણસો છે એમ જોનારને ખાત્રી થાય છે. બન્ને ભાઇઓ તે જ કામને વળગી રહે તો ૫/૧૦ વર્ષમાં બજુડ અને ઝીંઝાવદર આદર્શ ગામડાં બની જવાનાં એમાં શંકા નથી.

તા.

બા અને બાળક

બા: "પણ તું સરખો તો ઉભો રહે! થનગન થનગન શું કરે છે?"

બાળક: "મને ટાઢ વાય છે. મારાથી ઉભું નથી રહેવાતું."

* *

બા: "જોને, ચોરણી પહેરાવી નહિ ત્યાં તો કાઢી નાખી! છે ને પણ કાંઇ?"

બાળક: "બા, એમાં એક કીડી હતી તે કરડતી હતી."

* *

બા: "જોજે, અહીં આવીશ તો મારી નાખીશ."

બાળક: "ત્યારે માંદો પડું છું ત્યારે દવા શું કામ કરે છે?"

* *

બા: "જોને, રકાબી પાડી નાખી ને ભાંગી નાખી."

બાળક: "મેં રકાબી નથી પાડી. ચીકણી હતી તે પડી ગઇ."

* *

બા: "મારે તે કરવું શું? આ લુગડાના ફટકેફટકા કર્યા."

બાળક: "ધણા બધા ફટકા નથી કર્યા; ફક્ત બે જ ફટકા કર્યા છે. મારે પગે પાટો બાંધેલો છે."

* *

બા: "કયારનો સળવળ સળવળ શું કરે છે? સરખું સૂતાંયે નથી આવડતું?"

બાળક: "બા, મચ્છર ગણગણ કરી કાન આગળ આવે છે."

* *

બા: "એ હવે કેમે કરીને નહાવા ઉઠશો? કયાં સુધી રમશો?"

બાળક: "પણ તેં નથી કહ્યું કે બોલાવું ત્યારે આવજે? એકે વાર તેં અમને બોલાવ્યા તો નથી!"

* *

બા: "જો, કેવી ખરાબ ટેવ છે! બાતાં બાતાં પાણી ઢોળ્યું."

બાળક: "પણ બા, શાક તીખું લાગે છે તે મોઢું બળે છે." ગ.

માતપિતાની પ્રતિજ્ઞા

અમે અમારાં બાળકોની ખાતર—

બાળઉછેર અને બાળ શિક્ષણનો રોજ ને રોજ અભ્યાસ કરશું.

બાળકને તંદુરસ્ત અને સુખી રાખવા એકેએક પ્રયત્ન કરીશું.

ઘરને સ્વચ્છ, સુશોભિત અને વ્યવસ્થિત રાખીશું.

ઘરમાં શાન્તિ, સુઘડતા અને સુવાસ રાખીશું.

અમે અંદર અંદર કદિ પણ ગરમ નરમ નહિ થઇએ.

અમે અમારામાં રહેલી કુટેવોને કાઢવા સદૈવ પ્રયત્ન કરીશું.

અમે વહેમ આચરશું નહિ અને વહેમ બોલીશું નહિ.

અમે અસભ્ય થઇશું નહિ અને અસભ્ય બોલીશું નહિ.

અમે કોઇની નિંદા કરીશું નહિ ને નિંદા થવા દઇશું નહિ.

અમે પરસ્પરના કામમાં મદદ આપીશું ને લઇશું.

અમે બાળકોને નોકરોને નહિ સોંપતાં જાતે સંભાળવા યત્ન કરીશું.

અમે જેવા તેવા મહેમાનોને તેમની સાથે કામ પાડવા નહિ દઇએ.

અમે મિત્રો અને મહેમાનોને તેમની સાથે મસ્તી કરવા નહિ દઇએ.

અમે તેમને રડતાં મૂકી નાટક સિનેમા જોવાનું છોડી દઇશું.

અમે તેમને મહેમાનોને બતાવવાનાં અને રાજી કરવાનાં રમકડાં નહિ લેખીએ. ગિ.

સ્વમતાગ્રહ	+	સ્વતંત્ર મત
હું કહું છું કે રોજ દેવદર્શને જવું જોઇએ. બસ ચોરણી જ પહેર. મને ચોરણી પહેરે તે જ ગમે છે.		ભાઇ જેને દેવદર્શને જવું હોય તે જાય. તને ગમે તે પહેર. ચોરણી ગમે તો ચોરણી ને ધાધરી ગમે તો ધાધરી.
જોને, આમ તે વાળ ઓળાય ? આમ મારી જેમ ઓળ.		તને ગમે તેમ વાળ તું ઓળ્યા ને મને ગમે તેમ મેં ઓળ્યા.
તે એમાં શું ? થોડું થોડું મરચું ખાતાંયે શીખવું જોઇએ.		ભાવે તો મરચું ખા; નહિતર આ શાક છે તે મોળું છે.
જો ભા, એમ ન બેસાય. એમ બેસીએ તો ભૂંડા લાગીએ.		જો ભા, આમ બેસીશ ? એમ બેસે તો સૌને જરા જગા વધે.
એમ તે હાથ ધોવાય ? કાંણી સુધી ધોવા જોઇએ.		જો આમ ઘસીને હાથ ધો. બગડ્યા હોય તેટલા ધોઇએ.
બાજરાના રોટલા ભાવવા જ જોઇએ. મને બહુ ભાવે છે. ગિ.		બાજરાનો રોટલો ન ભાવે તો ધઉંના ખા. કોઇકને ન પણ ભાવે. ગિ.

હીરો પ્રશ્ન કેમ પૂછતો ન હતો

હીરો બાલમંદિરમાં આવ્યો ત્યારે ચાર વર્ષનો હતો. હીરો દીઠે રૂડો રૂપાળો. હીરો લુગડાં પણ સ્વચ્છ અને સારાં પહેરી લાવતો.

હીરાનું બાલમંદિરમાં એક વર્ષ વીતી ગયું. બધાં બાળકો કંઇ ને કંઇ પ્રશ્ન પૂછે પણ હીરો સદા એ રીતે મૂંગો જ હોય. હીરાના મ્હોંમાથી એક પણ પ્રશ્ન ન નીકળે. જાણે કે હીરાને કશુંય જાણવાની ઇચ્છા જ નથી.

બાલમંદિરના શિક્ષકના મનમાં વિચાર ઉઠેયો: "આનું કારણ શું ?" બાલમંદિરનો શિક્ષક એટલે અવલોકનાર–અવલોકયા પછી કારણ શોધનાર. "હીરો શા માટે સવાલ ન પૂછે ? કુદરતી જીજ્ઞાસા એનામાં પણ હોય, હોવી જ જોઇએ." શિક્ષકના મનમાં વિચાર ઘોળાયા જ કરતો હતો.

હીરાની સાથે રમતાં ફરતાં બાળકોને અને હીરાને પાછળ ઉભા રહી શિક્ષકે જોઇ લીધું. ત્યાં પણ હીરો પ્રશ્ન પૂછતો નથી.

શિક્ષકે વિચાર કર્યો: "આનું કારણ ઘરમાં તો નથી ?"

અને સાચે જ કારણ ઘરમાં હતું. મા કે બાપ એમાંથી હીરો કોને પ્રશ્ન પૂછે ? બાપા દિ' બધો વેપારમાં રહેતા. મા દિ' બધો સભામાં ને ઘરવ્યવસ્થામાં રોકાતી. નોકરો સવાલનો જવાબ કેવો આપે તે તો આપણે જાણીએ જ છીએ ના ! ગિ.

અમેરિકાની એક શાળામાં

ભાઈ મગનલાલ પારેખ અમેરિકાની એક શાળામાં ગએલા. ત્યાં તેમણે જે જોયું તેના વર્ણનમાંથી થોડો ભાગ અહીં આપેલો છે. —તંત્રીઓ.

હું શાળાના ઓરડામાં પહોંચ્યો કે તરત જ મુખ્ય શિક્ષિકા બાઈએ મને Good morning-સવારની સલામ કરી ને નાનાં બાળકો સાથે મારી ઓળખાણ કરાવી: "આ ભાઈ હિંદુસ્તાનથી કેટલાએ સમુદ્રો ઓળંગી અહીં અભ્યાસ માટે આવેલ છે. હું માનું છું કે તમારામાંથી કેટલાંક મોટા થયા પછી તે દેશમાં જશો. તેઓ આજે તમોને અહીં કામ કરતાં જોવા માટે આવેલ છે. ચાલો હવે આપણે આપણું કામ કરીએ."

બાળકો ગોળાકારમાં ઉભાં હતાં તેમાંનો એક અમેરિકન વાવટો લઈ વચમાં ઉભો હતો. તે બાઈએ મને કહ્યું: "દરરોજ સવારે અમે વાવટાની પૂજા કરીએ છીએ."

પછી બાઈએ એક બાળકને પૂછ્યું: "આ વાવટો કયા દેશનો?"

જવાબ મળ્યો: "અમેરિકાનો."

સવાલ: "આપણે કોણ છીએ?"

જવાબ: "અમેરિકન."

બાઈએ પછી કહ્યું: "માટે આપણે અમેરિકન આપણા દેશના વાવટા માટે જરૂર પડે તો પ્રાણ આપીએ. અને તેને માટે જે કરવું ઘટે તે કરીએ."

ત્યાર પછી વાવટા સાથે બાઈએ બાળકોની કુચ કરાવી. ત્યાર પછી બાઈએ પૂછ્યું: "આપણા દેશનો પ્રેસીડેન્ટ કોણ છે?"

બાળકે જવાબ આપ્યો: "હુવર."

બાળકને હુવરની છબી બતાવવાનું કહેતાં તેણે તેની છબી બતાવી.

ત્યાર પછી સવાલ થયો: "આ કોણ છે?"

એક બાળકે જવાબ આપ્યો: "એબ્રાહમ લીંકન."

બીજું બાળક બોલી ઉઠ્યું: "મારૂં પહેલું નામ એબ્રાહમ છે. મારૂં બીજું નામ ફેરવીને લીંકન કરવું છે. એટલે હું પણ એબ્રાહમ લીંકન થઈશ."

* *

અહીંની કિંડરગાર્ટન શાળાઓમાં બાળકોને ચાર વર્ષની ઉંમરથી દાખલ કરવામાં આવે છે. ચારથી છ એટલે બે વર્ષ સુધી અહીં રાખ્યા પછી બાળકોને પ્રાથમિક શાળાના પ્રથમ વર્ષમાં દાખલ કરવામાં આવે છે. આ બે વર્ષ દરમ્યાન બાળકોને અક્ષરજ્ઞાન બીલકુલ આપવામાં આવતું નથી. અક્ષરજ્ઞાન પ્રાથમિક શાળાના પ્રથમ વર્ષથી શરૂ થાય છે.

* *

અહીં પ્રાથમિક શાળાઓમાં શિક્ષિકાઓ જ કામ કરે છે. પ્રાથમિક શાળાની એક શિક્ષિકાએ એક બાળકનું પેન્સિલથી દોરેલ મોટરકાર અને એરોપ્લેનનું ચિત્ર બતાવી કહ્યું: "આ બાળકનો ચિત્રનો બહુ શોખ છે. હું તેને એ કરવા દઉં છું. તે સારો ચિત્રકાર થશે એમ હું માનું છું."

અહીં દરેક બાળકને નાનું ટેબલ અને ખુરશી હોય છે. આપણે ત્યાંની પ્રાથમિક શાળામાં માસ્તરોથી જે દબાએલપણાનું વાતાવરણ જોવામાં આવે છે તે અહીં બીલકુલ નથી. અહીં બાળકો પૂર્ણ સ્વતંત્રતાથી અભ્યાસ કરતાં જોવામાં આવ્યાં.

અક્ષરજ્ઞાન યોજનાની ઝોળી

અમે અક્ષરજ્ઞાન યોજના કાઢી. અત્યારે તેમાં ૫૦૦ જેટલા સભ્યો નોંધાઇ ચૂકયા છે. લોકોમાં તેને મીઠો આવકાર મળ્યો છે. આ યોજના આજની ઘડીએ અતિ આવકારદાયક હતી એવો સૌ કોઇનો મત થયો છે ને ઉપયોગ થશે જ એમાં કોઇને શંકા નથી. યોજના અનુસાર 'કેમ શીખવવું' તે ચોપડી તથા 'ચાલો વાંચીએ' તે છપાઇ ગયાં છે. 'કેમ શીખવવું' તે શીખવનાર માટે છે ને 'ચાલો વાંચીએ' તે ભણનાર માટે છે. યોજના પ્રમાણે વર્ગો ઉઘડવા લાગ્યા છે. ભણાવનારાઓએ ભણાવવાની અને ભણનારાઓએ ભણવાની મદદ આપી; પણ બીજી મદદની જરૂર છે. જેની પાસે જે છે, તેની તેઓ મદદ આપશે? શાળાઓ માટે ગ્રાસતેલ અને બત્તી જોઇએ છે; શાળાઓ માટે પાટિયાં અને ચૉક જોઇએ છે; શાળાઓ માટે સાવરણીઓ અને ડસ્ટરો જોઇએ છે. ભણનારને માટે ચોપડીઓ અપાવનાર જોઇએ છે. અક્ષરજ્ઞાનના આ સમગ્ર પુણ્યકાર્યમાં દરેક જણ પોતાનો ભાગ આપી શકે. ઉપલી સામગ્રી ઢગલાબંધ જોઇએ. શ્રીમંતો પોતાના બીસ્સામાંથી કેટલું મોકલશે? ગરીબ ભણનારને કેટલી મદદ કરશે? એક પાઇથી દસ હજાર રૂપીઆ સુધીની રકમ આ યોજના માગે છે. જેનાથી જેટલું મોકલાય તે મોકલી આપશે? કાળ જાય છે ને કહેણી રહી જાય છે. હાથે તે સાથે.

તંત્રીઓ

તા. ક. બધાની પહોંચ "અક્ષરજ્ઞાન યોજના સમાચાર" અને "શિક્ષણ પત્રિકા"માં સ્વીકારવામાં આવશે.

અક્ષરજ્ઞાનની યોજના

કોણ જોડાઇ શકે?

આ યોજનામાં આપણે સૌ જોડાઇ શકીએ છીએ. આપણે એટલે દરેક શિક્ષકભાઇ તો પહેલો જ. તેનું કામ જ અધ્યયન અને અધ્યાપનનું છે. આપણે એટલે દરેક વાંચી જાણતી બેન પોતાની બેનની નિરક્ષરતા કેમ જ સહી શકે? આપણી પોતાની આસપાસ આપણી કામવાળી નિરક્ષર છે; પોતાની પાડોશણ નિરક્ષર છે; પોતાની દૂધવાળી, તેલવાળી, લાકડાંવાળી નિરક્ષર છે. પોતાને ત્યાં બોલાવી બેસારી, શું શહેરમાં કે શું ગામડામાં, તે અક્ષરજ્ઞાન આપી શકે છે. બેનોને બપોરે નવરાશ મળે છે તેનો આ કાર્યમાં તે સુંદરમાં સુંદર ઉપયોગ કરી શકે છે. આપણે અમલદારો એટલે જ્યાં જ્યાં આપણે ઑફિસોમાં હોઇએ ત્યાં ત્યાં આપણા પટાવાળાઓને આપણે કેમ ન શીખવીએ? એક અમલદાર પોતાના પટાવાળાને મોટાઇ છોડી

પાસે બેસાડી અક્ષરજ્ઞાન આપવા બેસે એ કેવું સુંદર દૃશ્ય છે? કેવું પવિત્ર છે? કેવું તારક છે? એક એક ઓફિસે એક એક જણ શીખનાર અને શીખવનાર બને! આપણે એટલે આપણા જુવાનો, જુવાન વિદ્યાર્થીઓ. આપણો તનમતાટ હાથમાં ન રહે તેવો છે. તે કંઇક માગે છે–સેવા માગે છે. અને તેવી સેવા આપણી સામે ખડી છે. જુવાનો તો રાત્રિશાળાઓ કાઢે, ગામડે ગામડે ફરે ને 'અક્ષરજ્ઞાન' શાળાઓ ચલાવે. શેરીએ શેરીએ અને લત્તે લત્તે રાત્રે કે દિવસે બેનો કે ભાઇઓ માટે અક્ષરશાળાઓ ચલવે. ચીનના જુવાનોએ એક જ વર્ષમાં આખા ચીનને અક્ષરજ્ઞાનવાળો કરી મૂક્યો. યુવાનો ધારે ને હાથ પર લે તો ગૂજરાતની નિરક્ષરતા કેટલા દિવસ નભે? અને આજે તો ગૂજરાતનો યુવાન બીજા દેશોના યુવાનો સાથે મુકાબલો કરી લે તેવો ઉત્સાહમાં અને થનગનાટમાં છે. આપણે એટલે રિટાયર્ડ-નિવૃત્ત થએલા આધેડો અને વૃદ્ધો. આપણે વૃદ્ધાવસ્થામાં આ એક પ્રવૃત્તિ લઇશું તો જીંદગીનો વિરામ શોભી ઉઠશે. પળેપળ સદ્પ્રવૃત્તિ થશે. વૃદ્ધાવસ્થા ભગવાને આપી અને ટકાવી તે સાર્થક થશે અને આપણને એક પ્રવૃત્તિ મળતાં આયુષ્ય પણ લંબાશે. ખરી રીતે એકેએક ભણેલ આ યોજનામાં જોડાઇ જ શકે. આ યોજના નથી એકલા સમાજસેવકોની, નથી યુવકમંડળ કે સ્ત્રીમંડળની, નથી રાજ્યદ્વારી વિચારકોની, નથી બેહુતસંધની કે શિક્ષકોની, પણ તે સૌની છે. એકેએક ભણેલાની છે. જેને માત્ર વાંચતાં આવડે છે તેની છે. દરેક ભણેલો આમાં જોડાઇ શકે છે. પોતાના ભાઇને વાંચતો કરી આપી શકે છે.

તંત્રીઓ.

બાળઉછેર

(અનુસંધાન ગત વર્ષ પાનું ૧૮૮ થી)

બાળકોના લાંબા પ્રવાસમાં ઉતારો કેવો જોઇએ, ગાદલાં ગોદડાં કે પાથરણાની શી વ્યવસ્થા હોય વગેરે મુદ્દાઓ ચર્ચાઈ ગયા.

હવે ખોરાક એટલે રસોડું જોઇએ. બાળકો પરત્વે બે રીતે આ ખૂબ મહત્ત્વની બાબત છે. એક તો બાળકોને પોતાને તેમાં રસ હોય છે એટલે અને બીજું બાળકોને યોગ્ય ખોરાક ન આપીએ તો મુસાફરીમાં એમનું પેટ બગડી જતાં વાર લાગતી નથી તેથી. વળી મુસાફરીમાં એક નકામી ઉપાધિ ઉત્પન્ન થાય એ વાત અલગ ગણીએ તો પણ બાળક બહુ જ હેરાન થાય.

મોટી મુસાફરીમાં રસોડું બોલવું જ જોઇએ. એકલા ટાઢા ભાતા ઉપર ન ચાલી શકે. છતાં સાથે આણેલી વસ્તુનો લાભ લઇ ઝાઝું રાંધવાનું બચાવી શકાય.

બાળકોની સાથે બે ત્રણ ટંકનું ભાતું મગાવવું જોઇએ. જતાંવેંત પહેલે ટંકે મોટે ભાગે ભાતું જ બોલાવવું ઠીક પડે છે કેમ કે રસોડું તો હજી શરૂ થતું હોય છે. એ વખતે રાત્રિના જમણનો જ આવી જવાનો હોય–જેમ કે આપણે કોઇ જગ્યાએ સાંજે છ પછી પહોંચતાં હોઇએ તો નાસ્તો ને વાળુ બેનો વખત રહે નહિ. ત્યાં રંધાવાની ગોઠવણ થઇ ગઇ હોય તો રાત્રે શાક, બીચડી ને દૂધનો

ખોરાક ઠીક પડે. રસોડાંની ગોઠવણ ગયા પછી થવાની હોય તો સાથેનું ભાતું ને તેની સાથે ગરમ દૂધ ને ખાંડ આપીએ તો ઠીક પડે. દૂધમાં તજ ને થોડી સુંઠ તથા એલચી નાખીને કરેલો કાવો ચોમાસું ને શિયાળામાં ઠીક પડે છે. સૌનું ભાતું ખોલીએ ત્યારે કયું પહેલું લેવું ને કયું બીજા દિવસ માટે રાખી મૂકવું તે નક્કી કરીને વાપરવું.

રાંધવાની બાબતમાં કેટલું સીધું લેવું એમાં હંમેશ ભૂલ થવાનો સંભવ રહે છે. મોટા રસોયા આપણને જણ દીઠ જે અંદાજ કહે તેમાં ચાર બાળકો કે બે મોટાનું એક માણસ ગણવું અને ઘરના અનુભવી ઘરગથ્થુ અંદાજ ચાલતો હોય તો તેમાં બે બાળકોનું એક માણસ ગણીએ તો ચાલે. નકામું વધી પડેલું કામનું નહિ ને ઘટી પડે તે તો ન જ પાલવે. એમ હોવાથી આ અંદાજશાસ્ત્ર બરાબર વિકસાવવાની ખાસ જરૂર છે. આપણી રાંધવાની સામાન્ય ટેવ જ એવી હોય છે કે પાંચ માણસ માટે રાંધ્યું હોય તેમાં એક બે સહેજે જમી જાય. એમાં મૂળ નીતિ ઉદાર હતી, કારણ જમવા બેસતી વખતે અતિથિ આવી ચડવાનો સંભવ હમેશને માટે ઉભો હતો. પણ હવેના મહેમાનો બે દિવસ અગાઉથી કાગળ લખે છે ને વળી કેટલાક તાર પણ કરે છે; ને એકંદરે આપણી સમૃદ્ધિ ઓછી થઇ છે. માટે રાંધેલું નકામું જાય એ આપણને કોઇ રીતે પાલવે તેમ નથી. આપણા ગરમ મુલકમાં ટાઢું ખાવાની પણ ભલામણ કરી શકાય નહિ. માટે આપણે જોઇએ તેટલું જ રાંધવાનું અંદાજશાસ્ત્ર બીલવવાની જરૂર છે. અમારા અનુભવમાંથી કાઢેલું થોડું એક અંદાજપત્ર નીચે આપ્યું છે. થોડા ઘણા ફેરફાર સાથે સૌને તે કામ આવશે. આપણા ખોરાકનું પ્રમાણ પણ પ્રાંત પ્રાંત પ્રમાણે, જ્ઞાતિ જાતિ ને કામની સંસ્કારિતા પરત્વે ફરતું છે. એટલે આજે આપણને સૌને એક પ્રમાણ લાગુ પડવું મુશ્કેલ છે પણ દિશાસૂચન તરીકે નીચે આપ્યું છે:

માપ ચાળીશ તોલાના શેરનું ગણ્યું છે.

૨૫ બાળકો બરાબર ૧૦ મોટાં ગણીને ૨૦ મોટાં માણસોનું પ્રમાણ આપ્યું છે.

૨૫ બાળકો અને સાથે ૧૦ મોટાં.

ખીચડી એકલી ૧૦ શેર; ઘી શેર ૧।

રોટલા ૪ શેર; ખીચડી ૭ શેર.

શાક ૭ શેર.

દૂધ ભોજનમાં ૧૦ શેર.

ભાત ૬ શેર; ઘી ૮।।। શેર.

દાળ ૩ શેર.

રોટલીનો લોટ ૫ શેર; ઘી ૦।।। શેર.

૨૫ બાળકો અને સાથે ૧૦ મોટાં.

લાડુ માટે લોટ ૮ શેર; ઘી ૫ શેર; ખાંડ કે ગોળ ૩ શેર.

દુધપાક માટે દૂધ ૧।।। મણ; ચોખા ૦।।। શેર; ખાંડ ૪ શેર.

શીખંડ માટે દૂધ ૦।।। મણ; ખાંડ ૮ શેર.

શિરા માટે લોટ ૪ શેર; ઘી ૫ શેર; ગોળ કે ખાંડ ૩ શેર કે ૪ શેર.

કઢી માટે દહીં ૫ શેર.

પીરા માટે દૂધ ૧૩ શેર; ખાંડ ૧।। શેર.

પુરી માટે લોટ ૫ શેર; તેલ ૨ શેર; ઘી ૨।। શેર.

મીઠું ૧। શેર; ધાણાજીરું દસ ભાર; કોકમ દસ ભાર; હળદર નવટાંક; આખા મરચાં નવટાંક.

ફરવા જઇએ ત્યાં કાંઈ પોંક ઓળા મગફળી વગેરે ખાવાનાં હોય કે નાસ્તો પાણી થવાનું હોય તો તે પ્રમાણમાં રાંધવામાં ઘટાડો થવો જોઇએ. પણ જો પાલીતાણા જેવા ડુંગરા ઉપર નાસ્તો થવાનો હોય કે જ્યાંથી પાછા વળે ત્યાં સુધીમાં બધું પચીને ફરી વાર કકડીને ભૂખ લાગે જ લાગે, તે વખતે નાસ્તાનો હિસાબ ન ગણવો. એક વાર નાસ્તો જો પેટ ભરીને એટલે જોઇએ એટલો આપ્યો હોય તો તે પછી ચાર કલાકે જ ખાણું આપવું. અને નાસ્તો માત્ર ભૂખને આધાર તરીકે અમુક પ્રમાણમાં જ થોડો થોડો આપ્યો હોય તો પણ ૨/૩ કલાક તો વચ્ચે જવા જ જોઇએ. મુસાફરીમાં ઉપરાઉપરી અને જે તે ખાધા કરવું એવું બનવાનો બહુ જ સંભવ રહે છે; તેની સંભાળ લેવી. આમ ગયા એ ગાજર ખાધાં, આગળ ગયા ચાર શીંગો ખાધી, બીજે જરા બોર ખાધાં, ત્રીજે કટકો ટોપરું ખાધું એવું આખો વખત મોઢું ચાલ્યા જ કરે એ બાળકોનું પેટ બગાડનારું છે. ઘણે ભાગે તરત જ કોઇ કોઇને તો ઝાડા કરી જ દે છે. અને તરત જ ન થાય તો બાળકની હોજરીને નુકશાન કરનારું તો છે જ. માટે મુસાફરીમાં પણ બાળકોને નિયમિત રીતે અને યોગ્ય એવો બોરાક મળે તે જોવાનું છે. મુસાફરીમાં મિષ્ટાન્ન જોઇએ કે કેમ એ પ્રશ્ન છે. અમારો નિયમ અમે એમ રાખ્યો છે કે બાળકોની મુસાફરીમાં એકાદ ટંક તેમને ગમે એવું મિષ્ટાન્નનું ભોજન કરીએ જ છીએ; જ્યારે એકલાં મોટાંઓની એટલે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની મુસાફરીમાં ખીચડી ને રોટલા કે એવો સાદો બોરાક જ રાખીએ છીએ. બાળકોને ભલે જરા જરા લહેર આવે, ભલે આનંદ કરે; મોટાંઓ ઉપર તાલીમ બાતર જેટલાં બંધનો નાખવાં હોય તેટલાં નાખી શકાય.

રસોડાની સાથે જ પીવાના પાણીની વ્યવસ્થા કરી લેવાની રહી. પાણી સ્વચ્છ ને ગળેલું જોઇએ. ટાઇફૉઇડ કે કોલેરાની આસપાસ બીક હોય તો પાણી ઉકાળીને ઠારેલું વાપરવું. બાળકો બેઠા પ્યાલા ન બોળે તેની વ્યવસ્થા કરી દેવી. પાણી કાઢવાને માટે સાધન રાખીએ અને બાળકોને પાણી કેમ લેવું ને શામાં પીવું તે શાંતિથી બતાવી દઇએ એટલે તે રીત અમલમાં આવે છે. વાપરવાનું ને પીવાનું પાણી એક જ ન રાખવાં. લેવાના કળશા વગેરે પણ તે જ ન રાખવા. પીવાનું પાણી જુદું જ ગોઠવી દેવું, અને તેનાં લેવા મૂકવાનાં સાધનો–ભલે પછી કુલડીઓ હોય તો તે પણ જુદી જ રાખવી.

રસોડું એ પ્રવાસનું જેમ એક મહત્ત્વનું અંગ છે તેમ જ દિશાપેશાબની વ્યવસ્થા છે. પ્રવાસમાં બાળક આપણી પાસે ચોવીશે કલાક હોય છે એટલે એની બધી વાતો આપણે તપાસવાની રહી; અને બધી વાતોની સુઘડતા અને સુટેવો બતાવવાની રહી. ઉતારાની આસપાસ જ્યાં ત્યાં પેશાબ કરવા દઇને આપણો ઉતારો બગાડી નાખવો ન જોઇએ. નિશાળના પ્રવાસોના શોખીન શિક્ષકો ગાંધીજીના આશ્રમની તાત્કાલિક પાયખાનાં ઉભાં કરવાની અને સાફ કરી પૂરી દઇ ચાલવા લાગવાની રીત શીખી લે તે જરૂરનું છે.

ગાંધીજીની બીજી રીતે અમર ગણાતી કૂચના અહેવાલમાંથી દરેક ઝાઝા માણસોની મુસાફરી લઇ જનારે નીચેનો ભાગ તો ખાસ

અમલમાં મૂકવાનું શીખી જ લેવું જોઇએ–

"જે જે મુકામે અમે પડાવ નાખવાના હોઇએ છીએ તે તે મુકામે ચોવીશ કલાક અગાઉ વિદ્યાર્થીઓ આગળ જઈ અમારા ઉતારા આગળ પાયખાનાં અને મુતરડીના ખાડા અને પાતળ નાખવાના ખાડા કરવામાં ગામના ભાઇઓ સાથે જોડાય છે. અને અમે ઉતારો છોડીએ તે પહેલાં એંઠવાડ પાતળના ને પેશાબ પાયખાનાંના ખાડા પૂરવામાં, ઉતારાનો કચરો સાફ કરવામાં અને જાજમ સંકેલવામાં રોકાઇએ છીએ." (નવજીવન)

આપણી સામાન્ય ટેવ આમાંની એકે વાત કરવાની નથી. તેમાં કોઇ પહેલાં થોડી સગવડ ને સ્વચ્છતા કરી લે છે, પણ નીકળતી વખતે આપણાથકી એ જગ્યામાં જે જે કચરો પડયો હોય અથવા ગંદકી થઇ હોય કે અવ્યવસ્થા થઇ હોય તે બધું સાફ કરીને નીકળવાની સભ્યતાથી આપણે કેવળ અપરિચિત છીએ. માટે તે બાબત તરફ બાળકોનો પ્રવાસ લઇ જનારાઓનું બાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

લાંબા પ્રવાસમાં બાળકો આપણી સાથે વસતાં હોઇ દિશાપેશાબની જેમ તેમનાં દાતણ પાણી, નહાવું અને ધોવું, તેમનાં કપડાં કે વસ્તુઓ, તેમનાં પોટકાં સાચવવાં વગેરે કામો પણ આપણા ઉપર આવે છે. તેઓ દાતણ કયાં કરે, કેમ કરે, ચીર કયાં નાખે તે જોવાનું રાખવું. દાતણ થઈ રહ્યા પછી બધાં દાંત બતાવી જાય એમ ધોરણ રાખવું. નહાયા પછી પણ એકવાર બધાંની સામાન્ય તપાસ થાય. નહાતી વખતે કાન અને કાનની પાછળ, કાખ વગેરે ભાંગો ચોળીને કેમ ધોવા તથા પછી લુછીને કેમ સુકા કરવા તે બતાવવું, અને પછી તેને લગતી તપાસ કરી લેવી. કપડાં અને વસ્તુઓની બાબતમાં પણ બાળકોને સામાન્ય સૂચના આપવી: "પોતપોતાનાં કપડાં સંભાળી લ્યો. વસ્તુઓ લઇ લ્યો." આવી સામાન્ય તપાસ કરવા નીકળીએ એટલે કપડાં બરાબર સંકેલ્યાં છે કે નહિ, પોટકું બરાબર બાંધ્યું છે કે નહિ, વગેરે બબર પડે. દરેક બાળક પાસે પોટકામાં શું શું હતું તેની યાદી હોય તે પ્રમાણે વસ્તુઓ તપાસી લેવાની પણ ઠીક પડે.

ટુંકમાં મોટો પ્રવાસ એટલે બાળકોની લાંબી મુસાફરી તો બરી જ; પણ સાથે સાથે આપણે માટે એક મોટો અનુભવ. કેમ કે તેટલા વખત પૂરતાં આપણે તેમનાં માબાપ થઇને જ તેમની સાથે રહીએ ને તેમનું અવલોકન કરીએ, તેમ જ તેમની નાની નાની જરૂરીઆતો પૂરી પાડીએ તે જરૂરનું છે. રાત્રે સૂતાં હોઇએ ત્યાં પણ મા જેમ અર્ધી રાત્રે ઉઠી નાના બાળકને બાળે લઇ જાય છે જેથી બાળક પથારી બગાડે નહિ, તેમ આપણે પણ કરવું જોઇએ. છોકરાંઓ રાત્રે ઉઘાડાં થઇ જાય તો તેમને ઉઠીને ઓઢાડવું જોઇએ. વાતો નાની છે, પણ રહી જાય ને ધ્યાન બહાર જાય તો આપણી મુસાફરી બામીવાળી ગણાય.

પ્રવાસના મુખ્ય અધિકારી પાસે પ્રવાસનાં કામોના જુદા જુદા વિભાગો સ્પષ્ટ હોવા જોઇએ.

૧ ઉતારો, પાગરણ અને સામાન્ય વ્યવસ્થા.
૨ રસોડું.
૩ દિશા–દાતણ.
૪ સ્નાન–કપડાં.
૫ સામાન્ય સંભાળ ને સાજમાંદા.

ક ખર્ચનો હિસાબ.

લાંબી મુસાફરીએ જવું હોય ત્યારે મા-બાપો ઉપર નીચેની સૂચનાઓ મોકલવી. એવી છપાવીને રાખવી અથવા હાથે લખીને બધાં બાળકોને આપવી ને બાળકો બરાબર માબાપોને આપે એની ટેવ પાડવી.

બાલમંદિર

આવતી કાલે તા. ના રોજ મોટી મુસાફરીએ જવાનું છે તો આપના બાળકની સાથે—

બે જોડ કપડાં
પ્યાલો
રૂમાલ અને ટુવાલ
જોડા
બે ટંકનું ભાતું

મોકલી આપવા વ્યવસ્થા કરશો.

વ્યવસ્થાપક : બાલમંદિર.

લાંબી મુસાફરીએ શાળા તરફથી શું શું લેવું જોઇએ તેની યાદી અગાઉ એક વાર આવી ગઇ છે. તે પ્રમાણે બધું લઇને નીકળવું.

પ્રવાસમાં આપણાથી સચવાય તેટલાં જ ને તે ઉંમરનાં જ બાળકો રાખવાં. જો આપણે તદ્દન એકલાં હોઇએ તો નાનાં એટલે ૭ થી ૧૦ સુધીનાં પાંચથી સાત કરતાં વધારે બાળકો સાથે ન લઇ જઇએ. એકાદ શિક્ષક કે કામવાળી બાઇ સાથે હોય તો તેટલી ઉંમરનાં દશ બાર બાળકોને સાચવી શકાય. શિક્ષક અને કામવાળી બેઉ હોય તો વીશ પચીશ બાળકોને સાથે લઇ જઇ શકાય.

મુસાફરી વખતે શું શું બતાવવું અથવા જોવું તે વિષે પહેલાં આવી ગયું છે. સોની કંસારા વાંચી વગેરેની દુકાનો, ગામની બજાર, પાદરનાં ખેતરો, વાડીઓ, ભરતકામ ને ગામની ઉપજ નીપજ, ત્યાંથી બહાર જતી વસ્તુઓ, વગેરે બધું જોતા જવું; વાતચીત કરતા જવું. પણ પ્રવાસ એક સામાન્ય જ્ઞાનની નિશાળ જ ન બને તે પણ જોવું. ગામમાં સારાં ભજનો ગવાતાં હોય અથવા રાસ લેવાતા હોય કે કોઇ વાર્તા કહેતું હોય તો તેવા કાર્યક્રમો પણ રચવા.

મુસાફરી ચલાવનારે મગજ શાંત અને ફળદ્રુપ રાખવું જોઇએ; કેમ કે ધાર્યા પ્રમાણે ઘણી વાર કાર્યક્રમ પાર ન પડે એવા સંજોગો અચાનક ઉભા થાય. આપણી ભૂલથી એમ ન બને તેની સંભાળ રાખવી; પણ અણધારી રીતે મુશ્કેલી ઉભી થાય તો પણ મુસાફરીની મજા લેવાની જુદી રીતો શોધી કાઢી મુસાફરી સફળ કરવી.

આમ પ્રવાસની વ્યવસ્થા બાજુ બરાબર પોતે સાચવીને તેમ જ વ્યવસ્થામાં બાળકોને જોડીને સંભાળ્યા પછી જોવાનું વગેરે કરવું. ફરવું હરવું, જોવું જાણવું એ મુસાફરીનું મુખ્ય અંગ હોવા છતાં વ્યવસ્થાવિભાગ ગૌણ તો ન જ કહેવાય. પૂર્ણ વ્યવસ્થા અને સુઘડતા સાથે ફરવું જોવું એ મુસાફરીનું ધ્યેય હોય. [સમાપ્ત] તા.

મોન્ટીસોરી અધ્યાપનમંદિર

જેઓ મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાં દાખલ થવા માગતાં હોય તેઓ રીતસરની અરજી એપ્રીલની આખરમાં કરી નાખે. જેઓની અરજી મંજુર કરવામાં આવશે તેમણે તારીખ ૧૫મી જુને હાજર થવું.

વસંત બાલશિક્ષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાન બીજું

તારીખ ૯ મી માર્ચ ૧૯૩૦ રવિવાર

વિષય: બાળ ક્રીડાંગણો

આ માળાનું પહેલું વ્યાખ્યાન "બાળકોને ચોરસ પુરુષોને મારશો નહિ" ને "બાળકોને બીવડાવશો નહિ" એ વિષયો પર થયું હતું. બીજું વ્યાખ્યાન ઉક્ત વિષય ઉપર ઉક્ત તારીખે જુદાં જુદાં સ્થળોએ થઈ ગયું.

સ્થળ	વ્યાખ્યાનકાર	કોને માટે
પોરબંદર	શ્રી. નૃસિંહપ્રસાદ ભટ્ટ	પુરુષોને
,,	શ્રી. હેમુભાઇ રામજી	,,
સુરત	શ્રી. બંસીલાલ વકીલ	,,
વલસાડ	શ્રી. વલ્લભદાસ અજ્ઞ	,,
,,	શ્રી. ઈશ્વરલાલ દેશાઈ	,,
ચોરવાડ	શ્રી. ગોકુળદાસ રાયચુરા	સ્ત્રીઓ અને
,,	શ્રી. અંબાશંકર પંડ્યા	પુરુષોની બે સભા
રાંદેર	શ્રીમતી પ્રેમીબેન શાહ	સ્ત્રીઓને
પાલીતાણા	શ્રી લલભશંકર પાઠક	પુરુષોને
ગોંડલ	શ્રી. ઉપેન્દ્ર મુગટરામ	,,
લાઠી	શ્રી. છગનલાલ વચ્છરાજ	,,
વડોદરા	શ્રી. ઇન્દુપ્રસાદ ભટ્ટ	,,
લીંબડી	શ્રીમતી ત્રિવેણીબેન રામજી	સ્ત્રીઓને
ઉમરાળા	શ્રી. ત્રિભોવન વ્યાસ	પુરુષોને તથા
વળા	શ્રી. ઉમીયાશંકર જોશી	સ્ત્રીઓને
વઢવાણ	શ્રી. ભોગીલાલ રણછોડલાલ	પુરુષોને
બોટાદ	શ્રી. વિષ્ણુપ્રસાદ ભટ્ટ શ્રી. પુરુષોતમદાસ પટેલ	,,
સુણાવ	શ્રી. સોમાભાઈ પટેલ	,,
ભંડારીયા	શ્રી. રામભાઈ ડાહ્યાભાઇ	,,
ઝરીયા	શ્રી. કાંતિલાલ એમ. બોળકીયા	,,
કરાંચી	શ્રી. ભવાનીશંકર રાવલ શ્રી. રવિશંકર યાજ્ઞિક	,, ,,
ભાવનગરઃ સ્થાનિક		
૧ લી સભા	શ્રી. ગિજુભાઈ બધેકા શ્રીમતી અનસૂયાબેન ,, કુમુદબેન પારેખ	સ્ત્રીઓને
૨ જી સભા	શ્રીમતી તારાબેન મોદક ,, મણિબા । ,, મેરી સેમ્યુઅલ	,,
૩ જી સભા	શ્રી. હરભાઇ ત્રિવેદી કુમારી ચંદનબેન પારેખ	પુરુષો અને સ્ત્રીઓને

સ્થળ કુલ ૨૧ :: વ્યાખ્ય તાઓ ૩૩ :: સભાઓ ૨૫

અમને જણાવતાં હર્ષ થાય છે કે પહેલા વ્યાખ્યાન કરતાં બીજા વ્યાખ્યાન વખતે સ્થળો તેમ જ વ્યાખ્યાતાઓમાં ઉમેરો થયો છે. એ રીતે વ્યાખ્યાનમાળાનો લાભ આ વખતે વધ્યો ગણાય. અમે આશા રાખીએ છીએ કે ધીમે ધીમે આ વ્યાખ્યાનમાળ વધારે સ્થળે ફેલાશે ને વધારે લોકો તેનો લાભ લેશે. આ માટે જે ભાઇઓનો અમારા તરફથી પ્રેમપૂર્વક સેવાભાવે વ્યાખ્યાનો કરે છે તેમનો અમારે અંત કરણથી ઉપકાર માનવો ઘટે છે. બીજા વ્યાખ્યાન વખતે રોકાએલાં સૌ ભાઇઓનોના પ્રયત્નને અમે વધાવીને તેમનો આભાર માનીએ છીએ.

ત્રીજું વ્યાખ્યાન 'બાળકોની સ્વચ્છતા' એ વિષય પર એપ્રીલની આખરમાં ગોઠવવા ધારણા છે.

દક્ષિણામૂર્તિ બાલમંદિર } પ્રચારકો
ભાવનગર } વસંતવ્યાખ્યાનમાળા

ચર્ચાપત્રો

:૧:

શ્રી. ગિજુભાઇ,

આ વખતની શિક્ષણ પત્રિકામાં બાળકોના નાસ્તા સંબંધે એક લેખ છે તેને છેડે નાસ્તા માટે અંકવાડિયાના દિવસોમાં કેવી રીતે વિવિધ નાસ્તો આપી શકાય તેનું એક ટાઇમટેબલ જેવું આપ્યું છે તે માર્ગદર્શક બને તે માટે છે.

આ લેખ સંબંધે મારા વિચારો નીચે મુજબ છે—

૧ નાસ્તો વ્યાવહારિક તાલીમ માટે મુખ્યપણે નહિ પણ પોષણની દૃષ્ટિએ અપાવો જોઇએ.

૨ પોષણનાં તત્ત્વો ખોરાકમાં જ પૂરાં પડવાં જોઇએ અને ખોરાક માત્ર એ વખત જ નહિ પણ બાળકને ત્રણ વખત મળવો જોઇએ; એટલે બાલમંદિરનો નાસ્તો નાસ્તો મટી રીતસરના ખોરાકનું સ્થાન લે તો પણ સારું.

૩. ખોરાક તરીકે નહિ પણ માત્ર નાસ્તા તરીકે રાખીએ તો પણ બાળપોષણને આવશ્યક તત્ત્વોમાંથી જે તત્ત્વોની ઘરના ખોરાકમાં ઊણપ રહેતી હોય તે પૂરાં પાડવાની દૃષ્ટિ પ્રધાનપદે રહેવી જોઇએ.

૪ નાસ્તામાં એક દિવસ એકલો સુકો મેવો, બીજે દિવસે એકલું કઠોળ, ત્રીજે દિવસે એકલું ફળશાક, ચોથે દિવસે એકલું દૂધ કે પ્રત્યાહી, આ યોજના કોઇ પણ સિદ્ધાંત ઉપર રચાએલી નથી એટલું જ નહિ પણ અયોગ્ય છે.

૫ નાસ્તામાં (૧) ચરબીવાળાં તત્ત્વ અને દૂધ (૨) શાક–ફળ (૩) પ્રોટીન—તદ્દન બને તેવી સ્થિતિમાં—આ ત્રણ તત્ત્વો હરરોજ આપવાં જોઇએ અને તે માફકસર અને બાળકની હોજરીની શક્તિને અનુકુળ સ્થિતિમાં. બાંડ તો બધામાં વ્યાપક કરી શકાય. ચાલુ ખોરાક ઘેર મોટાં માટે તૈયાર થાય છે તેમાં આ તત્ત્વો પ્રમાણસર કે બાળકને માફક આવે તેવી સ્થિતિમાં નથી હોતાં.

૬ (૧) ચરબીવાળાં તત્ત્વ—દૂધ.

બાળક જેટલું દૂધ લઇ શકે તેટલું આપવું અને તે વધારે પ્રમાણમાં લઇ શકાય તે માટે વિવિધ રીતો અજમાવવી. વાયડું ન પડે તે માટે અંદર મસાલો આદિ નાખવું. ઘીનો જરૂર પડે ત્યાં યોગ્ય ઉપયોગ કરવા ચૂકવું નહિ.

(૨) ફળ-શાક દૈનિક ખોરાકમાં હોવાં જ જોઇએ.

(૩) પ્રોટીન—કઠોળ તદ્દન પચી ન જાય તો આંતરડાં સડે માટે તેને પૂરેપૂરું પકવ રૂપ આપવું જોઇએ. મોન્ટીસોરીએ તો પૂરણ (વેડમીમાં વપરાય છે તે)નું રૂપ પસંદ કરેલ છે.

મારા મંત મુજબ આ ત્રણે તત્ત્વો યોગ્ય પ્રમાણમાં દરરોજના નાસ્તામાં આવવાં જોઇએ.

ચમનલાલ મા. વૈષ્ણવ.

ઉત્તર

ભાઇ વૈષ્ણવનો પત્ર માબાપોને બહુ ઉપયોગી ને ધ્યાનમાં રાખવા જેવો છે. બાળકના ખોરાકમાં તેમણે નોંધેલાં ત્રણ તત્ત્વો હમેશ હોવાં જોઇએ એટલું જ નહિ, પણ આ ત્રણે તત્ત્વોનું એક બીજા પ્રત્યેનું પ્રમાણ પણ સચવાવું જોઇએ.

માત્ર આ કાગળ બાલમંદિરમાં અપાતા બપોરના નાસ્તાને લાગુ પાડવાનું હજી વ્યવહારૂ

લાગતું નથી. તેનું કારણ તત્ત્વભેદ નહિ પણ વ્યવહારભેદ છે. મુખ્ય મુશ્કેલી તો તેઓ બાલામણ કરે છે એવો ખોરાક બનાવી લેવાની જ પડશે કારણ આજે જ આઠ આના માબાપોને ભારે પડે છે. માબાપ તે તરફ ધી તરીકે જુએ છે. મોટાં છોકરાંઓની ધી ચાર આના ને અઢી વર્ષના બાળક માટે આઠ આના આપવા પડે! પણ ધારો કે આ બન્ને મુશ્કેલીને કોઇ બાલમંદિર વટાવી ગયું. તોયે એક પ્રશ્ન હમેશ માટે ઉભો જ છે તે બાવાના ટાઇમીંગ્સ અથવા વેળાઓનો છે. બાળકને ચાર વાર સરખી જ ક્વૉન્ટીટી (જથ્થો) અને ક્વૉલીટી (જાત) આપવાની હોય નહિ. સવાર ને ત્રીજે પહોર નાસ્તા જેવું એટલે ઓછો ખોરાક હોય ને બપોર ને વાળુ-ટાણે જમણ જેવું એટલે પેટ ભરીને જમવાનું હોય. માટે નાસ્તામાં તો બાળકને સ્વાદફેર કરીને બે ચાર વસ્તુઓ અવારનવાર આપીએ તો ખોટું નહિ.

બીજી વાત અને વધારે મહત્ત્વની વાત એ છે કે ત્રણે તત્ત્વનું પ્રમાણ આખા દિવસમાં ભળીને સચવાવું જોઇએ. આપણા હાથમાં બાળકનો આખા દિવસનો ચારે ટંકનો ખોરાક નથી. બાળક આપણી સાથે રાતદિવસ રહેતું નથી. એટલે એની હાજરી કોઇ વિશિષ્ટ દિવસે કેવું કામ આપે છે તે આપણે જાણતાં હોતાં નથી. વળી આપણે તો સાઠ સિત્તેર બાળકોને માફક આવે એવો ખોરાક ગોઠવવાનો હોય. તેમાં જેવું ઘરે માબાપો ધ્યાન દઇ શકે તેવું વ્યક્તિગત ધ્યાન આપી શકાય જ નહિ. બીજું, બાળકોનો જમવાનો વખત પણ ગોઠવવાનું આપણા હાથમાં હોતું નથી. જેમ કે જૈન છોકરાંઓ તો ઘેર જઇને તરત જમવા બેસે છે. એથી બાલમંદિરના નાસ્તા માટે બે જ રસ્તા વ્યવહારૂ દેખાય છે. કાં તો બાલમંદિર નાસ્તો અથવા એક ટંક બાવાનું આપવાનો દાવો કરે જ નહિ; ને મારા પહેલા લેખમાં મેં ભાર મૂકયો છે તેમ શિક્ષણને અંગે જરૂરી પ્રવૃત્તિ તરીકે જ રાખે, અને તેમાં કાંઇક બાવા આપ્યા વગર પ્રવૃત્તિ પૂરેપૂરી થતી નથી માટે થોડું કંઇ ચવેણું આપે. આ નાસ્તો હમેશ સેફ સાઇડ ઉપર એટલે ઓછી ભૂલ થાય એવી રીતે ગોઠવે. ને કાં તો ત્રીજા પહોરનો નાસ્તો દરેક બાળકને પોતાનો લાવવા દે અને બાલમંદિરમાં તો માત્ર બધાં ભેગાં બેસીને **પોતપોતાનો નાસ્તો** ખાય. આ રીતમાં પૈસાની, નાસ્તો બનાવવાની, જમવાના ટાઇમીંગ્સની અને નારતાનું પ્રમાણ અને (ક્વૉલીટી) ભારે હળવાપણું બધું માબાપોના હાથમાં હોઇ બાળકના ખોરાકનું એકધારાપણું વધારે સચવાય, ને બીજી વ્યવહારૂ મુશ્કેલીઓ પણ ટળે.

ચમનભાઇએ કઠોળ વિષે જે કહ્યું છે તે ધ્યાનમાં લેતાં બાલમંદિરમાંથી કઠોળ આપવાનું બંધ કરવાનું ઠીક લાગે છે. ને ઘરે પણ માબાપો કાચાપાકા ચણા વટાણા કે મગ બાળકોને બાવા ન દે પણ બરાબર પકાવીને આપે એ જરૂરનું છે.

ભાઇ વૈષ્ણવ પોતાના અનુભવનો અને પ્રયોગોનો હમેશ લાભ આપતા રહે એમ ઇચ્છીએ છીએ. તા.

: ૨ :

એક શિક્ષક બનેલા બનાવો મોકલે છે. અમે આપેલા જવાબ સાથે તે નીચે આપ્યા છે. **તંત્રીઓ.**

સવાલ: લગભગ ત્રણ વાગે અમારા ગામના શેઠ મારી પાસે આવ્યા અને બોલ્યા: " માસ્તર સાહેબ; તમારે બચ્ચુ ને બાલુને સવારથી સાંજ

સુધી ઉભા રાખવા. અમારે તે હવે કરવું શું? નિશાળેથી રજા થાય કે તુરત ભમરડા લઇને જાય તે દિવસ આથમ્યા સુધી કહીને થાક્યા. મારીએ પણ શું કરવું?

જવાબ: ભાઇ, ઉભા રાખશો નહિ ને મારશોયે નહિ. બાળકો નિશાળ પછી ભમરડા ફેરવે એમાં કંઇ ગુન્હો કરતાં નથી.

છોકરાં છે, ભમરડાની રમત ગમે ને તેમાં પ્રાવિણ્ય મેળવવા માટે તેના ઉપર મંડી પડતાં હોય, તેમાં એકાગ્ર થતાં હોય, તેના ઉપર કાર્યશક્તિ ખર્ચતાં હોય તો તેમાં કશું ખોટું નથી. તેઓ બળ મેળવે છે એમ માનજો ને એમ લાગતું હોય કે એવું કાંઇ બળ મેળવતા નથી પણ દેખાદેખીથી અમસ્થો વખત કાઢે છે, તો બીજી સારી રમતો રાખલ કરો, ગેડીદડો આપો ને જુસ્સાથી રમી લેવા દો. બાળકોનુ તેમાં હિત છે. તે બગાડશો નહિ.

સવાલ: શેઠનો છોકરો બીજી ચોપડી ભણે છે. ભણવામાં બહુ જ ચાલાક, પણ તેથીએ વધારે શરીરે નબળાઇ છે.

કસરત કરવાનો રિવાજ અને રમતો રમાડવાનો રિવાજ મેં બે માસ થયાં રાખ્યો છે. એક વખત છોકરાને તાવ આવ્યો. શેઠ મારા પર ખીજાયા: "માસ્તર તમે છોકરાને શા માટે વેકરામાં તેડી જાવ છો? જુઓ, કાલનો છોકરાને તાવ આવ્યો છે. છોકરો બ્હી ગયો છે અને નળ ભરાઇ ગયા છે."

છોકરો નબળો એટલે તેને મોટા છોકરાની સાથે તો રમાડવામાં આવતો ન હતો. બાળવર્ગ સાથે તેને સંતાકુકડી રમાડતા તેમાં છોકરાના નળ ભરાયા એ અન્યાયથી!

જવાબ: શેઠજીને કહેવું કે ભાઈ રમે છે માટે નથી માંદો પડ્યો પણ પૂરતો રમતો નથી માટે માંદો પડ્યો છે. માટે હવે તાવમાંથી ઉઠેને, ત્યારે મારી પાસે મોકલજો. સરસ રમી રમીને શરીર કસાશે એટલે માંદો પડતો અટકશે.

હવે પછીનો અંક

વૈશાખ માસનો છે તે જેઠ માસના અંક સાથે બધા ગ્રાહકોને મળશે.

સ્થાનિક ગ્રાહકોને

જેઓ પાસે ગયા વર્ષનું તેમ જ ચાલુ વર્ષનું લવાજમ બાકી હોય તેઓ મહેરબાનીથી પહોંચાડી દેશો. અમોને ઉઘરાણી કરવાની તરદીમાંથી બચાવી આભારી કરશો. જેઓ ગ્રાહક રહેવા ન ઇચ્છતાં હોય તેઓ એક પત્રથી લખી તમ જણાવશે તો મોટો ઉપકાર થશે.

નવા આજીવનસભ્યો

શ્રી. મહાસુખરાય ગોપાળજી ભટ્ટ મુંબઇ.
શ્રી. હીરાલાલ વસંતદાસ અમદાવાદ.

અંત્યજોને મદદ

શેઠ કેશરી વીજપાળ.	રંગુન રૂા ૨૫
બેન આશાં પોચા.	પૂના રૂા. ૫

હજી વધારે મદદની જરૂર છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, 'શિક્ષણ પત્રિકા' શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પોરી. બી બાલાજી ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૩-૪-૫ મો
વૈશાખ-જ્યેષ્ઠ-આષાઢ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

બાળકનો દેહ નાનો છે પણ એનો આત્મા મહાન્ છે. બાળકનો દેહ બંધાતો છે, તેની શક્તિઓ ખીલતી છે, પણ તેનો આત્મા સંપૂર્ણ છે. તેની શક્તિ વિકસેલી છે. એ આત્માને આપણે સન્માન આપીએ. એ આત્માને આપણે આપણી રીતિ નીતિથી ભ્રષ્ટ અને કલુષિત ના કરીએ. એને એના અનંત વિહારોમાં સંચરવા દઇએ. આપણે તો એ મહાન્ કાર્યના નિમિત્ત માત્ર પણ થઇશું તો પણ આપણાં ધન્યભાગ્ય છે. બાળકો જ્યાં જ્યાં વિકસતાં હોય ત્યાં ત્યાં આપણે આપણી તીર્થભૂમિ સમજીએ, ત્યાં ત્યાં આપણાં દેવમંદિરો સમજીએ.

શાળાનો સમય

દરિયા કિનારાનું ગામ હતું. બપોર આખી ઠંડો લીલો પવન ફૂંકાતો હતો. ગરમીનું નામ ન હતું.

નિશાળમાં ગયા. મહેતાજી કહે: "સાહેબ, આજે સવારની નિશાળ હતી. એપ્રીલની પહેલીથી સવારની નિશાળ થઇ છે."

"કેમ? અહીં શું કામ સવારની નિશાળ?"

"સાહેબ, બાતાનો રિવાજ હોય તેમ થાય ને?"

"એ તો ઠીક, પણ તમને સવારની નિશાળની જરૂર લાગે છે?"

"ના જી, અહીં અમારે ત્યાં બપોરની નિશાળ ખુશીથી ચાલી શકે. પણ સાહેબ, બાતાનો હુકમ હોય તેમ થાય ને?"

"તમે પોતે અભ્યાસની તેમ જ છોકરાઓની સગવડની દૃષ્ટિએ કયો વખત પસંદ કરો છો?"

"સાહેબ, બપોરનો હોય તો ઠીક પડે. ચોમાસામાં અહીં બહુ હેરાનગતિ, પણ ઉનાળો બહુ ફાંકડો. હમણાં જરા સારી રીતે ભણાવી લીધું હોય તો ચોમાસામાં વચ્ચે વચ્ચે રજાઓ પણ પાડી શકાય. કેમ કે કોઇ કોઇ વાર વરસાદની એવી ઝડી હોય છે."

એક દરિયા કિનારાની ગ્રામશાળામાં આ જાતની વાતચીત થએલી. આપણાં કેળવણી બાતાં નિશાળની બાબતમાં યાંત્રિકપણું ઓછું કરીને પ્રાંતભેદે ને સ્થળભેદે વસ્તીના ધંધા રોજગાર અનુસાર વખત ને સ્થળ પૂરત્વે ફેરફારની છૂટ રાખે તો બહુ સારું. મોટે ભાગે પ્રાંતે પ્રાંતે ઘણા ફેરફારની જરૂર હોય. કેટલીએક જગ્યાએ કાયમી સવાર સાંજનો વખત ફાવે તો કેટલીએક જગ્યાએ એકલો બપોર પછીનો જ ફાવે. કેટલીએક જગ્યાએ તો ગામડાંની શાળાઓ અમુક ઋતુઓમાં તો ખેતરોમાં ને વાડીઓમાં ચાલે તો અધિક સગવડવાળી હોય છે. સાર એટલો જ કે બાતું સ્થળ ને વખતની બાબતમાં ઓછું યાંત્રિક રહે–ઓછું અચલ રહે, અને શાળાના શિક્ષકને તેની પોતાની પરિસ્થિતિ કયે વખતે અને કયે સ્થળે શાળા ચલવવાથી વધારે સગવડ સાથે વધારે કામ આપી શકે એવી છે એની શોધ કરવાની તક આપે ને ફરજ પાડે તો ગ્રામશાળા સામેની ગ્રામજનોની મુશ્કેલીઓ ઓછી થવાથી વધારે લોકના છોકરાઓ શાળાનો લાભ લેવા લાગે. શહેરના જીવન માટે નક્કી કરેલો વખત વગર અપવાદે બધે લગાડી દેવો એ તો ઠીક નથી જ.

એવા કોઇ વ્યક્તિગત ફેરફારને અવકાશ હોઇ શકે એની કલ્પના સરખીયે ન હોવાથી આજનો શિક્ષક પણ પોતાની પરિસ્થિતિમાં કેવી જાતના ફેરફારોની જરૂરીઆત છે તેનો વિચાર કરતો જ નથી. ને અમારા જેવા જઇને આવું કાંઇ સૂચન કરે તો ઘણાખરાને તો તે વિચિત્ર જ લાગે. 'સૂર્ય પૂર્વને બદલે આપણી સગવડે જરા દક્ષિણમાં ઉગાડી લઇએ તો?' એમ સૂચન કરીએ તો તેમને જેટલું વિચિત્ર, અશક્ય ને ન વિચારવા યોગ્ય લાગે છે તેવું જ અમારું કથન તેમને લાગે છે. ઉપલા સંવાદમાંના શિક્ષક તો હજી ઠીક કે વખતના ફેરફારની સગવડવાળી બાજુ જોઇ શક્યા.

ટૂંકમાં કેળવણીખાતું વખત, સ્થળ અને વિષયોની બાબતમાં એક જ બીબાની શાળા બધે રાખે છે તે બાબતમાં તેણે ઘણું વિચારવાનું છે ને ખાતાની પદ્ધતિને તેમાં યોગ્ય ફેરફાર ઝટ થઇ શકે એવી (elastic) રાખવી ઘટે છે. આજ સુધી જાણે એમ જ મનાય છે કે કેળવણી ખાતામાં નવા પ્રયોગોને અવકાશ જ નથી. ખાતું તો માત્ર ઘરેડ પ્રમાણે કામ કરી આપે. પણ એમ રાખવાની કશી જરૂર નથી. કેળવણી ખાતાને જેટલા નવા પ્રયોગો કરી જોવાની તક છે તેટલી બીજી કોઇ પણ કેળવણીની સંસ્થાને નથી, કારણ તેની પાસે પ્રાંત અને ધંધા વગેરેની ખૂબ વિવિધતા છે ને વિવિધ પરિસ્થિતિ પણ છે. ત્રા.

વિદ્યાધિકારીનાં સ્વપ્નાં

કોઇ રાજ્યના વિદ્યાધિકારી હતા. જુવાન હતા. નવા હતા. નવા યુગના હતા. ઉમંગી હતા. ખાતામાં સુધારા દિન પ્રતિદિન દાખલ કરવાની ખાહેશ ધરાવતા હતા. તેઓ એક વાર પોતાના તાબાના મુલકનો નકશો લઇને બેઠા. જે જે સ્થળોએ નિશાળો હતી ત્યાં ત્યાં લીટો કરેલો હતો. સિવાયનાં સ્થળોએ કશું નિશાન ન હતું. નકશો જોતાં જ આંખ ઉઘડી ગઇ. "હજી આટલી બધી જગાએ નિશાળો નથી? આટલી જગાએ શિક્ષણનો અગ્નિ ચેતાવ્યો નથી? આટલાં વર્ષોથી ખાતું ચાલે છે ને આટલાં જ ગામે કેળવણીના તોરણો બંધાયાં છે!"

તેમણે નિશ્ચય કર્યો: "દર વર્ષ આટલી નવી શાળાઓ બંધાવીશ. આટલી શાળાઓ અવશ્યમેવ થવી જ જોઇએ."

* * *

એક વાર વિદ્યાધિકારી સાહેબ મહાલની શાળા જોવા નીકળ્યા. ખાતા તરફથી મળતા સીગ્રામમાં બેઠા બેઠા ફર્યા. એક દિવસમાં બે મુકામ કર્યા ને બે શાળાઓ માંડ માંડ જોઇ શકયા. તેમણે વિચાર કર્યો: "આટલી બધી શાળાઓ આ હિસાબે બે વરસે પણ જોવાઇ ન રહે. મારે મોટા અધિકારીએ દરેક શાળા વર્ષમાં ત્રણ વાર તો જોવી જ જોઇએ. આ સીગ્રામથી ન ચાલી શકે. સીગ્રામની મુસાફરી બોટનો ધંધો છે. બે વરસે એક વાર શાળા જોવી ને તેમાં સુધારા સૂચવવા એના કરતાં ઘરમાં બેસી રહેવું પણ સરખું જ લેખાય. રાજ્ય બોટે ખાતું ચલવે છે કારણ કે મોટા પગારના અધિકારીને સીગ્રામમાં નિશાળો જોવા મોકલે છે. નિશાળો જેવી ને તેવી રહે છે મોટા અધિકારીનો પગાર નકામો જાય છે. સીગ્રામને બદલે મોટરની માગણી કરવી જોઇએ. શાળાઓ ઉપર દેખરેખ રહેશે, ભણતર માટે શિક્ષક કાળજી લેશે, શિક્ષકનો પગાર અને વખત વસુલ થશે ને એમાં મોટરનો ખર્ચ વળી રહેશે.

* * *

વિદ્યાધિકારી એક નાના એવા ગામડાની શાળા જોવા ગયા. શાળાનો શિક્ષક શોખીન હતો. પોતાથી જ તેણે શાળાના કમ્પાઉન્ડમાં એક તુલસીનો અને ત્રણ બારમાસીના છોડ નાખ્યા હતા. પાદર વહેતી નદીમાંથી પોતે અને છોકરાઓએ રેતી લાવીને પાથરી હતી. શાળાનું આંગણું રળીઆમણું જોઇ સાહેબને

થયું: "કંઈ નહિ તો આટલું તો દરેક શાળાને જોઇએ જ." તેમણે શિક્ષકો તરફ પત્ર લખ્યો:–

પ્રિય શિક્ષકો,

હું હુકમ કરી મોકલત પણ તેના કરતાં એક માંગણી લખી મોકલું છું. મને હુકમથી તમારો સહકાર મળે તેના કરતાં પ્રેમથી વધારે મળે એવો મારો વિશ્વાસ છે. તમે તમારી શાળાના ફળીયામાં કંઈ નહિ તો એ ચાર નાના નાના છોડો વાવશો? તુલસી, બારમાસી, ગલગોટા, મરવો, ડોલર, એવા નાના છોડો સહેલથી ઉછરી શકે તેવા ઘણા છે. તમારા ગામને પાદર નદી હોય તો ત્યાંથી રેતી લાવી લવરાવી પથરાવશો? તમે અને તમારા વિદ્યાર્થીઓ આટલું કામ સહેલથી અને આનંદથી કરી શકશો. આટલું કર્યા પછી જુઓ કે તમારી શાળાનું ફળીયું કેવું દીપી ઉઠે છે! શાળાની શોભા શિક્ષક છે ને શિક્ષક શાળાની શોભા છે.

લી. તમારો
વિદ્યાધિકારી.

* * *

સાહેબ એક વાર ડિસ્ટ્રીક્ટમાં ફરવા નીકળ્યા. સાહેબને હવે મોટર મળી હતી. અગાઉથી તરધી આપવાનું હવે કાઢી નાખ્યું હતું. સાહેબ ગમે ત્યારે ગામડે પહોંચતા અને શાળાની મુલાકાત લેતા. મોટર દોડતી એક ગામ આવી; શાળાની પાસે ઉભી રહી. શાળાના મહેતાજી છોકરાઓને દાખલા લખાવી શાક લેવા ગયા હતા. મોટર બીજે ગામડે પહોંચી. શાળાના શિક્ષક કંઈક પ્રસંગ હોવાથી મોનીટરને કામ સમજાવી નજીકને ગામડે પહોંચ્યા હતા. મોટર ત્રીજે ગામ ગઇ. શાળાના શિક્ષક શાળામાં બેઠા હતા; એ મિત્રો સાથે ચા પીધા પછી બીડી પીતા હતા. છોકરાઓ નકશો જોતા હતા.

વિદ્યાધિકારીએ ઠરાવ બહાર પાડ્યો:—

"શાળાના સમય દરમ્યાન શિક્ષકે ઘર કામે કે બીજા કામે શાળા છોડવી નહિ અને છતાં તેમ કરવાની જરૂર પડે તો તેની નોંધ પોતાના ઇન્સ્પેક્ટર પાસે લખાણ કરી લેવડાવવી. વળી શાળાના સમય દરમ્યાન શિક્ષકે શાળામાં ચા, બીડી, વગેરે વ્યસનની અને છોકરાઓ ઉપર સારી અસર ન કરે તેવી ચીજો ખાવી પીવી નહિ. છોકરાઓને દાખલા લખાવી કે નકશો જોવાનું કહી જે તે કામમાં રોકાવું અમે ઇચ્છતા નથી અને હવેથી તેવું જ્યાં જ્યાં જોવામાં આવશે ત્યાં ત્યાંની સખ્ત નોંધ લેવામાં આવશે."

* * *

વિદ્યાધિકારી સાહેબ પોતાના તાબાની ઘણી નિશાળો જોઇ આવ્યા. તેમણે ખાસ કરીને જોયું કે શાળાઓ ગંદી છે, છોકરાઓ જ્યાં ત્યાં આજુબાજુમાં પેશાબ કરે છે, શાળાના અને બીજા કાગળીયા ચારેકોર ઉડે છે, છોકરાઓનાં કપડાં ગંદાં છે, વાળ ગમે તેમ ઉગેલા ને મેલા છે, નખ વધેલા છે, દાંત ખરાબ છે, હાથ પગ ઉપર કુગી છે.

વિદ્યાધિકારીએ સૌ શિક્ષકો ઉપર લખી મોકલ્યું:—

"આપણી શાળાઓ સ્વચ્છ રહે અને તેનાં બાળકો મેલાં ઘેલાં મટી જાય તેનો ઉપાય તમારા હાથમાં છે. હવેથી અભ્યાસક્રમમાં સ્વચ્છતાનો વિષય વધારવામાં આવે છે. બધા વિષયો કરતાં આ વિષયને મહત્ત્વનો ગણવામાં

આવશે. મુલાકાત વખતે અમારી પહેલી તપાસ સ્વચ્છતાની થશે. પરીક્ષકો ને નિરીક્ષકો પણ સ્વચ્છતાને વિષય ગણીને જ તેની તપાસ કરશે. આ વિષય ભણાવવો અઘરો નથી પણ આ વિષય માટે કાળજી જોઇએ છીએ. તમે, મારાં શિક્ષકો, આ વિષય પર જેટલી કાળજી આપશો તેટલા તમે તમારું અને બાતાનું હિત વધારે સાધી શકશો." ગિ.

મોટાંઓને શું કામ ભણાવવું

ઘણા શિક્ષકોને પણ સવાલ થાય છે કે "અક્ષરજ્ઞાનની યોજના પ્રમાણે મોટી ઉંમરનોંને શા માટે ભણાવવું? નવી પેઢીને ભણાવીએ તો બસ છે. જૂની પેઢી તો હવે જવાની જ છે. એ હવે ન ભણે તો કયાં અધૂરું રહી જવાનું છે? આપણી બધી શક્તિનો ઉપયોગ નવી પેઢી પાછળ ખર્ચ કરવો જરૂરી છે." ઉપલક દૃષ્ટિએ સૌને એમ જ લાગે. પણ હરેક ભણનારને થતા બીજા ફાયદાઓની વાત છોડી દઇએ તો પણ એક જ અને એક જ મહત્ત્વના ફાયદા માટે આપણે આજે મોટી ઉંમરનાંને ભણાવી લેવાની જરૂર છે. આજે પ્રાથમિક શિક્ષણ ફરજીઆત નથી ત્યાં તો લોકવર્ણ પોતાના છોકરાને ભણવા મૂકતા જ નથી. તેઓ પોતાના ખેતી વગેરે ધંધાના કામમાં તેમને રોકી રાખે છે. છેક નાનપણથી તેમની મહેનતનો તેઓ લાભ લે છે, અને મજુરીનો ખર્ચ બચાવી તેમનો ઉપયોગ કરે છે. તેઓ પોતાના બાળકોને એટલા જ માટે ભણાવતા નથી કે ભણવા જાય તો બેતરમાં કયારા પાવાનું કે ઢોર ચારવાનું કામ કોણ કરે? તેઓ ભણતર કરતાં ઢોર ચારવાને કે છાણ મેળવવાને કે ઢોરને નીરણપૂળો કરવાને વધારે કિંમતી ગણે છે. આનું કારણ એ છે કે તેમને ભણતરની કશી કિંમત નથી; કેમ કે તેઓને પોતાને તેના લાભો પોતે અભણ હોઇ જાણવામાં આવ્યા નથી. ભણેલ માબાપ પોતાના છોકરાંને અવશ્ય ભણાવે જ છે. છોકરો ન ભણવા જાય તો તેને પરાણે મોકલે છે. છોકરો રખડે તો તેને તેની ચિંતા થાય છે. ઉલટું અભણ માબાપોની દૃષ્ટિ ટૂંકી છે. તે પોતે જેમ મોટા થયા તેમ છોકરાઓ મોટા થાય તો તેમાં કશું ખોટું જોતા નથી. આમ અભણ

ચાલો વાંચીએ

અભણ મટી વાંચતા થતા માણસોને માટે રચેલી ખાસ ચોપડી. તમામ વાંચતાં શીખતાં બાળકોને માટે લાયક વાચન.

કિં. ૦-૧૫-૦ લે. ગિજુભાઇ

આગળ વાંચો

ભણીને જરા આગળ ગએલા માટેનું ખાસ વાંચન. તમામ બાળકોને ઉપયોગી ને ગમે તેવું. મોટાંઓને પણ ઉપકારક વાચન.

કિં. ૦-૧૫-૦ લે. ગિજુભાઇ

ટપાલ ખર્ચ દરેકનું ૦-૦-૬

લખો

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર

માબાપના છોકરાઓ ભણ્યા વિનાના રહે છે. એ છોકરાઓ પાછા મોટા થાય છે ત્યારે તેના છોકરાઓની પણ એ જ સ્થિતિ રહે છે ને રહેવાની છે. પેઢી દર પેઢી અજ્ઞાન અને અભણપણું ચાલુ રાખવાનો ઉપાય એ છે કે માબાપો હરહમેશ અભણ જોઈએ. પણ આ પરિસ્થિતિ ઇચ્છવાયોગ્ય નથી એમ જો લાગે તો તો આપણે અભણને જ ભણાવવા બેસવું જોઈએ. જેઓ બીજાઓને અભણ રાખે છે તેમને જ ભણાવવા જોઈએ. એટલા માટે જ અક્ષરજ્ઞાન યોજના છે. અક્ષરજ્ઞાન યોજના આજના અભણને ભણાવવા માટે જ માત્ર નથી, પણ આવતી કાલ અને આવતા કાળના માણસોને ભણતરને માર્ગે મૂકવા માટે છે.

શિક્ષકભાઇઓની સામે એક મુશ્કેલી સંખ્યાની છે. ગામડામાં કેટલા બધા છોકરાઓ હોય છે? તેઓ ભણવાને લાયક એવા હોય છે અને છતાં નિશાળમાં દેખાવાને બદલે ગામને શીમાડે રખડતા રઝળતા હોય છે. આ રઝળતા છોકરાઓ નિશાળમાં ભણતા છોકરાઓને, ગામને, અને ગામને પાદરથી નીકળતા માણસોને ઘણી વાર કનડગત કરે છે. ઘરનું પાદરનું થોડું કામ કરે છે ને વધારે વખત તોફાનમાં ગાળે છે. આ બધા ત્યારે જ ભણવા બેસે કે જ્યારે તેમનાં માબાપો ભણેલાં હોય, તેમનાં માબાપોને ભણતરની કિંમત જાતઅનુભવથી સમજાઇ હોય.

શિક્ષકની બીજી મુશ્કેલી અનિયમિત હાજરીની છે. આનું કારણ પણ અભણ માબાપો જ છે. તેઓ જો કદાચ છોકરાઓને નિશાળે ભણાવે છે તો પણ હરઘડીએ તેમને ત્યાંથી બોલાવી લેવામાં કશું નુકશાન સમજતાં નથી. નાના મોટા પ્રસંગે તરત છોકરાઓને શાળામાં જતા અટકાવે છે. છોકરાઓને અત્યારની ઘડી સુધી તો નિશાળો અને માસ્તરો ગમેલા નથી તેથી કંઈક બાનું મળે તો તેઓ પણ રાજીખુશીથી નિશાળમાં ગેરહાજર રહેવું પસંદ કરે છે. પણ માબાપ ભણેલાં હોય, હાજરીનું મહત્ત્વ સમજતાં હોય તો તેઓ પોતાના છોકરાઓને નકામા ગેરહાજર રાખશે નહિ.

ત્રીજી વાત એ છે કે ગામડાના લોકો શિક્ષક તરફ બહુ આદરથી જુએ છે ને નથી પણ જોતા. પટેલો અને બે આગેવાનો ભણેલા હોય છે તો માસ્તરને આદરમાન મળે છે, પણ ગામ આખું ને અભણ ને અજડ હોય છે તો માસ્તરની સામેય કોઈ જોતું નથી. ભણેલની કદર ભણેલામાં જ થાય એ સ્વાભાવિક છે.

શિક્ષક ઉપલાં બધાં કારણે સમજે કે ગામના લોકો ભણેલા હોય તો તેને અને તેના કામને જ ઘણો ફાયદો છે; અને તેથી સરકાર દરબારની તેને મદદ હોય કે ના હોય, પણ વાંધો ન હોય તો તે ગામડાના લોકોને રાત્રે અગર બપોરે જ્યારે જ્યારે વખત મળે ત્યારે ભણાવે. શિક્ષક એટલે વિદ્યાની સ્થાપના. તે જ્યાં હોય ત્યાં વિદ્યાદાનનું પવિત્ર કાર્ય અહોરાત્ર ચાલ્યા જ કરે. તે પોતે અને તેના મિત્રો લોકોને માત્ર ભણાવવાનું જ કર્યા કરે તો પણ તે બહુ જ કરી શકશે. ગિ.

અંત્યજ ભાઇઓને

જેઓ પત્રિકા વિના મૂલ્યે માગતા હોય તેઓ તુરત લખે. અત્યંજ ભાઇઓ માટે થોડા એક પૈસા મળ્યા છે. પૂછવોઃ **વ્યવસ્થાપકઃ શિક્ષણ પત્રિકા** શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરઃ ભાવનગર.

ગામડાનાં બાળકો

તમે જો શહેરી હો ને ગામડાનાં બાળકો જોવાં હોય તો સહેલું છે. કોઇ પણ ગામડાને પાદર જઓ ને અંદર પેસવા લાગો. પહેલ-વહેલાં બાળકો મળશે. તમારી પાસે મોટર કે એવું કાંઇ હોય તો તો બાળકોનાં ટોળેટોળાં ને મોટાંઓનાં પણ ટોળેટોળાં વળશે. પણ એકલાં ફરતાં ફરતાં પહોંચી જઓ તો પણ પહેલ-વહેલાં બાળકો તમારી આસપાસ ફરી વળશે, તમારી સામે જોશે, તમારાં ચશ્માં જોશે, તમારા હાથમાંની બૅગ જોશે, તમારા જોડા છત્રી પણ જોશે, મોટરનાં પૈડાં જોશે ને બધું જોશે. બબ્બે કલાક તમારી સામે ને તમારી મોટર સામે જોતાં ધરાશે નહિ. એવી એમની જિજ્ઞાસા તીવ્ર છે; એવી નવું જોવા જાણવાની એમની લાલસા છે.

અમે એક વાર એવી મુસાફરી કરેલી એટલે અનુભવ થએલો. ગામડામાં બિચારાંઓને નવું નવું જોવાનું ક્યાંથી મળે ? રોજ એનાં એ જ માણસો આવે ને જાય. માધાભાઇ બળદની જોડી લઇ જતા હોય કાં રધો ભરવાડ ગાયો ભેંશો લઇને જતો હોય; ઘી દૂધનાં બોઘડાં જતાં હોય કે શાકના ટોપલા જતા હોય; કાં તો બકરાં ઘેટાંના ભરવાડો નીકળતા હોય. શહેરની જેમ રોજ જાતજાતનાં ને ભાતભાતનાં માણસો ને ગાડીઓ ને ઘોડાઓ ને મોટરો ને એવું ત્યાં થોડું જ જોવાનું હોય ? એટલે બિચારાં તમે જઇ ચડો તો જોવા આવે જ ને ! એમ મને પહેલાં થયું.

પરંતુ આ બાળકોના નીકટના પરિચયમાં આવ્યા ત્યારે ખબર પડી કે બાળકોને રોજ એટલું એટલું જોવાનું મળે છે ને ધરાઇ ધરાઇને જોયા જ કરવાનો વખતે મળે છે કે શહેરનાં છોકરાં તેમની આગળ તદ્દન દયાપાત્ર દેખાય. બધી ઋતુઓની એમને સરસ ખબર. પડખે દરિયો હોય તો દરિયાની ભરતી ને ઓટ ને દરિયાનાં માછલાં ને બધું તેઓ જાણે. દરિયામાં નહાતાં જાય ને દરિયાની વાતો સાંભળતાં જાય. આસપાસ જંગલ હોય તો જંગલનાં બધાં પક્ષીઓ એમના મિત્રો. સસલાં ને કોળીયા પણ એમના ભાઇબંધો. હરણિયાં કૂદે એવાં બાળકો કૂદે; બેઉ સરખે સરખાં. એમને લોંકડી ને શિયાળ, રોઝ ને નાર જોવા કાંઇ ભીંત ઉપર ટીંગાડેલાં ચિત્રો થોડાં જ જોવા પડે તેમ છે ? એ તો જંગલમાં લાકડાં લેવા જાય ને લાકડાંની સાથે કુદરતની કેટલીયે વાતો પણ વીણી લાવે. એ તો જંગલના રાજા. એમને કાંઇ આપણી જેમ કાગડો ચકલી ને કાબર કબુતર એટલાં જ પક્ષીઓ છે ? એ તો કોટરો ને બાજ, ચંડોલ ને બુલબુલ, કોશીયો ને કલકલીયો કેટલાંય રોજ ભાળતાં હોય, તેમને ભૂગોળ શીખવા કાંઇ નિશાળના ઓરડામાં ડુંગરા ને નદી ને દરિયો જોવો પડે બરો ? તેમનું જીવન તો કેટલું સમૃદ્ધ ! એઓ તો ઠેઠ નદીના મૂળથી મુખ સુધી જાતે જ હિંડી આવે. ડુંગરા ચડે ને બીણોમાં ઉતરે. બાડી જુવે ને બારીયે જુવે. તેઓ તો ભૂમાતાનો બોળો જ ખૂંદનારાં ! તેમને ભૂમાતાનો પરિચય કરવા કાંઇ બે આનાની ભૂગોળ બરીદવી પડે ? તેમના

દેશની ઉપજ નીપજ પણ તેઓ તો જાણે જ, કેમ કે ઉપજાવનાર ને વેચનાર જ તેઓ પોતે.

ટૂંકમાં મેં જોયું કે પહેલાં મારા મનમાં તેમને માટે 'બિચારાં' શબ્દ આવ્યો પણ પછી તેમનું જીવન જોઇને મારું ને મારા જેવાનું શહેરી બાળપણ યાદ કર્યું ત્યારે થયું કે 'બિચારાં' તો કહેવું જોઇએ આપણે પેલાં શહેરવાસી બાળકોને જેમને નહિ મળે તાજું સ્વચ્છ દૂધ ઘી, નહિ મળે તાજું શાક પાંદડું, નહિ મળે તાજાં ફળો કે પીલુડાં ને ગુંદાં જેવા ગામડાના મેવા, નહિ મળે નદી ટેકરા ખૂંદવા કે નહિ મળે અનેક જાતનાં પંખીનાં ગાન સાંભળવાં. સાચે જ સમૃદ્ધિમાં કોણ બિચારું છે તેનું સાચું ભાન ગામડામાં ફરતાં ફરતાં થયું. શાળાના પદાર્થપાઠો ને રીંગણીના વેલા થાય કે ઝાડ થાય, ને પતંગિયાં ઇયળમાંથી થાય કે ઇંડામાંથી તેનું સામાન્ય જ્ઞાન એ બધું બિચારાં શહેરી બાળકો માટે જરૂરનું થઇ પડ્યું છે. આ ગામડાનાં બાળકો તો શિક્ષકને પણ શીખવે એટલું તો મેળે મેળે જાણતાં હોય છે.

આટલું તો એમના સૃષ્ટિવિજ્ઞાન, સૌંદર્ય-દર્શન અને કુદરત પરિચય પરત્વે. આ બાળકો બીજી પણ અનેક રીતે શહેરી બાળકો કરતાં સમૃદ્ધ હોય છે. એમના મજબુત પગ માઇલ બે માઇલ વગર હાંફે દોડ્યે જાય; ઝડપ ચડે ઝડપ ફૂદે; બોરડી બાવળ તો શું પણ થોરના કાંટા વાગે કે ઉઝરડા પડે તોયે આ ખંખેરીને ઉભા! મોટર જેવા અજાણ્યા યંત્ર ઉપર પણ ઝટ ચડવાની હિંમત ને કાંઇક આવડત પણ ખરી, કેમ કે મોટર ઉપર ચઢેલાં નહિ પણ જ્યાં ત્યાં ચડવું ને ચાલતે ગાડે બેસવું ને ઉતરવું તો આવડે એટલે મોટર ઉપર પણ ચડે ને એની ગતિથી અજાણ હોવાથી ઉતરતી વખતે પડે તોયે શું? ત્યાં કયાં કોઇના પગ માથું ભાંગે છે? આ ધૂળ ખંખેરીને ઉભા થઇને જુએઃ "માળું! આ શું થયું? આ પડ્યા કેમ?" જે જગ્યાએ શહેરી બાળકને સ્ટ્રેચર ઉપર મૂકી હૉસ્પિટલમાં લઇ જવું પડે, ત્યાં અભણ બાળકો પોતાના પગ ઉપર ટટ્ટાર ઉભેલાં જોઇ સહેજે આંખમાં હર્ષાશ્રુ આવી જાય, જેમને આપણે બિચારાં કહેતાં હતાં તે બાળકો કેટલાં સમૃદ્ધ છે! આવું પથરા જેવું શરીર હોય તેનાથી વધારે સંપત્તિ કઇ હોઇ શકે?

પણ આ બાળકો પાસે આવડતની સમૃદ્ધિયે ઘણી. આઠ દસ વરસનું બાળક હળ હાંકે; કોસ ઉપર બેસે; ઊન કાંતે; દોરડાં વણે; ભેંશો હાંકે; બકરાં ઘેટાંને સાચવે; ડાંગ ફેરવી જાણે; તરવું જાણે; સીમના કેડાઓ જાણે; કેટલુંયે જાણે. એમના જીવનનું ઉપયોગી એવું કેટલુંયે જાણે. જ્યારે આપણાં બિચારાં શહેરી બાળકો એમાંયે તે બાસ ધ્યાન દઇને સાચવેલાં આપણાં બાળકો પોતાના જીવનમાં કેવળ પરાધીન કેમ રહેવું, માબાપો કે બીજા વડીલોની મદદથી કેમ જીવવું એ એક જ વાતની કેળવણી લે છે; ને ઉપરાંત બાબરનો દીકરો હુમાયુન ને એવું એવું એ કેટલુંય મગજમાં ભરી રાખે છે. તદ્દન શાળા વગરનાં, માબાપના બાસ જતન વગરનાં આ ગામડાનાં પોતાના પગ ઉપર ટટ્ટાર ઉભાં રહી શકનારાં પ્રાણવાન્ બાળકો જોઇ બે વિચાર મનમાંથી પસાર થયા.

પહેલો વિચાર એ થયો કે આ બાળકો કેવાં

ભાગ્યશાળી કે તેમને કોઇએ નિશાળમાં ગોંધીને અને નકામું નકામું શીખવીને તેમના પ્રાણ હણ્યા નથી ! અને છાતીમાં દુઃખની વેદના ઉદ્‌ભવે કે હાય હાય, અહીં વિદ્યાધિકારી શાળા ગાઢશે તો ? અરેરે બિચારાં બાળકો !

બીજો વિચાર એ થયો કે આપણા શહેરી શિક્ષકો અને શહેરી બાપાઓ ગામડામાં ફરી આ બાળકોના મુક્ત હસ્તે મળતા શિક્ષણ (ફ્રી એજ્યુકેશન)નાં કેટલાંએક તત્ત્વો શહેરમાં દાખલ કરે તો કેવું સારું ? આપણાં પ્રાણ વગરનાં, બાયકાંગલાં, બીકણ, પરાધીન બાળકો તેવાં મટી આવાં જોરદાર થવાનો કોઇ રસ્તો શોધે તો કેવું સારું !

આગળ જતાં એમ પણ થયું કે શું આ બાળકોની સ્થિતિ સર્વસ્વે નમૂનેદાર ને આદર્શ છે બરી ? એમ તો કેમ જ કહી શકાય ? ઘણી રીતે તેઓ પણ બિચારાં છે. આવાં ચોકખી બુદ્ધિવાળાં, ચપળ, સમજુ બાળકો છતાં તેમની બુદ્ધિ તેજ કરવાનાં કાંઇ સાધન જ ન મળે ! નવા સુધારા, જ્ઞાન વગેરેથી તેઓ કેવળ અજ્ઞાત. પરિણામે ચાલતી આવેલી માન્યતાને જ તેમણે આધારભૂત ગણીને ચાલવાનું રહ્યું. તેમને ડિલે કુગી વળે છે, આંખે ચીપડા છે, કપડાંમાં ટોલા છે, વાળ જીથરીયાં છે; તેમને નહાવાનું ભાન નથી, ખાવાનું ભાન નથી, માંદા પડે તો તેમને દવા દારૂ કે સારવાર મળતી નથી; તેમને ઘેર ઘઉં પાકે છે પણ તેમને જારનો સૂકો રોટલો ને મીઠું ખાઇને સૂવું પડે છે; તેમને ઘેર શાક ભાજી ને કેરી રામફળ પાકે છે પણ તેના સ્વાદની તેમને ખબર નથી; તેમને ઘેર દુઝાણું હોય છે પણ દુધ ઘી બહાર જાય ને તેમને માટે છાશની પરાશ હોય. તેઓ ઘણી રીતે બિચારાં તો બરાં જ ! એમનો પ્રાણ હણાય નહિ, એમની શારીરિક ચપળતાને આડે આવે નહિ, ઉલટું તેમનું જીવન ઉત્તેજીને તેમને આગળ લેનાર કોઇ શિક્ષક અહીં આવે તો કેવું સારું ! તેમને ચોકખા વિચારની કેળવણીની બાસ જરૂર છે. સમાજ, ધર્મ, આચારવિચાર વગેરે બાબતમાં તેઓ જાતે વિચારવાનું જાણતાં જ નથી. 'અમારામાં આમ હોય ને આમ ન હોય.' આ સિવાય તેઓ બીજું કશું આધાર-તત્ત્વ જાણતાં નથી. ઢેઢને કૂવે પાણી લેવા દેવાય કે નહિ ? ના ન જ દેવાય. ચાલતો રિવાજ જ માત્ર તેઓ જાણે. એટલે પ્રથમ જાતે વિચાર કરવાની કેળવણી તેમને મળવી જોઇએ. બીજે તેમને માટે બાસ જરૂરી વિષય મને વિજ્ઞાનનો લાગ્યો. પહેલામાં પહેલાં આરોગ્ય-વિજ્ઞાન; ને તે પછી બીજાં બધાં વિજ્ઞાનશાસ્ત્રો જેવાં કે વનસ્પતિશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, બગોળ-શાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન વગેરે બધાં વિજ્ઞાનોની જરૂર ત્યાં વધારેમાં વધારે છે; ને ત્રીજું યંત્રશાસ્ત્ર વગેરે શાસ્ત્રો. પણ એ બધું શિક્ષણ માત્ર બે કલાક ચલાવાતી નિશાળમાં આપવાની વ્યવસ્થા થાય તે જરૂરનું. આ શીમમાં રખડનાર બાળકો જો એક વાર પાંચ પાંચ ને છ છ કલાક નિશાળમાં કાઢતાં શીખ્યાં તો થઇ રહ્યું ! એમની કુદરતી સમૃદ્ધિ એમની પાસેથી ઝૂંટવી લેવાની ક્રિયા શરૂ થઇ જ ગઇ સમજવી !

બરી રીતે તેમને વાંચતાં શીખવીને તરત વાચનાલયનો ઉપયોગ કરતાં કરી દેવાં જોઇએ– જે વાચન તેઓ શીમમાં, ખેતરમાં, વાડીમાં, ઝાડવે, તળાવે, નદીએ, દરિયાકાંઠે જ્યાં હોય

સાં કરે. ને એક કલાક રોજ વિજ્ઞાનના પ્રયોગો જોવાનું રાખવું જોઇએ. અઠવાડિયામાં એક બે વાર સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય વગેરે અનેક વિષયો ઉપર પ્રાથમિક ભાષણો કે વાતચીત સાંભળે જેને લીધે તેઓ છાપાંઓ રસથી વાંચી શકે. એ સિવાયનો એટલે નિશાળનો કલાક દોઢ કલાક ઉપરાંતનો આખો વખત તેઓ તેમના પોતપોતાના કામ ઉપર હમેશની રીતે રહે તે જ જરૂરી છે. આ દોઢ કલાક પણ તેમના કામની આડે આવે એવો ન હોય. એ સિવાય શિક્ષક અજવાળી રાતે વ્યવસ્થિત રમતો તેમની સાથે રમે તો આદર્શ ગ્રામશિક્ષણ થાય.

આજે તો જ્યાં કેળવણીખાતું પહોંચ્યું નથી, તેમની શાળા ને પરીક્ષા ને અન્વય તથા અર્થ ને કડકડ વાચન ને વ્યાકરણ પહોંચ્યાં નથી તે ગામડાંઓને ધન્યવાદ આપવાનો વખત છે. આજની શાળા કે નહિ શાળા વચ્ચે તો 'નહિ શાળા' એ જ ઠીક છે એમ કહેવાનો વારો આવે. તા.

મહેતાજીની પદવી

આપણે આપણી પદવી ઉંચી ચડે તેમ માગીએ છીએ. આપણું વજન અત્યારે કેટલું બધું ઓછું છે તે જગજાહેર છે. કોઇ પણ ગામમાં વહીવટી, પોલિસ, ટપાલ અને દફ્તરી ખાતાનું જેટલું માન છે તેટલું તો ઠીક પણ તેથી પાગણું પણ મહેતાજીનું માન નથી. આની ચિંતા ખાતાંના વડાને જ હોઇ શકે. પોતાના ખાતાના માણસોને એક અદના પોલિસ જેટલુંએ માન નહિ, અગર તેટલીયે તેની વગ કે સત્તા ન ચાલે, એ સહન ન કરી શકાય તેવું છે. બીજા બધા કરતાં મહેતાજી ગામનો શિક્ષક છે. બાળકોને શીખવીને તે ગામને શિક્ષિત કરે છે. એક મહેતાજી એક ગામમાં પચીશ ત્રીશ વર્ષ રહ્યો હોય તો ગામની એક બે પેઢી તેના હાથ નીચેથી પસાર થઇ ગઇ હોય છે. વેપારીઓ અને લોકો તેની નિશાળે બેસી ગએલા હોય છે. છતાં મહેતાજીનો ગામમાં બોજ નથી પડતો. ખાતાએ તેના બોજની ચિંતા રાખવી ઘટે છે અને તે ચિંતાનું પ્રત્યક્ષ સ્વરૂપ મહેતાજીના પગારમાં કંઇક વ્યાજબી વધારો થયા કરે તેવી ગોઠવણ કરવામાં છે. મહેતાજી એવી સ્થિતિમાં આવી પડે છે કે તેણે પ્રતિષ્ઠા ખોવી જ પડે. ગરીબ સ્થિતિના માણસને માટે વ્યાવહારિક સ્વમાન સાચવવું મોટે ભાગે આકરું પડે છે, કારણ કે પેટ ભરવા માટે તેણે ઘણાના બોશીયાળા થવું પડે છે અને તેથી ઘણાઓને તે એક સાધારણ માણસ લાગી જાય છે ને તેથી તેની કશી ગણના થતી નથી. આર્થિક મુશ્કેલીનો ઉકેલ મહેતાજીને કંઇક પદવી આપશે.

મહેતાજીઓ જુદી જુદી રીતે પોતે પોતાની પ્રતિષ્ઠા ખુએ છે. લોભી મહેતાજીઓ એટલા બધા કરકસરીયા જીવનથી જીવે છે કે ગામના ગરીબમાં ગરીબ માણસોના પણ તે હાંસીપાત્ર બને છે. એક તાવડી જેવી ચીજ લેવી હોય તો દસ વીસ તાવડીઓ તે જોવા માટે નિશાળના છોકરાઓ પાસે મગાવે છે, અને તેમાંથી સસ્તામાં સસ્તી પસંદ કરી તેમાંથી પાઇ અરધી પાઇ ઓછી કરાવી ખરીદે છે. છાણાંનો ભાવ નક્કી કરવામાં તે શાળાનો કેટલો બધો કિંમતી વખત ગુમાવે છે? પાંચ

છાણાં ઉપર કે ન ઉપર એ બાબતમાં ઘણી વાર વેચનાર સાથે ચડભડી ઉઠે છે. મહેતાજીએ લોભી રહેવું જ જોઇએ એવી પણ એક તેમની માનસિક રીતિ છે. મહેતાજી જરા છૂટથી રહે તો બીજા મહેતાજીઓ તેમની નિંદા કરે છે. પોતે પણ જરા છૂટથી રહી વ્યવસ્થિત, સ્વચ્છ, અને કંઈક ધોરણવાળા રહેવામાં ભડકે છે. રખેને પોતે પોતાની સ્થિતિમાંથી ભ્રષ્ટ થઇ જાય! મહેતાજીનું જૂનું ધોરણ તેઓ બદલવા માટે ઘણા નારાજ રહે છે. જુવાન મહેતાજીઓ પાંચ દિવસ સાચે જ યોગ્ય મહેતાજી થવા પસંદ કરે છે ને પ્રયત્ન કરે છે, એટલામાં જૂના શિક્ષકો તેને ઠંડો પાડે છે ને પોતાના જેવો કરે નહિ ત્યાં સુધી તેમને શાંતિ નથી મળતી. આથી ચીલો તૂટતો નથી. મહેતાજી લોભી જ રહે છે, એક પાઇ ખર્ચતાં ભારે કષ્ટ વેઠે છે, પાઇ ગુમાવી પૈસાનો સમય બચાવી શકતો જ નથી; ઉલટું પાઇ બચાવવામાં રૂપિયાનો સમય અને પ્રવૃત્તિ ખુએ છે. મહેતાજી પાસે પૈસા નથી તો તેણે પગાર વધે તે માટે સજ્જડ મહેનત કરી ઉપરીઓ પાસે લાયકાત અને જરૂરીઆત સાબીત કરી તેમની પાસે આગ્રહભરી માગણી કરવી ઘટે છે, પણ કંગાલ રહી બાતાને કંગાલ દેખાડવું અને જાતને અશોભાવવી તે ઠીક નથી.

પ્રતિષ્ઠા ખોવાની બીજી રીત અને અત્યંત શરમાવે તેવી રીત લોટ માગવાની છે. કેટલાક નાના ગામડાના શિક્ષકો અલ્પબત્ત થોડા પગારને લીધે, અને પગાર વધે તો પણ પોતે બ્રાહ્મણ હોવાથી બાપદાદાનો ધંધો છે એમ ગણીને, ગામમાં લોટ માગે છે. લોટમણ મહેતાજીની શી કિંમત? નિશાળે જે છોકરાઓ ઉપર બોજ પાંડવો, જેને રોફ મારી કે સોટી ચલાવી ભણાવવા તે જ છોકરાઓને ઘેરથી–તે જ છોકરાઓને હાથે–લોટની ચપટી લેવી પડી આવા માસ્તરની શી પ્રતિષ્ઠા રહે? આવા માસ્તરની પાસે કોણ ભણે? આવા માસ્તરથી બાતાની આબરૂ કેવી વધે? બાતું બ્રાહ્મણ કે બાવા કે એવા શિક્ષકો કે જેનો કુલાચાર લોટ માગવાનો છે, તેમને તો એકાદ સખ્ત સરકયુલરથી જ લોટ માગતા અટકાવી શકે. બ્રાહ્મણ મારતરો અલ્પબત્ત ગામડામાં એક સંસ્કારી બ્રાહ્મણનું કામ કરી શકે છે. દાખલા તરીકે માસ્તર ગામમાં સાંજે સારા પુસ્તકની કથા કરી શકે છે એટલે કે સારું પુસ્તક વાંચી સંભળાવી શકે છે; અને ગામની એ સેવા બદલ ગામ તેની જે કદર સ્વેચ્છાએ કરે તેનો સ્વીકાર કરી શકે છે. ગામના મોટી ઉંમરના અભણ લોકોને વિદ્યા આપી શકે છે ને તેમને પોતાના ઋણી કરી શકે છે. એવા ઋણી લોકો માસ્તરને ત્યાં કોઇ નાનો મોટો પ્રસંગ આવે ત્યારે માસ્તરને માટે જુદી જુદી રીતે કોઇ મદદ કરીને બનણે તો તે માસ્તરને માટે માન્ય છે. પણ માસ્તર ગામના શુકલ કે ગોરની જગા લઇ શકે નહિ; મરણપરણની ક્રિયા કરાવીને તેમાંથી પૈસા

ગરીબ
શિક્ષક શિક્ષિકાઓ
ને પત્રિકા પહોંચાડવા માટે જેઓ પૈસા મોકલશે તેઓ પુણ્યકાર્ય કરશે. તેઓ શિક્ષણને સંગીન મદદ કરશે.

કમાવાય નહિ; સત્યનારાયણની કથા વાંચી તેમાંથી પાઇ પૈસો તેનાથી કમાવાય નહિ; અને મોઢવાનું કે હળ જોડ્યાનું કે નળીયાં ચળાવ્યાનું કે એવું મુહૂર્ત જોઇ આપી તેમાંથી કમાણી તો કરી શકાય જ નહિ. કેમ કે એમ કરવા જતાં લોકોમાં વહેમ વધે છે અને કેળવણીને માર્ગે કાંટા પડે છે. વળી જો કે ન કરે નારાયણ કે ગઢવી ઘોડે ચડે પણ જો તેની પાસે પાંચ પૈસા હોય તો તેણે તે પૈસાનો વેપાર કરવામાં પણ ઉતરવું નહિ. મહેતાજીનું કામ જ ભણાવવાનું. તે વેપાર કરવા બેસે ત્યારે તે વણિક થઇ જાય. વિદ્યા બ્રાહ્મણની અને વેપાર વાણિયાનો. શિક્ષક ગમે તે જ્ઞાતિનો હોય પણ તે બ્રાહ્મણ છે. તેણે તો એક જ કામ કરી પોતાની પ્રતિષ્ઠા રાખવાની છે. વેપાર-ઉત્તમ વેપાર લક્ષ્મીને એકઠી કરવામાં છે-ભેગું કરવામાં છે, જ્યારે શિક્ષણ દાન દેવાનું કાર્ય છે. શિક્ષક જ્યારે શિક્ષક મટી વેપારી થાય છે ત્યારે તે ભ્રષ્ટ થાય છે ને તેની પ્રતિષ્ઠા ધરે છે. માટે શિક્ષકે પોતાની પ્રતિષ્ઠા ખાતર આવી બધી બાબતોથી દૂર રહેવું જોઇએ. શિક્ષકો પોતાના ધંધાની આબરૂ સાચવી રાખશે?

ગિ.

ટૂંકું ટૂંકું

વસંત બાળાનાં જાહેર પત્રો નં. ૧ 'બાળકોને મારશો નહિ.' અને નં ૨ 'બાળકોને બીવડાવશો નહિ.' વિનાં મૂલ્યે મળશે. દરેકેક શાળા અથવા ગૃહસ્થ પોતાના ઘરમાં ચોડવા માટે જરૂર મંગાવે.

* *

બાલ્યજ ભાઇઓને વિના મૂલ્યે પત્રિકાઓ માટે જેઓ પૈસા મોકલશે તે સાભાર સ્વીકારશું.

મુંબઇથી એક સખી ગૃહસ્થે રૂા. ૧૫) અંત્યજોને પત્રિકા માટે મોકલ્યા છે. ઉપરાંત શ્રીમતી બાલાં પોપટ તરફથી પૂનાથી ત્રણ રૂપીયા આવ્યા છે. તે માટે અમો આભાર માનીએ છીએ.

*

મોન્ટી સોરી સંઘના નિયમો, મોન્ટીસોરી સંઘના મંત્રી-બાલમંદિર ભાવનગર-પાસેથી મળશે. મંગાવનારને વિના મૂલ્યે મોકલાશે.

* *

શ્રીદક્ષિણામૂર્તિ મોન્ટીસોરી અધ્યાપનમંદિર, તથા ગ્રામ અધ્યાપનમંદિર તા. ૨૦મી જૂન ૧૯૩૦ ના રોજ ચાલુ થયું છે. જેઓ દાખલ થવા ઇચ્છતાં હોય તેઓ અરજી મંજુર કરાવી લે.

* *

શિક્ષણ પત્રિકા ચોથા વર્ષના અંકોની તૈયાર ફાઇલ જેમને જોઇતી હોય તેમને ૧-૪-૦ થી મળશે.

લખો: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર: ભાવનગર.

પત્રવહેવાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

વિચિત્ર પરીક્ષક

બધા શિક્ષકો એને વિચિત્ર પરીક્ષક કહેતા કારણ કે પરીક્ષક જે મુકામ જાહેર કરે તે મુકામે ન જતાં કોઇ નવા જ મુકામે જઇ ચડે. જ્યારે શિક્ષકે પરીક્ષાપૂરતી ગોઠવેલી શોભા વાંધાઇ જાય, શાળા પાછી ઝાંખી પડી જાય, છોકરાઓને સમજાવી રાખેલ વ્યવસ્થા નબળી પડી જાય ત્યારે તે જૂના મુકામે જાય. કારણ કે પરીક્ષક શિક્ષક તરફનો પાનસોપારી જેટલોયે વિવેક સ્વીકારે નહિ; શિક્ષકની લાગણી દુભાય તેવું દેખાય તો પણ તે શિક્ષકના પોતાના પહરની એક પાઇ પણ ખર્ચાવા ન દે; કારણ કે તે નિશાળમાં પરીક્ષા લેવાને બદલે ચોરે પરીક્ષા લે અને નિશાળીયાઓની નહિ પરંતુ તેમના માબાપોની, એટલે કે તે શાળાની. પરીક્ષા લેતા પહેલાં ગામના લોકો શાળા સંબંધે, શિક્ષક સંબંધે અને ભણતર સંબંધે શું ધારે છે તે જાણી લે; કારણ કે પરીક્ષક અભ્યાસક્રમની બહારની બાબતો સંબંધે છોકરાઓને ઘણું ઘણું પૂછે અને સ્થળ પ્રમાણે વિશેષ સવાલો કાઢે. દરિયાકાંઠાના છોકરાઓને અમુક સવાલ પૂછે, આંબાવાડીયાવાળા ગામની નિશાળના છોકરાઓને અમુક સવાલ પૂછે, નદી ડુંગર કે વનવાળા ગામોના છોકરાઓને અમુક સવાલ પૂછે. તેનો હેતુ એવો હોય કે નિશાળનું ભણતર ભણવાથી છોકરાઓ કુદરતી ભણતર કેટલું ભૂલ્યા છે અથવા તો કુદરતી ભણતરમાં કેટલા હુશિયાર છે, તેમ જ નિશાળનું ભણતર કેટલું સધ્યું છે ને પચ્યું છે. પરીક્ષક શિક્ષકોને બહુ વિચિત્ર લાગતો હતો કારણ કે દરેક વર્ષે તે કોઇ એકાદ વિષય પરીક્ષામાંથી છોડી જ દે અને દરેક વર્ષે શિક્ષકને લાગવા દે કે અમુક વિષય પરીક્ષકને છોડી દેવાની ટેવ છે; જ્યારે બીજે વર્ષે શિક્ષક આંખ ઉઘાડે કે છોડી દીધેલો વિષય કાચો રખાવવા જતાં તે જ વિષયમાં પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષક શિક્ષકોને બહુ વિચિત્ર લાગતો હતો કારણ કે કોઇ વાર તે શિક્ષક પાસેથી જાણી લે કે નાપાસ થવા જેટલા છોકરા કયા કયા છે અને તે જ છોકરાઓને તપાસી શિક્ષકનો અનુભવ બરાબર છે કે નહિ તે નક્કી કરતો, અને અનુભવ સાચો ઠરતો તો તે બીજાઓને તપાસતો નહિ; જ્યારે કોઇ વાર એમ પણ કરતો કે જેઓ પાસ થવા યોગ્ય છે એમ ઠરાવ્યા હોય તેને જ તે તપાસતો અને શિક્ષકે ભૂલથી પાસની યાદીમાં કોઇને મૂકયા હોય તો તેને તેમાંથી કાઢી નાખતો. પરીક્ષક સૌને વિચિત્ર લાગતો કારણ કે તે પરીક્ષાને અંતે માબાપોને બોલાવતો અને શિક્ષકને હાજર રાખી તેમને કહેતો કે અમુક છોકરાઓને નિશાળમાંથી ઉઠાડી લ્યો અને તેને બીજે કામે લગાડો; અથવા શિક્ષકને ભલામણ કરતો કે અમુક છોકરાઓને અમુક વિષયો શીખવો જ નહિ અને બીજા વિષયો શીખવો. તે બહુ વિચિત્ર પરીક્ષક હતો કારણ કે બહુ-બોલા અને ચતુરાઇ વાપરનાર શિક્ષકને, દંભ કરનારને, આંજી દેવાના મિથ્યા પ્રયત્ન કરનારને જરા પણ દાદ દેતો નહિ, જ્યારે સાચે જ ભલા પણ કાર્યપ્રેમીને ઓળખી કાઢી તેને ઉત્સાહ આપતો. બધા તેને વિચિત્ર કહેતા કારણ કે બીજા પરીક્ષકોથી તે જુદો પડતો હતો. ગિ.

ગામડામાં હેડમિસ્ટ્રેસ

ધારે તો ગામડાના સ્ત્રીજીવનમાં હેડમિસ્ટ્રેસ સારામાં સારો ફાળો આપી શકે. ગામડામાં ભાગ્યે જ સ્ત્રીઓ ભણેલી હોય છે. તેઓ અજ્ઞાનમાં સારી પેઠે સડતી હોય છે. અજ્ઞાનનાં અનેક દુઃખોથી દુઃખી હોય છે. હેડમિસ્ટ્રેસ અંધારામાં દીવાદાંડી જેવો એક દીવો છે. ગામડાની બહેનો વચ્ચે નાનો એવો પ્રકાશ છે. ધારે તો હેડમિસ્ટ્રેસ ગામડાની બહેનોમાં મોટો ફેરફાર કરી શકે.

પણ સમુદ્ર વચ્ચે જેમ બેટ રહે છે તેમ જ ગામડામાં હેડમિસ્ટ્રેસ રહે છે. લોકોથી તે તદ્દન અલગ અને અલિપ્ત રહે છે. ગામડાનો શિક્ષક જ્યારે ભણાવવાનું કામકાજ પણ ઘણી વાર ટાંચે મૂકી ગામડાના વહેવારોમાં પડે છે ત્યારે હેડમિસ્ટ્રેસ લોકોથી છેક જ અલગ રહે છે.

જેમ જેમ તે અલગ રહે છે તેમ તેમ લોકો તેનાથી દૂર રહે છે; તેના તરફ અજ્ઞાનપણાથી જુએ છે, અગર તો તેના વિષે શંકાથી, અવિશ્વાસથી જુએ છે; તેને વિષે અનેક કલ્પનાઓ કરે છે; તેને વિષે નવી નવી વાતો ચલવે છે.

હેડમિસ્ટ્રેસ તેની નિશાળના કિલ્લામાં રહે છે, આવે છે તે છોકરીઓને ભણાવે છે; ગામની સાથે કશો સંબંધ રાખતી નથી અને હમેશ તેનાથી ભડકીને એકાન્ત સેવે છે. હેડમિસ્ટ્રેસ આખર સુધી ગામડાની કશી સેવા બજાવી શકતી નથી અને તેની વિશેષ શક્તિ કેવળ નકામી જાય છે.

બરી રીતે હેડમિસ્ટ્રેસને સેવા કરવાની વધારે તક છે. તે સ્ત્રી છે તેથી સ્ત્રીઓમાં સહેજે તેનો પ્રવેશ થઇ શકે છે. જો તે સ્ત્રીઓમાં વિશ્વાસ ભર્યો આવકાર મેળવી લે તો પુરુષો તેની સામે આંગળી ચીંધશે નહિ, તેની નિંદા કરશે નહિ; ઉલટું તેઓ પોતાનાં ભાગ્ય સમજશે કે પોતાનાં બૈરાંછોકરાંને પણ સુધારવા બેન પ્રયત્ન કરે છે. હેડમિસ્ટ્રેસ બાળાઓને ભણાવે છે; બાળાઓ મારફતે તેમની માતાઓની મૈત્રી તે બાંધી શકે છે; માતાઓને ત્યાં અવકાશે જઇ સારી સારી વાતો કરી શકે છે, માતાઓનું મંડળ સ્થાપી શકે છે, કન્યાઓની ઉન્નતિ થાય તેવી યોજના બતાવી શકે છે અને ગામડાનાં ઘરોમાં ઘણી નવી બાબતો દાખલ કરી ત્યાંના સ્ત્રીજીવનને ઉંચે લાવી શકે છે.

પણ એક તરફ જ્યારે કાં તો હેડમિસ્ટ્રેસ કેવળ અલગ રહી ગામને મન પરદેશી જેમ રહે છે, તો બીજી તરફથી કાં તો તે હેડમાસ્તર સાથે ખટપટમાં પડે છે અને હેડમાસ્તરના માણસોની વિરુદ્ધ પક્ષમાં ઉતરે છે, અને પોતાની ઉપયોગિતા ખુએ છે. તેણે આ બન્ને વસ્તુઓ છોડી દેવી જોઇએ.

ગામડાના લોકોની વિચિત્રતા પણ અદ્‌ભુત છે. તેઓ પોતાની દીકરીઓ જેની પાસે કેળવાવે છે તેનામાં જ વિશ્વાસ રાખતા નથી. ગામડાના લોકોની આ ચારિત્ર્યદરિદ્રતા છે. તેજસ્વી હેડમિસ્ટ્રેસ કાં તો વિશ્વાસ સંપાદન કરે અથવા તો છોકરીઓને ભણાવી જ ન શકે.

હેડમિસ્ટ્રેસના હાથમાં ગામની સ્ત્રીઓનું ભાવિજીવન, ચારિત્ર્ય અને સર્વસ્વ છે. તે આ

વાત સંમજી જાય તો ગામની તે એક ભારે કિંમતી વ્યક્તિ થઇ પડે. ગામમાં મહેતાજીથી ડાહ્યા અને ભણેલા ઘણા હોય છે; મહેતાજી ઘણી વાર ગામડામાં ગામડીઆથી ઉતરતો સાબીત થાય છે અને ઘણી વાર હોય છે. પણ મહેતીજી ગામડામાં એક જ ભણેલી છે. એ ચડીયાતી હોઇ શકે છે. તે પોતાની સ્થિતિનો લાભ લઇ પોતાનું રાજ્ય સ્થાપી શકે છે. તે ગામની બાળાઓની માતાઓ ઉપર એક વાર પ્રતિષ્ઠા પાડે તો ગામ આખું તેની પૂજા કરે એમાં શંકા નથી. મહેતીજી સાહેબ આ વાત વિચારી જોશે ?

તા.

અક્ષરજ્ઞાનની યોજના અને શિક્ષકો

શ્રીદક્ષિણામૂર્તિ ભવન તરફથી અક્ષરજ્ઞાનની યોજના ચાલી રહી છે. આપણને સૌ શિક્ષકોને તેમાં જોડાવા આમંત્રણ છે.આપણે તે સ્વીકારીશું ?

આ યોજનાના અનેક લાભો છે. અભણને છે તેમ ભણેલાને છે; રાજ્યોને છે તેમ પ્રજાને છે; વેપારીને છે તેમ બેહુતને છે; કારીગરોને છે તેમ કળાકારોને છે. પણ શિક્ષક જરા ઝીણી નજર નાખીને જુએ તો ઘણો મોટો લાભ તે ઉઠાવી શકે તેમ છે. શિક્ષક એટલે એક વ્યક્તિગત શિક્ષક નહિ. શિક્ષક એટલે શિક્ષકનો આખો વર્ગ. જેઓ ભણાવવાનું કામ કરે છે તે આખો વર્ગ. શિક્ષકનો લાભ એટલે એક વ્યક્તિનો લાભ નહિ પણ આખા સમૂહનો લાભ.

આ લાભ કયો છે ?

વાત એમ છે કે આજે શિક્ષકોનો દરજ્જો ઘણો નીચો છે. કોઇ પણ રાજ્યવ્યવસ્થામાં વહીવટી, ન્યાય, પોલિસ, તાર, ટપાલ, દાકતરી વગેરે બાતાના અમલદારોથી માંડી તેના ચપરાસી સુધીના માણસોનો જે એક દરજ્જો છે, મોભો છે, પદવી છે, પ્રતિષ્ઠા છે તે શિક્ષકની નથી. વકીલનો દરજ્જો છે, દાકતરને પદવી છે, વેપારીને શેઠાઇ છે. દરેકનો દરજ્જો સ્વીકારાએલો છે, દરેકના દરજ્જાને માન છે; પણ શિક્ષકને દરજ્જો નથી, તેને માનપાન નથી; તે સાધારણ માણસ છે, કારણ કે તેણે કદિ દરજ્જો મેળવવા શ્રમ લીધો નથી. દરજ્જો, લોકપ્રતિષ્ઠા, પદવી મેળવવા દરેક ધંધાદારીઓ જે કરે છે તે તેણે હજી કર્યું નથી. તેણે હજી સુધી નિશાળની ચાર દીવાલોમાં બેસી છોકરાઓને ભણાવ્યા છે. લોકો તે વિષે કહે પણ છે કે મહેતાજીને બીજી શી બબર પડે ? એ તો બકરાં ચારી જાણે. મહેતાજીની પદવી એક ભરવાડ જેટલી અંકાઇ !

પણ ધારો કે મહેતાજી લોકોના હૃદયમાં છાપ પાડે એવી પ્રવૃત્તિ લોકહિતાર્થે કરે છે, લોકોને આગળ વધારવામાં પોતાની શિક્ષક તરીકેની આવડત અને જ્ઞાનનો ઉપયોગ કરે છે; તો ? તો તેને જરૂર પદવી છે જ. તે મહેતાજી મટી ગુરુજી થશે; તેને લોકો પૂછશે અને પૂજશે.

દરેક ધંધામાં કમાઇ જવાની તક આવે છે. એ તક જો કોઇ જવા દે તો તે ડાહ્યો નથી. મહેતાજીએ પણ પોતાના કાર્યની મર્યાદામાં હોય એવી તક આવે તો તેણે તેનો લાભ લેવાનું ચૂકવું જ નહિ. તો જ તે તુરત જ આગળ આવે ને કમાણી કરી જાય.

આજે તેની સામે અક્ષરજ્ઞાનની યોજના છે—અભણ લોકોને ભણતા કરવાની મહાન

સેવા કરવાનું તેની સામે આવ્યું છે. શિક્ષક તે કાર્ય માટે સૌથી લાયક છે. જે ભણેલા હોય તે બીજાને ભણાવી શકે છે પણ શિક્ષક માટે એ કામ રસદાયક ને સહેલું છે. શિક્ષક સામે પોતાની શક્તિ બતાવવાની, પોતાની યોગ્યતા સિદ્ધ કરવાની આ તક છે. શિક્ષક કહી શકે છેઃ "હું પણ ગામ આખાની સેવા મારા કુંડાળામાં રહીને કરી શકું છું. એમ કરી હું અને મારો ધંધો કેટલા ઉપયોગી છીએ તે બતાવી શકું છું. એમ કરી હું મારા માટે અને મારા ભાઇઓ માટે સમાજમાં દરજ્જો માગું છું અને તે લેવા હું હકદાર ઠરું છું."

આમ કહી શિક્ષક આખા ગામને ભણાવવાનો નિશ્ચય કરી શકે છે. વગર પગારે સેવા ભાવે આવું કામ કરી બતાવનાર શિક્ષકો સૌને ખાતરી આપશે કે શિક્ષકો પણ છે બરા ! તેઓ જેમ રોગો ફાટી નીકળે છે ત્યારે દાક્તરો મફત દવા વગેરે આપવા દોડે છે ને 'દાક્તર શા'બ' થઇ પડે છે તેમ જ મફત ભણાવનાર શિક્ષકો ગુરુજી, મહેતાજી શા'બ, માસ્તર શા'બ થઇ શકે છે. જ્યારે શિક્ષકો લોકોની આ જાતની સેવા કરશે ત્યારે લોકોને થશે કે શિક્ષકને કંઇક અક્કલ છે બરી. ત્યારે તેઓ તેના તરફ માનથી જોશે, તેની કિંમત આંકશે, તેનો બોલ ઉપાડશે; બીજા અમલદારોથી કદાચ વધારે સારી રીતે તેઓ તેને અંતઃકરણથી માન આપશે.

પણ આ બધું બને તે પહેલાં શિક્ષકે અભણને ભણાવવાનો નિશ્ચય કરવો પડશે અને તે માટે વિના લવાજમે શ્રમ ઉઠાવવો પડશે. ગિ.

બિચારા શિક્ષકભાઇ

પેલા શિક્ષકભાઇ હજી ભૂલાયા નથી. તેની ગરીબ હાંફલીફાંફલી મુખમુદ્રા આંખ આગળથી હજી પણ બસી નથી. તે દિવસની સાંજે એમની જે વલે થઇ અને મને જે દુઃખ થયું તે હજી સાલ્યા કરે છે. દુખાએલા અંતરમાંથી વારંવાર એ અવાજ નીકળ્યા કરે છેઃ "શિક્ષક-ભાઇઓ, તમે હિંમતવાન થાઓ; ટટ્ટાર થાઓ; એટલા બધા ગભરાએલા ન રહો. મોટો માંધાતા આવે તો પણ સ્વસ્થપણે અને શાંતિથી જવાબ આપો."

બન્યું એવું કે હું મારા એક બેરીસ્ટર મિત્ર સાથે એક ગામડામાં એક સાંજે જરા સાંજની મજા લેવા નીકળ્યો. અમે મોટરમાં હતા. મારો મિત્ર સાહેબના વેશમાં હતો. અમારી ગાડી ગામના પાદરે આવી ઉભી રહી ને હમેશના સ્વભાવ મુજબ બેરીસ્ટર સાહેબ રૂઆબથી નીચે ઉતર્યા અને તેમની નજરે જે પહેલો જણ દેખાયો તેને હુકમથી પૂછ્યુંઃ "આ ગામનો મહેતાજી ક્યાં છે ?"

સાંભળનાર એકાએક લેવાઈ ગયો. તેની આંખો ઉંચે ચડી ગઇ. વિચારથી ભવાંની આજુબાજુની કરચલીઓ તણાવા લાગી. હાથ પગ ઢીલા થઇ ગયા અને જાણે કે તાળવામાં જીભ ચોંટી ગઇ હોય તેમ તેના મોઢામાંથી જવાબ ન નીકળ્યો. સાહેબે રિવાજ મુજબ ધાંટો કાઢી પૂછ્યુંઃ "ક્યાં છે મહેતાજી ? કેમ જવાબ આપતો નથી ?"

પેલી ધોતલી અને પેરણવાળા માણસે માંડ

માંડ કહ્યું: "હું છું સાહેબ, આ ગામનો મહેતાજી."

મારી છાતીમાં જાણે કે કારમો ઘા લાગ્યો હોય તેમ થયું. "આ મારો ધંધાભાઇ મહેતાજી! આવો હેબતાઇ જાય તેવો? ગભરાઇ જાય તેવો? આવો માયકાંગલો?"

મારા મિત્ર તો ચક્યા. "બતાવો તમારી નિશાળ. કેટલા ઘોરણો સુધી ચાલે છે? કેટલા છોકરા આવે છે?"

મહેતાજી ધ્રૂજતા ધ્રૂજતા અમારી આગળ ચાલ્યા અને અમે એની પાછળ ચાલ્યા. બે ચાર બીજા માણસો પણ અમારી પાછળ જરા જરા ચિંતા કરતા ચાલ્યા આવતા હતા.

એક નાનું એવું પાંજરું હોય તેટલી એક જગા બતાવી મહેતાજીએ કહ્યું: "અહીં શાળા બેસે છે, સાહેબ. છોકરાઓની સંખ્યા બહુ થોડી છે. ચાર ઘોરણ..."

વચ્ચેથી સાહેબ ગાજ્યા: "એટલી જ સંખ્યા કેમ છે? આ ગામની વસ્તીના પ્રમાણમાં એટલા જ છોકરા કેમ? બસ, તમે આળસુ હોવા જોઇએ. બસ, તમને ભણાવતાં નહિ આવડતું હોય. નહિતર નિશાળમાં છોકરાઓ માય નહિ એમ કેમ ન બને? કેમ, સાચું કહું છું ના મહેતાજી સાહેબ?"

માસ્તરે કહ્યું: "સાહેબ....."

સાહેબ બોલ્યા: "સાહેબ શું વળી? એમાં લોચા શું ચાવો છો? આ શાળા નથી વધતી તેમાં તમારો જ વાંક ના?"

માસ્તરે કહ્યું: "હા જી. પણ..."

વળી સાહેબ તાડુકયા: "પણ પણ શું કરો છો? એમ કહોને કે કાલથી હું મહેનત કરીશ, અને છોકરાઓને ભેગા કરીશ ને નિશાળ ભરી દઇશ!"

માસ્તરે કહ્યું: "હા જી."

હું તો આ સંવાદ સાંભળી જ રહ્યો હતો. છક થઇ ગયો હતો. મનમાં દીન થઇ રહ્યો હતો. લાજી મરતો હતો. "અરે, મારો શિક્ષકભાઇ! શા માટે ગભરાય છે? જે હકીકત હોય તે સભ્યતાથી પણ તડતડ શા માટે નથી કહેતો? શા માટે કોટ, પાટલુન અને ટોપીથી નઠામો ડરે છે?"

મેં મારા મિત્રને કહ્યું: "એ ભાઇ, હવે જવા દેને બે બિચારાને! નાહકનો શીદ કનડે છે? એક પાઇનો તારી પાસે અધિકાર નથી છતાં શા માટે ડરાવે છે?"

મારો મિત્ર કહે: "પણ એ ડરે છે શા માટે? શા માટે મારા માથામાં વાગે એવા જવાબો નથી આપતો?"

મેં કહ્યું: "એ જ હું વિચારું છું. એની જ મારે શોધ કરવાની છે. શિક્ષકની બીક કેમ જાય એનો જ મારે ઉપાય કરવો છે."

મારો મિત્ર શાળા છોડી પાછો ફર્યો. મહેતાજી અમને મોટર સુધી મૂકવા આવ્યા. મારા મિત્રે વળી પાછું આદર્યું: "જુઓ માસ્તર, આવી વાતો નહિ ચાલે. આ તમારી મેલી ઘોતલી ને વધેલી હજામત! આ તમારી ગંદી નિશાળ અને આટલા છોકરા..."

મહેતાજી બોલ્યા: "પણ સાહેબ, અમારા ઉપરી અધિકારી સાહેબ..

"બસ! એ હું કાંઇ ન સમજું."

શિક્ષક હાથ જોડી ઉભો રહ્યો. મારા મનમાં આંસુ આવી ગયાં. અરેરે, આ ગભરૂ શિક્ષક:

વિનાઅધિકારે દબાવનાર આ ભાઇશા'બથી કેટલો ડરી ગયો છે ? પૂછતો પણ નથી કે આપ નામદાર કોણ છો અને કયાંથી આવ્યા છો ? પૂછતો પણ નથી કે આપ કોઇ અધિકારી છો કે રખડતા રેઢીયાર છો ? બિચારો શિક્ષક !

મને તેના ઉપર-મારા ધંધાભાઇઓ ઉપર દયા ઉપજી. મનને એમ થયું: "આ વાત સૌને લખી જણાવું. આપણે કેવા ખોટા ડરપોક છીએ તેની વાત જણાવી દઉં."

ગિ.

કન્યાશિક્ષણ જ ફરજીઆત

ઘણાં ગામડાંઓમાં કન્યાશાળાઓ નથી. કન્યાશાળાઓ ન હોય ત્યાં બાળાઓને કુમારશાળામાં જવાનું હોય છે. ગામડામાં મૂળે જ ભણવાનું ઓછું, એમાં વળી કન્યાઓને કુમારશાળામાં જવાનું એટલે તો ભણતી કન્યાઓનું પ્રમાણ પણ લગભગ નહિ જેવું જ હોય. કોઇ કોઇ રાજ્યોમાં એવો નિયમ હોય છે કે અમુક કન્યાઓ કુમારો સાથે ભણવા આવે એટલે જુદી કન્યાશાળા કાઢી આપવી. એટલી કન્યાઓ થાય નહિ ને કન્યાશાળા નીકળે નહિ; કન્યાશાળા નીકળે નહિ ને કન્યાઓ ભણે નહિ. પરિણામ એ આવે કે ગામની સ્ત્રીઓ અભણ રહે. ત્યારે શું થવું જોઇએ ?

થોડી કન્યાએ કન્યાશાળા કાઢવી બાતાને પોસાય નહિ એ હિસાબની નજરે બરૂં છે તો પણ કન્યાશાળા કાઢયા પછી થોડી કન્યાઓ ન રહે. ગામમાં જો ભણતી ઉંમરની કન્યાઓ હોય તો કન્યાશાળા સ્થપાયા પછી પાંચ વર્ષમાં બધી કન્યાઓ ભણતી થઇ જાય. જે કન્યાશાળાએ ગામની કન્યાની એક પેઢી જોઇ હોય તે કન્યાશાળામાં તો ગામની બધી કન્યાઓ આવતી થઇ ગઇ હોય, કેમ કે એક પેઢીમાં કન્યાશિક્ષણનું મહત્ત્વ કન્યાઓની માતાઓ સમજી ચૂકી હોય. એમ છતાં સહશિક્ષણની દૃષ્ટિએ કન્યાઓ અને કુમારો સાથે ભણે–પ્રાથમિક શાળામાં તો બાસ જ–તે જ તેમના જીવનસુખને કાજે સારૂં છે અને કન્યાઓ માટે જુદી કન્યાશાળા ન કાઢતાં કુમારની શાળામાં જ તેઓ આવે તેમ થવું જોઇએ. ગામડામાં અમસ્તાંએ કન્યા અને કુમારો ભેગાં રમે જમે ને ભટકે છે. તેમને સાથે ભણવું અસ્વાભાવિક નથી હોતું. શેરીમાં સાથે છે તે શાળામાં સાથે રહે છે. બહાર સાથે રમે છે ને લડે છે તે અંદર ભણે છે ને ગણે છે. છતાં કન્યાઓએ છોકરાઓ ભેગાં ભણાય નહિ એવો વિચાર ગામડામાં છે અને તે હકીકત હોવાથી તેનો ઇન્કાર કરવા કરતાં, તેનો વિરોધ કરવા કરતાં, તેનો ઉપાય કરવાની જરૂર છે. વિદ્યાધિકારી કન્યાશાળા કાઢે અને બાતાનો બર્ચ વધારે તેના કરતાં કુમારોનું શિક્ષણ નહિ પરંતુ કન્યાશિક્ષણ જ ફરજીઆત કરાવે તો મુશ્કેલી ટળે. એથી કન્યા અને કુમારોને સહશિક્ષણ મળે અને તે દ્વારા સહજીવનના પાયા નખાય; તેને લીધે બે નિશાળો ચલવવી ન પડે; તેને લીધે શિક્ષકને જ્યાં કુમારોની સંખ્યા ઓછી પડતી હોય ત્યાં કુલ સંખ્યા પૂરતી થાય; તેને લીધે ગામડાંઓની સ્ત્રીઓ ભણેલી માતાઓ થાય અને ભણતરનો પક્ષ કરતી

થાય. આજની પરિસ્થિતિએ કન્યાશિક્ષણ જ ફરજીઆત કરવાની જરૂર છે. કુમારોના શિક્ષણની આવશ્યકતા સ્વીકારાતી જાય છે અને જો કન્યા-શિક્ષણ ફરજીઆત થશે તો તો દરેક ગામમાં એવું કંઈક થશે જ કે ત્યાંનો કુમાર અભણ રહી શકશે નહિ. તેને માબાપ અભણ રાખી શકશે નહિ. અભણ રહી ભણેલી કન્યા સાથે જોડાવાનું તેને બહુ મુશ્કેલ થશે. કુમારોને પણ ભણા-વવાની અને ફરજીઆત ભણાવવાની ચાવી કન્યાશિક્ષણ ફરજીઆત કરવામાં રહેલી છે. ગિ.

૨૨૭૬ ચંદ્રકાન્ત પિતા હતો

ચંદ્રકાન્ત વિચારી પિતા હતો. દાક્ટર હતો એટલે તે ઘણો જ પ્રવૃત્તિમાં રહેતો. તેને પાણી પીવા જેટલીયે ફુરસદ ન રહેતી. સવારથી સાંજ સુધી તે દરદીઓની વચ્ચે જ જીવતો. પણ સાંજ પડતી એટલે ચંદ્રકાન્ત ઘેર જ આવતો. સાંજનો એક કલાક તે દાક્તર મટી જઈ પિતા બની જતો. દાક્તરના ધંધા પેઠે તેણે ડહાપણથી પિતાનો ધંધો બનાવ્યો હતો. દાક્તર તરીકે જેમ તે આપેલો સમય ચૂકતો નહિ તેમ તે સાંજનો બાળકો સાથે બેસવાનો કે ફરવાનો સમય ચૂકતો જ નહિ. દરદીને તે બહુ કાળજીથી સાચવતો અને પોતાનું કામ કૃતેહમંદ કરવા તે અભ્યાસ અને અનુભવ વધારતો; તેમ જ તે બાળકોના પિતા તરીકે સફળ થવા તે કામનો અભ્યાસ અને અનુભવ વધારતો. બેદરકારીથી જેમ દરદી ગૂમાઈ જશે અને ધંધાને ધક્કો લાગશે એમ તે માનતો, તેમ જ તે બાળકોની પ્રત્યે બેદરકારીથી પ્રેમ ગુમાવી બેસાશે અને પિતૃત્વના દરજ્જાને કલંક લાગશે એમ માનતો. દર સાંજે તે કાં તો છોકરાઓ સાથે ફરવા જતો. બાગમાં જતો તો બાળકોને ઝાડોનાં તથા ફુલોનાં નામો ને જાતો બતાવતો; એકાદ બૅન્ડસ્ટૅન્ડ પાસે બેસતો ત્યારે છોકરાંને ત્યાં બીજા કરી રાખતો નહિ; ઘરની ગાડીમાં જ છોકરાંને બેસારી રાખવામાં તે શોભા માનતો નહિ; પોતે મિત્રો સાથે ફડાકા મારવામાં બેસી સાથે આવેલ કોઈને છોકરાં ભળાવી દઈ તેમને બાગ જોવા મોકલતો નહિ. તે અત્યારે પિતા તરીકે નીકળેલો હતો; તે અત્યારે ઉત્તમ પિતા થવા ભારે કાળજી રાખતો હતો. બીજી સાંજે એકાદ તળાવે બાળકોને લઈ જતો. ત્યાં તે પાણીમાં દોડાવી પાણી ઉછાળી ઉછળાવી બાળકોને મજા આપતો. પાણીનાં વહનો અવલોકાવતો. પાણી ઉપર પવનથી થતી લહરીઓ દેખાડતો. સ્થિર પાણી હોય તો તેમાં પડતા ઝાડ ટેકરાનાં પ્રતિબિમ્બો તરફ ધ્યાન ખેંચતો અને સંધ્યા-ટાણે આથમતા સૂર્યનું બિમ્બ ટેકરી પાછળ જતાં જતાં કે દૂર ક્ષિતિજમાં અદૃશ્ય થતાં થતાં તળાવના જળ ઉપર કેવી રંગબેરંગી છાયાઓ નાખે છે તે બાળકોને બતાવી હર્ષ પામતો. સાંજ સૂર્યાસ્ત, સંધ્યાના બદલાતા રંગોના તળાવ પરના પાણીમાં પડછાયા, કુદરતની શોભા અને સમૃદ્ધિ વચ્ચે બાળકોને ઉભાં રાખી કુદરતની ભવ્ય ગંભીર છાપ તેમના અંતર ઉપર પડવા દેતો. વળી ત્રીજી સાંજે બાળકોને રેલ્વે સ્ટેશન પર લઈ જતો. બાળકોને જનસમૂહનાં દર્શન કરાવતો; રેલ્વે એન્જીન પાસે તેમને ઉભાં રાખી

એન્જીન અને તેના સંચા દેખાડતો; એન્જીન કેમ ચાલે છે તે સમજાવતો. તે ભૂલી જતો કે પોતે દાક્તર છે. છતાં દાક્તર શરીરના ભાગો બતાવે તેમ તે સંચા બતાવતો. તે એન્જીનીયર ન હતો પણ પિતા હતો. પિતાનું જીવન સફળ કરવા તેણે પિતાના ધંધાને લગતું પરચુરણ કામ જાણી લીધું હતું. છોકરાંઓને પિતા પ્રત્યે ખૂબ આદર રહેતો. તેમના જીવનને નવી નવી વસ્તુથી ભરી દેનાર પિતા જ બાળકોને પિતા લાગે છે. ઘણાં બાળકોને પિતા ફોજદાર લાગે છે, ઘણાંને તે વકીલ લાગે છે, ઘણાંને તે દાક્તર લાગે છે, ઘણાંને દુકાનદાર વાણિયો લાગે છે, ઘણાંને તે મહેતાજી લાગે છે; પણ ભાગ્યે જ થોડાં બાળકોને પિતા, પિતા લાગે છે. જુદી જુદી સાંજે તે જુદો જુદો લાગતો હતો. કોઈ વાર બાગવાન લાગતો હતો, કોઇ વાર સુતાર લુહાર લાગતો હતો, કોઇ વાર કવિ કે ચિત્રકાર લાગતો હતો. બધું લાગતો હતો પણ છતાં તે એકન્દરે પિતા લાગતો હતો. બાળકોના મન પર એવી છાપ પડતી હતી કે અમારા બાપા, બાપા છે–પિતા છે.

ચંદ્રકાન્ત દાક્તરનાં બાળકો ભાગ્યશાળી હતાં કેમકે તેમને પિતા સાંપડ્યો હતો. પોતે પણ ભાગ્યશાળી ગણાય કેમકે પોતે પિતા થઇ શક્યો હતો.

ગિ.

અક્ષરશાળા માટે નાણાં મોકલશો તેઓ અભણને મદદ કરે છે. આંધળાને આંખ આપવા માટે જેમ નાણાંની મદદ કિંમતી અમૂલ્ય સેવા છે તેમ જ અભણને ભણતર આપવા માટેની મદદનું છે. અભણ માટે ભણેલા લાગણીવાળાઓ પાસે લાંબો હાથ કરીએ છીએ. યથાશક્તિ આપશો?

બાનગી શિક્ષકો

આપણે કેવળ એક બીજાથી મોટા દેખાવા માટે બાનગી શિક્ષકો ન જ રાખીએ.

આપણે કેવળ પોતાની શ્રીમંતાઇ બતાવવા ખાતર જ બાનગી શિક્ષકો ન જ રાખીએ.

આપણે કેવળ ફેશનમાં સરખા ઉભા રહેવા માટે જ બાનગી શિક્ષકો ન જ રાખીએ.

આપણે કેવળ મહેતાજીનો મહેતાજી, ને ઘરનો શાકપાંદડું લાવનાર મેંતો એમ સમજીને બાનગી શિક્ષકો ન રાખીએ.

આપણે મહેતાજીનો મહેતાજી અને બાનગી મંત્રીનો મંત્રી એ હિસાબે પણ બાનગી શિક્ષકો ન જ રાખીએ.

પણ આપણે આપણાં બાળકોને કેળવણી આપવાના એક જ હાપને માટે બાનગી શિક્ષકો રાખીએ.

આપણાં બાળકોને બાનગી શિક્ષણની સાચી જરૂર હોય તો જ બાનગી શિક્ષકો રાખીએ.

આપણાં બાળકોને બાનગી શિક્ષણનો લાભ હોય તો જ બાનગી શિક્ષકો રાખીએ.

આપણાં બાળકોને ચાલતી શાળાના શિક્ષણમાંથી બચાવવાનો બરો અભિલાષ હોય તો જ બાનગી શિક્ષક રાખીએ.

આપણે પોતે શિક્ષણ અને શિક્ષકનું મહત્ત્વ સમજતાં હોઇએ અને બાળકોની બરી કિંમત આંકી શકતાં હોઇએ તો જ બાનગી શિક્ષકો રાખીએ.

ગિ.

બાળશિક્ષણના પ્રશ્નો

સ૦ ઘરમાં શિક્ષણની બાબતમાં મારું ધાર્યું થતું નથી, તો કરવું શું ?

જ૦ પોતાનું જ ધાર્યું થવું જોઇએ એમ માનવાથી જ લોકો આપણી સામે થાય છે. સૌ સાચી વસ્તુ વિવેકથી અનુસરે એ માટે સમજણ પેદા કરવા આગ્રહ રાખવો એ જરૂરનું છે.

સ૦ એક બાળકને નિશાળે જવાનો અણગમો છે. નિશાળે જવાનું કહેતાં અગાસીમાં બે ત્રણ કલાક સંતાઇ જાય છે. નિશાળે જવાનું બંધ કરતાં બાળક પ્રસન્ન રહે છે અને ગિજુભાઇની બાલસાહિત્યની ચોપડીઓ ઉથલાવીને તેને પોતાની મેળે વાંચે છે. તેને પરાણે નિશાળે મોકલવું ?

જ૦ નહિ જ તો ! ઘરમાં તે ભણે જ છે.

સ૦ લેસન કર્યા પછી જમવું એ નિયમ સંપ્ર ગણાય ? લેસન ન કરે તે બાળકને માટે જો આવો નિયમ લાભકારક થઇ પડતો હોય તો તેવો નિયમ પળાવવો ?

જ૦ અલબત સખ્ત ગણાય. લેસન થઇ જવું બાળકના હાથમાં નથી. આવડી જવું એ પણ બાળકના હાથમાં નથી. વધતી ઓછી શક્તિને લીધે ધાર્યા પ્રમાણે લેસન ન થઇ શકે. લેસન કરે તે જમે તે નિયમ અત્યંત સખ્ત અને દુષ્ટ છે.

આવો નિયમ માત્ર ઉપલક રીતે જ લાભકારક દેખાઈ શકે. બીકને લીધે બાળક લેસન કરી આપશે, પણ તેનો લાભ બીક છે ત્યાં સુધી જ ટકશે. દેખીતા લાભદાયી પરિણામ ઉપરથી પદ્ધતિની યોગ્યતાનો નિર્ણય થઇ શકે નહિ. કોઇ પણ કામ કોઇની પાસે પરાણે કરાવાય નહિ. અને તેથી લેસન પણ જો ભોજનની સામે બહુ કરીને કરાવાય તો તે પરાણે કરાવ્યું જ કહેવાય.

સ૦ એક બાળકમાં તેનાં મુરબ્બીની સખ્તાઇ અને ધાકને લીધે જૂઠાણું આવી ગયું છે. મુરબ્બી કહે છે કે એટલી ધાક અને સખ્તાઇ ન રાખીએ તો તે ગાંઠે જ નહિ. આ સાચું છે ? આ પરિસ્થિતિમાં શું કરવું ?

જ૦ પરિણામ આવ્યું છે તે વ્યાજબી જ આવ્યું છે. જૂઠાણાનું મૂળ ભય છે. પહેલી તકે જ ભયમાંથી બાળકને છૂટું કરવું જોઇએ. મુરબ્બીનું કહેવું ખોટું છે. ધાક અને સખ્તાઇથી બાળક વશ રહેતું દેખાય છે તે માત્ર ઉપરથી; અંદરથી તો બાળક મુરબ્બીનું ખૂન કરવાનો જ વિચાર કરતું હશે. મુરબ્બીને સખ્તાઇ દિવસે દિવસે વધારવી પડશે. આ વસ્તુઓ અફીણ જેવી છે. થોડી વાર ઉપરથી ફાયદો દેખાડે છે. વળી તેની અસર ઠંડી પડે છે, એટલે વારંવાર ધાક અને સખ્તાઇનું પ્રમાણ વધારતા જવું પડે છે. પરિણામે બાળક નઠોર બને છે અને કંટાળે છે. ઉપાય એ છે કે હમણાં બાળકથી મુરબ્બીને દૂર કરવા. મુરબ્બીનો મુરબ્બીપણાનો હક્ક ખેંચી લેવો. મુરબ્બીની ધાક બાળકને પેસી ગઈ છે માટે બાળકને બીજાનાં હાથમાં સોંપવું, અને તેને નિર્ભયતામાં મૂકવું. નિર્ભય બાળક સાચું બોલે છે.

સ૦ બાળક બહારથી લોકોની રાવ લાવે છે, મારામારી કરીને આવે છે. તો શું કરવું ?

જ૦ ઘણી વાર માથાભારે બાળકનાં માબાપો-નો જ આમાં દોષ હોય છે. માબાપ બાળકોનું ઉપરાણું લે છે, ઉલટાં લડવા નીકળે છે. બાળક કોઇને લગાડીને આવે તે નહિ જ ચાલે; તેવા બાળકને ઘરમાં કે સમાજમાં સ્થાન નહિ જ મળી શકે તેની ખાત્રી કરી આપીને જ બાળકને તેની ગુંડાઈમાંથી બચાવવું જોઇએ. લોકોએ પણ બાળકને અને બાળકના માબાપને ખાતરી કરી આપવી

જોઇએ કે આવું ફરી વાર ચાલશે નહિ.

ઘરમાં માર ખાઈને જનારૂં બાળક બીજાને મારીને આવે છે. બીકણ અને માર ખાતું બાળક પણ બીજાને વગાડીને આવે છે. વગાડીને આવનાર બાળક બહાદુર નથી પણ બાયલું છે. તે મોબાપની હૂંફ શોધતું આવે છે. માબાપ બાળકનો પક્ષ લઇ ઉલટું તેને બગાડી મૂકે છે.

બધાં માબાપો ભેગાં મળી છોકરાંઓને થોડી વાર કોઈ પણ જાતનો પક્ષપાત રાખ્યા સિવાય અંદર અંદર લડવા મૂકી દેશે તો અનુભવથી છોકરાંઓ ઠેકાણે આવશે. સામસામાં લડ્યા પછી દોસ્તદારી બાંધશે.

સ૦ બાળકને ઘરમાં અલગ સ્થાન આપવું જોઇએ ખરૂં; પણ જ્યાં મા કે બાપને માટે પણ ઘરમાં અલગ જગ્યાઓ નથી ત્યાં બાળકને અલગ જગ્યા ક્યાંથી આપવી? સાધારણ સ્થિતિના ગરીબ માણસોએ શું કરવું?

જ૦ અલગ સ્થાનનો એક અર્થ સ્થૂલ અને બીજો સૂક્ષ્મ સમજવો. ઓછામાં ઓછી જગ્યાએ પણ બાળક પોતાનું કામ કરી શકે છે. બાળકના કામ અને સ્થાન માટે સૌ સન્માન રાખે; બાળક બેસી શકે તેટલી જગ્યા પણ તેની જ ગણી તેમાં ઉથલપાથલ કોઇ ન કરે, તો બાળકને ઘરમાં અલગ સ્થાન આપ્યું જ ગણાય. બાળકને એક મોટો ઓરડો આપી દીધા છતાં તે ઓરડા ઉપર આપણું ધણીપણું રહે; ઓરડાની જગ્યા બાળક સ્વાધીનપણે વાપરી શકે નહિ; ઓરડામાં બેસવા ઉઠવાના અને તેનું ઉપસ્કર વાપરવાના આપણા કેટલાય નિયમો તેણે પાળવા પડે તો અલગ એવા ઓરડામાં પણ બાળક અલગ નથી. અલગનો અર્થ બરાબર સમજીને લેવો જોઇએ.

સ૦ ત્રણ વર્ષનું બાળક બીલકુલ ગોળ ખાતું નથી. દાળ, શાક કે કઢી પણ ખાતું નથી. દૂધ બહુ જ થોડું પીએ છે. ચા સારી રીતે પીએ છે. માત્ર ભાત, છૂટી દાળ, પૂરી, રોટલી તેમ જ કડક બોલે તેવી ચીજો-પાપડ, ચણા વગેરે ખાય છે. શું કરવાથી ફળફળાદિ કે બીજી ચીજો તે ખાય? બીજું બાળક છ વર્ષનું છે તે સાધારણ દાળ, શાક, કઢી ખાય છે પણ બહુજ પ્રમાણમાં. ફળફળાદિ ખાવાનો ભારે શોખ છે. કેરીઓ કાપેલી ખાય છે પણ પૂરી સાથે રસ નથી ભાવતો. મરચાં વિનાનું અથાણું પણ તેઓ ખાતાં નથી. ઉપર પ્રમાણેની બધી ચીજો બાળકોના દેખતાં મોટાંઓ ખાય છે છતાં બાળકો કેમ આકર્ષાતાં નથી?

જ૦ કાંઈ ચિંતા કરવા જેવું નથી. મારા ઘરમાં આવા પ્રશ્નો ઉભા થાય તો હું કાંઇ જ કરૂં નહિ. ભિન્ન રુચિ બાળકો પરત્વે હોય છે. જે ભાવે તે ખાઇને બાળક જો પેટ ભરતું હોય તો કશી ફિકર નથી. માત્ર લેવાતો ખોરાક પૌષ્ટિક ને નિર્દોષ હોવો જોઇએ. આપણે તેઓ ખાય તે માટે અનુકૂળતા આપવી જોઇએ. બનાવવાની રીતોમાં ફેરફાર કરીને જોવું જોઇએ કે ખોરાક ભાવે અભાવે છે કે કેમ? બાળકોની સાથે આ બાબતમાં વાતચીત પણ કરી જોવી જોઇએ. અથાણું કે એવું કાંઇ બાળકો ન ખાય તો તેથી કાંઇ નુકશાન થવાનું નથી. મારી એવી માન્યતા છે કે જુદાં જુદાં બાળકોની જુદી જુદી શરીરપ્રકૃતિને લીધે તેઓ જુદી જુદી ચીજો ખાય ન ખાય છે. છેક નાની ઉંમરમાં જે વસ્તુઓ બાળકો બીલકુલ ખાતાં નથી હોતાં તેવી વસ્તુઓ માટે ઘણી વાર મોટપણમાં અત્યંત રસ લાગે છે. ઘણી વાર કોઇ ખાવા જેવી વસ્તુઓ સાથે કોઇ કડવો અનુભવ જોડાએલો હોવાથી બાળક તે ખાતાં ડરે છે. કેટલીક વાર પરાણે ખવરાવવાના પ્રયત્નોથી બાળક ઉલટું થાય છે. ઘણી વાર બાળકોના ખોરાક વિષેની અતિ ચિંતા-ફિકરને લીધે બાળકો નાહિંમત થઇ જાય છે. બીજા દોસ્તો સાથે

બેસીને ખાતી વખતે બાળકો જે પોતાને ન ભાવતું ગણે છે તેવું ઘણું બધું ખાઈ શકે છે. મને આ ન ભાવે એવું માનસિક વલણ બંધાવાથી પણ બાળક વસ્તુને ભાવે છે એમ સ્વીકારતું નથી અને ખાતું નથી. કેટલીક વાર બાળક ઘણા લાંબા વખત સુધી આંતરડાની કે બીજા કોઇ ભાગની અશુદ્ધિનો ભોગ થઇ પડયું હોય છે. આવે વખતે વૈદ્ય કે ડાક્ટરની સલાહ લેવી આવશ્યક છે. છેલ્લે જ્યાં સુધી બાળક ખાય પીએ અને દોડે રમે તથા નબળું ન પડે ત્યાં સુધી તેના નિર્દોષ ખોરાક વિષે ચિંતા ન કરવી.

સ૦ બાલમંદિરના મકાનમાં એક જ વિશાળ ઓરડો હોવો જોઇએ કે વધારે ?

જ૦ બાલમંદિરનું મકાન આવું જોઇએ: (૧) ઓરડો; (૨) ઓરડાની એક બાજુએ પાણી પીવાની ઓરડી; (૩) ઓરડાની આગળ પાછળ ફળીયું; (૪) ઓરડાની બીજી બાજુએ શિક્ષકની ઓરડી અને વધારાનું સાહિત્ય રાખવાનું સ્થાન; (૫) ઓરડાની લગોલગ કાટખૂણે એક ધ્યાનની રમત રમવાની ઓરડી–મોટા ઓરડામાંથી તે ઓરડીમાં જઇ શકાય માટે વચ્ચે બારણું; (૬) ઓરડાની લગોલગ કાટખૂણે બાળકને ઊંઘવાની એક નાની ઓરડી અને (૭) પાછળના ફળીયાને એક છેડે બાળકને માટે મૂતરડી તથા પાયખાનું.

સ૦ બાલમંદિર સમૂહની વચ્ચે જોઇએ કે સમૂહથી દૂર જોઇએ ?

જ૦ દૂર હોય તો જ સારૂં. પણ મોટાં શહેરોમાં તેમ શકય નથી માટે સમૂહની અંદર પણ મોટા વિશાળ કમ્પાઉન્ડની વચ્ચે આજુબાજુની વસ્તુઓથી દૂર પડે તેવું બાલમંદિર જોઇએ.

સ૦ બાલમંદિરને કમ્પાઉન્ડ અને બગીચો એ આવશ્યક વસ્તુઓ ગણાય ?

જ૦ બાળકો નાસી ન જાય તેટલા માટે નહિ, પણ ઢોરો પેસી ન જાય અને બાલમંદિરની મર્યાદા બાળકોને જણાય માટે કમ્પાઉન્ડ જોઇએ. અને બાલમંદિર સાથે નાનો એવો બગીચો તો જોઇએ જ જોઇએ.

સ૦ બાલમંદિરને પોતાનું જ મકાન જોઇએ કે ભાડે ?

જ૦ પોતાનું સારૂં મકાન બની શકતું હોય તો ભાડે લેવું નહિ. ને સારૂં ભાડેનું મકાન મળતું હોય તો પોતાનું ખરાબ મકાન વાપરવું નહિ.

સ૦ બાલમંદિર એક શિક્ષકથી ચાલી શકે કે વધારે જોઇએ ?

જ૦ ત્રીશ બાળકો સુધી એક શિક્ષકથી ચાલવું જોઇએ.

સ૦ બાલમંદિરમાં જોઇતી સામગ્રીનું કુલ ખર્ચ શું આવી શકે ?

જ૦ બધો આધાર પરિસ્થિતિ ઉપર છે. અમુક ગામડાના બાલમંદિરમાં અમુક જ ખર્ચ પોસાય. શ્રીમંતોનાં છોકરાંઓના બાલમંદિર માટે વધારે ખર્ચ કરવાનો અવકાશ છે. સંપત્તિ પ્રમાણે ખર્ચ કરવા નીકળવું. સાધનોના ખર્ચ વિના પણ બાલમંદિર ચાલી શકે, અને હજાર રૂપિયાનાં સાધનો વસાવ્યા છતાં તેમાં બાલમંદિરપણું ન પણ હોય. શરૂઆતના ખર્ચનો કે ચાલુ ખર્ચનો વિવેક સાચા શિક્ષકના મનમાં છે ને હોઇ શકે.

ગિ.

પત્રિકા આશા રાખે છે કે આ વર્ષે તે હાથમાં મૂકાય,

પાંચ હજાર ગ્રાહકોના

તે માગે છે કે અત્યારનાં ગ્રાહક ભાઇબહેનો દરેક એક એક અથવા બે બે નવા ગ્રાહકો મેળવી આપી પત્રિકાની ઇચ્છા પાર પાડે.

આવું હજી છે?

(૧)

"બસ ન આવડે કેમ? રોજ ને રોજ ભૂલી જ જાય છે? ગોખ્યાગોખ્યા કરીએ તો કેમ ન આવડે? અમે નાના હતા ત્યારે એમ જ કરતા ને ન આવડતું તો તડ દઈને લપાટ પડતી. ચાલો, ગોખો ગોખો. સામે શું જુએ છે, આમ ડોળા કાઢીને? ગોખ્યા વિના કયાંથી આવડશે? ને નહિ આવડે તો ભીખ માગીશ ભીખ. ને આજ તો ભીખે કોણ આપશે? ભૂખે મરીને રખડી મરીશ."

(૨)

જોને ટોકળા જેવડી થઈ પણ આવડે છે એકેય કામ? એક તણખલું તોડીને બે નથી કરતી. એક વધી જાણ્યું છે ને ઉલળી જાણ્યું છે ને બે ટંક ખૂબ ખાઈ જાણ્યું છે! ત્યાં સાસરે સાસુ તારી સગી નથી. એ તો હું બધું ચલવું, મા જણેતા છું તેથી. જોજોને, હેરાન હેરાન ન થઈ જા તો!

ગિ.

મારી બાએ મને શીખવ્યું

૧

અંધારી રાત હતી. રાતના નવ વાગી ગયા હતા. વિમલાબેનને ખૂબ તાવ ચડ્યો હતો. માથું તો સખ્ત દુખતું હતું. ઘરમાં નાની કમુ સિવાય કોઈ હતું નહિ. કમુ કહેઃ "બા, હું ડાક્ટર પાસે જઈને દવા લઈ આવું?"

"તું જઈ શકીશ?"

"હા, એમાં શું?"

"ફાનસ લઈને જજે. ચંપલ પહેરતી જજે."

કમુ બા માટે દવા લઈ આવી. વિમલાબેનને આરામ મળ્યો.

૨

"હેં કમુ, તું રાત્રે કયાં જતી હતી?"

"બા માટે દવા લેવા."

"હેં! અંધારી રાતે એકલી એકલી? તને બીક ન લાગી?"

"એમાં બીક શેની? ફાનસ હતું ને?"

"પણ ડાકટર પાસે વાત કરતાં તને કેમ આવડી?"

"એ તો ડાકટર અમારા ઓળખીતા છે. ને બાને તાવ આવ્યો છે ને માથું દુખે છે માટે દવા આપો એટલું કહેતાં કાંઈ ન આવડે?"

"ના રે બાપ! હું તો કોઈ કાળે ન જાઉં."

"ત્યારે તારી બા માંદી હોય તો તું શું કર?"

"હા. આઠ દિવસ પહેલાં જ એમ બનેલું. મારા ભાઈ બહારગામ ગએલા ને બાને આવ્યો તાવ. માથું દુખે ને ડિલ આખું ફાટે. બા રૂવે ને હુંયે પાસે બેસીને રોઉં. દસ અગ્યાર વાગ્યા પછી મને તો ઊંઘ આવી ગઈ. પણ બા તો આખી રાત પીડાતી હતી."

"ત્યારે તું જઈને ઝટ દવા લાવી હોત તો બાને આખી રાત પીડાવું ન પડત ના?"

"અરે પણ તું શી વાત કરે છે? હું તો રાત્રે જતાં બ્હીઉં છું. પણ ધાર કે જવાનું કહું તો મારી બા મને કાંઈ જવા દે? ને બીજું હું બહાર જાઉં એટલો વખત મારી બા ઘરમાં એકલી કેમ રહે?"

"હેં! તારી બા એકલી ન રહે? તારી બા તો મોટી છે. એ શું કામ બ્હીએ?"

"અરે કમુ, તું તો કાંઇ વાત કરે છે? રાત્રે ઘરમાં એકલી હોય તો ન બ્હીએ શું? મારી બા તો રાત્રે શું પણ અજાણી જગ્યામાં દિવસે પણ એકલી ન રહે. એને બીક લાગે ને મને પણ બીક લાગે. હું'ય ન રહું. તારી બા નથી બીતી?"

"ના રે! હુંયે નથી બીતી ને મારી બાયે નથી બીતી. તે દિ' હું માશીને ત્યાં ગઇ હતી, ત્યારે બા તો આઠ દિવસ એકલી જ હતી."

"એમ? ત્યારે તારી બા જુદી. મારી બાએ તો મને બ્હીતાં શીખવી. બા કહે છે કે બ્હીને ચાલવું."

"હા. તારી બા જુદી લાગે છે. મારી બાએ તો મને ન બ્હીતાં શીખવી." તા.

બા કહેઃ "એમાં બ્હીવું"તું શું?"

૧

રાત અંધારી ઘોર હતી. અરધી રાતે સૌ ઝબકીને જાગ્યાં. કડડ ભૂસ, કડડ ભૂસ! આગ લાગી, આગ લાગી! ચારેકોર હો હા હો હા.

બાજુનું ઘર સામે જ હતું. તેની બાએ તેને જગાડ્યો ને કહ્યું: "અરે બાજુ, જો ને મોટી બધી આગ લાગી. ઓલવવા તો જા."

બાજુ કૂદતોકને બહાર દોડ્યો. બાંય ચડાવી અંદર પડ્યો. અંદરનાનો જીવ બચાવ્યો. પાંખ કાપવામાં મદદ કરી. બે ચાર કલાકે ઘેર આવ્યો. બાએ મોઢા ઉપર હાથ ફેરવ્યો. "કયાંય દાઝયો છો?"

"ના, કાંઇ બહુ નથી. જરા પગે ફોડલા થયા છે. આ કપાળે જરા ઝાળ લાગી ગઇ."

"લે તને તેલ ને ચૂનાનું પાણી લગાડું. મેં કયારનું તૈયાર કરી રાખ્યું હતું."

માતાનાં હૈયાં વેંતવેંત ફુલતાં હતાં. પ્રેમથી દીકરાની સારવાર કરી. બેઉ સૂઇ ગયાં."

૨

"બાજુ, ત્યારે તું કાલ આગ ઓલવવા ગયો હતો, કેમ?"

"ના રે! હુંયે નથી બીતી ને મારી બાયે નથી બીતી. તે દિ' હું માશીને ત્યાં ગઇ હતી, ત્યારે બા તો આઠ દિવસ એકલી જ હતી."

"એમ? ત્યારે તારી બા જુદી. મારી બાએ તો મને બ્હીતાં શીખવી. બા કહે છે કે બ્હીને ચાલવું."

"હા. તારી બા જુદી લાગે છે. મારી બાએ તો મને ન બ્હીતાં શીખવી." તા.

બા કહેઃ "એમાં બ્હીવું"તું શું?"

૧

રાત અંધારી ઘોર હતી. અરધી રાતે સૌ ઝબકીને જાગ્યાં. કડડ ભૂસ, કડડ ભૂસ! આગ લાગી, આગ લાગી! ચારેકોર હો હા હો હા.

બાજુનું ઘર સામે જ હતું. તેની બાએ તેને જગાડ્યો ને કહ્યું: "અરે બાજુ, જો ને મોટી બધી આગ લાગી. ઓલવવા તો જા."

બાજુ કૂદતોકને બહાર દોડ્યો. બાંય ચડાવી અંદર પડ્યો. અંદરનાનો જીવ બચાવ્યો. પાંખ કાપવામાં મદદ કરી. બે ચાર કલાકે ઘેર આવ્યો. બાએ મોઢા ઉપર હાથ ફેરવ્યો. "કયાંય દાઝયો છો?"

"ના, કાંઇ બહુ નથી. જરા પગે ફોડલા થયા છે. આ કપાળે જરા ઝાળ લાગી ગઇ."

"લે તને તેલ ને ચૂનાનું પાણી લગાડું. મેં કયારનું તૈયાર કરી રાખ્યું હતું."

માતાનાં હૈયાં વેંતવેંત ફુલતાં હતાં. પ્રેમથી દીકરાની સારવાર કરી. બેઉ સૂઇ ગયાં."

૨

"બાજુ, ત્યારે તું કાલ આગ ઓલવવા ગયો હતો, કેમ?"

"અને રમણ તું કયાં હતો? તારેયે ઘર તો પાસે જ હતું. આગ દેખાતી તો હશે."

"હા દેખાતી તો હતી. પણ મેં આગ જોવા જવાનું કીધું ત્યાં મારી બાએ મને સોગન દીધા ને ઘરની બહાર ન જવા દીધો."

"એમ? બાએ આવવા દીધો હોત તો તો તું ઓલવવા આવત ને?"

"ઓલવવા? ઓલવવાનું આપણને કેમ આવડે? પાધરા આપણે જ સળગી જઇએ ને?"

"અરે ના રે. આવું શું બોલે છે? અને ધાર કે આપણે બીજાના જીવ બચાવતાં સળગીને મરી ગયા, તો એમાં શું?"

"તારી બાએ તને ત્યાં જવાની રજા આપી!"

"રજા આપી? મારી બાએ જ મને બોલાવ્યો ને કીધું જા ત્યાં કાંઇ મદદ કરજે. હું ન ગયો હોત તો મારી બાને બોટું લાગત. એ મને કહેતઃ 'બાયલા, મારે તારી બા નથી રહેવું. મને બા કહીને બોલાવીશ નહિ."

"એમ? ત્યારે તારી બા જુદી. મારી બા કહેઃ 'ભાઇ, જાત સાચવીને જે પરોપકાર કરવો હોય તે કરવો.' મારી બાએ મને એમ શીખવ્યું."

"ત્યારે તારી બા જુદી. મારી બા તો કહેઃ 'કુદી પૂજા પછી જાત શું સાચવવી હતી? એ તો નાલાયકનું કામ. માથું મૂકીને જ કામમાં પડવું.' મારી બાએ મને આમ શીખવ્યું." તા.

શેઠાણી ગાડીવાનને —*— ગાડીવાન છોકરાંઓને

"એ આમ આવ, આમ આવ. કેમ આટલો બધો મોડો આવ્યો? ભાન નથી કે તારા વિના છોકરાં બેસી રહ્યાં છે? યાદ રાખજે કાલથી મોડો આવ્યો છું તો! બબર નથી રોજ છોકરાંને ફરવા લઇ જ જવાનાં છે? શેઠનો શો હુકમ છે? જો આજે તો જવા દઉં છું; કાલે શેઠને જ કહીશ. ચાલ જા, ગાડી તૈયાર કરીને છોકરાંને લઇ જા." ગિ.

"એ છોકરાંઓ, આમ આવો આમ. કેમ કયારનો વખત થયો ને બોલાવું છું છતાં આવતાં જ નથી? હવેથી સાદ કરું કે તરત આવો, નીકર ગાંડી હાંકી જઇશ. યાદ રાખજો, જે કાલથી નથી આવ્યાં તો. શેઠાણીએ શું કીધું છે? સાંજ પડે પહેલાં સૌને પાછાં લાવવાં. ચાલો બેસી જાઓ. આજે તો જવા દઉં છું." ગિ

આગામી કચ્છ શિક્ષણ સંમેલન

આ આગામી ઉક્ત સંમેલનને અમે અભિનંદીએ છીએ. શિક્ષણ જ ઉન્નતિનો પાયો છે. અત્યાર સુધી પાછળ રહી ગએલ કચ્છ પણ જગતની પ્રગતિ સાથે જવા અભિલાષ ધરાવતું હોય એમ લાગે છે. છેલ્લાં થોડાંએક વર્ષમાં શિક્ષણની દિશામાં કેટલાંએક શિક્ષણપ્રેમી શ્રીમંતો તેમજ શિક્ષક ભાઈઓ જે શ્રમ અને બર્ચ કરી રહ્યા છે, તેના ફળ રૂપે આ સંમેલનને ગણી શકાય.

સંમેલનના મંત્રીઓ કચ્છના ઉત્સાહી યુવકો છે. તેમને શિક્ષણ દ્વારા કચ્છને નૂતન બનાવવાની હોંશ છે. આ સંમેલન દ્વારા કચ્છ આગળ કંઈ કંઈ વસ્તુઓ મૂકવા માટે તેઓ અત્યારથી તૈયારી કરવા લાગ્યા છે. તેમના પ્રયત્નો યશસ્વી નીવડશે એવી આશા છે. આ સંમેલન કચ્છી ભાઈઓ પાસેથી શિક્ષણના બારામાં કંઈ સ્થાયી કાર્ય માગે છે. ઘણા કચ્છી ભાઈઓ શ્રીમંત છે. ધારે તો તેઓ શિક્ષક ભાઇબહેનોને દેશપરદેશ શિક્ષણ વિષયક અભ્યાસ કરવા મોકલી શકે. લાયક શિક્ષક ભાઇબહેનોને દેશની અન્ય શિક્ષણ વિષયક સંસ્થાઓ જોવા તથા તેમાંથી નવું નવું પોતાના દેશમાં લાવવા પ્રવાસે મોકલી શકે. શિક્ષકોને ઉપયોગી એવું મોટું પુસ્તકાલય ભુજ કે માંડવી જેવા સ્થળે સ્થાપે અને ગામેગામ ફરતાં પુસ્તકાલયોની યોજના કરી શકે. દર છ માસે કચ્છના શિક્ષકોની ઉન્નતિ કરવા કચ્છ શિક્ષણ વ્યાખ્યાનમાળા ગોઠવી શકે. આ અને આવા શિક્ષણની ઉન્નતિ કરે તેવા પ્રયત્નો આ સંમેલન કરી શકે. કચ્છના દાનશૂર શ્રીમંતો આ સંમેલનના કાર્યવાહકોને સંમેલનનું ધ્યેય પાર પાડવા પોતાનું દ્રવ્ય આપે. અમે આશા રાખીએ છીએ કે કચ્છનું આ પ્રથમ શિક્ષણ સંમેલન સર્વાંશે સફળ થશે.

તંત્રીઓ.

આટલું તો પિતા તરીકે મારે જાણવું જોઇએ

પક્ષીઓનાં નામો, તેમની ટેવો, તેમનો ખોરાક, તેમનો ઈંડાં મૂકવાનો સમય, કુદરતમાં તેમનું કામ.

જંગલનાં પશુઓનાં નામો, તેમની ટેવો, તેમનો ખોરાક, તેમનો કુદરતમાં ઉપયોગ.

આકાશના થોડાએક તારાઓની ઓળખાણ; કયા તારાઓ કઇ દિશા બતાવે છે ને કયારે કયારે દેખાય છે.

બાગ અને વનનાં થોડાં પણ ઝાડો અને ફુલોનાં નામો; તેનાં પાંદડાંનાં આકારો, તેનાં લાકડાં, પાંદડાં, ફુલો અને ફળોનો માણસો માટેનો ઉપયોગ.

થોડીએક પૃથ્વીના તળ અને પડ વિષેની વાતો. પૃથ્વીનું તળ આવું કેમ? ડુંગરા કેમ? નદી કેમ? તળાવ કેમ? વગેરેની માહિતી.

થોડાંએક યંત્રોની રચના અને તેના ઉપયોગની વાર્તા: થોડા ગાડી, સાઇકલ, મોટર, રેલ્વે, મીલ વગેરે.

થોડાએક જીવજંતુ અને તેમનો સ્વભાવ; કામ વગેરેની માહિતી.

થોડુંએક હવામાનનું જ્ઞાન પવન શા માટે નીકળે છે? વરસાદ કેમ? તડકો કેમ? ઠંઢ કેમ? વાવાઝોડું કેમ? વગેરે.

દરેક પિતા આટલું જાણતો હોય તો પોતાનાં બાળકોને કેટલાં બધાં રાજી કરી શકે? તેમની જીજ્ઞાસા કેટલી સરસ રીતે તૃપ્ત કરી શકે? બાળકોનો પ્રેમ કેટલો બધો મેળવી શકે? બાળકોને કેટલાં જ્ઞાનવાન અને સુખી કરી શકે? ગિ.

બાનગી શિક્ષક રાખનારાઓને

બાનગી શિક્ષક રાખો તો તેને પૂરતો પગાર આપો.

પૂરતો પગાર તેને જ આપો કે જે તે માટે બરોબર લાયક હોય.

બાનગી શિક્ષકને શિક્ષક તરીકે જ રાખો; મેનેજર કે કારકુન તરીકે નહિ.

બાનગી શિક્ષકને મનમાં પણ મહેતાજી નં ગણો પણ પોતાનાં બાળકોનો શિક્ષાગુરુ સમજો.

બાનગી શિક્ષકને હમેશ એક સદ્‌ગૃહસ્થ જેટલું–નોકર જેટલું નહિ–માન આપો.

બાનગી શિક્ષકનું અપમાન ન જ કરો પણ તેને સન્માનો.

બાનગી શિક્ષકની ટીકા કે તે સંબંધી ચર્ચા બાળકો કે અન્ય નોકરો સમક્ષ ન જ કરો.

બાનગી શિક્ષકની પાસે હર ઘડીએ કામનો હિસાબ ન માગો.

બાનગી શિક્ષક ઉપર ભરોંસો રાખો અને પછી કામનો હિસાબ જુઓ.

બાનગી શિક્ષકને ખોટી આશાઓ ન આપો પણ જે આપવું હોય તે આપો જ.

બાનગી શિક્ષકનું છોકરાંઓ પાસે અપમાન ન કરાવો અથવા તો બાળકો તેનું અપમાન કરે તો તે સહન ન કરો.

બાનગી શિક્ષકને ઘરના એક અંગભૂત ગણો અને તેના તરફ તે રીતે જ જુઓ.

બાનગી શિક્ષકને માથે જ બાળકોના ભણતરનો ભાર વિશ્વાસથી મૂકો એટલે તે બરાબર કામ કરશે જ. ગિ.

આવા ખાનગી શિક્ષકને રજા આપીએ

૧. જે શિક્ષક જ ન હોય પણ રસ્તાનો માણસ હોય છતાં શિક્ષક હોવાનો દાવો કરતો હોય તેને.

૨. જે શિક્ષક જે વસ્તુ જાણે છે એમ દાવો કરતો હોય છતાં વસ્તુ ન જાણતો હોય તેને.

૩. જે શિક્ષક માત્ર પૈસા ખાતર જ રહ્યો હોય તેને.

૪. જે શિક્ષક માત્ર થોડા વખત માટે જ પેટ ભરવા માગતો હોય તેને.

૫. જે શિક્ષકને વારંવાર ભણાવવાનાં ઠેકાણાં બદલાવવાં પડતાં હોય તેને.

૬. જે શિક્ષક પગાર સામે નજર રાખીને તેટલું શિક્ષણ આપતો હોય તેને.

૭. જે શિક્ષક ભણાવવા કરતાં સિદ્ધાંતની બહુ ચર્ચા કરતો હોય તેને.

૮. જે શિક્ષક કંઈ પણ પરિણામ લાવવાને બદલે કાં તો બાળકો, કાં તો શેઠીયા અથવા પરિસ્થિતિનો જ વાંક કાઢ્યા કરતો હોય તેને.

૯. જે શિક્ષક બાળકો ઉપર દમ મારીને કે તેમને શિક્ષા કરીને કે તેમને શેઠ શેઠાણીનો ભય બતાવીને ભણાવતો હોય તેને.

૧૦. જે શિક્ષકની બાળકો પ્રત્યે પ્રીતિ જ ન હોય તેને.

૧૧. જેને બાળકો ચાહતાં જ ન હોય પણ મનમાં અને બહાર ઉલટાં ધિક્કારતાં હોય તેને.

૧૨. જે શિક્ષક દેખાવે, વેશે, બોલીએ કે ઢબેછબે બાળકોને અને સૌને કંટાળો આપે તેવો હોય તેને. ગિ.

મૂળના સંસ્કાર ક્યાં જાય ?

"આ ડબ્બો અહીં કેમ છે ?"

"એ તો એમાં ગરમ મશાલો છે."

"તે અહીં કેમ ?"

"એ તો પાડોશણ અહીં બંડાવવા મૂકી ગઇ છે."

"અહીં કેમ."

"એનું ઘર તો ઉઘાડું ના. સો આવે ને સો જાય. મશાલો એવો તો સરસ છે કે જોઇને એના પર નજર પડે. અહીં કોઇ આવે જાય નહિ એટલે બપોર વચાળે અહીં આવીને બાંડશે."

"શું કહે છે ? ચંદનબેન નજરમાં માને છે ? કંઇક ભણેલાં છે ને રોજ વાંચે છે તોયે ?"

"પણ નાનપણના સંસ્કાર ક્યાં જાય ? ભણ્યાં તો વાંચતાં આવડ્યું. પણ પહેલેથી છાપ પડી તે પડી ! ઢાળા ઢળ્યા તે ઢળ્યા !"

"એવા સંસ્કાર વળી કે દિ' પડ્યા'તા ?"

"અરે એની બાને નહિ જોયાં હોય. વ્હેમનું જાળું ! ડગલે ને પગલે વ્હેમ. ને નજરફજરમાં તો એવું માને કે વાત કરો મા ! છોકરાં કંઇક બાતાં હોય તો કહેશેઃ 'એલાં ઘરમાં જઇને બાઓ. કોઇ નજરાશે.' કંઇક ઘરમાં સારી ચીજ આવી તો કે' 'પેટીમાં મૂકો પેટીમાં. કોઇ ભાળશે તો નજરાશે.' આવી મા; એનાં છોકરાંમાં તે શી ભલી વાર હોય ? ભલે ને પાંચ ચોપડી ભણ્યાં તેથી શું થયું ? મૂળના સંસ્કાર ક્યાં જાય ?" ગિ.

નાના માટે નાનું હોય

રાત્રે જમતાં હતાં. લલીએ કહ્યું: "આ ચિંતુભાઇના બટકા જેવડું મોટું બટકું અમારે શી રીતે ખાવું?"

લલીના અવાજમાં દુઃખ હતું. સામે જોયું તો આંખોમાં ઠપકો અને ભીનાશ હતાં. જમ-રૂખના મોટા બટકા તરફ મારું ધ્યાન પડ્યું. સાચે જ તે લલી માટે મોટું હતું.

લલી વળી બોલી: "નાનાં છોકરાં માટે નાનાં બટકાં જોઇએ ના?"

હું આશ્ચર્યચકિત થયો. પાસે જ છરી હતી તે લઇ એક કટકાના ત્રણ કટકા કરી આપ્યા.

લલી ખાવા લાગી ને મારા મનમાં થોડા વિચારો આવી ગયા. "સાચે જ આપણે કદિ બાળકોની સગવડ અગવડનો વિચાર નથી જ કરતાં. આપણે મોટાંઓને નાના બાળકની આંખ જ નથી. તેમની દૃષ્ટિએ આપણે જોઈ જ શકતાં નથી. આપણે આપણું જીવન જીવીએ છીએ ને તેમને પણ તેમ જ જીવાડીએ છીએ. એ બિચારાં મેળમેળે કેવાં પીડાતાં હશે? એક નાનકડી છોકરી લીલુએ આજે મને બહુ શીખવ્યું. નવી દૃષ્ટિ આપી: 'નાનાં છોકરાં માટે નાનાં બટકાં જોઇએ ના?"

ગિ.

પત્રિકા ક્યાં ક્યાં જાય છે

રાજ્યો

વઢવાણ	પાલીતાણા	બંભાત
રાજકોટ	બોડર	જૂનાગઢ
મોરબી	વાંસદા	વડોદરા
ભાવનગર	વાંકાનેર	પોરબંદર
	જસદણ	

મ્યુનિસિપાલિટીઓ

અમદાવાદ	કરાંચી	ધોળકા
સુરત	અંકલેશ્વર	બંભાત
ભરૂચ	ડિસા	જંબુસર

જીલ્લાઓ

અમદાવાદ	ભરૂચ	ખેડા
સુરત	પંચમહાલ	

એજન્સીઓ

વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસ એજન્સી
મહિકાંઠા એજન્સી

ગ્રાહકોની આંકડાવારી

હિન્દુસ્તાન	૩૯૮૪	પરદેશ	૮૯

પરદેશમાં

યુરોપ	૧૨	આફ્રિકા	૬૮
બલુચિસ્તાન	૨	અરબસ્તાન	૭

બ્રહ્મદેશ ૧૦૬

સ્ત્રીઓ	૩૫૪	સ્કુલો	૩૯૭
પારસી	૪૩	મુસલમાન	૫૭
કુલ ગ્રાહકો			૪૦૦૫

અંત્યજો ૪૭

સંઘના નવા આજીવનસભ્યો

૫૭ શ્રી. ચીમનલાલ નેપી વકીલ ગોંડલ ૫૮ શ્રી. છોટાલાલ એચ. મહેતા પાલનપુર

આવા ખાનગી શિક્ષકને રજા આપીએ

૧. જે શિક્ષક જ ન હોય પણ રસ્તાનો માણસ હોય છતાં શિક્ષક હોવાનો દાવો કરતો હોય તેને.

૨. જે શિક્ષક જે વસ્તુ જાણે છે એમ દાવો કરતો હોય છતાં વસ્તુ ન જાણતો હોય તેને.

૩. જે શિક્ષક માત્ર પૈસા ખાતર જ રહ્યો હોય તેને.

૪. જે શિક્ષક માત્ર થોડા વખત માટે જ પેટ ભરવા માગતો હોય તેને.

૫. જે શિક્ષકને વારંવાર ભણાવવાનાં ઠેકાણાં બદલાવવાં પડતાં હોય તેને.

૬. જે શિક્ષક પગાર સામે નજર રાખીને તેટલું શિક્ષણ આપતો હોય તેને.

૭. જે શિક્ષક ભણાવવા કરતાં સિદ્ધાંતની બહુ ચર્ચા કરતો હોય તેને.

૮. જે શિક્ષક કંઈ પણ પરિણામ લાવવાને બદલે કાં તો બાળકો, કાં તો શેઠીયા અથવા પરિસ્થિતિનો જ વાંક કાઢ્યા કરતો હોય તેને.

૯. જે શિક્ષક બાળકો ઉપર દમ મારીને કે તેમને શિક્ષા કરીને કે તેમને શેઠ શેઠાણીનો ભય બતાવીને ભણાવતો હોય તેને.

૧૦. જે શિક્ષકની બાળકો પ્રત્યે પ્રીતિ જ ન હોય તેને.

૧૧. જેને બાળકો ચાહતાં જ ન હોય પણ મનમાં અને બહાર ઉલટાં ધિક્કારતાં હોય તેને.

૧૨. જે શિક્ષક દેખાવે, વેશે, બોલીએ કે ઢબેછબે બાળકોને અને સૌને કંટાળો આપે તેવો હોય તેને. ગિ.

મૂળના સંસ્કાર ક્યાં જાય ?

"આ ડબ્બો અહીં કેમ છે ?"

"એ તો એમાં ગરમ મશાલો છે."

"તે અહીં કેમ ?"

"એ તો પાડોશણ અહીં બંડાવવા મૂકી ગઇ છે."

"અહીં કેમ."

"એનું ઘર તો ઉઘાડું ના. સો આવે ને સો જાય. મશાલો એવો તો સરસ છે કે જોઇને એના પર નજર પડે. અહીં કોઇ આવે જાય નહિ એટલે બપોર વચાળે અહીં આવીને બાંડશે."

"શું કહે છે ? ચંદનબેન નજરમાં માને છે ? કંઇક ભણેલાં છે ને રોજ વાંચે છે તોયે ?"

"પણ નાનપણના સંસ્કાર ક્યાં જાય ? ભણ્યાં તો વાંચતાં આવડ્યું. પણ પહેલેથી છાપ પડી તે પડી ! ઢાળા ઢળ્યા તે ઢળ્યા !"

"એવા સંસ્કાર વળી કે દિ' પડ્યા'તા ?"

"અરે એની બાને નહિ જોયાં હોય. વ્હેમનું જાળું ! ડગલે ને પગલે વ્હેમ. ને નજરકજરમાં તો એવું માને કે વાત કરો મા ! છોકરાં કંઇક બાતાં હોય તો કહેશેઃ 'એલાં ઘરમાં જઇને બાઓ. કોઇ નજરાશે.' કંઇક ઘરમાં સારી ચીજ આવી તો કે' 'પેટીમાં મૂકો પેટીમાં. કોઇ ભાળશે તો નજરાશે.' બાવી મા; એનાં છોકરાંમાં તે શી ભલી વાર હોય ? ભલે ને પાંચ ચોપડી ભણ્યાં તેથી શું થયું ? મૂળના સંસ્કાર ક્યાં જાય ?" ગિ.

નાના માટે નાનું હોય

રાત્રે જમતાં હતાં. લલીએ કહ્યું: "આ ચિંતુભાઇના બટકા જેવડું મોટું બટકું અમારે શી રીતે ખાવું?"

લલીના અવાજમાં દુઃખ હતું. સામે જોયું તો આંખોમાં ઠપકો અને ભીનાશ હતાં. જમ-રૂખના મોટા બટકા તરફ મારું ધ્યાન પડ્યું. સાચે જ તે લલી માટે મોટું હતું.

લલી વળી બોલી: "નાનાં છોકરાં માટે નાનાં બટકાં જોઇએ ના?"

હું આશ્ચર્યચકિત થયો. પાસે જ છરી હતી તે લઇ એક કટકાના ત્રણ કટકા કરી આપ્યા.

લલી ખાવા લાગી ને મારા મનમાં થોડા વિચારો આવી ગયા. "સાચે જ આપણે કદિ બાળકોની સગવડ અગવડનો વિચાર નથી જ કરતાં. આપણે મોટાંઓને નાના બાળકની આંખ જ નથી. તેમની દૃષ્ટિએ આપણે જોઈ જ શકતાં નથી. આપણે આપણું જીવન જીવીએ છીએ ને તેમને પણ તેમ જ જીવાડીએ છીએ. એ બિચારાં મેળમેળે કેવાં પીડાતાં હશે? એક નાનકડી છોકરી લીલુએ આજે મને બહુ શીખવ્યું. નવી દૃષ્ટિ આપી: 'નાનાં છોકરાં માટે નાનાં બટકાં જોઇએ ના?"

ગિ.

પત્રિકા કયાં કયાં જાય છે

રાજ્યો

વઢવાણ	પાલીતાણા	બંભાત
રાજકોટ	બડર	જૂનાગઢ
મોરબી	વાંસદા	વડોદરા
ભાવનગર	વાંકાનેર	પોરબંદર
	જસદણ	

મ્યુનિસિપાલિટીઓ

અમદાવાદ	કરાંચી	ધોળકા
સુરત	અંકલેશ્વર	બંભાત
ભરૂચ	ડિસા	જંબુસર

જીલ્લાઓ

અમદાવાદ	ભરૂચ	ખેડા
સુરત	પંચમહાલ	

એજન્સીઓ

વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસ એજન્સી

મહિકાંઠા એજન્સી

ગ્રાહકોની આંકડાવારી

હિન્દુસ્તાન	૩૯૮૪	પરદેશ	૮૯

પરદેશમાં

યુરોપ	૧૨	આફ્રિકા	૬૮
બલુચિસ્તાન	૨	અરબસ્તાન	૭

બ્રહ્મદેશ ૧૦૬

સ્ત્રીઓ	૩૫૪	સ્કુલો	૩૯૭	અંત્યજો	૪૭
પારસી	૪૩	મુસલમાન	૫૭		

કુલ ગ્રાહકો ૪૦૦૫

સંઘના નવા આજીવનસભ્યો

૫૭ શ્રી. ચીમનલાલ નેપી વકીલ ગોંડલ

૫૮ શ્રી. છોટાલાલ એચ. મહેતા પાલનપુર

જમા ઉધાર

આ સાથે પત્રિકાના ચોથા વર્ષનું સરવૈયું છીએ. અને સૌથી મોટો આભાર તો પરમાત્માનો છે કે જેની અમીદૃષ્ટિ વિના એક પણ કામ જરા પણ થઇ શકતું નથી. દર વર્ષે ઉત્તરોત્તર સારાં સરવૈયાં રજુ કરવાનું ઇશ્વર કરે, અને પત્રિકાને સૌની મદદ ચાલુ રહે એટલું જ આજે માગીએ છીએ.

છે. પત્રિકા આગળ ને આગળ ધપ્યે જાય છે. એ માટે પત્રિકાના તમામ ગ્રાહકોનો, આજીવનસભ્યોનો, તમામ મિત્રપત્રોનો અને તમામ નાની મોટી મદદ કરનારાઓનો તેમજ પત્રિકાના તમામ શુભચિંતકોનો આભાર માનીએ

શિક્ષણ પત્રિકા વર્ષ ૪ થાનું સરવૈયું

જ		ઉ	
૩૩૬૧-૧૪-૬	શ્રી ચોથા વરસના લવાજમ ખાતે	૪૫-૬-૯	શ્રી પરચુરણ ખર્ચ ખાતે ઉધાર
૭૨-૯-૬	શ્રી જૂના અંકોના વેચાણ ખાતે	૧૬૬૪-૬-૯	શ્રી છપામણી ખર્ચ ખાતે ઉધાર
૯૧-૪-૬	શ્રી વ્યાજવટાવ ખાતે	૯૧૮-૭-૯	શ્રી પોસ્ટેજ કન્ટીજન્ટ ખાતે ઉ.
		૧૪-૧૧-૦	શ્રી કમીશન ખાતે ઉધાર
૩૫૨૫-૧૨-૬		૨૬૪૩-૦-૩	
		૮૮૨-૧૨-૩	શ્રી નફા ખાતે જમા
		૩૫૨૫-૧૨-૬	

આ ઉપરાંત આશરે રૂા. ૨૭૦) લવાજમના આવવાના બાકી છે તથા પાંચમા વર્ષમાં ચોથા વરસના લવાજમના રૂા. ૩૨૩) માહે જુન માસ સુધીમાં આવી ગયા છે.

શિક્ષણ પત્રિકાનું ચાર વર્ષનું એકંદર સરવૈયું

જ		ઉ	
૨૪૭૨-૪-૦	શ્રી આજીવનસભ્યના લવાજમ ખાતે	૧૭૬-૬-૬	શ્રી ભાવનગર દરબાર સેવિંગ્સ બેંક ચાલુ ખાતે
૩૩૬૧-૧૪-૬	શ્રી ચોથા વરસના લવાજમ ખાતે	૩૦૦૦-૦-૦	શ્રી ભાવનગર દરબાર બેંક ફિક્સ્ડ ડિપોઝીટ ખાતે
૪૫૭-૧૧-૦	શ્રી પાંચમા વરસના લવાજમના	૬-૧૩-૦	શ્રી પ્રકાશનમંદિર ખાતે ઉધાર
૧૨-૮-૦	શ્રી છઠ્ઠા વરસના લવાજમ ખાતે	૪૫-૬-૯	શ્રી પરચુરણ ખાતે ઉધાર
૧૪૭-૦-૦	શ્રી પત્રિકા ભેટ અંક ખાતે	૧૬૬૪-૬-૯	શ્રી છપામણી ખર્ચ ખાતે
૭૨-૯-૬	શ્રી જૂના અંકોના વેચાણ ખાતે	૯૧૮-૮-૩	શ્રી પોસ્ટેજ કન્ટીજન્ટ ખાતે
૬૮-૧-૦	શ્રી પત્રિકા પ્રચાર ખાતે જમા		
૯૧-૪-૬	શ્રી વ્યાજવટાવ ખાતે જમા		

જ

૩–૦–૦ શ્રી સાતમા વરસના લવાજમના
૩–૦–૦ શ્રી આઠમા વરસના લવાજમ ખાતે
૧–૦–૦ શ્રી નવમા વરસના લવાજમ ખાતે
૯–૦–૦ શ્રી. ભગવાનજી પુરુષોત્તમના જમા
૨–૦–૦ શ્રી. ભાઇલાલ રાયચંદના જમા
૩-૧૧-૦ શ્રી. ખી. જી. પટેલના જમા
૩૭૨-૧૫-૩ શ્રી નફા તોટા ખાતે જમા
૨૫–૦–૦ શ્રી. ફોરશી વિજપાળના જમા

૭૧૦૨–૧૪–૯

ઉ

૮૯–૧–૬ શ્રી મોન્ટીસોરી પ્રચાર માળા ખાતે
૧૪-૧૧-૦ શ્રી કમીશન ખાતે ઉધાર
૧૬૯-૧૪-૦ શ્રી દ્વિતીય મોન્ટીસોરી સંમેલન નિબંધસંગ્રહ છપામણી ખાતે

૬૦૮૫–૩–૯

૧૦૧૭-૧૧-૦ શ્રી સિલિક

૭૧૦૨–૧૪–૯

અક્ષરજ્ઞાન યોજનાની ઝોળી

આ સાથે યોજનાની ઝોળીમાં આવેલ રકમની વિગત પ્રગટ કરીએ છીએ. ઝોળીમાં હાથ લંબાવનાર સખી ગ્રહસ્થોનો અમે આભાર માનીએ છીએ અને વધુમાં સંઘના સંધીઓ જેમાં રંકથી કરોડાધિપતિ, મીલમાલેકો અને અન્ય ધનાઢય વર્ગ છે, તેમને આથી અપીલ કરી છીએ કે તેઓ અક્ષરજ્ઞાન ઝોળી પૂરી ભરી દે અને ગરીબ અભણ નિરક્ષરોનો માનસિક અંધાપો ટાળવાનું મહદ્ પૂણ્ય ખાટે.

એક જ વ્યક્તિ આપવા ધારે તો એકી સાથે રૂપિયા દસ હજાર આપી શકે એવા એક નહિ પણ અનેક ધનાઢય સંઘીઓ આપણી સાથે છે. તેમને મન આ એક સહેજ વાત છે.

અમને આશા છે કે અમારી ઝોળીમાં ઉદાર સખી ગૃહસ્થો પોતાનો હાથ જરૂર લંબાવશે.

તંત્રીઓ.

યાદી

૫૦૦) ના. હજુર ખાનગી ખાતું ભાવનગર
૫૫) શ્રી. પ્રેમજી મેઘજી દક્ષિણ–હૈદરાબાદ
૫૦) ,, પારી મુળચંદ જીવરાજ લીંબડી
૨૫) ,, વિશ્રામભાઇ રામજી વૈદ્ય ભેડોઇ–કચ્છ
૧૦) ,, ગિરધર દયાળ શાહ પોરબંદર
૫) ,, કેશવલાલ વિ. દ્વિવેદી ઉમરેઠ
૩) ,, ભીખાભાઇ ગોપાળજી ભાવનગર
૧) ,, કલ્યાણરાય હ. છાયા. કચ્છ–માંડવી
૧૨૫) શેઠ હરખચંદ મો. શાહ ચોરવાડ
૧૦૦) ડૉ. બહેરોમ એન. બંભાતા મુંબઇ
૧૦) શ્રી. ગોપાળજી ઓધવજી ઠક્કર ભાવનગર
૧૦) ડૉ. હિંમતલાલ વાડીલાલ કુંદીઆણા
૨) મીસીસ મુદ્રિકા અંજારીઆ સાંતાક્રુઝ
૨) એક શિક્ષક બંધુ તરફથી કાસંદ્રા
૨) શ્રીમતી કુમુદબેન પારેખ ભાવનગર.
૫) ,, હીરાબેન હરિદાસ મહેતા ,,

૮) શ્રીમતી સુમનગૌરી મહેતા ભાવનગર
૮) ,, પદ્માલક્ષ્મી તસુખલાલ મહેતા ,,
૮) ,, અખિલેશ્વરી ચમનલાલ મહેતા ,,
૧૦) ,, કુમુદાલક્ષ્મી વ. ગુલાબરાય ગોવિંદરાય
૫) ,, કનકકાન્તા પ્રદ્યુમનરાય દેસાઇ ,,
૧૦) ,, વસુમતી ચંદ્રશંકર દેસાઇ ,,
૧૦) શ્રી. ચીમનલાલ જોશી વકીલ ગોંડળ
૩૩॥≈ ચિ. બાબી અને બાબાએ રાજકોટમાં ઝોળી ફેરવી ઉઘરાવેલા:—
૧૦) શ્રી. બી. જી. ગદ્રે
૫) ,, મુળજીભાઇ ચતુરભાઇ પટેલ
૫) ડૉ. માલતીબાઇ પંડિત
૫) વડીયાળી કાનજી ગોવિંદજી
૨) ડૉ. રામપ્રસાદભાઇ
૨) શ્રી. દેવશંકર જયકૃષ્ણ દવે
૧। ,, કાજી સાહેબ
૦। ,, કાળીદાસ મોતીરામ
૦। પારસીવોર્ડમાંથી ઝોળીમાં
૨॥≈ ઝોળી ફેરવતાં તેમાં પરચુરણ રકમ આવી તે

૩૩॥≈

૧૦) શ્રીમતી આલા પોચા પુનાકેમ્પ.
૨) એક ગૃહસ્થ
હા: શ્રી. ભીખાભાઇ ગોપાળજી ભાવનગર
૧૦) શ્રી. પી. એચ. પંડ્યા ઉખરા
૧) મીસ પૈ. રાજકોટ
૨૫) શેઠ ફોરસી વીજપાળ રંગુન
૫૦) શેઠ વેલજી લખમશી તથા જાદવજી લખમશી નપ્પુ મુંબઇ
૫) શ્રી. સોભાગ્યચંદ ખીમચંદ ભૂજ
૨૫) શ્રી. ખટાઉ વલ્લભદાસ મુંબઇ
૧૨) ,, અમૃતલાલ ઘીઆ કલકત્તા
૨૫) ,, મોતીલાલ નહાલચંદ વીલેપારલે
૨૦૦) શેઠ ફોરશી વીજપાળ રંગૂન
('કેમ શીખવવું'ની ત્રીજી આવૃત્તિ છપાવવા માટે)
૫૦૦) શેઠ રામજી હંસરાજ કલકત્તા
૨) શ્રી. સુનીલાલ ખુશાલદાસ ભાવનગર

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી માટે પુસ્તકો

પાઠ આપનારાઓને — લે. ગિજુભાઇ
મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ — લે. ગિજુભાઇ
બાલવાર્તાની શ્રેણીઓ — લે. તારાબેન
બાલચારિત્ર્ય — લે. તારાબેન
મોન્ટીસોરી પદ્ધતિ બરાબર છે ? — લે. ગિજુભાઇ
શીવંણભરત — લે. તારાબેન

આ છએ ચોપડીઓની કિંમત આના નવ ટપાલ સાથે. છૂટક નકલની કિંમત બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

મોન્ટીસોરી નિબંધસંગ્રહ

કિં. ૦-૧૨-૦ પો. ૦-૨-૦

મોન્ટીસોરી પદ્ધતિનો વિષય ચર્ચતા કેળવણીમાં પ્રતિષ્ઠા ધરાવનારાઓને હાથે લખાએલા પંદર નિબંધોનો સંગ્રહ.
મુખ્ય લેખકો: કિશોરલાલ મશરૂવાલા; હરભાઇ ત્રિવેદી; ભોગીલાલ ઠાકર; હરિહર પ્રા. ભટ્ટ; ચમનલાલ મા. વૈષ્ણવ; મૂળજીભાઇ હીં. ચોકસી; ગિજુભાઇ; તારાબેન, વગેરે વગેરે

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

બાળકોનાં કાલાં

કાલાં કાઢવાં એ બાળપણનો એક લ્હાવો મનુષ્ય-બાળક પણ પોતે એક જવાબદાર વ્યક્તિ છે. બાળક માતાની સામું જુએ, તેની આંખમાં પ્રેમનાં અખૂટ ઝરણાં જુએ અને પ્રેમભીનું થઈ જાય, ત્યારે તે પ્રેમના પ્રવાહમાં તેને ગાંહું ગાંહું બોલવાનું મન થાય, વાંકું ચૂંકું નાચવાનું મન થાય; ટૂંકમાં તે કાલું થાય છે. કોઇ કોઇ વાર બાળક કાલું થતાં થતાં તેને રડવાનુંયે મન થાય છે. ઘણી વાર બાળકો હઠે ચડે છે, રીસાય છે, કુંગરાય છે એ બધું બાળકનાં કાલાંનો જ પ્રકાર હોય છે. બાળકનાં કાલાં દરેક માબાપને મીઠાં લાગે છે.

કાલાં એ પ્રેમનો એક પ્રકાર છે. મનુષ્ય માત્ર પ્રેમઘેલું થાય છે. મોટી ઉંમરમાં પણ સ્ત્રી પુરુષ એક બીજાંની સાથે કાલાં થાય છે. મોટાં ભાઇબહેનો ને મિત્રો મિત્રો પણ પરસ્પર કાલાં થવાનો લાગ ઘણી વાર લઇ લે છે. પોતાને ઘેર છોકરાં હોય એવી દીકરી જ્યારે પિયર જાય છે ત્યારે માની સાથે કે બાપની સાથે, ભાઇ ભાભીની સાથે કે બીજા વડીલો જે તેના ઉપર અત્યંત પ્રેમ રાખે છે તેમની સાથે દરેક સંબંધમાં શોભે તે પ્રમાણમાં અને તે રીતે કાલી થાય છે. એટલું જ નહિ પણ ઘણાં ઘરડાંઓ પણ પોતાનાં ઉંમર લાયક થએલાં છોકરાં આગળ કાલાં થાય છે ને ઘડીભર આનંદ કરી લે છે.

એમ કાલાં કાઢવાનો લ્હાવો એક બાળકોનો જ માત્ર છે એમ નથી પણ મનુષ્ય માત્રનો છે. કાલાં કાઢવાનું માનસિક પૃથક્કરણ આ પ્રમાણે છે. કાલું થવું એટલે તેટલા પૂરતું છે એ ભૂલી જવા માગે છે. બાળક માતાની સાથે જ્યારે કાલું થાય છે ત્યારે તેના મિત્રોની સાથે જે સભ્યતા, જે ભારેખમતા, જે જવાબદાર વર્તન તે રાખે છે તે છોડી દઇ માતાની આગળ એક કાલુંઘેલું, અણસમજું એવું બાળક બની જાય છે. માતાને પણ બહાર પોતાનું બાળક ડાહ્યુંડમરું થાય એમ હોય તો પણ પોતાની આગળ તે ગાંહુંઘેલું નાનકડું અસહાય એવું બાળક થઇ જાય તે ગમે છે.

બાળકોએ કાલાં ન કાઢવાં એવો અનુમાણી નિયમ તો કોણ કાઢી શકે? માબાપોએ બાળકોનાં કાલાં વખોડી જ કાઢવાં એમ કહેવું પણ અકુદરતી અને ક્રૂર કહેવાય. પણ બાળકનાં કાલાં પરત્વે માબાપોએ સાવચેત રહેવું જોઇએ એટલું તો કહેવું જ પડશે.

કહેવાય છે કે રસના તો છાંટા હોય, કુંડાં ન હોય. તેમ કાલાંના પણ છાંટા હોય. કોઇ વાર બાળક લાડઘેલું થઇ જાય ને માતા કે પિતા તેના કાલાઘેલા બોલથી પ્રેમભીનાં થઇ જાય એ ઠીક છે. પણ માતાપિતાએ એટલું તો જોવું જ જોઇએ કે બાળક કાલું થતાં વધારે મૂરખ જ રહેવા માગે છે કે કેમ? કાલું થતાં હમેશ હક્ક બહારની વાતો જ મેળવ્યા કરે છે કે કેમ? કાલું થતાં આગળ વધતું જ મટી જાય છે કે કેમ? કેમ કે હમેશ બાળક રહીને, બાળકની જેમ અસહાય રહીને, કાલાં થઇને, રીસાઇ કુંગરાઇને જ્યારે કોઇ પોતાનાં કામકાજને પતાવવા

માગે ત્યારે તે મનુષ્યના પુરુષાર્થની આડે આવનારી વસ્તુ છે. બાળક અસહાય છે, ઘણી વસ્તુમાં તે કેવળ પરાવલંબી છે છતાં બાળકની ખુબી જ એ છે કે તે અત્યંત પુરુષાર્થી છે. આપણને વિચિત્ર લાગે છે કે તેનાથી ન બને તેવું કરવા માટે તે હંમેશ મથે છે. પણ એ વિચિત્રતા એ જ તેનો પ્રાણ બતાવે છે, વિકાસ બતાવે છે. તેની પરાધીનતા તેને સાલે છે. બુતાન ન બીડાતું હોય, બૂટ્ટી ન પહેરાતી હોય, પગથિયું ન ઉતરાતું હોય, ઉંચી અભરાઇએ ન અંબાતું હોય, તો ખૂબ મથી મથીને તે સાધ્ય કરવાનો યથાર્થ પ્રયત્ન કર્યા જ કરવાની બાળકની રીત હોય છે ને તે પુરુષાર્થથી તે આગળ વધે છે, વિકાસ સાધે છે. વિકાસની દૃષ્ટિએ બાળક અને મોટાંની વચ્ચે કશો જ ફરક નથી. આપણે જે નથી જાણતાં, આપણને જે નથી આવડતું તે બાબતમાં આપણે બાળક જેવાં જ અસહાય ને પરાવલંબી છીએ. અને બાળકે જેવી ન આવડતી વસ્તુ સાધ્ય કરવાની ખંત ને પુરુષાર્થ આપણામાં હોય તો આપણે આગળ વધીએ છીએ, નહિ તો ત્યાં જ અટકી પડીએ છીએ. ઘણી વાર એમ જ દેખાય છે કે નવું શીખવાનું સાધ્ય કરવાનું વગેરે મોટાંઓને માટે અશક્ય થઇ પડે છે. એટલે તો એનો અર્થ એ કે આપણા કરતાં બાળકોમાં આગળ વધવાનો જુસ્સો વિશેષ પ્રમાણમાં હોય છે.

પણ આપણે મૂળ વિષય તરફ વળીએ. બાળકનાં કાલાંથી બાળકની પુરુષાર્થની શક્તિ ઘટવી ન જોઇએ. બાળક પોતાની મેળે ચાલવા માગે, પોતાની મેળે જ કપડાં પહેરવા માગે, પોતાની મેળે જ ઘણી શોધો ને ઘણા વિજયો મેળવવા માગે એ તેને માટે સ્વાભાવિક છે, અને તેના વિકસતા આત્માનું લક્ષણ છે. બાળકને કોઇ વાર તેના વ્હાલા આપ્તો સાથે લાડ કરવાનું મન થાય એ પણ અમુક હદ સુધી કબુલ રાખીએ. પણ જ્યારે તેનાં લાડ કે કાલાં પોતાની હદ ઓળંગીને તેને પુરુષાર્થહીન બનાવવા લાગે ત્યાં તે અટકવાં જ જોઇએ. માબાપોએ એ બાબતનું બાસ ધ્યાન રાખવું જોઇએ કે બાળકનું કાલાપણું તે તેની મીઠી હદમાં છે ? હદ બહાર જઇને તે બાળકમાં અસહાય ને ગાંહું થવાનો શોખ તો ઉત્પન્ન નથી કરતું ? એના સામાન્ય અનુમાનબકકે બે પ્રકારગણાવીએ તો એકને લાડકાં અથવા મીઠાં કાલાં કહીએ ને બીજાને ગાંડાં કાલાં કહીએ, અથવા એકને કાલાં કાઢવાં કહીએ ને બીજાને ગાંડાં કાઢવાં કહીએ. પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે ઘણી વાર માબાપ કે મોટેરાંઓ પાસે સમતોલપણાનું ત્રાજવું ન હોય તો ગાંડાં કાલાં એ પણ તેમને મીઠાં કાલાં જ લાગતાં જાય એ સંભવનીય છે.

ગાંડાં કાલાં અટકાવવાની રીત બાળકને વઢવાની તો નથી જ. કાલાં તરફ ધ્યાન આપ્યા વગર આપણે એક જવાબદાર સમજુ વ્યક્તિ સાથે વાત કરતાં હોઇએ એવી રીતે તેની સાથે વાત કરવી ને વર્તન રાખવું એટલે બાળક

અક્ષરશાળાઓ

ની સંખ્યા ૨૫૦૦ છે. અત્યાર સુધીમાં રૂા. ૧૮૬૪-૧૧-૦ ની મદદ મળી છે.

તરત સીધું થાય છે. કારણ બાળક વધારે ગાંડું ત્યારે થાય છે કે જ્યારે મોટાંઓ હસે ને તેને "ઓહો કેટલું કાલું થાય છે!" વગેરે કહે. અથવા તેનાથી ત્રાસે ત્યારે પણ બાળક વધારે કાલું થઇ હઠ ઉપર ચડે છે. કોઇ પણ જાતની ખાસ લાગણી થવા દીધા વગર એક સામાન્ય અથવા ધ્યાન ન આપવા જેવો બનાવ ગણી ધ્યાન બહાર કાઢવાથી જ કાલાં મોટે ભાગે અટકે છે.

કેવળ ઉપેક્ષાથી ન જ અટકે તો ગંભીરતા પૂર્વક કોઇ વાર ધ્યાન ખેંચવું કે "તું આમ કરીને બોલે છે, અથવા આમ ચાલે છે કે આમ હા ના કરે છે એ ઠીક નથી. આમ બોલાય, આવી રીતે મગાય, આવી રીતે ચલાય, આવી રીતે જવાય અપાય; આ સાચી રીત. પેલી બોટી રીત." વગેરે.

એનાથી આગળ જઇને એમ પણ કહીએ કે ભાઇ સાચી રીતે બોલવું હોય તો બોલો, નહિ તો મારે એવું ગાંડું નથી સાંભળવું. આપણે જરા અક્કડ થઇને તેને જવાબ દેવાનું જે છોડી દઇએ તો બાળક સીધું થઇને યોગ્ય રીતે કામ પાડવા લાગે છે. એમાં વધારેમાં વધારે મુશ્કેલી અણસમજુ સગાંવહાલાં તરફથી આવે છે. આપણે ત્યાં માણસો જરા વાર બેસવા આવે છે ને આપણાં બાળકો સાથે નકામાં કાલાં કાઢે છે, તેથી આપણાં બાળકો નકામું નકામું શીખે છે એવો સમજુ માબાપોનો સામાન્ય અનુભવ હશે. પણ તેમાં યોગ્ય ફેરફારો લેવાં જ જોઇએ.

બાળકનાં કાલાં એ એક નાની વસ્તુ છે માટે બહુ મહત્ત્વની નથી એમ કોઇએ માનવું નહિ. બાળકને તેની ભવિષ્યની જીંદગીમાં એક તદ્દન નિરુપયોગી, પુરુષાર્થહીન, પોતાના પગ ઉપર ઉભું રહેવા માગતું જ નથી એવું માણસ બનાવવું હોય તો જ તેનાં કાલાં ઉત્તેજીને બચપણમાં તેને તે રસ્તે જવા દેવું. તો

ભાવનગર રાજ્યમાં અક્ષરજ્ઞાનની યોજનાનો પ્રચાર

યોજનાના તંત્રવાહકો પૈકી શ્રીમતી તારાબેન અને શ્રી. ગિજુભાઇએ બીજા બે સ્વયંસેવકો સાથે મહુવા તથા તળાજા મહાલને ગામડે ગામડે ફરી અક્ષરજ્ઞાન યોજનાનો પ્રચાર કર્યો છે. તેમના પ્રવાસ દરમ્યાન તેઓએ ૮૨ ગામડાંઓએ ભાષણો આપ્યાં તથા કેમ ભણાવવું તેનો પ્રત્યક્ષ પાઠ આપ્યો. ઉપરાંત ૧૦૪ ગામડાંના લોકોને ઉપરનાં ગામડાંઓએ હાજર રાખી તેમને સંદેશો આપ્યો. બે મહાલોમાંથી લગભગ ૫૦૦ સ્વયંસેવકો નોંધાયા છે. દરેક ગામે સમિતિ અને તેના મંત્રી નીમવામાં આવ્યા છે. આટલું કામ થોડા વખતમાં થઇ શક્યું તે માટે ભાવનગર રાજ્યનો ઉપકાર ઘટે છે, કારણ કે કાર્યકર્તાઓને ભાવનગર રાજ્ય તરફથી મોટર તથા ઉતારા વગેરેની સગવડ મળી હતી; ઉપરાંત રાજ્યના વહીવટી, કેળવણી તથા પોલિસ ખાતાના અમલદારોએ તંત્રવાહકોને જ્યાં જ્યાં જે જે મદદની જરૂર પડી હતી તે તે ઉત્સુકતાથી આપી હતી. ભાવનગર રાજ્યે પોતાની પ્રજાને વાંચતી કરવા માટે જે આગેવાની બતાવી તે માટે તેને અભિનંદન ઘટે છે.

તંત્રીઓ.

પક્ષીઓનો પરિચય

પક્ષીઓ કુદરતની અનુપમ શોભા છે. તેના રંગો અને તેના આકારો આંખને મનોહર લાગે છે. તેના અવાજો–ગાન કાનને મીઠો આનંદ આપે છે. પક્ષીઓનો કલ્લોલ માણસને ઉત્સાહ અને સ્ફૂર્તિથી ભરી શકે છે.

વળી પક્ષીઓ મનુષ્ય જાતના મિત્રો પણ છે. પ્રત્યેક પક્ષી માણસ જાતની કંઈ ને કંઈ સેવા બજાવે છે. કાગડો કુદરતી કચરો ખાઈ જનાર છે; ગીધ ઘુવડ અને એવાં પક્ષીઓ મુએલાં અને સડતા પદાર્થોનો નાશ કરનાર છે; ચકલી વગેરે પક્ષીઓ કરોડો જીવાતનો આહાર કરી પૃથ્વીને જીવાતથી ઉભરાઈ જતી અટકાવે છે. એમ જ કેટલાંક પક્ષીઓ નદી અને સમુદ્રની સૃષ્ટિને સમતોલ રાખ્યા કરે છે; કેટલાંક ઢોરને નડતી જીવાતને દૂર કરે છે; કેટલાંક ઝાડ વનસ્પતિને ખાઈ જતાં જંતુઓનો ભક્ષ કરે છે. એકંદર મોટે ભાગે લગભગ બધાં પક્ષીઓ કુદરતને ખર્ચે મોટે માણસ જાતનું ભલું કરે છે. પક્ષીઓ માણસ જાતના ઉપયોગી સાથીઓ છે.

વળી પક્ષીઓ વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવાનાં સાધનો છે. પક્ષી સૃષ્ટિ એ એક નિરાળી સૃષ્ટિ છે. તેના જન્મ, મરણ અને વૃદ્ધિના અનેક ચમત્કારો છે. એ ચમત્કારોનો અભ્યાસ કુદરતની મહત્તાની પ્રતીતિ કરાવે છે. પક્ષીઓની પોતાના માળા બાંધવાની કળા, તેમની પોતાનાં ઈંડાં સેવવાની રીતિ, પોતાનાં બચ્ચાંને સાચવવાની રીતિ એ એક એક જ્ઞાનદાયક વિષય છે. પક્ષીઓ પાસેથી માણસ જાતે પોતાની પ્રાથમિક દશામાં ઠીક ઠીક મેળવેલું છે.

પક્ષીઓનાં શરીરો અને તેમના ઉડવાના અભ્યાસ ઉપરથી વૈજ્ઞાનિકોને ઉડવાનાં સાધનો બનાવવામાં ઘણું સ્ફૂર્યું છે. હવાઈ જહાજો ઉપર પક્ષી અવલોકનનો કેટલો ઉપકાર હશે તે સમજી શકાય તેવુ છે.

ઉપરાંત પક્ષીઓના ખાસ અભ્યાસીઓ માટે તો તેઓ ચમત્કારોની અદ્‌ભુત ખાણો રૂપ છે. પક્ષીઓના ખોરાકો, તેમની પચાવવાની રીતો, તેમનાં દેશાન્તરનાં સબબો અને કારણો, તેમની સામાજીક જીવનપદ્ધતિ, વગેરે વિષયો જાણવા જેવા છે.

આ રીતે પક્ષીજીવન એક મહત્ત્વનો વિષય છે. બાલ્યાવસ્થાથી આ વિષય બાળકો સામે આવી જવો જોઈએ. કોઈ પણ વિષયશિક્ષણમાં વિષયનો પરિચય પ્રથમ પગલું છે. એમ જ બાળકો માટે પ્રથમ પગલું–પક્ષીઓનો પરિચય એ અગત્યનું છે; અને તે માટે શાળા અને ઘરમાં તેની વ્યવસ્થા થવી જોઈએ.

ધારે તો દરેક ઘર પોતાના આંગણામાં કે અગાશીમા પક્ષીઓને દાણા ચણવા સવાર સાંજ નોતરી શકે. ચણવા માટે કાગડો, કબુતર, હોલું, ચકલી, દીવાળી ઘોડો વગેરે પક્ષીઓ ચાલ્યાં આવશે. બાળકો બેઠાં બેઠાં તેને અવલોકશે અને તેને લગતી કેટલીએ હકીકતો મેળવશે. ત્યાં જ પાણી પીવાની કૂંડી મૂકવાથી દિવસ આખો કોઈ ને કોઈ પક્ષી તો ઉપર દેખાશે જ. થોડા જ ખર્ચે ઘરનું આંગણું પક્ષીના રંગો અને ઉડાઉડ તેમ જ ઘુઘવાટ અને કલરવથી શોભી નીકળશે, ને બાળકોનું

હૈયું તેને જોઇ થનગની ઉઠશે. બાળકોની દૃષ્ટિએ એક જ વાર પક્ષીઓને ચણતાં જોતાં આપણા પોતાના મનમાં પણ કંઈક નવો જ અનુભવ થશે.

ફળીયામાં લીમડો, પીંપર અને ખાસ કરીને ઉમરો—એકાદ ઝાડ હોય તો તો પક્ષીઓનો ત્યાં મેળો થશે. પક્ષીઓ વગર નોતર્યે ત્યાં આવશે. દિવસ આખો ખાશે ને કૂજન કરશે. રાતે સુશે ને સવારે ગાતાં ગાતાં ઉઠશે. નવાં નવાં મહેમાન પક્ષીઓ આવશે ને નવું રૂપ જોવા માટે લાવશે. પક્ષીઓ ત્યાં માળા બાંધશે, ઈંડાં મૂકશે ને બચ્ચાં થશે. બાળકોને તે એક સુંદર અભ્યાસ અને આનંદરૂપ થશે. શાળામાં કે ઘરને આંગણે ઝાડ ન મળે તો ચૌટે ચૌટે એક એક ચણુતરો પણ કંઇક પક્ષીઓને એકઠાં કરશે. ચણુતરો ધર્મની દૃષ્ટિએ આપણી જૂનામાં જૂની સંસ્થા છે. એ ચણુતરો બાળકોને માટે પક્ષી કેળવણીની શાળા બની જશે. જેઓએ ચણુતરામાં એકઠાં થતાં પક્ષીઓને ચણતાં, પાણી પીતાં કે લડતાં જોએલાં છે તેમને ચણુતરાનો મહિમા સમજાશે.

આ સાધનો તો પક્ષીઓને ઘરને આંગણે બોલવવાનાં છે. કેટલાંક પક્ષીઓ ઘરને આંગણે નથી આવતાં. તેમને જોવા માટે સમુદ્ર કે નદી કિનારે, જંગલમાં, પુલવાડીઓમાં, આંબાવાડીઓમાં અને ખેતરોમાં બાળકોને લઇ જવાં. નદી ને સમુદ્રકાંઠે કલકલીઓ અને જાતજાતનાં બગલાં મળશે; જંગલમાં બાજ, ઘુવડ, ચીબરી વગેરે જંગલનાં રાજરાણીઓ દેખાશે; પુલવાડીઓમાં બુલબુલ, પોપટ, મેના, સક્કર બાસ ખાસ નજરે પડશે; આંબાવાડીઓ કોયલોથી ભરેલી હશે અને ખેતરોમાં ચંડુળો, તેતર; ભોંયચકલી વગેરે પક્ષીઓ જણાશે. અવાર નવાર બાળકોને પગે ચલાવી, ગાડીમાં કે મોટરમાં જુદે જુદે સ્થળે લઇ જવાં આવશ્યક છે. ત્યાં જઇ પડાવ નાખી પક્ષીઓની રાહ જોતાં પડી રહેવાથી જાતજાતનાં પક્ષીઓ નજરે તરશે. અને લીધેલ શ્રમને સાર્થક કરશે.

પક્ષીઓ જોઇ બાળકો કુદરતી સૌન્દર્યને આંખમાં ભરશે; તેમનો જીવનવ્યવસાય જાણી તેઓ જ્ઞાનસમૃદ્ધ થશે; તેમના માળા, તેઓ ઈંડાં કયારે મૂકે છે, કેમ સેવે છે વગેરે જાણી તેઓ વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વૃત્તિને માર્ગે જશે. નાનપણમાં પક્ષીપરિચય અનિવાર્ય છે. **ગિ.**

બાળકોને ભેટ

નીચેના ગૃહસ્થોએ બાળકોને ભેટ આપવા માટે '**શિક્ષણ પત્રિકા ભેટ અંક**' ખરીદ્યા છે અને બાળકોને ભેટ આપ્યા છે.

નામ		નકલ
શેઠ કેશરી વિજપાળ	કચ્છઆંસાબીયાવાળા	૧૦૦૦
શેઠ વિશરામ રામજી વૈદ્ય	કચ્છ–બેડોઇ	૨૦૦
શ્રી. હરિલાલ જીવરાજ ભાયાણી	ભાવનગર	૫૦

હવે અંક ૨૫૦ માત્ર સિલિક છે. જેમને જોઇતા હશે તેમને રૂા. ૫) ના ૧૦૦ લેખે આપવામાં આવશે. બહારગામ માટે પોસ્ટેજ અલગ સમજવું. **વ્યવસ્થાપક: શિક્ષણ પત્રિકા.**

રસુની ગાયનું શીંગડું તૂટયું

રાતે ઘરમાં ઘાટલાઓ પાથર્યા હતા. રસુએ પાણી માગ્યું ને તે લેવા હું ઉઠ્યો. ગોળા પાસે જતાં જતાં બારીની નીચેની ભીંત પાસે ઠેબું આવ્યું ને તડ દઈને તૂટયું. નીચે વળીને જોયું તો રસુની માટીની ગાયનું શીંગડું તૂટેલું! એકાએક મનમાંથી ખેદ સાથે 'અરે!' ઉદ્‌ગાર નીકળી ગયો. મનને માઠું લાગ્યું—ગાયનું શીંગડું તૂટયું ને નુકશાન થયું માટે નહિ; રસુ કાલે સવારે નારાજ થશે તે માટે પણ બહુ નહિ; પણ કેટલાયે દિવસથી જગા માટે રસુની માગણી છતાં તેને હજી નથી કરી આપી તે માટે. રસુ ઘણો સરસામાન રાખે છે. તેને ગોઠવવામાં બહુ રસ લે છે. રાતના અગિયાર વાગ્યા સુધી ગોઠવ્યા કરે છે. ગાતી જાય છે ને ગોઠવતી જાય છે. ગોઠવવામાં ખાવા પીવાનું ભૂલી જાય છે. પણ આવડા મોટા ઘરમાં તેને તેનો સામાન રાખવાની જગા નથી. ઘરમાં અથાણાને માટે જગા, ગાદલાં ગોદડાંને માટે જગા, કેરોસીનને માટે જગા, નકામાં ઠામઠીંકરાં ને ઠોબરાં માટે પણ જગા! પણ રસુનાં રમકડાં માટે જગા નહિ. મોટાભાઈએ ઓરડી રોકી; મોટીબેન તો જ્યાં ત્યાં ઘુસી શકે છે; નાનીબેને મારા ઓરડામાં પથારો નાખ્યો છે; પણ રસુનો પથારો એટલો જબરો છે કે મારા ઓરડામાં નથી માતો એટલે તે ભીંત પાસે ગોઠવે છે. મોડી રાત સુધી મહેનત કરીને ગોઠવેલું વીંખાઈ ગયું; અત્યંત પ્રિય ગાયનું શીંગડું તૂટી ગયું અને તે મોટા ઘરમાં નાના બાળકનાં રમકડાં મૂકવાની જગા માટે મને લાગી આવ્યું.

મારે અને રસુની બાને રોજ વાત થાય છે. આ ગાદલાં ગોદડાં અને સરસામાનને મોટા ઓરડામાં રાખી શકાય. એ ઓરડો માત્ર અવર જવરનો અને બીન વપરાશનો છે. નાની રજાની ત્રણ ઓરડીમાં ત્રણ બેનો સુખેથી રહી શકશે ને સામાનસુમાન ગોઠવી શકશે. પણ રસુની બાને ગળે અત્યાર સુધી ઉતર્યું ન હતું.

મારા પગના ઠેબાથી થએલ અવાજથી તેના કાન ચમકયા ને મને પૂછ્યું: "શું થયું?" મેં સહેજ ગંભીર ગળગળા અવાજે જવાબ આપ્યો: "રસુની ગાયનું શીંગડું તૂટયું. મારા પગે અથડાયું. આ જગાએ ગોઠવેલું તે એમ જ થાય ના?"

રસુની બાને ઊંઘ ન આવતી હોત તો તે મારો વાંક કાઢત પણ તે એટલું સાંભળીને ઘોરવા લાગી.

સવારે ઉઠીને જોઉં છું તો રસુ પોતાની ગાયનું શીંગડું ચોંટાડવાને મહેનત કરે છે. પણ એ કેમ ચોંટે? એનું મ્હોં પડી ગએલું છે. હમેશનો આનંદ જે ઘર આખાને ભરી દેતો હતો તે આજે નથી. એની બાએ એને બોલાવવા પ્રયત્ન કર્યો પણ તેની સામે તેણે ન જોયું. હું તો એનું ઉતરી ગએલું મ્હોં જોઈ ન શકયો એટલે મારી ઓરડીમાં આવીને બેસી ગયો.

ઘણી વારે રસુ આવીને બોલી: "આ ગાયનું શીંગડું ભાંગી ગયું."

મેં મનમાં દુઃખ હતું છતાં પૂછ્યું: "ત્યાં રસ્તામાં શું કામ મૂકીએ? કોઈને પગે આવે ના?"

રસુએ રડતાં રડતાં કહ્યું: "કોઇ અમને જગા આપે ત્યારે ના. અમારે અમારૂં ક્યાં રાખવું? અમારે હવે કાંઇ નથી જોતું. લઇ લ્યો બધું અમારૂં. અમારે નથી જોતું."

દેખાવ કરુણાજનક થઇ રહ્યો. બા, મોટીબેન, મોટાભાઇ, નાનીબેન દોડી આવ્યાં. રસુની ભેદાએલી લાગણી સાથે એકતાર થયાં. તુરત જ બાએ ગાદલાંની ઓરડી ખાલી કરી આપી મોટો ઓરડો ખાલીખમ હતો, એમાં બધું સમાઈ ગયું. મોટીબેને ઓરડી વાળી નાખી. રસુએ પોતાનો સામાન હરખે હરખે નવી ઓરડીમાં ફેરવી નાખ્યો. નાનીબેન પણ ત્યાં જ ગઇ. મોટીબેને ત્યાં જ વાંચવાનું રાખ્યું.

એક બે દિવસ પછી હું તેમને બધાંને એ ઓરડીમાં કલ્લોલ કરતાં જોઇ ગણગણી ઉઠ્યો: "સારૂં થયું કે રસુની ગાયનું શીંગડું તૂટયું!"

એટલા બધા કયા કામમાં હતો?

ચંદન તાવને લીધે પથારીમાં તરફડીયાં મારતી હતી. ૧૦૫ ડિગ્રી તાવ છે એમ સાંભળી એની બા ચિંતાથી ઉભી હતી. શંકર પટાવાળો દોડતો દોડતો બરફ લેવાં ઉપડી ગયો હતો. જીવનભાઇ દાક્તરને બોલાવવા કયારના ગયા હતા.

ચંદનનું માથું દાબતાં દાબતાં મારા મનમાં ગણગણ્યો: "આ ચંદનને તાવ કેમે કરી ઉતરતો જ નથી. બે પાંચ દિ' થાય છે ને આવીને ઉભો જ રહે છે. દવા તો કેટલાયે દિ'થી ચાલે છે પણ કારી ફાવતી નથી."

ચંદન ખૂબ ગભરાતી હતી. માથા ઉપર હાથ પછાડતી હતી. તેના માથાનો દુખાવો અત્યંત હતો. એની બા બોલી: "ઘરમાં છે કોઇ કાળજી રાખનાર? રોજ એને દવાખાને લઇ જવી જોઇએ. આ દાક્તર નહિ તો બીજાને બતાવવી જોઇએ. અહીં નહિ તો બીજે ગામ જવું જોઇએ. ચંદનની કોઇને પડી છે કે નહિ?"

મારા મનમાં ચંદન માટે દુઃખ થતું હતું તેમાં તેની બાએ વધારો કર્યો: ચંદન અસ્વસ્થ હતી તેમાં આ શબ્દોએ અસ્વસ્થતા અને ગડમથ વધાર્યા સિવાય બીજું શું કર્યું હશે?

બરફ આવ્યો ને મેં ચંદનને માથે બરફ મૂક્યો. ચંદનને કંઇક ઠીક લાગતું હતું; તાવ જરા નીચે જતો હતો.

એટલામાં દાક્તર કાકા આવ્યા.

"કેમ, ચંદનને વળી તાવ આવ્યો કે? કેટલો છે?"

"તમે ઉતારો ત્યારે ના? અત્યારે ૩ાા છે."

"તમારે દવા જ કયાં કરવી છે? પાણીના ડુચા આપો છો, પણ એમ છે કે કંઇક સારી દવા આપીએ તો ફરી તાવ આવે જ નહિ!"

ચંદનની બા દાક્તર પર ઉતરી પડ્યાં.

દાક્તર જાણે કે ઘરના જેવા હતા. ઘણા ધીરજવાળા હતા: જાણે કે કશું સાંભળતા ન હોય તેમ તે બોલ્યા: "આજની ચંદનની દવા લાવો જોઇએ; કેટલા ટંક પીધી છે?"

હું શીશી લેવા ઉઠ્યો. શીશી લાવ્યો તે પહેલાં જ ચંદનની બા બોલી: "દવા પીધી છે જ કોણે? છોકરી પણ એની છે કે દવા પીવાના કજીયા. એ આવી છે એટલી ને એટલી પડી! એક ટીપુંયે પીધી નથી."

સાચે જ દવા પીધી ન હતી.

દાક્તર જરા ખીજાઇને બોલ્યા: "ત્યારે તાવ કેમ અટકે? આ આજની દવા તાવ અટકાવવાની હતી પણ ચંદને તો પીધી જ નથી. પાવી'તી તો ખરી?"

ચંદનની બા ભભકયાં: "ઘરમાં કોણ છે જે દવા પાય? હું તો ઘરનું કામકાજ કરું, રસોઈ કરું, નાનાં છોકરાંને નવડાવું ધોવડાવું કે દવા પાઉં? હવે તો હું હરવાળી છું ને ચંદને તો માથું ફેરવી દીધું છે. દવા પીવી નહિ ને માંદા પડવું?"

ડાહ્યા દાક્તરે કહ્યું: "આપણે જરા બહાર બેસીએ. ચંદનને ગડબડ થાય છે. ચંદન માટે આ દવા આણી છે તે પાઇ દો. હમણાં તાવ ઉતરશે."

મોઢું ચડાવી એની બા ચંદન પાસે બેઠાં અને દાક્તર અને હું બહાર આવ્યા. દાકતરે મને કહ્યું: "ભલા માણસ, ચંદનની બા તો બેવાં છે પણ તમે પણ બેવા કે દવા પાવાની જ આળસ! છોકરાં કાંઇ એની મેળે દવા થોડીક જ પીએ છે?"

મેં બચાવ કરવા પ્રયત્ન કર્યો: "પણ દાક્તર સાહેબ, હું જરા કામમાં હતો."

દાક્તર મિત્રભાવે ચીડાઇને બોલ્યા: "એટલા બધા તે શા કામમાં હતા? દિવસમાં ત્રણ વખત દવા પાવાની એમાં કેટલાક કલાક જતા હશે? કેટલું કે કામ બોટી થઇ જતું હશે? એમ કહેને કે દવા પાવાનો સૌને કંટાળો! સૌને આળસ અને પછી 'દાક્તર દવા નથી આપતા, સારી દવા નથી આપતા, બીજે ગામ જવું જોઇએ.' એવું બીજાને માથે નાખી દેવું! તમારી બધાની–અને સમજુ છો છતાં આવી કુટેવ તે કેવી?"

હું સડક થઇ ગયો. કંઇ જ બોલ્યો નહિ. દાક્તર મારી શરમ જાણી ગયા. તે સાહેબજી કહી સૂચનાઓ આપી ઘેર ગયા.

ચંદનનું માથું ચાંપતો ચાંપતો હું વિચાર કરવા લાગ્યો. વારંવાર હું જાતને પૂછવા લાગ્યો: "એટલા બધા કયા કામમાં હતો? સવારમાં ઉઠીને છાપું વાંચ્યું એ એટલું બધું કામ કહેવાય? છાપું વાંચી હાથે હજામત કરી ચ્હા પીધો એ એટલું બધું કામ કહેવાય? ચ્હા પી ટપાલ વાંચી એ એટલું બધું કામ કહેવાય? ટપાલ વાંચી મિત્રો આવ્યા તેમની સાથે ફડાકા માર્યા એ એટલું બધું કામ કહેવાય? એમાં અગિયાર વાગ્યા ને નવ વાગ્યાનો પહેલો ટંક દવા ન અપાઇ તે શું એટલા બધા કામને કારણે? અગિયાર વાગે જમ્યા ને જરા આરામ લીધો; સાડા બારે ઉઠ્યા ને જરા ચોપડી ફેરવી; એટલામાં બીજો ટંક ચાલ્યો ગયો. એટલા કામને કારણે બીજા ટંકની દવા રહી ગઈ. અને ચંદન તો છોકરું. કડવું કવીનાઇન પીવું કેમ ગમે? શું કામ દવાનું સંભારે? અને એની બાને તો હું જાણું છું. દાકતરને કેવું સંભળાવતી હતી? ત્રીજા ટંકની દવા અપાય તે પહેલાં તો તાવ આવ્યો ને દોડાદડ થઈ રહી. દાક્તર ખરું કહે છે કે તારો જ વાંક છે. દવા આપ્યા વિના સાજા થવાની વાત કરનાર મારો જ વાંક છે. બોટા બોટા એટલા બધા કામમાં રહેનાર મારો જ વાંક છે."

ગિ.

રમત રમતાં પોતાનાં બાળકો પ્રત્યે

ફોજદાર: " એયુપ, ચૂપ રહોં. ગડબડ કોણ કરે છે? માર ખાવા છે કે?"

વકીલ: " એઇ, ગડબડ નહિ. પેલી બા-જુએ જાઓ જોઇએ. અહીં કામ ચાલે છે."

પ્રોફેસર: " જુઓ તો, પેલાંઓને કહોને કે પેલી બાજુ રમે. આ હું જરા વાંચવામાં છું."

દાકતર: " છોકરાઓ, અલ્યા ભાગ્યા કે. દવાબવા પીવી છે કે?"

માસ્તર: " રતુડા, જીવલી, આટલી બધી ગડબડ? બંધ કરો, બંધ કરો."

મોન્ટીસોરી શિક્ષક: " પેલી જગાએ રમશો કે? અહીં હું જરા કામ કરું છું."

કિન્ડરગાર્ટન શિક્ષક: " અલ્યાઓ! પણે, પણે ઓ પેલી જગા! કેવી સરસ, બહુ સરસ! ત્યાં જાઓને, કેવું મજાનું છે!"

મુલાયમ પિતા: " અરે ભાઇઓ, ગડબડ કરો મા ને! મને અડચણ પડે છે."

યુક્તિબાજ પિતા: " ચંદુ, કંચન, કેવાં ડાહ્યાં છોકરાં છે! અહીં ન રમીએ હં. અહીં હું કામ કરું છું. પણે જાઓ બેટા."

થાકેલો પિતા: " ઉંઉં! આ બાળકો બહુ કંટાળો આપે છે. એ, જરા જાઓને, પેલી બાજુ રમોને!"

ચીડાએલો પિતા: " કેમ, પેલી બાજુ જાઓ છો કે? જાઓ છો કે નહિ? નહિ જાઓ તો....."

કુંભાર: " એલા ગધેડાઓ, ભાગો છો કે? આ ઉભો થયો તો ડફણાવીશ હોં કે?"

લુહાર: " ભાગો છો કે નહિ? નહિતર આ કાયલો છૂટો માર્યો સમજો."

હજામ: " માળાં, આ છોકરા જો ફાટ્યા છે? પણે મુંડાવો પણે. બે ઘડી બેસવા તો દો!"

અબૂજ બા: " આ છોકરાંએ તો હરવાળ્યાં. બેલા રતુ, ટપુ, આધા મરો છો કે નહિ?"

રાંધતી બા: " કેમ રે લીલુ, વિનુ, અહીંથી ખસો છો કે વેલણ છૂટું મારું?"

ચોપડી વાંચતી બા: " કોણ બે ગડબડ કરે છે? જાઓ પેલી ઓરડીમાં બેસો ને વાંચો. લેસન નથી કરતાં ને રખડો છો કે?"

શેઠાણી: " જોને, મહેતાજી હજી કેમ નથી આવ્યા? આ છોકરાંએ માથું પકવી નાખ્યું. મહેતાજીને કહેવું જોશે કે વહેલા આવે."

અભણ સ્ત્રી: " ઇ ધક્કાડા નહિ ચાલે. જાઓ રોયા શેરીમાં. એ મોટી પડી છે તે."

વિદ્વાન પિતા: " રમેશ, વધુલક્ષ્મી, અહીં ના રમીએ. જુઓને, અહીં અમે પ્રવૃત્તિમાં છીએ. પેલી બાજુએ બેલીએ."

ધાંચી: " અલ્યાઓ, ત્યાંથી નાઠા છો કે? આ બળદને બદલે ઘાણીએ જોડું કે?"

મોચી: " માળા, આ છોકરાઓ તો ફાટ્યા લાગે છે! એ પેલી ભીંત પાસે રમો છો કે? એ આ રાંપી દીઠી કે? ભાગજો મારા છોકરાઓ."

વાણિયો: " આમ આવો આમ. પાઠ કર્યા વિના રમવા ક્યાં ચાલ્યા? ચાલો જોઇએ, ભણવા બેસો જોઇએ. રમ્યા કરશો તો ભણશો શું?"

બ્રાહ્મણ: " હવે રમવું બંધ રાખવું છે કે? રમ્યા રમ્ય કરશો તો ભીખ માગશો, ભીખ! છાનામાના ભણવા બેસો, ભણવા."

અમલદાર: " એ જસમત, આ છોકરા

ઘરમાં ગડબડ કરે છે તે ફરવા લઇ જા. જા, બાગમાં બે ઘડી લઇ જા.”

સદ્ઃ “એ સાળાઓ, રમ્યે દિ’ નહિ વળે સખના મરો સખના.”

અર્ધદગ્ધ આયા એટલે

આયા એટલે એકાદ અર્ધદગ્ધ કંઇક અંગ્રેજી ભણેલી ને પેટને માટે નોકરી કરનારી બાઇ.

આયા એટલે શેઠને મન બાળકોને સાચવવા રાખવા માટેનું હુશિયાર અને લાયક માણસ!

આયા એટલે શેઠાણીને મન છોકરાંને પોતાનાથી દૂર રાખવા માટે સોંપ્યાઠેકાણું.

આયા એટલે મોટે ભાગે છોકરાંને ન ગમે તેવા રૂપરંગની કૃતિઓ.

આયા એટલે શ્રીમંતને મન ઘરનું એક આવશ્યક ઘરાણું.

આયા એટલે અમીર ઉમરાવોને પદવી શોભાવવાનું એક વધારે સાધન.

આયા એટલે કેળવણીમાં સમજવાનો દાવો કરનારને મન બાળકોને માટે અમે કંઇક કરીએ છીએ એવો સંતોષ લેવાનું સ્થળ.

આયા એટલે વગર કારણે ઘરમાં વારંવાર શેઠ શેઠાણી અને અન્ય નોકરો વચ્ચે ખટપટ જગાડનારું પાત્ર.

આયા એટલે શેઠાણીનોયે શેઠ.

આયા એટલે શેઠાણીના માતૃપદનું જીવન્ત અપમાન.

આયા એટલે શેઠશેઠાણીએ બાળકો માટે રાખેલો ગોવાળ.

આયા એટલે ‘ચૂપ રહો’ ‘ગડબડ નહિ’ ‘શેઠકુ બોલેંગા’ એમ કહીને બાળકોને ડાહ્યાં બનાવનાર શિક્ષક.

આયા એટલે “કારણ કે બાળક જંગલી બન્યું હતું” એમ કહી શિક્ષા કરીને તેને સુધારનાર શિક્ષણશાસ્ત્રી.

આયા એટલે બાળકોનો ‘બિલાડો’ અગર ‘વાઘ.’

આયા એટલે બાળકને ચોંટીયો ભરી રડાવ્યા પછી ‘કેમ રડે છે’ એમ દમ મારીને પૂછનાર બાઇ.

આયા એટલે ઝટઝટ બાળકોને લુગડાં પહેરાવી, બૂટ પહેરાવી ધીરજથી બાળકને જાતે કરવા દેવાને બદલે પોતે કરી દેનાર ને કાશ કાઢનાર–બાળકને અપંગ બનાવનાર એક વૈદ્યશાસ્ત્રી.

આયા એટલે ફરવા જાય ત્યાં ટોળે મળીને ભેગી થઇને હલકી સામાજીક વાતો ચલાવે તેનો લાભ બાળકોને આપનાર બાળકોનાં માબાપોએ ખર્ચ કરીને રાખેલ સમાજશાસ્ત્રી.

આયા એટલે માબાપ પાસેથી કંઇક છૂટ અપાવનાર, માબાપ પાસેથી કંઇક હક્ક મેળવી આપનાર ને પોતાનું કહ્યું કરવું જોઇએ એવી સરતે કામ કરનાર બાળકોનો વકીલ.

આયા એટલે ઘરમાં પેસી ગએલો ધૂમ.

જાણતા ન હોય તેઓ આયાથી દૂર અને તેની પાછળ ઉભા રહી જુએ. માલુમ પડશે કે આયા કેવું પ્રાણી છે. ગિ.

બાળકો ને ઊંઘ

બાળકો જેટલું વધારે ઊંઘે તેટલું સારું. માબાપો સાથે સુનારાં ને તેમની સાથે ઉઠનારાં બાળકોને ઓછી ઊંઘ મળે છે. બાળકોને વહેલાં સુવરાવવાં અને ઉઠે ત્યારે ઉઠવા દેવાં. જો કે વહેલાં સુતેલાં બાળકો ઊંઘ પૂરી થતાં એની મેળે વહેલાં ઉઠશે જ. મોટાંઓને માટે ઊંઘ એ આરામ છે, જ્યારે બાળકો માટે ઊંઘ એ આરામ અને ખોરાક બન્ને છે. થાકેલું શરીર હમેશ આરામ માગે છે. રાત્રે ઊંઘમાં શરીર આરામ લે છે. આરામ લે છે એટલે ઘસારાને પહોંચી વળે છે, સમારકામ કરે છે, શરીરને બીજા દિવસ માટે તૈયાર કરે છે. આ કામ ઉપરાંત બાળકો પરત્વે ઊંઘ બાળકોને ખોરાક આપે છે. અર્થાત્ બાળકોનાં અંગોને અને શક્તિઓને વધારે છે. બાલ્યાવસ્થા વર્ધનકાળ છે, અને ઊંઘ દરમ્યાન શરીર વધારેમાં વધારે વધે છે. માટે બાળકોને જેટલી વધારે ઊંઘ મળે તેટલું સારું. ઘણાં માબાપો પ્રાતઃકાળમાં ઉઠવાનો મોટો મહિમા ગણે છે. પ્રાતઃકાળમાં ઉઠવું સારું જ છે, પણ અધુરી કે કાચી ઊંઘે નહિ જ; અને બાળકોને તો નહિ જ. બાળકોને શરીર બાંધવું છે માટે તેઓને ઓછી ઊંઘે ન ચાલે. આપણું શરીર બંધાઇ ગયું છે માટે મોટાંને ઓછી ઊંઘે કદાચ ચાલી શકે. આપણે વધારે પ્રવૃત્તિવાળાં રહ્યાં તેથી આપણે મોડે સુધી જાગવું પડે પણ બાળકોને તો વહેલાં સૂઈ જવાની અનુકૂળતા કરી આપવી જોઇએ. સૂઇ જવાનો વખત એટલે આપણો અને બાળકોનો સૌનો સાથે એવું કદિ ન જ બનવું જોઇએ. બાળકો વહેલાં સૂઈ શકે માટે રાતનું ભોજન તેમના પૂરતું વહેલું થઇ જવું જોઇએ. બે કટકે ભોજનની વ્યવસ્થા આકરી પડતી હોય તો સૌએ સાથે વહેલું જમી લેવું જોઇએ. જમ્યા પછી ઊંઘ આવે કે તુરત જ બાળકો ઊંઘી જઇ શકે તેવી ગોઠવણ હોવી જોઇએ. એટલે કે તેમની સુવાની જગા એલાયદી જોઇએ. ત્યાં આપણી પ્રવૃત્તિની ગડબડ પહોંચવી ન જોઇએ. તેમ આપણી રાત્રિપ્રવૃત્તિ એવી ગોઠવવી ન જોઇએ કે કાં તો બાળકોમાં ઉત્તેજના અગર તાણ આવવાથી તેમને ઊંઘ જ ન આવે, અથવા ઊંઘવાનું મન ન થાય, અથવા ઊંઘતાં બાળકોને વિક્ષેપ રૂપ થાય. આપણે ઊંઘ્યા પછી કે આપણને ઊંઘ આવતી હોય ત્યારે આપણે માટે જે આપણે ન ઇચ્છીએ તે બધું બાળકોથી દૂર જોઇએ.

બાળકો શાંતિથી ઊંઘ લેવા જાય માટે સાંજની ભોજન પહેલાંની તરતની અને તે પછીની બાળકોની પ્રવૃત્તિઓ શાન્તિ અને સ્વસ્થતા પ્રેરક જોઇએ. એવી વાર્તાઓ સુતા પહેલાં ન કહેવી જોઇએ કે બાળકો ડરથી બીકનાં માર્યાં જાગ્રત થઇ જાય, ઊંઘાડતાં પણ ડરવા લાગે; એવી વાતો હાંકવી ન જોઇએ કે બાળકોનાં નાનાં મગજ ગરમ થઇ જાય ને ટાઢાં પડતાં બહુ વાર લાગે; એવું ધોંધાટીયું સંગીત કે એવું કંઇ ન થવું જોઇએ કે જેથી ઊંઘ ઉડી જાય. ઊંઘવાનો સમય વહેલો ઠરાવવાનો લાભ ત્યારે જ થાય કે જ્યારે ઊંઘને અનુકુળ શાન્ત સ્વસ્થ વાતાવરણ ઊંઘતા પહેલાં રચવામાં આવે.

બાળકોનો ઊંઘવાનો ઓરડો ઘરની બીજી

પ્રવૃત્તિથી અલાયદો હોય તે ઇચ્છવા જેવું છે. ઓરડો સ્વચ્છ ને સુઘડ જોઇએ. હરવા ફરવાની છૂટવાળો વિશાળ જોઇએ. જેમાં પૂરતી હવા છૂટથી આવતી હોય તેવો જોઇએ. બાળક કે આપણે ઊંઘમાં પણ જીવીએ છીએ એટલું જ નહિ પણ બાળક વધે છે ને આપણે તાજગી મેળવીએ છીએ; તેથી તો એ માટેનું સ્થાન તેને પ્રેરક જ જોઇએ. સહેજે મીઠી ઊંઘ આવે ને વિક્ષેપ ન પડે તેવું જોઇએ. મચ્છરો માકડો વગેરેનો ઉપદ્રવ તો ન જ જોઇએ. મચ્છરો માકડો વગેરે આપણી ગંદકીથી આપણે જ નોતરેલા છે. એને દૂર કરવાને આપણી લડત ચાલુ જ જોઇએ. બાળકોનાં બિછાનાં તેને લાયકનાં નાનાં નાજુક -છતાં બહુ જ પોચાં અને ઊંડાં ઉતરી જાય તેવાં નહિ-જોઇએ. ઓછાડો ધોયેલા સાફ જોઇએ. હવાની પુષ્કળ આવજાવાળા, વિશાળ, સ્વચ્છ, સુગંધી, દૂધ જેવી ઉજળી ચાદરોથી પથરાએલ પથારીવાળા ઓરડાની કલ્પના કરો; તેમાં મચ્છર માકડથી પીડાયા વિના ધસઘસાટ લાંબા શ્વાસે ઊંઘતા બાળકની કલ્પના કરો અને એક બીજા ઓરડાની કલ્પના કરો કે જેમાં હવા થોડી છે, ગંધાતી છે, પથારી ગંદી છે અને માકડ અને મચ્છરોના કરડવાથી અને પરસેવા કે ધામથી અકળાતું બાળક તડફડાટ ભારતું અનિયમિત શ્વાસે ઊંઘે છે! માબાપે ઊંઘતા બાળક પાસે જવું ને તેની સામે ઉભા રહેવું: ત્યાં જઇ વિચાર કરવો: "આ બાળકને પોષણ મળે, સવારે શરીર અને મનથી પ્રફુલ્લી ઉઠે એવી સગવડ આ ઓરડાની છે? એમાં કયાં કઇ ખામીઓ છે ને તે કેવી રીતે દૂર કરવી?"

પ્રયત્નથી બહીવું નહિ પણ તેની સંભાળ રાખવી. ઓરડામાં પુષ્કળ હવા જોઇએ પણ પવનના ઝપાટા, શરીર માથા પર ન જોઇએ. હવા આખા શરીર પર ફેલાઇ રહેવી જોઇએ પણ ઠંડી હવાથી શરીર ઠરવું ન જોઇએ. એટલા માટે સુવાના ઓરડાની બારીઓ છૂટથી હવા આપે તેવી અને છતાં હવા ન લગાડે તેવી રીતે મૂકેલી જોઇએ. અગર પથારીઓ એવી રીતે ગોઠવવી જોઇએ કે હવાનો લાભ મળે અને નુકશાન ન થાય. હવા વર્ધનકાર્યમાં સૌથી વધારે અગત્યનો ભાગ ભજવે છે. હવા વિનાનો ઓરડો એટલે આખરે મૃત્યુ માટે તૈયાર થવાની જગા રૂપ છે.

બાળકો સુએ તે પહેલાં પાણી પેશાબ કરી લે તેવી ટેવ સંભારી સંભારીને પાડવી; કેમ કે રાતમાં બાળકો પેશાબ કરી જાય છે, ને અતિ ઊંઘમાં તરશ લાગવા છતાં પાણી માગી શકતાં નથી ને તરસ્યાં રહે છે જેને પરિણામે પાચનમાં નુકશાન પહોંચે છે. જ્ઞાનતંતુઓની નબળાઇવાળાં બાળકો રાતમાં પેશાબ કરી બેસે છે તે માટે દાકતરોને પૂછવું ઘટે છે. બાળકો સુએ તે પહેલાં બાસ કરીને, પગ ધોઇને સુએ તો ઊંઘ મીઠી આવે. આ ટેવ ધીમે ધીમે આપણાં ઘરોમાં આગ્રહપૂર્વક દાખલ કરવા જેવી છે. પગ ધોવાથી મગજ પર શાન્તિ વળશે, તાણ ઘટશે ને પરિણામે સ્વસ્થ ઊંઘ આવશે. ઊંઘતાં પહેલાં બાળકો દિવસનાં કપડાં બદલે તે ઇચ્છવા યોગ્ય છે. દિવસનાં મેલાં થઇ ગએલાં પસીનાવાળાં કપડાં રાત્રે સૂકાવા નાખી બીજાં કપડાં પહેરાવવાથી બાળકના શરીરને સ્ફૂર્તિ લાગશે ને ઊંઘમાં મદદગાર

થશે. રાત્રિનાં કપડાં–ખાસ કરીને ઠંડી રાત્રિનાં કપડાં આખા ડિલે ઢંકાય તેવાં અને હળવાં ને ખુલ્લાં જોઇએ. બાળક ઘૂટથી આળોટે તેમાં એંચ ન પડે માટે ખુલતાં કપડાં ભારે અગત્યનાં છે. બાળકોને તાઢ ન વાય માટે જાડાં કપડાં પહેરાવવાથી બાળકોને બાર કલાક શરીર ઉપર ભાર સહેવો પડે છે. કપડાના વિચાર સાથે જ ઓઢવાનાં સાધનોનો વિચાર કરવો. જેમ બીજી બાબતમાં તેમ આમાં પણ આપણે આપણી ઢબે બાળકને ઊંઘમાં ઓઢાડીએ છીએ. ભારે ગોદડાં કે ગરમ ધાબળાથી ઢંકાએલું બાળક પસીને ભીનું થતું અને અસ્વસ્થ શ્વાસ લેતું જોવામાં આવે છે. ભારે ઓઢવાનાં બાળકની છાતી ઉપર એક મોટા પથરા સમાન છે. ઘણાં માબાપો ઓઢાડવામાં ડાહ્યાં હોય છે; પોતે પણ ઓઢવે હુશિયાર હોય છે. બાળકોને ઓઢાડવાની જરૂર છે પણ ઋતુ અનુકૂળ ઓઢણાંથી. શિયાળામાં ગરમ કે ગરમ સુતરાઉ છતાં હળવું ઓઢણ જોઇએ; ઉનાળામાં પાતળું સુતરાઉ ઓઢણ જોઇએ. ઓઢણ માત્ર તાઢ અટકાવવા માટે જ છે એમ નહિ. એક સરખા ઓઢણથી શરીરની ગરમી ઠંડી સરખી રહે છે ને તેથી શરીરમાં હુંફ રહે છે ને તેથી ઊંઘવાની મજા પડે છે. બાળકોનાં અંગો અરધાં હુંફમાં અને અરધાં ઠરતાં હોય છે ત્યારે તેમની ઊંઘમાં સ્વસ્થતા નથી રહેતી. શરીરની ગરમી એક સરખી નથી રહેતી તેથી અમુક ભાગને લાભ થાય છે ત્યારે બીજાઓ સહન કરે છે. ઓઢણાં સ્વચ્છ રહેવાં જોઇએ. પથારીની સાથે ઓઢણાંને તડકો અને હવા વારંવાર મળવાં જ જોઇએ. બની શકે ત્યાં સૂવાનો ઓરડાને રોજ તડકો બતરાવવો જોઇએ. એમ નહિ ત્યાં પથારીઓ વગેરેને તડકે નાખવી. એમ પણ ન બને ત્યાં રોજ ઓરડાને તેમ જ પથારીઓને હવાથી તો બતરાવવી જોઇએ જ.

બાળકોના બાટલા બાળકો નાનાં છે છતાં પહોળા જોઇએ. બાળક ઊંઘમાં આળોટે તેવી સગવડતાવાળા જોઇએ. વળી તે બહુ ઉંચા નહિ જોઇએ, કારણ કે બાળક ઊંઘમાં કદિ પડે તો તેને લાગે નહિ. બાટલામાં પાટી હોય તો તે તાણેલી અને પાંગત હોય તો તે ખેંચેલી રાખવી, કેમ કે ઝોળાવાળા બાટલામાં બાળકનું શરીર સીધું લાંબું રહેતું નથી પણ તેનો ગડકલો વળી જાય છે. બાળક ટુંટીયાં વાળીને પડી રહે છે. આથી શ્વાસોચ્છ્વાસ બરાબર ચાલતો નથી તેમ જ કરોડને નુકશાન થાય છે.

બાળકોએ કેવી રીતે સૂવું તે બાબતમાં એક તો એ વાત લક્ષમાં રાખવી કે તે ટુંટીયાં વાળીને ન સૂવે. ઘણાં બાળકોને એવી ટેવ પડવા દીધેલી હોય છે ને પાછળથી તે દૂર કરવી આકરી પડે છે. ઊંઘમાં બાળક જ્યારે જ્યારે ટુંટીયાં વાળીને સૂવે ત્યારે ત્યારે તેના પગ લાંબા કરતા રહેવું. ડાબી બાજુએ સૂવું સારું છે એવો આપણો જૂનો તેમ જ ઘણા ડૉક્ટરોનો મત છે. બાળકનું માથા નીચે બહુ મોટું કે બહુ પોચું કે જેમાં માથું ખૂંચી જાય એવું ઓશીકું ન જોઇએ. ઘણી વાર ઠંડી લાગતી હોવાથી બાળક ટુંટીયાં વાળીને પડી રહે છે; ઊંધું પણ ઘણી વાર એ જ કારણથી સૂવે છે. આ બાબતમાં યોગ્ય કરવું.

બાળકો સૂઇ ગયાં હોય ત્યારે તેની બાજુમાં બેસી તેને કોઈ કોઇ વાર જોવાની જરૂર છે.

કોઇ બાળક અસ્વસ્થ માલુમ પડે છે, કોઇને બલવાની–બબડવાની ટેવ હોય છે તો કોઇ ઉભું થઇને ભોગે છે, તો કોઇ ધ્રૂજી–ઝબકી જાય છે, તો કોઇનું મ્હોં ઉઘાડું રહે છે, તો કોઇનું નાક ઘોરે છે. આ બધી બાબતમાં બાળકમાં કંઇ ને કંઇ અપૂર્ણતા કે રોગનું ચિન્હ ઘણું બરૂં હોય છે. માટે જ્યાં આવું કશું જોવામાં આવે ત્યાં સારા દાક્તરને વહેલી તકે મળવું અને ઉપાય હોય તો તે કરવા ચૂકવું નહિ. નાકમાં મેલ હોય ને તેને લીધે શ્વાસ રૂંધાતો હોય કે એવું કશું હોય તો આપણે જાતે પણ તેનો ઉપાય કરી લેવો.

સૂવાના ઓરડામાં બત્તી રાખવી કે ન રાખવી એ વિષે ભિન્ન મતો છે. કોઇ કોઇ દેશમાં મનાય છે કે બાળકોને અંધારામાં સૂવાડવાં જરૂરનાં છે. તેથી તેમનો અંધારાનો ભય ટળી જાય. અંધારામાં ઊંઘ સ્વસ્થ આવે. આ બાબતમાં આપણે આપણો જાતઅનુભવ જોવો. બાળકોને સમજીને તેનો નિર્ણય કરવો. ઘણાં બાળકોને આપણે અનેક બાબતોથી બ્હીતાં કર્યાં હોય છે તેથી અંધારામાં તે મળશે તેવી કલ્પના કરી તેઓ બ્હીએ છે. દિવસે અજવાળે બાળક ભૂત પ્રેત વગેરે બીકરામણું કશું ભાળતું નથી માટે રાતે અંધારે તેવું ભળાશે એવી બીક બાળકના મનમાં હોય છે. આવાં બાળકોની બીક પ્રકાશની મદદથી જ ધીમે ધીમે દૂર કરવી જોઇએ. અંધારામાં પરાણે રાખ્યા કરવાથી તેઓ અંધારામાં સૂતાં થશે પણ અંધારામાં લાગતી બીક ઉંડી જશે ને તેની અસર તેના શરીર મન અને જ્ઞાનતંતુઓ ઉપર થશે જ. કેટલાંક બાળકો કુદરતી રીતે અંધારાથી બ્હીએ છે. બ્હીએ છે તેનો અર્થ કંઇ દેખાશે એવો નથી; તેમને અંધારૂં ગમતું નથી. કારણ સ્પષ્ટ છે કેમ કે અજવાળામાં તે દિવસ આખો રહે છે; રાતે તે ઊંઘે છે. અંધારૂં તેને વિચિત્ર લાગે છે. અંધારામાં તેની આંખો હાથ પગ વગેરે કામ કરતાં બંધ પડે છે આથી તેને પોતાને એક જાતનું બંધાઈ ગએલ અગર અપંગ જેવું લાગે છે. અંધારામાં કશું આનંદદાયક દેખાતું નથી. આમ અંધારૂં તેને અકારૂં લાગે છે ને તેમાં જવાની ના પાડે છે અગર ત્યાં હોય તો બૂમો પાડે છે. જેમ અજાણ પ્રદેશથી બાળક ભડકે છે તેમ જ અંધારામાં તેને દિવસે દેખાતો ઓરડો વગેરે અજાણ થઇ જતાં લાગે છે, અને તેથી પણ તે મૂંઝાય છે. માટે બાળકોને અંધારામાં ધકેલવાનો આગ્રહ ન રાખવો. તેમ જ અંધારાનો પણ પ્રેમપરિચય કરાવવાની ફિલસુફી ન ચલવવી. જેમ જેમ બાળક અંધારૂં એટલે શું અને તેમાં પોતાની શક્તિ સ્થિતિ કેવી હોઇ શકે છે તે સમજશે તેમ તેમ તે અંધારાથી ડરતું ગભરાતું મટશે. અંધારામાં ઊંઘાડવાના પ્રયત્નમાં ઘણી વાર માબાપો બાળકને વધારે નંબળું અને બીકણ કરી નાખે છે. બાળકો માગે તો જરૂર સૂવાના ઓરડામાં પ્રકાશ રાખવો. અલબત્ત પ્રકાશ ધીમો, આંખની ઉપર પડીને ઊંઘને અસ્વસ્થ ન કરે. તેવો કોમળ તો જોઇએ જ. ભડભડ ભડકા જેમ બત્તીઓ નીચે બાળકોને સુવાડવાં જ નહિ. ત્યાં તો તેને પૂરી અને સ્ફૂર્તિદાયક ઊંઘ આવે જ નહિ.

એક પ્રશ્ન આ પણ છે. બાળકોને માબાપે પોતાની ભેગાં કયાં સુધી સુવાડવાં ? બાળકોને ભેગાં સુવાની જરૂર અમુક મુદ્દત સુધી રહે

છે; પણ તે થોડો જ વખત. મોટે ભાગે માતાઓ બાળકોને પોતાનાથી છૂટી પાડતી નથી. તેમને નોખાં પાડવાં ગમતું નથી. તેઓ તેને રેઢાં એકલાં સુવાડતાં ડરે છે; તેને કંઈક થઈ જશે એમ માને છે. આ વાત પણ છેક ધાવતાં બાળક ને અશક્ત બાળકો માટે કબૂલ રાખીએ. પણ મોટાં બાળકોને ભેગાં સુવડાવનારી માતાઓ પોતાની જ ખાતર સુવાડે છે. તેને ભેગાં સૂવાની પડી ગએલી ટેવના ભોગ બાળકોને થવું પડે છે. તેનું બાળક પ્રત્યેનું વહાલ તે ભેગા સુવામાં માને છે, અને પોતાની કલ્પના પ્રમાણે અનુભવે છે. ભેગા સુવાને એક જાતના હેતની નિશાની સમજે છે. બાળકો પણ માતાનું આવું વલણ જાણીને કે અનુભવીને ભેગાં સુવાનું શીખી જાય છે ને પાછળથી નોખા સુવાડવાનું માતાને પોતાને પણ અઘરૂં પડે છે. ઘણી વાર બીકણ બાળકો મા સાથે સુઇ રહેવું પસંદ કરે છે. બાસ સાચવવાની જરૂર ન હોય તો બાળકને નોખું ભલે નજીકમાં જ સુતું કરવું જરૂરનું છે. ભેગાં સુવાથી વધવાની જરૂર છે તે બાળકને વધવાની જગા છૂટ વગેરે મળતાં નથી. માતા રોગી હોય તો તેનાથી પણ બાળકને નુકશાન થાય છે. માતાના અતિ પ્રેમના ભોગ થવું એ પણ વિકાસને માર્ગે શાપ જ છે. મા કે બાપે બાળકોને ભેગાં સુવારી ઘણી વાર તેમના માનસમાં ભવિષ્યમાં નડે તેવી વિકૃતિને જન્મ આપે છે એવું પણ કેટલાએક નવીન માનસશાસ્ત્રીઓનું માનવું છે. માબાપોએ બાળકોને પોતાની ભેગાં સુવાડવાને બદલે નજીકમાં સુવાડવાં અને તેમની કાળજી લીધા કરવી એ ઘણું જ સારૂં છે, અમલમાં મૂકવા જેવું છે. જેમ બાળકોને પોતાની ભેગાં સુવાડવાં નહિ. તેમ અંદર અંદર સાથે પણ સુવાડવાં નહિ. વિજાતીય બાળકોને ભેગાં સુવાડવામાં બાલ્યાવસ્થાથી જ નુકશાન પહોંચ્યાનો માનસ ડાકતરોનો મત છે. ભાંડરડાંને પણ નોખાં સુવાડવાં જોઇએ.

ઘણાંઓનું માનવું છે કે બાળકોને સુવા માટે માબાપથી તદન અલગ ઓરડો જોઇએ. એ વિચારમાં ઘણું ઉંડું રહસ્ય અને સત્ય છે. પણ કંઇ નહિ તો જે ઓરડામાં માબાપો અને બાળકો સાથે સૂતાં હોય ત્યાં માબાપો મોડી રાત સુધી ઊંઘતાં બાળકોના માથા ઉપર વ્યવહારી વાતોનો કચકચાટ અથવા અન્ય ચર્યા કે અન્ય ઇતર રાત્રિપ્રવૃત્તિઓ ન કરે તે ઇચ્છવા જેવું છે. ઊંઘતાં બાળકો વાતાવરણનો પ્રાણ લે છે, અને તેથી ઓરડાનું વાતાવરણ બધી રીતે સુંદર જોઇએ. ગિ.

શ્રીદક્ષિણામૂર્તિ મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાંથી આ વર્ષે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ

શ્રીમતી કુમુદબેન પારેખ.
શ્રીમતી મણીબેન ત્રિવેદી.
શ્રીમતી મેરીબેન સોલંકી.
શ્રીમતી અનસુયાબેન ગોપાળજી.
શ્રી. ઉમીયાશંકર મુ. જોશી.
શ્રી. પુરુશોત્તમદાસ શં. પટેલ.

ઉક્ત વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપતાં સંસ્થાના નિમાયક શ્રી. નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટે આશીર્વાદ આપ્યા પછી શ્રીમતી તારાબેને અધ્યાપનમંદિરનો ચાલુ સાલનો અહેવાલ વાંચ્યો અને શ્રી. ગિજુભાઇએ અધ્યાપકો તરફથી સૌને ભાવભીની વિદાય આપી.

કોઇ બાળક અસ્વસ્થ માલુમ પડે છે, કોઇને બલવાની–બબડવાની ટેવ હોય છે તો કોઇ ઉભું થઇને ભાગે છે, તો કોઇ ધ્રૂજી–ઝબકી જાય છે, તો કોઇનું મ્હોં ઉઘાડું રહે છે, તો કોઇનું નાક ઘોરે છે. આ બધી બાબતમાં બાળકમાં કંઇ ને કંઇ અપૂર્ણતા કે રોગનું ચિન્હ ઘણું બરૂં હોય છે. માટે જ્યાં આવું કશું જોવામાં આવે ત્યાં સારા દાક્તરને વહેલી તકે મળવું અને ઉપાય હોય તો તે કરવા ચૂકવું નહિ. નાકમાં મેલ હોય ને તેને લીધે શ્વાસ રૂંધાતો હોય કે એવું કશું હોય તો આપણે જાતે પણ તેનો ઉપાય કરી લેવો.

સૂવાના ઓરડામાં બત્તી રાખવી કે ન રાખવી એ વિષે ભિન્ન મતો છે. કોઇ કોઇ દેશમાં મનાય છે કે બાળકોને અંધારામાં સૂવા-ડવાં જરૂરનાં છે. તેથી તેમનો અંધારાનો ભય ટળી જાય. અંધારામાં ઊંઘ સ્વસ્થ આવે. આ બાબતમાં આપણે આપણો જાતઅનુભવ જોવો. બાળકોને સમજીને તેનો નિર્ણય કરવો. ઘણાં બાળકોને આપણે અનેક બાબતોથી બ્હીતાં કર્યાં હોય છે તેથી અંધારામાં તે મળશે તેવી કલ્પના કરી તેઓ બ્હીએ છે. દિવસે અજવાળે બાળક ભૂત પ્રેત વગેરે બીકરામણું કશું ભાળતું નથી માટે રાતે અંધારે તેવું ભળાશે એવી બીક બાળ-કના મનમાં હોય છે. આવાં બાળકોની બીક પ્રકા-શની મદદથી જ ધીમે ધીમે દૂર કરવી જોઇએ. અંધારામાં પરાણે રાખ્યા કરવાથી તેઓ અંધા-રામાં સૂતાં થશે પણ અંધારામાં લાગતી બીક ઉંડી જશે ને તેની અસર તેના શરીર મન અને જ્ઞાનતંતુઓ ઉપર થશે જ. કેટલાંક બાળકો કુદ-રતી રીતે અંધારાથી બ્હીએ છે. બ્હીએ છે તેનો 'અર્થ કંઇ દેખાશે એવો નથી; તેમને અંધારૂં ગમતું નથી. કારણ સ્પષ્ટ છે કેમ કે અજવાળામાં તે દિવસ આખો રહે છે; રાતે તે ઊંઘે છે. અંધારૂં તેને વિચિત્ર લાગે છે. અંધારામાં તેની આંખો હાથ પગ વગેરે કામ કરતાં બંધ પડે છે આથી તેને પોતાને એક જાતનું બંધાઈ ગએલ અગર અપંગ જેવું લાગે છે. અંધારામાં કશું આનંદ-દાયક દેખાતું નથી. આમ અંધારૂં તેને અકારૂં લાગે છે ને તેમાં જવાની ના પાડે છે અગર ત્યાં હોય તો બૂમો પાડે છે. જેમ અજાણ પ્રદેશથી બાળક ભડકે છે તેમ જ અંધારામાં તેને દિવસે દેખાતો ઓરડો વગેરે અજાણ થઇ જતાં લાગે છે, અને તેથી પણ તે મૂંઝાય છે. માટે બાળ-કોને અંધારામાં ધકેલવાનો આગ્રહ ન રાખવો. તેમ જ અંધારાનો પણ પ્રેમપરિચય કરાવવાની ફિલસુફી ન ચલવવી. જેમ જેમ બાળક અંધારૂં એટલે શું અને તેમાં પોતાની શક્તિ સ્થિતિ કેવી હોઇ શકે છે તે સમજશે તેમ તેમ તે અંધારાથી ડરતું ગભરાતું મટશે. અંધારામાં ઊંઘાડવાના પ્રયત્નમાં ઘણી વાર માબાપો બાળકને વધારે નબળું અને બીકણ કરી નાખે છે. બાળકો માગે તો જરૂર સૂવાના ઓરડામાં પ્રકાશ રાખવો. અલબત્ત પ્રકાશ ધીમો, આંખની ઉપર પડીને ઊંઘને અસ્વસ્થ ન કરે. તેવો કોમળ તો જોઇએ જ. ભડભડ ભડકા જેમ બત્તીઓ નીચે બાળકોને સુવાડવાં જ નહિ. ત્યાં તો તેને પૂરી અને સ્ફૂર્તિદાયક ઊંઘ આવે જ નહિ.

એક પ્રશ્ન આ પણ છે. બાળકોને માબાપે પોતાની ભેગાં કયાં સુધી સુવાડવાં ? બાળકોને ભેગાં સુવાની જરૂર અમુક મુદ્દત સુધી રહે

છે; પણ તે થોડા જ વખત. મોટે ભાગે માતાઓ બાળકોને પોતાનાથી છૂટી પાડતી નથી. તેમને નોખાં પાડવાં ગમતું નથી. તેઓ તેને રેઢાં એકલાં સુવાડતાં ડરે છે; તેને કંઈક થઈ જશે એમ માને છે. આ વાત પણ છેક ધાવતાં બાળક ને અશક્ત બાળકો માટે કબૂલ રાખીએ. પણ મોટાં બાળકોને ભેગાં સુવડાવનારી માતાઓ પોતાની જ ખાતર સુવાડે છે. તેને ભેગાં સૂવાની પડી ગએલી ટેવના ભોગ બાળકોને થવું પડે છે. તેનું બાળક પ્રત્યેનું વહાલ તે ભેગા સુવામાં માને છે, અને પોતાની કલ્પના પ્રમાણે અનુભવે છે. ભેગા સુવાને એક જાતના હેતની નિશાની સમજે છે. બાળકો પણ માતાનું આવું વલણ જાણીને કે અનુભવીને ભેગાં સુવાનું શીખી જાય છે ને પાછળથી નોખા સુવાડવાનું માતાને પોતાને પણ અઘરૂં પડે છે. ઘણી વાર બીકણ બાળકો મા સાથે સુઇ રહેવું પસંદ કરે છે. બાસ સાચવવાની જરૂર ન હોય તો બાળકને નોખું ભલે નજીકમાં જ સુતું કરવું જરૂરનું છે. ભેગાં સુવાથી વધવાની જરૂર છે તે બાળકને વધવાની જગા છૂટ વગેરે મળતાં નથી. માતા રોગી હોય તો તેનાથી પણ બાળકને નુકશાન થાય છે. માતાના અતિ પ્રેમના ભોગ થવું એ પણ વિકાસને માર્ગે શાપ જ છે. મા કે બાપ બાળકોને ભેગાં સુવારી ઘણી વાર તેમના માનસમાં ભવિષ્યમાં નડે તેવી વિકૃતિને જન્મ આપે છે એવું પણ કેટલાએક નવીન માનસશાસ્ત્રીઓનું માનવું છે. માબાપોએ બાળકોને પોતાની ભેગાં સુવાડવાને બદલે નજીકમાં સુવાડવાં અને તેમની કાળજી લીધા કરવી એ ઘણું જ સારૂં છે, અમલમાં મૂકવા જેવું છે. જેમ બાળકોને પોતાની ભેગાં સુવાડવાં નહિ તેમ અંદર અંદર સાથે પણ સુવાડવાં નહિ. વિજાતીય બાળકોને ભેગાં સુવાડવામાં બાલ્યાવસ્થાથી જ નુકશાન પહોંચ્યાનો માનસ દાકતરોનો મત છે. ભાંડરડાંને પણ નોખાં સુવાડવાં જોઇએ.

ઘણાંઓનું માનવું છે કે બાળકોને સુવા માટે માબાપથી તદન અલગ ઓરડો જોઇએ. એ વિચારમાં ઘણું ઉંડું રહસ્ય અને સત્ય છે. પણ કંઇ નહિ તો જે ઓરડામાં માબાપો અને બાળકો સાથે સૂતાં હોય ત્યાં માબાપો મોડી રાત સુધી ઊંઘતાં બાળકોના માથા ઉપર વ્યવહારી વાતોનો કચકચાટ અથવા અન્ય અર્થાં કે અન્ય અંતર રાત્રિપ્રવૃત્તિઓ ન કરે તે ઇચ્છવા જેવું છે. ઊંઘતાં બાળકો વાતાવરણનો પ્રાણ લે છે, અને તેથી ઓરડાનું વાતાવરણ બધી રીતે સુંદર જોઇએ. ગિ.

શ્રીદક્ષિણામૂર્તિ મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાંથી આ વર્ષે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ.

શ્રીમતી કુમુદબેન પારેખ.
શ્રીમતી મણીબેન ત્રિવેદી.
શ્રીમતી મેરીબેન સોલંકી.
શ્રીમતી અનસુયાબેન ગોપાળજી.
શ્રી. ઉમીયાશંકર મુ. જોશી.
શ્રી. પુરુશોત્તમદાસ શં. પટેલ.

ઉક્ત વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપતાં સંસ્થાના નિમાયક શ્રી. નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટે આશીર્વાદ આપ્યા પછી શ્રીમતી તારાબેને અધ્યાપનમંદિરનો ચાલુ સાલનો અહેવાલ વાંચ્યો અને શ્રી. ગિજુભાઇએ અધ્યાપકો તરફથી સૌને ભાવભીની વિદાય આપી.

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યોજનામાં હજી સુધી ન જોડાયા હોય તેઓ જોડાઇ શકે. ૨૦૦૦ થી વધારે માણસો તેમાં જોડાયા છે. ભણનારાઓ માટે 'ચાલો વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તો દેશી જનોને ભણાવવાનું સારું કામ કરવા તો આજે એસી જ જનઓ. ઘેર બઠાં ગંગા એમ ઘેર બેઠાં જ આ આ કામ થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યોજનામાં જોડાવા માટે નીચેના નમુનાનું ફૉર્મ ભરી મોકલો તથા 'કેમ શીખવવું' નામની ચોપડી મગાવો.

[નમુનાનું ફૉર્મ]

તંત્રવાહકો, અક્ષરજ્ઞાન યોજના

શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનો ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામઠામો હું વખતોવખત મોકલીશ.

આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

હરગિજ નહિ

વખતે નોકરોને ધમકાવો, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

કદાચ અંદર અંદર પતિપત્ની લડી બેસો, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

અનેક જાતની વ્યાવહારિક ચિંતાઓ પતિપત્નીને કરવાની જ હોય, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

પોતે ગરીબ હો તો મનમાં સમજો ને મિત્રને કહો, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

બીજા ઉપરની ટીકા કરવાની કદાચ ભૂલ કરી બેસો તો બેસો, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

અંદર અંદર તમારા બાનગી જીવનની વાતો ભલે કરો, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

લહેરમાં આવીને અલક મલકની ડોળો તો તમે જાણો, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

અટપટી કુટિલ કપટનીતિ વિચારો તો ભોગ તમારા, પણ બાળકો દેખતાં હરગિજ નહિ.

અફીણ દારૂ લેવાય જ નહિ, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

અંગત કુટેવો રખાય જ નહિ, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

અંગત બાનગી જીવન સૌને હોય પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ.

બાળકોને પરણાવવા પશટાવવાની બાબતમાં વાતો ડોળો નહિ, પણ બાળકો દેખતાં તો હરગિજ નહિ. ગિ.

વાર્ષિક લવાજમ
શ્રી 'સરસ્

ોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
અજંટ પ્રિન્ટીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

આજનાં નાનાં બાળકોને આજનાં ગીતો સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવાં ગીતો રચશે.

આજનાં નાનાં બાળકોને આજની કથાઓ સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવી કથાઓ કથશે.

આજનાં નાનાં બાળકોને આજનો ઇતિહાસ સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવો જ ઇતિહાસ ઘડશે.

આજનાં નાનાં બાળકોને આજનાં સ્વાર્પણો સમજાવો. આવતી કાલે એ જ બાળકો એવાં સ્વાર્પણો કરશે.

કારણ કે આજનો નાનો બાળક આવતી કાલનો ધણી છે, આવતી કાલનો સરદાર છે.

તું સાંભળતી નથી

"બા, હું તને પીરસવા માટે ઝીણી ઝીણી ઘણી બાબતો કહું છું પણ તું સાંભળતી નથી ને પછી હું પૂરું બાધા વિના ઉઠી જાઉં છું." જમતાં જમતાં નાની લલી કંટાળા સાથે લાચારીથી બોલી.

નાની લલી સાત વર્ષની છે પણ તેની બુદ્ધિ તેજ છે. તે ઝીણી ઝીણી વાતો સમજે છે ને તેને ભાષા દ્વારા વ્યક્ત કરે છે.

નાની લલીને બીજાં ચાર ભાંડરડાં છે. ચાર ભાંડરડાં અને એક પિતા બધાં સાથે જમવા બેસે છે. બા સૌને જમાડે છે. બાના મનને એમ રહે છે કે ઉની ઉની બાબરી કરતી જાઉં અને સૌને બવરાવતી જાઉં; એમ પણ છે કે સૌ સાથે બેસે અને આખું ઘર વાતો કરતું જાય ને જમતું જાય એ સારું લાગે. પણ જમવાવાળાઓને ઘડીક આ જોઇએ ને ઘડીક તે જોઇએ; વારા ફરતી કંઇ ને કંઇ માગ્યા જ કરે. એકલી બા સૌને પહોંચી વળવા ધારણા રાખે પણ ગરમ બાબરી કરતા જવી ને પીરસતા જવું એ બન્ને ઝટ ઝટ ન જ થાય. આવા સંજોગોમાં નાની લલીએ ઉપલા શબ્દો કાઢયા.

જમવાના, વાતોના અને રસોઇના ઘોંઘાટમાં –અવાજમાં આ શબ્દો કોણ જાણે બીજાએ સાંભળ્યા હોય તો; પણ મેં એ સાંભળ્યા ને મારા મનમાં ભરાઇ ગયા.

હું વિચાર કરવા લાગ્યોઃ "આનું શું કરવું? સાચે જ લલી બા પાસેથી કંઇ ને કંઇ ઝીણું ઝીણું માગતી હોય છે પણ મોટાંઓની વાતોમાં કાં તો બાને કાંઇ સંભળાય નહિ ને કાં તો બાનું બ્યાન જ બીજે હોય. બાને માફ કરી શકીએ પણ લલીની મુશ્કેલી દૂર કેમ થાય?"

એક વિચાર એમ આવે છે કે બાએ અગાઉથી બધું રાંધી રાખવું ને પછી બધાંને નિરાંતે પીરસવું. બા કહેશેઃ "પણ ગરમાગરમ રોટલી કે ભાખરીનું શું કરવું?" હું કહું કે કાં તો એટલી ચપળતા કેળવો કે બધે ધ્યાન બાપી શકાય, અને કાં તો જરાક જરાક ઠંડું બાવાનું બવરાવવાનું પસંદ કરો. જમતી વખતે રસોઇ સારી અને ગરમાગરમનો પ્રશ્ન મહત્ત્વનો છે તેથીએ વધારે મહત્ત્વનો પ્રશ્ન બાળકો તે રસોઇ ધરાઇને બાય, અર્થાત તેમને એવી સરસ રીતે પીરસવામાં આવે કે તેમને બાવાની તૃપ્તિ મળે. બાને ઘેર રસોયો હોય ને બા ગરમાગરમ પીરસવાની બ્યવસ્થા કરે તો ભલે ગરમ રસોઇ બાપવાની તેની ઇચ્છાને પાર પાડવા દઇએ. (બગર જો કે બહુ ગરમ રસોઇ બાવા બવરાવવાની ટેવ દાંતને નુકશાનકારક છે ને તે વધાવવા જેવી નથી.) પરંતુ નહિતર તો બા ચૂલે ગરમ રાખી મૂકેલી રસોઇ સૌને હેતપ્રીતથી સૌની માગણી પ્રમાણે પીરસે એ જ સારું છે. એક વિચાર એવો આવે છે કે બાએ રસોઇ તૈયાર કરવી ને પછી બાએ પણ સાથે બેસવું ને સૌએ સાથે જમવું. નાનું એવું કુટુંબ હોય તો બા બેડી બેઠી પીરસે અને બીજાં આજુબાજુ જમે. બાને પીરસવું ગમે છે કારણ કે તે બા છે, કારણ કે તે પોષણ બાપનારી છે. બાળકોને, જગતને પ્રથમ તે પોતાનામાંથી પોષણ આપે છે. એ જ અન્નદાતા,

અન્નપૂર્ણા મા સીધી રીતે નહિ તો રાંધી પીરસીને આપણને પોષવાની વૃત્તિ તૃપ્ત કરે છે; એમાં તે પ્રસન્ન રહે છે; એમાં તે પળે પળે માતૃત્વની સંપૂર્ણતા કેળવે છે અને તેનો આનંદ અનુભવે છે.

જેમ ઘવરાવતાં ઘવરાવતાં બાળક ઉપર ઉમળકો આવે છે ને ધાવણ અમૃત રૂપ થાય છે તેમ પીરસતાં પીરસતાં બાનું હૈયું કોળે છે અને તેના મનમાં આનંદના ઉમળકા આવે છે. એમ કહેવાય છે કે ભલે ટાઢો રોટલો ને મીઠું પણ બા ખવરાવતી હોય ને વાંસા ઉપર હાથ ફેરવતી જતી હોય તો છોકરાને શેર લોહી ચડે છે. ખવરાવતી વખતે બાળકોને પંપાળવાની–ચાટવાની કુદરતી ટેવ ઢોરોમાં પણ છે. બાનો પીરસવાનો ખવરાવવાનો હકક બા પાસેથી દુરાગ્રહથી છોડાવવો ઠીક નથી. બાની જગા રસોયો લઇ લે ને બા માત્ર એક જમનારી શેઠાણી થઇ બેસે એવું બાને ગમે તો બાનું આપણું ઓછું થાય છે કે નહિ તે વિચારવા જેવું છે. છતાં તે પ્રશ્નનો વિચાર બાને જ સોંપીએ. એમ જ બા માત્ર ભઠીયારી બની જાય અને બાળકો માત્ર જમનારાં થઇ પડે એ પણ સારૂં નથી. એ બરાબર જ છે. રસોઇ રસોયો કરી શકે પરંતુ બાનો પીરસવાનો ખવરાવવાનો હકક કાયમ રહેવો જોઇએ.

એવું પણ જોવામાં આવે છે કે બા રસોઇ કરતી નથી; અગર કરે છે તો જમતા પહેલાં. જમવાને વખતે બા એક મધ્યસ્થ વ્યક્તિ જેમ બિરાજે છે ને પોતાની પાસે તમામ વાનીઓ રાખી પોતે પીરસતી જાય છે ને જમતી જાય છે. સાથે જમવાના આનંદને તે ગરમાગરમ રોટલી ઉતારીને આપી દેવા કરતાં વધારે ગણે છે, અને સાચે જ તેમ છે. બા સાથે જમે, જમતી જમતી હેતથી પીરસતી જાય, નવી નવી વાતો કરતી જાય, હસાવતી જાય એ ચિત્ર પ્રિય લાગે છે. ઘણી સંસ્કારી માતાઓ એ ઢબે બાળકોને જમાડે છે. બા દેખરેખ રાખી રસોઇ કરાવે ને પછી જમતી વખતે અન્નપૂર્ણા થઇને બેસે એ બોટું નથી પણ સારૂં છે. તો બા પોતાનાં બાળકોને વધારે જીવન્ત અને પ્રેરક લાગશે.

શ્રીદક્ષિણામૂર્તિ અક્ષરજ્ઞાન યોજનાને મરાઠી ભાષામાં મૂકવાની તૈયારીઓ થઇ રહી છે.

કેટલાંક મોટાં કુટુંબોમાં બાને બીજી ઘણી પ્રવૃત્તિઓ હોય ત્યાં રસોઇ રસોયો કરે છે. ભલે તેમ થતું હોય. બા, બાપા, બાળકો સૌ સાથે બેસે છે અને સાથે વાર્તાલાપ કરતાં કરતાં જમે છે; બાપા કરતાં બાની નજર બાળકોના થાળ પર વારે વારે દોડે છે. પ્રેમભરી દૃષ્ટિથી તે બાળકને પીરસવાનું કે જમવાનું કહ્યા કરે છે. અને જ્યાં રસોયા કુશળ, સભ્ય અને જ્ઞાનદાન પીરસનારા હોય ત્યાં તો બા પૌષ્ટિક ખોરાકમાં પોતાની મીઠી વાતોથી પૂર્તિ કરે છે ને ખોરાક અને પાચનમાં મદદ કરે છે. આવું પણ પોસાય ત્યાં કબૂલ રાખવા જેવું. એટલું જ નહિ પણ વખાણવા જેવું છે.

વિચારો અંતે એમ દોડે છે કે રસોડામાં

બા એક અજાણ વ્યક્તિ ન બનવી જોઇએ. બાએ રસોઇ બનાવવાની બટપટમાં એટલા બધા ન પડવું જોઇએ કે નાની લલીઓના શબ્દો તેને સંભળાય જ નહિ. બાએ રસોડામાંથી એટલી હદે નીકળી ન જવું જોઇએ કે છોકરાંને માટે રાંધનાર તો રસોયો ને જમાડનાર તો આયા અથવા ચાકરડી. બાએ અને બાપાએ એ બાબત પર ધ્યાન રાખવું જોઇએ કે મોટાંઓની વાતો આડે બાળકોને કોઇ સાંભળે જ નહિ અને નાની લલીઓની ઝીણી ઝીણી વાતો તો મોટા ઘોંઘાટમાં ક્યાંય પડી રહે.

બાળકોને પહેલાં જમાડી લઇ પછી માબાપોએ જમવું કે કેમ એ વિચાર જેવા જેવો છે. કેટલાંક માબાપોનો શોખ એવો છે કે બાળકો અને પોતે સાથે જમે તે તેમને ગમે. આમાં માબાપોની કુટુંબભાવના પ્રધાન છે. સાથે જમવા બેસવું એ એક કુટુંબગત આનંદ છે. જ્યાં બાળકો અને માબાપોને સાથે બેસવાની સારી વ્યવસ્થા હોય, જ્યાં માબાપો જમતી વખતે માત્ર સાથે જમે નહિ પણ સાચે જ સાથે જમે એટલે બાળકોની દુનિયા સાથે ભળી જઇ તેમના આનંદોમાં વધારો કરીને જમે ત્યાં આ રીત સુંદર છે. ઉદ્યોગી માબાપો એકી સાથે બાળકોના પ્રસંગમાં દિવસ આખામાં થોડાં આવે છે. આ પ્રસંગ સૌને ભેગાં કરવાનો અને સૌનો એક સામાન્ય આનંદનો બની શકે. બુદ્ધિશાળી અને ભાવનાશાળી માબાપો જમવાના સ્થળને ભારે આકર્ષક અને પ્રેરણાત્મક કરી શકે; બાળકોને માટે શરીરનો તેમ જ મનનો ખોરાક મેળવવાનું સ્થાનક બનાવી શકે.

બાળકોને પહેલાં જમાડી દેવામાં પણ કેટલાંક કારણો જોઇએ. માબાપોનું જમવાનું મોડું રહેતું હોય અગર માબાપો સાથે બહાર જમનારાઓ હોય અર્થાત્ જ્યારે બાળકોને માબાપ સાથે જમાડવાનું અનુકૂળ ન હોય ત્યારે બાળકોને વહેલાં જમાડવાનું રાખવું જરૂરનું છે. બાળકો માબાપો સાથે જ એમ વળગી રહેવાની જરૂર નથી. પણ બાળકોને જમાડવાં એટલે એક ઉપાધિમાંથી મુક્ત થવું અને પછી પોતે નિરાંતે, શાંતિથી, આનંદથી ફડાકા મારતાં જમવું એ બરાબ વૃત્તિ છે. બાળકો આપણને જમવામાં કનડે છે માટે કાઢો તેમને નોબાં, એ સ્વાર્થદૃષ્ટિ ત્યાજ્ય હોય. તો તો બાળકોને સુવ્યવસ્થિતપણે શાંતિથી, સફાઇથી જમતાં શીખવવાની અને સાથે જ બેસવાની આપણી ફરજ છે. આપણે જેમ જમવું આવશ્યક ક્રિયા છે તેમ જ બાળકો પ્રત્વે સમજવું. પણ બીજાં કારણોસર બાળકો આગળ પાછળ બેસી શકે. છતાં જમવાની વ્યવસ્થા, શાન્તિ, બાની પ્રેમપ્રેરણા, બાપાનો ઉત્સાહ વગેરે તો તેમને મળવાં જ જોઇએ. છતાં બા જમાડનાર હોય ને બાળક જમનાર હોય એમ બનતું અટકવું ન જોઇએ. બાની કે બાપાની હાજરી અને દેખરેખ તો અવશ્ય જોઇએ જ જોઇએ. બાળકો જમે એ બસ નથી પણ બાળકો સંસ્કારી વાતાવરણમાં હૂંફમાં, વાર્તાવિનોદ સાથે જમે એ જરૂરનું છે. નાની લલીની ઝીણી ઝીણી વાતો જ્યાં સંભળાય તેમ જમે એ જરૂરનું છે.

નાની લલીના થોડાક શબ્દોએ મારી પાસે જે છૂટા છવાયા વિચારો કરાવ્યા તે અહીં ટાંક્યા છે. માબાપો તે જોશે અને પોતાના વિચારો ઘડશે. ગિ.

માબાપ થવું અઘરું છે

વાઢાંરૂઢાં કે વાંઝીયાંને ખબર નથી કે માબાપ થવું બહુ અઘરું છે. થરથરતી જાંગે જણનારી મા જણેતાને જ ખબર પડે છે કે મા કેમ થવાય છે. અંધારામાં ને ગંદકીમાં પણ શેઠની ગાળો ખાઇને કે માર સુદ્ધાંત ખાઇને બે પૈસા લાવીને ઘરનું પેટ ભરનાર બાપને જ ખબર પડે છે કે બાપ કેમ થવાય છે.

બાળકો માંદાં પડે ને તેમની પથારી પાસે અદ્ધર જીવે બેસી રહેનારાં માબાપને જ બબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને ઉછેરવાં ને મોટાં કરવામાં જે ઘરાઇને ધાન ખાતાં નથી ને સુખે પૂરી ઊંઘ પણ લેતાં નથી તે માબાપોને બબર છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને ભણાવી ગણાવી હુશિયાર કરવાની જે માબાપને ચિંતા છે તેમને જ બબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને ભણવા કે રળવા પરદેશમાં મોકલી સૂના ઘરમાં એકલાં એકલાં બેઠેલાં ને એકબીજાની સામે જોઇ રડી પડતાં માબાપને જ બબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને લડવા મોકલનાર માબાપનાં ફડફડતાં કાળજાંને સાંભળનારને જ બબર પડી શકે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને મેળવીને, ચાહીને, તેમને ગુમાવી દેતાં માબાપને મન શું થાય છે તે જે માબાપે જાણ્યું છે તેમને જ બબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

માબાપ થવું ભારે અઘરું છે. વાઢાંરૂઢાં ને વાંઝીયાંને એની શી બબર?

અને છતાં માબાપ થવું એ જ જીવનનો લ્હાવો છે. એ જ જીવનનું નવનીત છે. એ જ જીવનનો વિકાસ છે. ગિ.

બાળક મનમાં બોલે છે

આવી નિશાળ નથી ગમતી.

કારણ કે માસ્તર મારે છે.
કારણ કે માસ્તર મેલાં કપડાં પહેરે છે.
કારણ કે માસ્તર તમાકુ બાય છે.
કારણ કે માસ્તર ભૂંડાં બોલે છે.
કારણ કે માસ્તર વારેવારે ઓકાં બાય છે.
કારણ કે માસ્તર બીજાય છે ને સોટી પછાડે છે.
કારણ કે માસ્તર જેની તેની સાથે વાતો કર્યા કરે છે.
કારણ કે માસ્તર ઘરડા ડોસલા છે.

બાળક મનમાં બોલે છે

આવા બાપા નથી ગમતા.

કારણ કે બાપા ધમકાવે છે.
કારણ કે બાપા તમાચો મારે છે.
કારણ કે બાપા બેસાડી રાખી પાઠ વંચાવે છે.
કારણ કે બાપા રમવા દેતા નથી.
કારણ કે બાપા બા સાથે બાઝે છે.
કારણ કે બાપા તમાકુ બાય છે.
કારણ કે બાપા વારે વારે 'ચુપ' "ચુપ" કરે છે ને ડોળા કાઢે છે.

બા મારે છે

"કોને કોને પોતાની બા મારે છે?"

"અમને." "અમને." પચાસ હાથ ઉંચા થયા.

"ચંપક, તમને કેમ મારે છે?"

"ખુરશી ઉપર ચડીને કૂદકા મારીએ છીએ એટલે."

"લીલુ, તમને કેમ?"

"બાને દાંતીએ માથું ઓળીએ છીએ માટે."

"શીવજી, તમને કેમ?"

"અમે બાપાની કલમે લખતા હતા માટે."

"રાધા, તમને કેમ?"

"બાને કીધું મારે ઝટ બાવું છે માટે."

"કિરીટ, તમને કેમ?"

"અમે તોફાન કરીએ છીએ માટે."

"શું તોફાન કરો છો?"

"કોણ જાણે."

"શૈલેશ, તમને કેમ?"

"બા સાથે સિનેમા જોવા રડીએ છીએ માટે."

"દેવીબેન, તમને કેમ?"

"અમે કજીયા કરીએ છીએ માટે."

"શું કામ કજીયા કરો છો?"

"અમને બબર નથી." ગિ.

બાબાપેાને શું કહેવું?

બાળકો રમતાં હતાં. હાસમ મંદ થઇને બેઠો હતો.

"હાસમ, ઉઠો ઉઠો, જાઓ પેલા રમે છે તેની સાથે રમો તો."

હાસમે સામેય ન જોયું. એમ ને એમ બેસી રહ્યો.

હાસમને હાથ લગાડ્યો. શરીર ગરમ હતું. થરમોમિટર મૂકયું તો તાવ ૧૦૧ ડિગ્રી હતો.

ચંદ્રા રડતી રડતી મારી પાસે આવી.

"કેમ રડો છો બેન? શું જોવે છે?"

ચંદ્રા બોલી નહિ. રડવા લાગી.

"ચંદુભાઇ, થરમોમિટર લગાડો જોઇએ. વખતે એને પણ તાવ ન હોય."

ચંદુભાઇ તપાસીને કહેઃ "૧૦૨॥ ડિગ્રી તાવ છે."

વિનુ રડતો રડતો સૂતો હતો.

"વિનુભાઇ, ઉઠો જોઇએ. ચાલો ચિત્રો બતાવું."

વિનુને હાથ આંપી ઉઠાડવા ગયો તો બમણો રોવા માંડ્યો. વિનુને ઉપાડીને તેડ્યો ત્યાં તો ચીસે ચીસ પાડી. શરીરે તાવ તો ન હતો. લૂગડાં કાઢીને જોયું તો સાથળ પર સોજો હતો અને ધામીયું ગુમડું હતું.

રાધા વાર્તા સાંભળતાં સાંભળતાં એકાએક રડવા લાગી. મેં શાન્ત પાડવા માટે બોળામાં લીધી. મારો બોળો ભીનો થઇ ગયો. તેને પાણી જેવા ઝાડા થયા હતા ને પેટમાં વાઢ થતી હતી.

શાન્તાબેન સામે ઉભાં હતાં. માથા સામે જોયું તો તેના માથામાં જુઓ દેખાણી. એક

બે તો ચાલી જતી હતી. એક શિક્ષિકાબેને બે ચાર તો ત્યાં જ લઈ લીધી. શાન્તાબેન બધો વખત માથું ખંજવાળતાં હતાં અને શરીરે દૂબળાં અને નિસ્તેજ પડેલાં હતાં.

* * *

બાલમંદિરમાં આવાં બાળકો પણ આવે છે. ગરીબનાં આવે છે એમ નહિ, પૈસાદારનાં પણ આવાં જ આવે છે. માબાપનું તે તરફ ધ્યાન ખેંચીએ છીએ ત્યારે કોઇ કહે છે: "એમ ? એને તાવ હતો ? આવ્યો હશે." કોઇ કહે છે: "માળું ! તાવ તો એને આવતો નથીને ? એ તો ઉતરી જશે." કોઇ કહે છે: "એ તો ઉનાળો ગયો છે એટલે ધામીયું થયું છે. છોકરાંને આ ઋતુમાં ધામીયાં બહુ થાય." કોઇ કહે છે: "એ તો એણે કાચા ઘઉં બાધા હતા એટલે ઝાડા થઇ ગયા હતા. દાક્તરે દવા આપી તે નીકળી ગયા."

માબાપો ! કહો ત્યારે, મારે અને તમારે શું કરવું જોઇએ ? ગિ.

શા માટે મારો છો ?

શિક્ષકો અને માબાપો બાળકોને મારે છે એ વાત સાચી જ છે. શિક્ષક કે માબાપને પૂછશું કે શા માટે મારો છો તો તેઓ કંઇ ને કંઇ કારણ બતાવશે. આવાં કુલ કારણો કેટલાં હશે તે જો જાણવા મળે તો તે કારણો સાચાં છે કે ખોટાં તેનો વિચાર કરી શકાય. અને એવાં કારણો પેદા જ ન થાય તો મારવાનું કામ બંધ થઇ જાય. માબાપો અને શિક્ષકો પોતે બાળકોને શાં શાં કારણોથી મારે છે તે જણાવવા કૃપા કરશે ?

વગી માર ઘણા પ્રકારના મારવામાં આવે છે. શરીરને અને મનને બન્નેને માર મારવામાં આવે છે. તો મારના કુલ કેટલા પ્રકાર થઇ ચૂક્યા છે તેની પણ એક યાદી તૈયાર કરવાની જરૂર છે. જો મારવાનાં કારણો બાજુએ મૂકીએ તો મારના પ્રકારની વિસ્તૃત યાદી દરેક મારનારને ઘણી કામની થઇ પડે એમ ધારી તેને છપાવીને પ્રગટ કરવામાં આવે.

આ બાબતમાં માબાપો અને શિક્ષકો અમને પૂરેપૂરી મદદ કરશે આવી આશા છે.

તંત્રીઓ

અભણ ગરીબની જેમને દાઝ હોય તેમને

અક્ષરજ્ઞાન યોજનાનું સાહિત્ય આપ મંગાવી જોઇ જશો.

અભણ લોકોને મફત ભણાવવાની આ યોજના છે.

આ યોજના દાનશૂર શ્રીમન્તોને આધારે ચાલે છે ને ચલાવવાની છે.

આપ એક પાઇથી માંડી ૧૦૦૦૦ સુધીની વચ્ચેની કોઇ પણ નાની મોટી રકમ આપવા જેટલા શ્રીમંત અવશ્ય છો જ.

આપને ગરીબોની બાતર હૈયે હરિ વસે તો ઠીક લાગે તે રકમ મોકલી આપશો.

ગિજુભાઇ અને **તારાબેન** મુખ્ય તંત્રવાહકો

પ્રશ્નોત્તર

પ્રશ્ન ૧–બાળવાર્તા ભાગ ત્રીજાની કાગડો અને કોડીયું નામની વાર્તામાં કાગડાએ ચાંચ ધોવા માટે પુષ્કળ પ્રયત્ન કર્યો, પણ આખરે ચાંચ ધોયા વગર જ કોડીયું કાપીને ખાધું જ્યારે ખરી રીતે દાતરડું કોડીયું કાપવા માટે ન હતું, પણ તે વડે ઘાસ વાઢવા, તે ગાયને નીરવા, ગાયનું દૂધ કુતરાને પાવા એ ક્રમમાં છેવટે ચાંચ ધોઇ કોડીયું ખાવાનું હતું. વાર્તામાં તેમ નથી થયું. જે કામ જે રીતે કરવું જોઇએ તે રીતે ન કરતાં ગમે તેમ કરીએ તો પણ ચાલે એવો ખ્યાલ આના ઉપરથી બાળકને ન આવે?

ઉત્તરઃ મતલબ તો એ જ છે. વાર્તા બહુ લાંબી થઇ ગએલી એટલે છે તે ટૂંકામાં લખ્યું છે. છતાં ભાવાર્થ એ જ છે કે કાગડો ચાંચ ધોઇને કોડીયું ખાય છે. છાપવામાં ભૂલ છે. તમારી સૂચના યોગ્ય છે.

પ્રશ્ન ૨–સાત પૂંછડીઓ ઉંદરની વાર્તામાં ઉંદરે બધી પૂંછડીઓ કપાવ્યા પછી ઉંદર સંધાવા ગયો; સુથારે ન સાંધી આપી. હવે જુઓ પાન ૫૦ ઉપરઃ "કાગડાએ ઉંદરભાઇને પૂંછડીએ ઝાલી ઉંચે ઉપાડ્યા." પૂંછડી હતી જ નહિ તો પકડી કયાંથી? આ જ વાર્તામાં કોણ માને હળે જોડે છે. દુઃખના સમયમાં માબાપ પાસે પણ અયોગ્ય કામ કરાવાય એવો ખ્યાલ આ ઉપરથી બાળકને ન આવે?

ઉત્તરઃ પૂંછડી ન હતી એ વાત ધ્યાન બહાર ગએલી. ધ્યાન ખેંચ્યું માટે ઉપકાર ઘટે છે.

કોણ માને હળે જોડે છે તે ઉપરથી તેમ કરાય એવો અર્થ નીકળતો નથી. વાર્તામાં તો અનેક રતુલ અને લાજ્ય વસ્તુનું વર્ણન આવે. દરેક વખતે આ વાત આવે ત્યારે બાળકો કણબીને ધિક્કારે જ છે. વાર્તા કહેતી વખતે ધિક્કારભર્યા અવાજે કહી શકાય છે. તેમ જ ઉંદરના મોઢામાં પણ ધિક્કાર સ્પષ્ટ છેઃ "અરે ભૂંડા, આ શું કરે છે? માને તે વળી હળે જોડાતી હશે?"

પ્રશ્ન ૩–પાંચ બહેરાંની વાર્તામાં છેલ્લે બહેરી દીકરી કહે છેઃ "ભાવે તો પરણાવો અને ભાવે તો ઘરઘાવો. એમાં મને શું પૂછો છો?" નાનાં બાળકોને આમ પરણાવવાની બાબતો જણાવવી એ ગેરવ્યાજબી નથી લાગતું? આપ કહેશો કે આડોશીપાડોશી ને સગાંવહાલાંમાં લગ્ન થાય ત્યારે તે જાણે છે જ. એ વાત સાચી તેમ છતાંએ આ વાર્તા વાંચીને બાળક પરણાવવું એટલે શું અને શા માટે એમ પૂછે, ત્યારે શો જવાબ આપવો?

ઉત્તરઃ પરણવાની વાત તમે લખો છો તેમ વાર્તામાંથી કાઢી નાખીએ તો પણ બાળકોની આગળ આવવાની જ અને તેઓ તેને લગતા પ્રશ્નો પૂછવાનાં જ. તે બાબતમાં આપણે બાસ ગભરાવું નહિ એટલે બાળકો આપણને જરાયે મુશ્કેલીમાં મૂકતાં નથી. આપણા જ મનમાં તેમને ન કહેવા જેવો એવો ઉંડો અર્થ હોય છે માટે આપણે જવાબ દેતાં અચકાઇએ છીએ. નહિ તો બાળકોને મન તો લગ્નના વરઘોડા, જમણો ને જાન વગેરે ભારે મજાના અર્થો હોય છે. વાર્તામાં કાંઈક વાંધાવાળો

શબ્દ હોય તો 'ધરધાવે' છે. તેનો અર્થ તેઓ પૂછે છે. આપણે બીજીવારનાં લગ્નો એમ કહીએ તો તેઓ સમજી જાય છે.

પ્રશ્ન ૪–ભટુરીઆંની વાર્તામાં આવે છે કે રાક્ષસ બારણાં ભાંગી અંદર ગયો; બચ્ચાંને ખાઇ ગયો અને બારણાં બંધ કરી નીરાંતે સૂતો. બારણાં ભાંગી નાખ્યા પછી બારણાં બંધ શી રીતે કર્યાં ? આ ખરેખરી ભૂલ નથી ?

ઉત્તરઃ હા, ભૂલ છે. 'બારણાં બંધ કરી' નહિ પણ બારણામાં સૂઇ ગયો એમ જોઇએ.

પ્રશ્ન ૫–હતું ત્યાં મેલી આવની વાર્તામાંના છોકરાએ ધૂણવાનો ઢોંગ કર્યો. અંદર ભૂત વળગવાની વાત છે. આથી બાળકના મન પર ભૂતના અસ્તિત્વનો અને ધૂણવાનો ખોટો વહેમ ન આવે ?

ઉત્તરઃ આ વાર્તા અમારે મન વહેમને ઉત્તેજનારી નથી, પણ વહેમને હસી કાઢનારી છે; ભૂત વળગે એ વાત ખોટી છે એવો ભાસ કરાવનારી છે. ને ભૂત વળગ્યાનો ઢોંગ કરનારા વહેમી ને ભોળી ડોશીઓને કેવા છેતરે છે તેની પણ ઝાંખી કરાવે તેવી છે.

પ્રશ્ન ૬–ઘાસકા પૂળા ખા જા, ને દૂધકા દોણા ભર દેમાં શિયાળને નાત બહાર મૂકવાનો ડર બતાવ્યો છે. અસલ નાતો ગમે તે કારણથી પડી છે. નાતનો હાઉ વિદ્યાભ્યાસમાં અને લગ્ન વ્યવહારમાં અનેક દખલ કરી રહ્યો છે. એવે વખતે આ વસ્તુ બાળકોને નુકશાન કરનારી ન નીવડે ?

ઉત્તરઃ વાત સાચી છે. પણ બીજી રીતે વાર્તા બાળકોની પ્રિય વાર્તા છે. માટે આવી બાબતમાં ચીકણાઇ ન કરીએ તો ચાલે. એટલું બરૂં કે "નાતીલાઓ" ને "નાત બહાર મૂકશું" ને "નાત માબાપ છે" વગેરે આપણાં મનુષ્યસમાજના કુરિવાજની ભાષા વાપરવાથી આપણી નાત–પટેલીયાના જુલમની વાસ ઉદ્ભવ થઇ છે. તે ટાળી શકાય. શિયાળીયાઓ તેને મારવા દોડ્યા એટલે શિયાળે કહી દીધું...વગેરે કે એવી કાંઇ પશુઓના જીવનને શોભે એવી ભાષા વાપરી નાતની બીકની વાત ઉડાડી શકાય.

તા.

મોન્ટીસોરી અધ્યાપનમંદિર

નીચેના વિદ્યાર્થીઓ ચાલુ વર્ષમાં આવ્યા છે.

શ્રીમતી આયમાયણેન નાનાભાઇ
„ સરસ્વતીબેન શુકલ
„ કાશીબેન મથુરભાઇ
„ લીલાવતી ચંદુલાલ
„ ગિરિજનબેનઃ ભોગીભાઇ તરફથી સ્કૉલર
શ્રી. ચંદુલાલ મૂળચંદ ઝવેરી
શ્રી. રસિકલાલઃ જૈનશ્વેતાં૦ પોરવાડ જ્ઞાતિ તરફથી
શ્રી. ત્રંબકલાલઃ શેઠ ઝવેરભાઇ તરફથી સ્કૉલર
શ્રીમતી કાન્તાબેન છોટાલાલ
શ્રીમતી જયાબેન પારેખ–ગયા સત્રથી ચાલુ છે.
„ અનસુયાબેન ઠક્કર–વધારે અભ્યાસ અને અનુભવ માટે આગળ.
„ કુમુદબેન પારેખ–વધારે અભ્યાસ અને અનુભવ માટે આગળ.

બાળ ક્રીડાંગણ માટે

ત્રણ વિદ્યાર્થીઓ કચ્છના શેઠ સુરજીભાઇ તરફથી સ્કોલરશીપ મેળવીને આવેલા છે.

શિક્ષકો અને પોતાની બાલ્યાવસ્થા

ટોલ્સ્ટોયને મહાન્ તત્ત્વચિંતક તરીકે સૌ પિછાણે છે. તે એક શિક્ષક તરીકે પણ પ્રસિદ્ધ છે. તેણે જાતે શાળા ચલાવેલી. શિક્ષણ વિષયક તેના વિચારો મનનીય છે. કોઇ લેખકે લખ્યું છે કે ટોલ્સ્ટોયની શિક્ષક તરીકેની યોગ્યતા અને સફળતા તેની પોતાની બાલ્યાવસ્થાની સ્મૃતિને આભારી હતી. સાચે જ ટોલ્સ્ટોયને પોતાની બાલ્યાવસ્થા સારી પેઠે યાદ હતી. તેને પોતાને પોતાનાં માબાપો અને શિક્ષકોના વર્તનની સ્મૃતિ મજબૂત હતી. બાળક તરીકે તેની આકાંક્ષાઓ, કલ્પનાઓ વગેરે કયાં હતાં અને તેથી વિરુદ્ધ મોટાંઓ કયાં હતાં તે તેને યાદ હતું. બાળકો પ્રત્યે મોટાંઓ કેવી ઘૃણા, બેદરકારી, અસહાનુભૂતિ રાખે છે તેનો તેને થએલો અનુભવ તે ભૂલ્યો ન હતો. બાળકોને શું ગમે છે ને શી શી વસ્તુઓ અને ક્રિયાઓ તેને મન મહામૂલ્ય છે તેનું વિસ્મરણ તેને થયું ન હતું. આમ હોવાથી તે મોટી ઉંમરે શિક્ષક તરીકે કામ કરવા લાગ્યો ત્યારે બાળકોને સારી-પેઠે સમજી શકતો. તેણે શિક્ષણશાસ્ત્રના વિચારોમાં ઉમેરો નથી કર્યો; તેણે ખાસ નવીન શિક્ષણ-પદ્ધતિ પણ નથી યોજી. છતાં તેનાં બાળકો તેને બહુ ચાહતાં. તેને દોસ્ત તરીકે સમજી તેના પ્રેમને ઝીલવા તેઓ તેનાથી અળગાં પડતાં જ નહિ. શાળાના વખત પછી પણ શાળામાંથી નહિ બસનાર બાળકોને તેને પરાણે હાંકી કાઢવાં પડતાં. માબાપો સાથે જેમ બાળકો બેલગેલ કરે તેમ ટોલ્સ્ટોય સાથે નિશાળીઓ કરતા. ટોલ્સ્ટોય પોતાનાં બાળકોને સોટી અને શીખા-મણથી વશ નહોતો રાખતો. તેને બાળકો વશ વર્તતાં હતાં. બાળકોના મનોભાવોમાં તે પેસી શકતો અને તેને તે અચ્છી રીતે પોષતો. આ બધાનું કારણ ટોલ્સ્ટોય પોતે માનતો, અને કબૂલ રાખવા જેવું છે તેમ તેને બાલ્યાવસ્થાની સ્મૃતિ હતી.

ઘણુંખરું આપણે બાલ્યાવસ્થાને વિસરી ગએલા છીએ એમ આપણને લાગે છે. સાધારણ રીતે નાનપણના બનાવો સંભારવા બેસતાં તે તુરત યાદ આવતા નથી દેખાતા. કેટલાએકને બાલ્યા-વસ્થાનો વિચાર કરવો કે તે સંભારવી નિરર્થક એટલું જ નહિ પણ હલકું લાગે છે. પોતાની બાલ્યાવસ્થાની કેટલાકને પરવા જ જાણે કે ન હોય તેમ તેના તરફ કોઇ કોઇ જુએ છે.

ખરી રીતે જીવનમાં બાલ્યાવસ્થા જ મહ-ત્વનો કાળ થઇ ગયો. એ અવસ્થાના પાયા ઉપર આજનો વર્તમાન ઘડાયો છે. એ પણ અર્ધ સત્ય છે; ખરું અને સંપૂર્ણ સત્ય તો એ છે કે બાલ્યાવસ્થાને જ મોટા પ્રમાણમાં અને સ્વરૂપમાં આજે આપણે આજની અવસ્થા કહીએ છીએ. બાલ્યાવસ્થા આવી ને ગઇ નથી; એ આવી તે સદાને માટે આપણી સાથે રહી. આનો અર્થ એ છે કે બાલ્યાવસ્થાનાં વર્ષોમાં આપણું જે બંધારણ થયું, માનસિક શક્તિઓનો જે ઉઘાડ થયો, ઇંદ્રિયોએ જે વિકાસ સાધ્યો અને સૌથી વધારે તો નૈતિક, લાગણી વિષયક અને ધાર્મિક વૃત્તિઓ જેવી ઘડાઇ, તેવું જ બધું આજની ઘડી સુધી રહ્યું છે. જે બધું બાલ્યાવસ્થામાં જ મળ્યું યા તો લીધું, તેને

આજે આપણે વધારી અથવા ઘટાડી રહ્યા છીએ; દૃઢ અથવા નિર્બળ કરી રહ્યા છીએ; ઓપ આપી રહ્યા છીએ અથવા ઝાંખું કરી રહ્યા છીએ. બાલ્યાવસ્થામાં બી ઉગ્યું, મૂળ નખાયાં, થડ ડાળી અને પાંદડાં આવ્યાં અને કેવાં ફળ ફૂલો આવશે તેનો પાયો નંખાઇ ગયો. પછીની અવસ્થામાં તો થડ ઊંચું થાય છે, ડાળો મોટી થાય છે, એવાં ને એવાં પાંદડાં વધે છે; તેમ જ માણસ વિષે પણ છે. ટૂંકમાં ૧૦૦ વર્ષ સુધી જીવવાનો માણસ જેમ નવ માસમાં ગર્ભમાં રહી બંધાય છે તેમ જ બાલ્યાવસ્થામાં માણસનું બને છે. માટે આજના પોતાને સમજવાને, પોતાની શક્તિ અશક્તિનાં કારણો જાણવા માટે, પોતાનાં વલણો રુચિઓ વગેરેનાં બળો શોધવા માટે બાલ્યાવસ્થાની પાસે જવું જોઇએ. આજના માનસિક રોગોના વૈદ્યો કોઇ પણ માનસિક રોગનું મૂળ બાલ્યાવસ્થાના કાળમાં શોધવા જાય છે ને ત્યાંથી તે તેમને મળી આવે છે. માણસની અદ્‌ભુત શક્તિ અને વિચિત્ર નિર્બળતાઓની શરૂઆત કેવી રીતે બાલ્યાવસ્થામાં થઇ તેનો અભ્યાસ આજના ઘણા શિક્ષણશાસ્ત્રીઓને રસિક થઇ પડ્યો છે. પાછળની અવસ્થામાં જ્ઞાન વધે છે, બળ વધે છે, વપરાશ વધે છે પણ તેના ચીલાઓ બીજો તો કયારનાંએ પડી ચૂકેલાં હોય છે.

આટલી મહત્ત્વની બાલ્યાવસ્થાને અવગણી શકાય નહિ. ઉજ્જડું તેને સંભારી આપણી વર્તમાન અવસ્થાનાં મૂળો આપણે શોધવાં જોઇએ. વળી આપણી બાલ્યાવસ્થાને સંભારી આપણે આજનાં બાળકોની બાલ્યાવસ્થા વિષે આદરભાવ રાખતાં શીખીએ. જે બાલ્યાવસ્થા આપણને અત્યંત પ્રિય હતી તે જ બાલ્યાવસ્થામાંથી પસાર થનાર સૌનું આપણે સન્માન કરીએ. જે બાલ્યાવસ્થા પ્રત્યે આપણે માબાપની અને શિક્ષકની સહાનુભૂતિ, ઉદારતા ને સમજણ માગતાં હતાં અને તે ન મળતાં આપણે અનેક રીતે હિજરાતાં હતાં તેની પ્રત્યે આપણે તો યોગ્ય વર્તન રાખતાં શીખીએ. ટોલ્સ્ટોય જ્યારે મોટો બની જઇ બાળકો તરફ વર્તવા બેસી જતો હશે ત્યારે બાલ્યાવસ્થાની તેની સ્મૃતિ તેની સામે આવતી હશે અને તે તરત જ જુદો બની જતો હશે. આપણે શિક્ષકો આપણી બાલ્યાવસ્થાને સંભારીએ, તેમાં આપણા વિકાસનાં–અવિકાસનાં મૂળ શોધીએ, બીજાની બાલ્યાવસ્થા જીવનના ઘડતર માટે કેટલી સંભાળવા જેવી વસ્તુ છે તે સમજીએ, અને આપણી મુશ્કેલીઓ સંભારી અન્યની બાલ્યાવસ્થા પ્રત્યે વિશાળ દિલના રહીએ. ગિ.

કચ્છ શિક્ષણ સંમેલન

સ્વાગત પ્રમુખ નીમાયા **કાંતિલાલ મુ.ધોળકીયા**

કચ્છના આગેવાનો અને વિદ્વાનોનો ઉત્સાહ ચડતો આવે છે. સંમેલનને કચ્છી તમામ પ્રજા સફળ બનાવવા આગળ આવશે જ.

પાંચ હજાર પત્રિકા આશા રાખે છે કે આ વર્ષે તે પાંચ હજાર ગ્રાહકોના હાથમાં મૂકાય. તે માગે છે કે અત્યારનાં ગ્રાહક બાઇબહેનો દરેક એક એક અથવા બે બે નવા ગ્રાહકો મેળવી આપી પત્રિકાની ઇચ્છા પાર પાડે. **તંત્રીઓ.**

ગામડાના શિક્ષકે શું વાંચવું ?

શહેરના શિક્ષકો ધારે તો જાહેર વાચનાલયમાં કે પુસ્તકાલયમાં જઈ શિક્ષણ વિષયક પત્રો કે પુસ્તકો વાંચી શકે. શહેરમાં હરેક જાતનાં પુસ્તકો અને પત્રો એક અથવા બીજે ઠેકાણે મળી શકે છે. પણ ગામડામાં જાહેર વાચનાલય કે પુસ્તકાલય નથી હોતાં. શિક્ષક પોતે પોતાના ટૂંકા પગારમાંથી ખર્ચ કરી કટકાયે વાંચવા જેવાં પુસ્તકોમાંથી એકાદ પણ ભાગ્યે જ ખરીદી શકે. એકાદ પત્ર મંગાવવું તેને જરૂર ભારે જ પડે છે.

શિક્ષણનાં કે હરેક ધંધામાં પડેલ માણસે પોતાનો ધંધો તેજ રાખવા અને સફળ કરવા હંમેશ અદ્યતન રહેવું જ પડે. જે પોતાના ધંધામાં વધતી જતી નવી શોધખોળો જાણે નહિ તે પછાત રહી જાય અને તેની કિંમત ઘટતી જાય. એવા સેંકડો શિક્ષકોવાળું કેળવણી ખાતું પોતાના ખાતાના શિક્ષકોને આગળ વધાર્યાં ન કરે તો ખાતું પોતે જ પછાત પડતું જાય અને તેની કિંમત બીજાં ખાતાઓની મિસાલે ઓછી અંકાય. આ દૃષ્ટિએ શિક્ષકનું વાચન અદ્યતન જોઈએ જ જોઈએ.

આ વાચન આજે તો ખાતાએ જ પૂરું પાડવું ઘટે છે. ગરીબ શિક્ષકોને આગળ વધારવાની દાઝ ખાતાને જ હોવી જોઈએ છે. ખાતાના સમજુ અને પ્રાગતિક વિચારના અમલદારો આ વાત જાણે છે અને આચરે પણ છે. શિક્ષકોથી શોભનારનો વડો અમલદાર કદિ પણ આ વાત વિસરતો નથી.

શુભાશયી શિક્ષણના વડાઓ શિક્ષકોની શક્તિ તેમને કાયમ સારૂં વાચન પૂરું પાડીને જ વધારશે. તેમના માટે તે આવું કંઇક પોતાની નજરમાં આવે તેમ અને સગવડ પ્રમાણે કરી શકે.

૧ શિક્ષણ વિષયક સારા સારા લેખો—અંગ્રેજી અને ગુજરાતી તેમ જ ઇતર ભાષાના જોઈ જઇ અગર જોવરાવી યોગ્ય લેખોનું ટાંચણ કરાવી તે દર માસે પોતાના ખાતા તરફ મોકલી આપે. આવાં ટાંચણો ટૂંકમાં, મુદ્દાસર બનાવનાર એવા એક માણસની ગોઠવણ કરવી અઘરી નહિ પડે. આવું ટાંચણ બને તો પત્રિકા રૂપે છપાવીને અથવા ડયુપ્લીકેટર પર કે સાઇકલોસ્ટાઇલ પર તેની નકલો કઢાવીને ફેલાવવું. દરેક શિક્ષક તે વાંચીને તેની ફાઇલ રાખે.

૨ ખાતાના ઉપરી પોતે જે નાણાની સગવડ હોય તો પોતાના ખાતા તરફથી એક પત્ર ચલવે. આમાં શિક્ષણ વિષયક ટાંચણો, નાના નાના લેખો અને વિદ્યાધિકારી પોતાનું શિક્ષણ વિષયક દૃષ્ટિબિંદુ રજુ કરી શકે. દરેક વિદ્યાધિકારી પોતાના શિક્ષકનો નેતા છે; વડો શિક્ષક અને શિક્ષણશાસ્ત્રી છે. તેના ઉપર તેના ખાતાના શિક્ષકોનો આધાર છે; તે જેવું દૃષ્ટિબિંદુ રજુ કરે તેવું વલણ શિક્ષકોમાં થવાનું. દરેક ખાતું પોતાનું પત્ર ચલવે એ સર્વોત્તમ વાત છે. એથી ખાતાનું એક જાતનું વ્યક્તિત્વ જન્મશે—અસ્મિતાનું ભાન થશે. વધારે વેગ અને ઉત્સાહથી શિક્ષકો આગળ

વધશે. એ જ રીતે બાતું સારા લેખકો પાસે પોતાના દૃષ્ટિબિંદુને સમર્થન આપે તેવાં પુસ્તકો લખાવી શિક્ષકોને માટેનાં પુસ્તકાલયોમાં મૂકાવે તો તે પણ ઉપકારક વાચન પૂરું પાડી શકે.

૩ જ્યાં બાતું સીધી રીતે કંઇ કરી કે કરાવી ન શકે ત્યાં શિક્ષણ વિષયક પત્રો અને પુસ્તકો બરીદીને તે શિક્ષકોને પૂરાં પાડે. દરેક શાળા માટે એક પુસ્તકાલય અને એક વાચનાલયની આવશ્યકતા છે. પણ તેમ ન બની શકે ત્યાં પાંચ શાળા વચ્ચે એક જ મધ્યસ્થ શાળામાં પુસ્તકાલય અને વાચનાલય ગોઠવવું જોઇએ. આજુબાજુના ગામડાના પાંચ શિક્ષકો તેનો વારાફરતી લાભ લઇ શકે. એક પુસ્તકની એક નકલ હોય તો પણ ચાલે. એક પત્રની એકે કે બે નકલો હોય તો પણ વારાફરતી વંચાય.

આવાં પુસ્તકાલયો તથા વાચનાલયો માટે વિદ્યાધિકારી પુસ્તકોની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખે. માન્ય ગણાતાં પુસ્તકોને બદલે ઉપયોગી પુસ્તકો લેવાં. એમ જ પત્ર વિષે પણ. પુસ્તકો અને પત્રોમાંથી કયો ભાગ ઉપયોગી છે અને કયો નિરુપયોગી છે તેની નોંધ પુસ્તકોની શરૂઆતમાં મૂકાવી શકાય. દરેક પુસ્તક અને પત્ર દરેક વિદ્યાધિકારીને સંપૂર્ણ માન્ય ન હોઇ શકે. ભિન્ન રુચિને સર્વત્ર સ્થાન છે. પ્રામાણિક અને શિક્ષકોને આગળ વધારવાની ઇચ્છાવાળા વિદ્યાધિકારીઓ પોતાના વિચારને પ્રતિકૂળ લેખો ઉપર ટીકારૂપ ટાંચણ મોકલી શકે અને શિક્ષકોને દોરી શકે. દરેક પત્ર કે પુસ્તક સૌને સંપૂર્ણ માન્ય નથી હોતું, તેથી તે ત્યાજ્ય ન ગણાય. પણ માન્ય એટલો ભાગ આપણે વાપરી લેવો જોઇએ. જે બાતું બર્ચ કરી શકે તે અદ્યતન બધાંય સુંદર પુસ્તકો તથા પત્રો વસાવવાનો આગ્રહ રાખે જ; પણ તેમ ન બની શકે ત્યાં પસંદગીથી પૈસાનો વ્યય કરવો યોગ્ય છે.

પોતાના શિક્ષકો માટે બાતાંઓ આવું આવું કંઇક કરે તો જેમ ઝાડ પાણી બાતર વિના સૂકાય છે ને ફળો દેતાં નથી અથવા જેવાં તેવાં ફળો આપે છે તેમ, સુવાચન વિના ગામડાના શિક્ષકોની જે દશા થઇ છે તેમાંથી તે બચે ને ધીમે ધીમે નવપલ્લવિત થાય.

ગિ.

દુઃખદ દુઃખદ

વસંત માળાનાં જાહેરપત્રો નં. ૧ 'બાળકોને મારશો નહિ.' અને નં. ૨ 'બાળકોને બીવડાવશો નહિ.' વિના મૂલ્યે મળશે. હરકોઇ શાળા અથવા ગૃહસ્થ પોતાના ઘરમાં ચોડવા માટે જરૂર મંગાવે.

અંત્યજ ભાઇઓને વિના મૂલ્યે પાત્રકાઓ માટે જેઓ પૈસા મોકલશે તે સાભાર સ્વીકારશું.

મોન્ટી સોરી સંઘના નિયમો, મોન્ટીસોરી સંઘના મંત્રી–બાલમંદિર ભાવનગર–પાસેથી મળશે. મંગાવનારને વિના મૂલ્યે મોકલાશે.

શિક્ષણ પત્રિકા

ચોથા વર્ષના અંકોની તૈયાર ફાઇલ જેમને જોઇતી હોય તેમને ૧–૪–૦ થી મળશે.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

શું સાચું હશે ?

ગામડાના એક રખડતા છોકરાને મેં પૂછ્યું: " અલ્યા એ, નિશાળે કેમ નથી જતો ? રખડે છે કેમ ? "

છોકરાએ કહ્યું: " પણ, માસ્તરને ભણાવતાં જ ક્યાં આવડે છે ? "

હું આ જવાબ સાંભળીને સડક જ થઈ ગયો ! ગામડાનો એક અગિયાર વર્ષનો છોકરો બોલે છે શું ? મેં ફરીને પૂછ્યું: " શું તું સાચું કહે છે ? માસ્તરને ભણાવતાં ન આવડે એવું તે હોય ? તારે ભણવું જ નહિ હોય. "

છોકરે નિડરતાથી અને નિર્દયતાથી જવાબ આપ્યો: " ભણવું તો ઘણું છે પણ ભણાવે છે કોણ ? માસ્તરને ભણાવતાં નથી આવડતું એટલે છોકરાઓને મારે છે, ને તેથી છોકરાઓ ભાગી જાય છે. પછી માસ્તર નિરાંતે બેસે છે."

હું આ વાત માની જ શકયો નહિ, ને હજી પણ માની શકતો નથી. હું એવા શિક્ષકની કલ્પના કરી શકતો નથી. અને કેમ જ કરી શકું ? અને છતાં એ છોકરાનો ચહેરો પ્રામાણિક હતો, તે અંતઃકરણથી કહેતો હતો, નિડરતાથી કહેતો હતો એવી છાપ તો પડી જ છે.

મેં છોકરાને વળી પૂછ્યું: " પણ એમાં માસ્તરને ફાયદો શો ? "

છોકરો કહે: " માસ્તરને ભણાવવું મટયું. માસ્તર નવરા બેઠા બેઠા ગામના ગપાટા મારી શકે, તમાકુ ખાઇ શકે, પટલાઇ ડોળી શકે."

" પણ, એવી નિશાળ કેટલા દિ' ચાલે ? છોકરાઓ વિનાની નિશાળ બંધ ન થઇ જાય ? પરીક્ષા વખતે પરીક્ષકને ખબર ન પડે કે આ નિશાળમાં છોકરા જ નથી માટે બંધ કરાવવી જોઇએ ? તું ગપાટા હાંકે છે. મારી મારીને છોકરાને કાઢી મૂકે તો માસ્તર જ મરે ને ! "

છોકરો ચબરાકીથી બોલ્યો: " પણ શા'બ વરસ આખું કાંઈ ન મારે. આખું વરસ તો છોકરાઓને ભેળા થવા દે. પણ જ્યારે પરીક્ષા આવે ત્યારે માસ્તરને લાગે કે હવે ભણાવ્યું નથી ને છોકરા તો નાપાસ થશે, ને પરિણામ તો ખરાબ આવશે ! અને પછી ભાઇને કઉં તે માંડે છોકરાઓને ઝૂડવા. સારા સારા પોતાની મેળે મહેનત કરે એવા પાંચ દસ છોકરા રહે, ને બાકીના બિચારા માર ભાળી ઉડી જાય. પછી દસ છોકરાનું પરિણામ સારું આવે. ઉલટું માસ્તરનું સારું કહેવાય. "

હું આ છોકરાની આટલી ઝીણી વાત સાંભળી છક થઇ ગયો. અરે, આ છોકરો તે કેવો હુશિયાર અથવા તો કેવો પહોંચેલો ! કાં તો એને કોઇએ કંઇક આવું બોલતાં અને માસ્તરની નિંદા કરતાં શીખવ્યો હશે; કાં તો છોકરો એવો લુચ્ચો કે વધારે પડતો બુદ્ધિશાળી હોઇ તેની બુદ્ધિનો મનસ્વીપણે દુરુપયોગ કરતો હશે.

મેં પૂછ્યું: " એલા આ બધું સાચું કહે છે કે ? "

છોકરો કહે: " જરીએ જર સાચું. " છોકરાએ છાતી ઠોકીને કહ્યું.

પણ મારું મન માનતું નથી. મારે ગળે વાત ઉતરતી નથી. આ વાતને બે ત્રણ વર્ષ વીતી ગયાં છે પણ છતાં શું સાચું તેનો નિર્ણય થઇ શકતો નથી. ઘણી વાર મનને પ્રશ્ન થયા કરે છે: " શું સાચું હશે ? " ગિ.

ખાતાં કરી શકે

કેળવણી ખાતાંઓ પોતાના શિક્ષકોની યોગ્યતા વધારવા માટે શું કરી શકે ?

૧ સામયિક સર્વ શિક્ષક સંમેલનો ભરે.
૨ સામયિક જીલ્લા કે મહાલ શિક્ષક સંમેલનો ભરે.
૩ જીલ્લા કે મહાલ શિક્ષક સંઘો સ્થાપે.
૪ સ્થાનિક શિક્ષક ચર્યામંડળો યોજે.
૫ સ્થાનિક શિક્ષક અભ્યાસમંડળો સ્થાપે.
૬ સ્થળે સ્થળે શિક્ષણ વાચનાલયો અને પુસ્તકાલયો સ્થાપે.
૭ ફરતાં શિક્ષણ પુસ્તકાલયો ગોઠવે.
૮ શિક્ષણ વિષયક ફરતા વ્યાખ્યાતાઓની વ્યવસ્થા કરે.
૯ શિક્ષણ વિષયક નાની નાની પત્રિકાઓ કાઢે.
૧૦ સામયિક પરીક્ષાઓનો પ્રબંધ કરે.
૧૧ નિષ્ણાત શિક્ષકો પાસે પદાર્થપાઠો અપાવી પ્રત્યક્ષ શિક્ષણનો ખ્યાલ આપે.
૧૨ શિક્ષણ વિષયક પત્ર દરેકને પહોંચતું કરે.
૧૩ નિરીક્ષકો શિક્ષકો સાથે શિક્ષણ વિષયક ચર્ચા, સૂચના વગેરે કરે.
૧૪ ઉપરી અધિકારી સાહેબ શિક્ષકોને મુલાકાત આપી શિક્ষણ વિષયક વાર્તાલાપ કરે.

'કેમ શીખવવું ?'

જો બાળકને ચાલતી પદ્ધતિથી કક્કાબારાખડી અને વાચન બેસતું ન હોય તો માબાપ અગર શિક્ષક 'કેમ શીખવવું' વિના મૂલ્યે મંગાવી લે અને તેની અજમાયેશ કરી જુએ.

મંદ બુદ્ધિવાળાં બાળકો અગર પાછળ રહી ગએલાં
બાળકો માટે 'કેમ શીખવવું' અજમાવવા જેવું છે.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી માટે

પુસ્તકો

પાઠ આપનારાઓને	લે. ગિજુભાઇ
મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ	લે. ગિજુભાઇ
બાલવાર્તાની શ્રેણીઓ	લે. તારાબેન
બાલચારિત્ર્ય	લે. તારાબેન
મોન્ટીસોરી પદ્ધતિ બર્બાળ છે?	લે. ગિજુભાઇ
શીવણુભરત	લે. તારાબેન

આ છએ ચોપડીઓની કિંમત આના નવ ટપાલ સાથે. છૂટક નકલની કિંમત બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

મોન્ટીસોરી નિબંધસંગ્રહ

કિં. ૦-૧૨-૦ પો. ૦-૨-૦

મોન્ટીસોરી પદ્ધતિનો વિષય ચર્ચતા કેળવણીમાં પ્રતિષ્ઠા ધરાવનારાઓને હાથે લખાએલા પંદર નિબંધોનો સંગ્રહઃ—
મુખ્ય લેખકોઃ કિશોરલાલ મશરૂવાળા; હરભાઇ ત્રિવેદી; ભોગીલાલ ઠાકર; હરિહર પ્રા. ભટ્ટ; ચમનલાલ મા. વૈષ્ણવ; મૂળજીભાઇ હી. ચોકસી; ગિજુભાઇ; તારાબેન, વગેરે વગેરે.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યોજનામાં હજી સુધી ન જોડાયા હોય તેઓ જોડાઇ શકે. ૨૫૦૦ થી વધારે માણસો તેમાં જોડાયા છે.–ભણનારાઓ માટે 'ચાલો વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તો દેશી જનોને ભણાવવાનું સારૂં કામ કરવા તો આજે એસી જ જાઓ. ઘેર બેઠા ગંગા એમ ઘેર બેઠાં જ આ આ કામ થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યોજનામાં જોડાવા માટે નીચેના નમુનાનું ફૉર્મ ભરી મોકલો તથા 'કેમ શીખવવું' નામની ચોપડી મગાવો.

[નમુનાનું ફૉર્મ]

તંત્રવાહકો અક્ષરજ્ઞાન યોજના

શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનો ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાનં લઇ લેશે તેમનાં નામઠામો હું વખતો વખત મોકલીશ. આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

અક્ષરજ્ઞાન યોજના—
—થોડાએક સમાચારો

મુખ્ય તંત્રવાહકોએ ભાવનગરનાં તળાજા મહુવા મહાલોનાં લગભગ ૩૦૦ ગામોમાં સંદેશો ફેલાવ્યો અને ૫૦૦ જેટલા સ્વયંસેવકો નોંધ્યા.

રૂા. ૨૦૦–૦–૦ શેઠ કોરશી વીજપાળ.

'કેમ શીખવવું' ત્રીજી આવૃત્તિ ૫,૦૦૦ નકલ છપાવી આપી.

૬૨–૮–૦ શેઠ વલ્લભદાસ ખટાઉ.

'ચાલો વાંચીએ' ૧,૦૦૦ નકલ છપાવી આપી.

નોંધાએલી કુલ અક્ષરશાળાઓ લગભગ ૨૫૦૦

ચોરવાડની આજુબાજુમાં

ચોરવાડવાળા: શ્રી. હરખચંદભાઇએ ૨૫ અક્ષરશાળાઓ સ્થાપી છે.

અક્ષરજ્ઞાન યોજનાનાં
પુસ્તકો

'કેમ શીખવવું'

શિક્ષકો માટે વિના મૂલ્યે.

'ચાલો વાંચીએ'

ભણનાર માટે પાઠ્યપુસ્તક કિં. ૦–૨–૦

'આગળ વાંચો'

પહેલી ચોપડી કિં. ૦–૧–૦

'આગળ વાંચો'

બીજી ચોપડી કિં. ૦–૧–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૭ મો
ભાદ્રપદ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

બાળકો અનેક જાતનાં છે. અપંગ, આંધળાં, લૂલાં, લંગડાં, તોતડાં, બોબડાં, બાડાં, બાંડાં, કોઢીયાં, પતીયાં, ઇમદ્દલાં, મડદાલ, ઘેલાં, ગાંડાં, મૂર્ખ, ઠોઠ, કાળાં, કુબડાં તેમજ ધોળાં, રૂપાળાં, સાજાંનરવ્યાં, તાજાં-માજાં, ચપળ, ચંચળ, હુશિયાર અને ચબરાક.

બધાં બાળકો સાચાં માબાપોને મન સરખાં છે. બધાં બાળકો સાચા શિક્ષકોને મન સરખાં છે. બધાં બાળકો સાચા રાષ્ટ્ર ઘડનારા-ઓને સરખાં છે. જ્યાં બધી જાતનાં બાળકોની તંદુરસ્તી અને કેળવણીની ચિંતા અને વ્યવસ્થા નથી ત્યાં માબાપો નથી, શિક્ષકો નથી, રાષ્ટ્રસેવકો નથી. ત્યાં જતે દહાડે દેવાળું છે.

અમારે માટે લડશો ?

બાળકો કહે છેઃ "મોટી મોટી લડાઇઓ ચાલે છે. કોઈ અમારે માટે લડશો ? નાની લડાઇઓ લડશો ?

"અમારાં માબાપો જુલમગાર છે. પરાણે અમને બવરાવે, પરાણે અમને ઊંઘાડે, પરાણે અમને બરાબ્ય નિશાળે ભણાવે.

"અમારાં માબાપો મારકણાં છે.વિનાકારણે મારે છે. સમજાવ્યા વિના મારે છે. કો'કનો વાંક ને અમને મારે છે. કો'કની ભૂલ ને અમને મારે છે.

"અમારાં માબાપો ફોસલામણાં છે. કહે છે કે તમને આ અપાવશું ને આ અપાવશું. કહે છે કે તમને આ બતાવશું ને તે બતાવશું. અમે જેતું માંગતાં બંધ થઇ ગયાં એટલે પાછાં એનાં એ. કંઇએ આપે નહિ ને બતાવે નહિ.

"અમારાં માબાપ ડરકામણાં છે. તે કંઇક માગીએ તો ડોળા કાઢે. અમે પણે રમીએ તો રોફ મારે. અમારી કાંઇક ચૂક થાય તો ડરાવે કે પોલિસ બોલાવું, હાઉ બતાવું, બાઉ બતાવું.

"અમારાં માબાપ સ્વાર્થી છે. નોકરોને સોંપી પોતે મજા કરે. નાટક જોવા જાય, સિનેમા જોવા જાય; અમને મૂકીને સારું સારું બાય. અમને કહેશે માંદાં પડો.

"અમારાં માબાપ આળસુ છે. માંદાં પડીએ પણ દવા ન લાવે. ગંદાં ફરીએ પણ સાફ ન કરે. પડી જઇએ પણ ઉભાં ન કરે. કંઇક જોઇએ તો ઉભાં થઇને આપે પણ નહિ.

"અમારાં માબાપ લુચ્ચાં છે, જૂઠાં છે. પોતે ઘરમાં હોય ને અમને કહેશેઃ 'કહોને કે બહાર ગયાં છે !' પોતે સાજાં હોય ને કહેશેઃ 'કહોને કે માંદાં છે !' અમારી સામે જૂઠું બોલે છે. અમારી આગળ જૂઠું બોલાવે છે.

"અમારાં માબાપ લોભી છે. પૈસા હોય પણ અમારે માટે દાક્તર ન લાવે; અમે માંદાં માંદાં પડ્યાં રહીએ. પૈસા હોય પણ સારાં સારાં કપડાં ન પહેરાવે. પૈસા હોય પણ સારું સારું બવરાવે નહિ.

"અમારાં માબાપ પાપી છે. અમારી સામે દારૂ પીએ; અમારી સામે બીડી પીએ; અમારી સામે ભૂંડું બોલે; અમારી સામે એવું એવું ગંદું પણ કરે.

"અમારે માટે તમે કોઇ નહિ લડો ?"

ગિ.

બાળકો અને સિનેમા

સિનેમાનું જોર વધતું જાય છે. સિનેમા કદાચ કાઢ્યા કઢાશે નહિ પણ ઉલટા વધારે પેસવાના છે. એનો આપણે માટે તેમ જ બાળકો માટે સદુપયોગ કરી લઇએ.

સિનેમા ધારીએ તો બાળકેળવણીનું પણ એક મહત્ત્વનું સાધન કરી શકીએ. સિનેમાથી બાળકોને નાનપણથી જ બગાડવાનું પણ બની શકે. સિનેમા બે ધારી તલવાર છે. બધો આધાર વાપરી જાણવા ઉપર છે.

આજના સિનેમા મોટાઓ માટે છે. મોટા ઓને લક્ષમાં રાખી કમાણીની દૃષ્ટિ આગળ કરી તે તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં

સારામાં સારાથી માંડી હલકામાં હલકા સુધીના છે. લોકો પ્રકૃતિ અનુસાર તે જુએ છે ને મજા કરે છે; જ્ઞાન પણ મેળવે છે.

મોટાંઓ સિનેમા જોવા જાય છે ને સાથે નાનાંઓ પણ જાય છે. ઘણી વાર નાનાંઓને સાથે જવું પડે છે કારણ કે ઘરમાં સાચવનાર બીજું કોઇ નથી હોતું. ઘણી વાર બાળકો જ કજીયો કરી ત્યાં જાય છે કારણ કે તેમને તે ગમે છે. ઘણી વાર ઉલટું જ બને છે, એટલે કે મા-બાપો બાળકોને કોઇની પાસે મૂકી સિનેમા જોવા જાય છે, કેમ કે બાળકો ત્યાં ઉપાધિ રૂપ થઇ પડે છે. બાળકોને લાયકના સિનેમા નથી માટે બાળકોને ન લઇ જનારાં માબાપો ભાગ્યે જ મળે. કદાચ અહીં તો ન જ હોય.

બાળકોને જ્યાં ત્યાં સોંપી સિનેમા જોવાની હોંશ પૂરી કરવી તે માબાપને તો ન જ ઘટે. પણ તેથી પોતે જે જે સારા નરસાં સિનેમા જોવા જાય ત્યાં ત્યાં બાળકોને લઈ જવાં એમાં બાળક પ્રત્યેનો પ્રેમ અથવા ધર્મ એકેય નથી. ત્યાં કાં તો અવિચારીપણું અથવા બાળક પ્રત્યે ખોટો પ્રેમ કે નુકશાનકારક પ્રેમ છે. સિનેમા બાળકોને તેમ જ મોટાંઓને ગમે છે; પણ ગમે તે બધું યોગ્ય ને હિતાવહ છે એમ ન બને. ગમતાની અંદર ખરાબ હોય તો ગમવા સાથે ખરાબને અવકાશ મળી જાય. ગમે છે તેનો લાભ લઇ સારું ગોઠવવામાં આવે તો ગમવા સાથે યોગ્ય વસ્તુ મળે એટલે આનંદ સાથે વિકાસ થાય. સિનેમા આનંદ સાથે વિકાસનું સાધન બનવું જોઇએ. જો તેમ બને તો જ તેને બાળઉછેર અને જીવનમાં સ્થાન છે. તેમ ન હોય તો તેને ધક્કો મળવો જોઇએ.

અમેરિકાનાં માબાપો આજે પોતાનાં બાળકોનો બહુ વિચાર કરે છે. બાળકોના માબાપ થવું આજે ત્યાં અત્યંત જવાબદારીવાળું ગણાય છે. માતૃત્વ અને પિતૃત્વની આવડત અને કળાનું શિક્ષણ આજે માબાપો પ્રેમપૂર્વક લઇ રહ્યાં છે. ત્યાં બાળકો માટે સિનેમાની નવી નવી અને ભાતભાતની ફિલમો નીકળે છે. વેપારી દેશને જેટલું ઝટ ઝટ સૂઝે છે તેટલો જ ત્યાંનાં માબાપો તેનો ઝટ ઝટ અને સુંદર ઉપયોગ કરી જાણે છે. સિનેમાની બાળફિલમો સેંકડો નીકળે છે ને સેંકડો નાલાયક ઠરે છે. જેમ સાહિત્યની જરૂર પડતાં સારું નરસું બાલસાહિત્ય ઉભું થાય છે ને તેની ચોકી રાખવી પડે છે તેમ જ સિનેમા પરત્વે અમેરિકાને ચોકી રાખવી પડે છે. બાલહિતનાં છાપાંઓ નવી ફિલમોની સમાલોચના કરે છે. મોટાંઓને લાયકની, યુવાનોને લાયકની, બાળકોને લાયકની, એમ દરેક ફિલમ પરત્વે અભિપ્રાય પ્રગટ થાય છે ને એ અભિપ્રાયને આધારે ત્યાં ફિલમો ખરીદાય

અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

કેમ શીખવવું
ભણાવનાર માટે વિના મૂલ્યે

ચાલો વાંચીએ
ભણનાર માટે કિં. ૦-૨-૦

આગળ વાંચો પહેલી ચોપડી
ભણનાર માટે કિં. ૦-૧-૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

છે ને નવી રચાય છે. લાખો બાળકો સારી ફિલ્મો જુએ છે ને તેનો લાભ લે છે.

આપણે આપણાં બાળકો માટે શું કરી શકીએ ? આપણે અમેરિકાની બાળફિલ્મોમાંથી કેટલીએકનો ઉપયોગ કરી શકીએ. કેટલીએક ફિલ્મો ભૌગોલિક, આરોગ્ય વિષયક, વનસ્પતિ-જ્ઞાન, પ્રાણીજ્ઞાન વગેરે વિષયોને લગતી મળી શકે છે. તેવી ફિલ્મો સીધી જ વાપરીએ. મોટાંઓ માટેની નિરુપયોગી ફિલ્મો કરતાં આ ફિલ્મો બહુ જ સારી. એની સાથે જ બાળકોને લાયકની બીજી ફિલ્મો આપણા દેશમાં તૈયાર થવી જોઇએ. સિનેમાના વેપારીઓ બપત ઉપર વસ્તુ બનાવે છે ને વસ્તુ બનાવે તો તેનો બપ વધારે છે. બાળકો માટેની ફિલ્મો તેઓના લક્ષ પર વાત ઠસતાં તેઓ બનાવશે અને ફિલ્મો થતાં હજારો બાળકો તેનો લાભ લેશે. પ્રત્યેક કેળવણીની સંસ્થા સિનેમા કુંપનીને આ કાર્ય બાસ ઉપાડવા ઉત્સાહ અને મદદ આપી શકે. કેટલાયે વિષયો શીખવતાં આવડતા નથી તે ફિલ્મની મદદથી ખૂબ રસિક નીવડે અને તેનું જ્ઞાન સચોટ થાય. આજની બદલાતી શિક્ષણપદ્ધતિમાં આ ફેરફાર વખતસરનો જ ગણાય. માબાપો પણ આવી ફિલ્મો દ્વારા કેળવણીનો પ્રબંધ રચાવા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે અને સમૂહગત અગર વ્યક્તિગત મદદ આપે. માબાપ, રાજ્યો અને શિક્ષકો ત્રણે મળીને જો સારી ફિલ્મોનો પક્ષ કરે અને નઠારી ફિલ્મોથી બાળકોને દૂર જ રાખે તો સિનેમા કુંપનીને આ કામ ઉપાડ્યે જ છૂટકો.

પણ જ્યાં સુધી બાળફિલ્મો તૈયાર થાય નહિ ત્યાં સુધી મોટાંઓની-મોટાંઓ માટે લાયકની કે નહિ લાયકની ફિલ્મો બાળકોને બતાવતા પહેલાં વિચાર કરવો ઘટે છે. ઘણી મોટાંઓની ફિલ્મો બાળકોને દેખાડવા જેવી હોય છે; તે તો અવશ્ય તેમને દેખાડવી જ જોઇએ. તે માટે માબાપો આગ્રહ રાખે. પણ મોટાંઓ જ સમજી શકે તેવી, તેમના જીવનની-મોટાંઓને પણ જોતાં આંચકો બાવો પડે તેવી, અગર બાળકો આગળ ઢાંકવા જેવી ફિલ્મો માબાપોએ બાળકોને ન બતાવવી; અને તે કારણે કાં તો માબાપો સિનેમા ન જુએ અગર બાળકોનું બીજી રીતે સમાધાન કરે. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસીઓ માટે

ઘરમાં મોન્ટીસોરી	લે. તારાબેન	૦-૮-૦
મોન્ટીસોરી પદ્ધતિ	લે. ગિજુભાઇ	૨-૦-૦
મોન્ટીસોરી નિબંધ સંગ્રહ		૦-૧૨-૦
પાઠ આપનારાઓને	લે. ગિજુભાઇ	કિ.૦-૯-૦
મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ	લે. ,,	પોસ્ટેજ સાથે
બાલવાર્તાની શ્રેણીઓ	લે. તારાબેન	
બાલચારિત્ર્ય	લે. તારાબેન	દૂઠક નકલ ૦-૨-૦
મોન્ટીસોરી પદ્ધતિ બર્યાળ છે ?	લે. ગિજુભાઇ	બાલમંદિર ભાવનગર
શીવણ ભરત	લે. તારાબેન	

પ્રથમ કચ્છ શિક્ષણ સંમેલન

તારીખ ૪-૫-૬ ઑક્ટોબર ૧૯૩૦

ના દિવસોએ કચ્છ-માંડવીમાં મળશે.

: પ્રમુખ :

શ્રી. વિઠ્ઠલજી કેશવજી દવે

માજી એજ્યુ૦ ઇન્સ્પેકટર : કચ્છ સ્ટેટ

સૌ શિક્ષકભાઇઓ આ સંમેલનને સફળ કરવા જાતે હાજરી આપે અથવા નિબંધો મોકલી સહાય કરે.

બાલસાહિત્ય અને અપશુકન

અપશુકનની વાત બાલસાહિત્યમાં કરવી કે નહિ ? જો સાચેસાચ શુકનમાં માનીને તેવું કહેવાતું હોય તો તેવું ન જ કરવું.

પણ ઘણી વાર આજકાલ સાહિત્યમાં એક સાહિત્યપોષક વાત તરીકે શુકન અપશુકનની વાતો થાય છે; સાચેસાચ માનીને નહિ પણ લખવામાં વર્ણન જરા સારું લાગે એટલે ભેરવ બોલતી હતી ને છાપરે ઘુવડ ઘુઘવતાં તે બીક તો ત્યારે જ ઉત્પન્ન કરે છે કે જ્યારે હતાં ને એવું એવું વર્ણન આવે છે. એટલે શુકનો એ લોકસાહિત્યની ભાષામાં પ્રસંગના રસને પોષનાર તત્ત્વ તરીકે માત્ર વપરાય છે. તેમાં સાચેસાચ માનીને નહિ. આ જાતના માત્ર સાહિત્યના શણગાર તરીકે શુકનો અપશુકનો આવે તેથી વાંધો નથી એમ લાગે છે. તેની વહેમ તરીકે અસર થવી ન થવી એનો આધાર ઘરના ઉપર છે.

હું મારું બાળપણ સંભારું છું ત્યારે મને યાદ આવે છે કે ઘરમાં કોઈ જ ભૂત કે શુકનને માનતાં નહોતાં; તેવી વાતો જ કોઈ વખતે થતી ન હતી. આગળ ઉપર એટલે દસેક વરસની ઉંમરે બોર્ડિંગમાં એવી વાતો સંભળાતી ત્યારે સાંભળવી ગમતી, વાંચવી ગમતી; પણ તેનાથી બીક જેવી લાગણી ઉદ્ભવતી નહિ. 'પીંપળના મુંજ'ની વાત વાંચવી ને સાંભળવી ગમતી પણ રાત્રે પીંપળાની નીચેથી નીકળતાં બધાં જ્હીએ તો પણ હું ત્યાંથી જતી. એટલે સાહિત્ય તરીકે આવી વાતો એક જાતનો ભયાનક રસપોષક હોવાથી ગમ્મત આપે છે, પણ ઘરમાં તે વાતોથી જ્હીવાનું શિક્ષણ મોટાંઓ પાસેથી મળેલું હોય છે. ઘરમાં સાચેસાચ જ્હીને એવી વાતો થાય છે ને બાળકોના સર્વસ્વ આધારભૂત મા ને બાપ, મોટાભાઈ ને મોટીબેન જ આવી વાતોથી જ્હીએ છે ને બાળકને પણ જ્હીવાનું કહે છે ત્યારે બીક પેસે છે. ને બીક પેઠી હોય તો એ જાતના વાચનની અસર બીક ઉત્પન્ન કરવામાં થાય છે એ વાત સાચી. હાલ આપણા સમાજમાં એવાં જ કુટુંબો વધારે છે. માટે જ હાલ વહેમને વખોડનારું સાહિત્ય ઉપજાવવાની જરૂર છે. ને વહેમી વાતો સાહિત્ય તરીકે પણ બાલસાહિત્યમાંથી હાંકી કાઢવાની જરૂર છે. તા.

મરાઠી ભાષામાં
'કેમ શીખવવું'

શ્રીમતી તારાબેન મોડક અને શ્રીમતી રાજસબાઇ ડોંગરે એમણે તૈયાર કર્યું છે.

થોડા વખતમાં પ્રસિદ્ધ થશે. પોતાની આસપાસના મરાઠી શિક્ષકો તથા ભાઈઓને કહી રાખશો કે અભણ મરાઠાઓની સેવા કરવા તત્પર થાઓ.

મોન્ટીસોરી સંઘના નિયમો

મોન્ટીસોરી સંઘના મંત્રી—બાલમંદિર—ભાવનગર પાસેથી મળશે. વિના મૂલ્યે મગાવો.

વિયાવું

વિયાવું શબ્દ બાળકોને એટલો બધો અપરિચિત નથી. શેરીમાં કૂતરી તો હમેશ વિયાય છે. 'આયમાય કૂતરી વિયાણી' વગેરે બાળકો હમેશ બોલે છે. ગામડામાં તો ગાય વિયાય કે ભેંશ વિયાય એ બાળકોનો જાણીતો પ્રદેશ છે; શહેરનાં બાળકોને તે કદાચ નવો હોય તો પરિચિત થવાની જરૂર છે. શહેરી સભ્યતાની કલ્પના આવા શબ્દોની આડે ન જ આવવી જોઇએ. (Sex-education) જાતીય જ્ઞાન જે આજ કાલ બહુ જ જરૂરનું ગણાય છે તેની સરળ શરૂઆત આવા કુદરતી બનાવોમાંથી થાય છે. તેની આસપાસ ખોટી શરમ, અથવા ન બોલવા જેવાપણું, અથવા અસભ્યતાનું આરોપણ મોટેરાંઓએ કરવું જોઇએ નહિ. પણ તદ્દન સ્વાભાવિક અને રસિક બનાવ તરીકે પસાર થવા દેવો જોઇએ. બાળકો પ્રશ્ન પૂછે તો તેમની ઉંમરને લાયક એવા સાદા જવાબો પણ જરાયે અચકાયા વિના આપી દેવા. એટલે વધારે જિજ્ઞાસા જાગે ત્યારે ફરીથી આપણને પૂછતાં બાળક અચકાય નહિ.

વાર્તામાં બાળક કદાચ પૂછે કે વિયાવાનો વખત એટલે શું? તો તેમાં આપણે ગભરાઇ જવા જેવું શું છે? તુરત કહી દેવું કે બચ્ચાં આવવાનો વખત થાય તે.

નિર્વ્યાજતા (innocence) વિષેના આપણા ખોટા ખ્યાલ અથવા આગ્રહને કારણે આપણે બાળકને પ્રાણીજીવનથી દૂર રાખ્યું હોય તો આપણે બાળકને ઘણું જ ગંભીર નુકશાન કર્યું છે એમ જ માનવું. પ્રાણીજીવનથી પરિચિત હોય તો તો બચ્ચાં આવવાના બનાવથી તે અપરિચિત ન જ હોઇ શકે. પ્રાણીજીવનમાં બાળકને સૌથી વધારે રસ પડે એવો બનાવ બચ્ચાં આવવાનો છે. ગાયની વાછડી, કૂતરીનાં ગલુડિયાં, બિલાડીનાં બચોળીયાં, ચકલી કાબરનાં ઇંડાં ને બચ્ચાં, કુકડીનાં પિલાં એ બધાંમાં બાળકને ખૂબ રસ પડે છે એટલું જ નહિ પણ તેનો લાગણીનો પ્રદેશ ઉઘડે છે. પેલાં બચ્ચાં પોતાની બા સાથે ગેડ કરતાં જોઇને બાળકને પોતાના જીવન સાથેની નિકટતા દેખાય છે. હું જેમ મારી બાનું તેમ આ બચ્ચું એની બાનું, એ ભાવના જાગૃત થાય છે. એટલે બચ્ચાં આવવામાં કે વિયાવામાં આપણે મોટાંઓને જે ન વાત કરવા જેવો પ્રદેશ લાગે છે તે નિર્વ્યાજતાને લીધે નહિ પણ નિર્વ્યાજતાની બાદીને લીધે. એટલે બાળકોની નિર્વ્યાજતા કાયમ રાખવી હોય તો તેમની સાથે તેમની જેમ જ છૂટથી વાત કરવી

તા.

બાળકો મનમાં બોલે છે

જુઓને, બાપા તો બેઠા બેઠા છાપાં વાંચ્યા જ કરે છે. બા જ બધું ઘરનું કામકાજ કર્યા કરે છે.

બા. બાપા. તો કોઇને પોતાની બોરડીમાં આવવા જ નથી દેતા. બાની બોરડીમાં જવાની સૌને છૂટ છે.

બાપા જરાક બોલીએ તો કહે છે: "ચૂપ, બડબડ નહિ. અહીંથી ભાગો." બાની પાસે

ગડબડ સડબડ બધું ચાલે. કોઇને કહેતી નથી કે ભાગો.

બાપા રોજ એક સવાલ પૂછે છે : "કેમ, નંબર કેટલામો આવ્યો ? લેસન બરાબર કર્યાં હતાં ?" બા તો કેટલીયે વાતો કરે છે.

બાપા ગંભીરતાથી બેસી રહે છે ને અમારી સાથે બહુ જ થોડું બોલે છે.

બા તો વાતો કરે, હસે ને હસાવે. એ તો અમે ન બોલીએ તોયે બોલાવે.

બાપાની અમને બહુ બીક લાગે છે. આઘેથી દેખાય ત્યાં તો અમે ડાહ્યાંડમરાં થઇને બેસી જઇએ છીએ. બાની બીક જરાયે લાગે તો કે ? એની આગળ તો બધું ચાલે. જરા ધમાધમી, ધીંગામસ્તી બધું.

બા શું કરે છે ? * * * બા શું કરે છે ?

(૧)

કેમ સરોજબેન, તમારી બા શું કરે છે ?
અમારી બા ભાભુ સાથે લડે છે.
કેમ ચંપાબેન, તમારી બા શું કરે છે ?
અમારી બા રોટલી કરે છે.
રેવાબેન, તમારી બા શું કરે છે ?
નાનાભાઇને ધડ ધડ મારે છે.
લલ્લુભાઇ, તમારી બા શું કરે છે ?
એ બેઠી બેઠી પોપૈયો ખાય છે.
ચિનુભાઇ, તમારી બા શું કરે છે ?
ધીરી કાકીને ગાળો દે છે ને તેમની સાથે લડે છે.
લીલુબેન, તમારી બા શું કરે છે ?
બાપાને વઢે છે ને ઠામ પછાડે છે.

(૨)

કેમ જીનુભાઇ, તમારી બા શું કરે છે ?
ગરીબ આંધળાંને રોટલો આપે છે.
લખુભાઇ, તમારી બા શું કરે છે ?
બેઠી બેઠી કંઇક સાંધે છે.
સુશીલાબેન, તમારી બા શું કરે છે ?
કપડાંને સંકેલીને પેટીમાં મૂકે છે.
લાલભાઇ, તમારી બા શું કરે છે ?
બાપાને કાગળ લખે છે.
ભીખુબેન, તમારી બા શું કરે છે ?
બાપાને તાવ આવ્યો છે તે એમની પાસે બેઠી બેઠી વાંચે છે.
વિમળાબેન, તમારી બા શું કરે છે ?
રેંટીયો કાંતે છે ને ગીત ગાય છે.

હું ગમ્યો નહિ . . . . . કારણ કે—

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું બહુ વધારે પડતો ગંભીર હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું ગંદો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું બહુ ઉતાવળથી બોલતો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું તેની હાજરીમાં બીજાને વઢતો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં તેને એકદમ ઉંચું કર્યું.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં તેની બોચી બોબી બચી લીધી.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં તેને તુંકારે ને ઉંચે સાદે બોલાવ્યું.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું ધફ-ધફ ધબડધબડ ચાલતો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું તેને ગલીપચી કરવા લાગ્યો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં એને ખોળામાં બેસવાનું કીધું.

બાળકને હું ગમ્યો નહિ કેમ કે મારું મોઢું ગંધાતું હતું.

પાછું પાડો નહિ

બાળક કંઈક પૂછે તો છણકાવીને પાછું પાડો નહિ

બાળક કંઈક બતાવે તો 'એમાં શું જોવું છે ?' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક કંઈક કરે તો 'એય... કરીશ મા.' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક કંઈક વારંવાર પૂછે તો 'હવે મૂકને માથાકૂટ !' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક કંઈક નવું નવું સંભળાવે તો 'હવે મૂકને તારો લંવારો !' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક કંઈક હસે અને ગમ્મત કરે તો 'રાખો, હવે બહુ થયું.' એમ કહી પાછું પાડો નહિ.

બાળક કંઈક સાચેસાચી સલાહ જેવું બોલે તો 'હવે રાખો, બહુ ડાહ્યાં છો તે !' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક વખતે સાચેસાચું ઉઘાડું સંભળાવી દે તો 'હવે બાંગરો થા મા, બાંગરો.' એમ કહીને પાછું પાડો નહિ.

સારાં માબાપોએ બાળકોને આપવા જેવી શિખામણો

જો ભા, નિશાળમાં મહેતાજી મારે તો ત્યાંથી ચાલ્યો આવજે.

જો ભા, તારો મહેતાજી ગાળો દે તો ફરીથી એ નિશાળે ના જતો.

જો ભા, તારો મહેતાજી ભણાવે નહિ ને કોઇની સાથે બેઠો બેઠો વાતો કરે તો કહેજે: "માસ્તર સાહેબ, વાતો ન કરો; અમને ભણાવો."

જો ભા, તારો મહેતાજી નિશાળમાં બીડી પીએ કે તમાકુ ખાય તો કહેજે: "સાહેબ, એમ ના થાય. એ તો જંગલીપણું કહેવાય."

જો ભા, તારો મહેતાજી પરીક્ષા વખતે કૉપી કરાવે તો તું પરીક્ષકને જ કહી દેજે.

જો ભા, તારો મહેતાજી સમજાવે નહિ ને ગોખાવે તો કહેજે: "માસ્તર, સમજાવતાં ન આવડતું હોય તો શું કામ ભણાવો છો ?"

જો ભા, તારો મહેતાજી તને ખોટો ઉતારી મૂકે કે બીજાને ખોટો ચડાવે તો સૌને કહેજે: "માસ્તર ખોટા છે, ખોટા છે."

જો ભા, માસ્તર ભણાવે જ નહિ ને ઘરનું કામ કરાવ્યા કરે તો કામ કરવાની ના પાડવી.

જો ભા, માસ્તર આવા ખોટા કારણે ગુસ્સે થાય ને મારવા ઉઠે તો નિશાળમાંથી ચાલ્યો આવજે.

જો ભા, બધા છોકરાને શીખવાડજે કે એવી નિશાળમાં નથી ભણવું, નથી ભણવું.

જો ભા, રજા હોય તો પણ માસ્તર રજા ન પાડે તો ભાગ્યો આવજે ને બીજાને પણ લેતો આવજે.

જો ભા, ગાળો દે તે માસ્તરને પગે લગાય નહિ; તેને સલામ થાય નહિ; તેની સામે અક્કડ ઉભા રહેવાય.

જો ભા, માસ્તર કાંઇ દીપડો નથી; હાઉ નથી. તેનાથી બ્હીતો નહિ; ડરતો નહિ. જે પૂછ્યું હોય તે પૂછજે ને જવાબ ન આપે તો ઘરે આવીને બધી વાત કરજે.

તોયે અડપલું કરે છે

"ઈંદુભાઇની ચિઠ્ઠી લાવીએ છીએ તોયે અડપલું કરે છે?" બાએ બટુકડી ઉપર હાથ ચલાવ્યો ને બટુકડીના મોઢામાંથી આ શબ્દો નીકળી પડ્યા.

બાએ બીજે દિવસે ઇંદુભાઇને વાત કરી: "તમે તો છોકરાંને ભારે બગાડી મૂકો છો! હવે તો જરાક હાથ ઉંચો કરીએ ત્યાં તો અમને ઘડીકમાં પાછાં પાડી દે છે, ને વારેવારે બીક બતાવે છે કે મારીશ તો અમારા ઈંદુભાઇને કહી દઇશ. તમે તો છોકરાંને ભારે કરી મૂક્યાં!"

ઇંદુભાઇએ જવાબ આપ્યો: "બાપુ, એ તો આજનાં છોકરાં છે. હવેનાં છોકરાંનાં માબાપ થવું બહુ આકરું છે. આ જુગનાં છોકરાં એમ માબાપનો કે કોઇનો માર બાઈ નહિ રહે."

બાએ કહ્યું: "માળું સાચું લાગે છે."

આ વાત તો અહીં રહી પણ મારા મનમાં વિચાર ઉઠ્યા: "આ ઈંદુભાઈ તે છોકરાંઓને શું શીખવે છે, ને શું સમજાવે છે?" મનને થયું કે એક વાર એની નિશાળમાં જઇને જોવું જોઇએ.

હું એક વાર એના બાલમંદિરે ગયો.

બાલમંદિરમાં ઈંદુભાઈ અને તેનાં બાળકો બેઠાં હતાં. બધાંની સામે નાસ્તાની રકાબીઓ પડી હતી. બધાં બાળકોને ઈંદુભાઇ કંઇક પૂછતા હતા ને હાથ ઉંચા કરીને બાળકો જવાબ દેતાં હતાં.

ઈંદુભાઇએ પૂછ્યું: "જે બાળકોને બા મારતી હોય તેઓ હાથ ઉંચા કરે."

કેટલાયે હાથ ઉંચા થયા.

ઈંદુભાઇ કહે: "હાથ નીચા. જુઓ, આજે હું તમને છાપેલી ચિઠ્ઠી આપીશ. જુઓ એમાં લખેલું છે: 'બાળકોને મારશો નહિ. મારવાથી બાળક બગડી જાય.' આ ચિઠ્ઠી તમારી બાને વંચાવજો. પછી જો તમને મારે તો તમે એને કહેજો: 'અમને ના મરાય; અમે તો નાનાં છીએ ને તમે તો મોટાં છે. અમને ના મરાય; અમને મારતાં તમને શરમ આવવી જોઇએ. અમને ના મરાય; અમને મારશો તો અમે રડશું, ભૂખ્યાં ભૂખ્યાં ઊંઘી જઇશું. અમે કાંઇ તમારી સામે થોડાં થઇ શકીએ? અમને ન મરાય; અમે તમને વહાલાં છીએ. અમે તમારાં છીએ. અમે તમને મોંઘાં છીએ."

ઈંદુભાઇએ ત્યાર પછી ચિઠ્ઠીઓ વહેંચી. બાળકોએ લાંબા હાથો કરીને લીધી ને નાસ્તા પછી હસતાં કૂદતાં ઘેર જવા ઉપડ્યાં.

મોહનલાલ: "હવે મારી બા મારે તો હું કહીશ: "અમને ના મરાય. મારશો તો અમે

મોંઘાં છીએ.”

સવિતાઃ “ હું પણ કહીશ. અમને મારવાની ઇંદુભાઇએ ના પાડી છે.”

રવિન્દ્રઃ “ અમને તો બા મારતી જ નથી; પણ બાપા મારે છે. એને આ ચિઠ્ઠી આપીશ.”

બટુકઃ “ બા ખીજાય ત્યારે અમને જ મારે છે. હવે તો બાને કહી જ દઇશ કે તારાથી ન મરાય. નાનાં છોકરાંને ન મરાય.”

ચંપકઃ “ પણ આપણે તોફાન કરીએ તો નહિ મારીએ. મારે ના?”

રસુઃ “ પણ અમે તોફાન કરતાં જ નથી. ઇ તો કાંઇ કરીએ એટલે બા કહે છે કે તોફાન કરો છો. મુંગાં બસ હલ્યા-ચલ્યા વિના બેસી રહીએ તો તોફાન કર્યું ન કહેવાય.”

બાળકો આનંદમાં અને લહેરમાં ઘેર ગયાં.

મને કૌતુક થયું: “ચાલને એક બે જણાંને ઘેર જઉં ને જોઉં તો ખરો કે આ ચિઠ્ઠીની શી અસર થઇ છે?”

શામજીનું ઘર નજીક હતું. ત્યાં ગયો ને બહારથી જોયું. શામજીએ ચિઠ્ઠી કાઢી ને બાને આપી. “ લે હવે મારીશ નહિ. જો આ ઇન્દુભાઇની ચિઠ્ઠી. વાંચ.”

બા કહેઃ “ હવે વાંચ્યાં વાંચ્યાં. અહીં કોણ નવરી છે? તારો ઇંદુભાઇ નવરો છે તે રોજ લખી આપે છે.”

ઘરમાં કોઇ અભણ છે?

ઘરમાં બેન, દીકરી, પત્ની,
જો કોઇ અભણ હોય તો

કેમ શીખવવું

મંગાવવા માટે
અરધા આનાની ટિકીટ મોકલો.

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય
બાલમંદિર : ભાવનગર

છોકરો કહેઃ “ ઠીક સારે, અમને મારજો. જોજે, ઇંદુભાઇને કહું છું કે નહિ.”

ત્યાંથી શાંતાને ઘેર ગયો. એના પિતાને હું જાણું છું. શાંતાએ બાના હાથમાં ચિઠ્ઠી આપી. બાએ કહ્યુંઃ “ આ તો ઇંદુભાઇનો હુકમ લાવી કે શું? ઠીક જા, તારા કાકાને આપ. હવેથી બા નહિ મારીએ. શું કરીએ? કો'ક દિ' ગુસ્સામાં મરાઇ જાય છે, પણ હવે

ત્યાંથી નીકળી જરા ઉતાવળે પગલે ચાલી એક છોકરીની પાછળ ગયો. સામેથી જ એની બા આવતી હતી. “ બા, લે આ નહિ મારવાની ચિઠ્ઠી. જો મારીશ તો ઇંદુભાઇને કહીશું.”

બા કહેઃ “ આ ઇંદુભાઇનું તો આપણા ઉપર રાજ્ય ચાલ્યું. ઠીક જા, મારી પેટી પર મૂક. હમણાં ઘેર આવીને વાંચું છું.”

એક જ છોકરાના ઘર પાસેથી પસાર થઇ હું મારે ઘેર ગયો. તે છોકરાના બાપે ચિઠ્ઠી હાથમાં લઇ કહ્યુંઃ “ અલ્યા શંકર, હું તને મારું તો શું કરીશ? ઇંદુભાઇને કહીશ તો ઇંદુભાઈ મને શું કરશે?”

“ તમને ના પાડવા આવશે.”

“ પણ તોયે મારું તો?”

“ તો ઇંદુભાઇ તમને વઢવા આવશે.”

“ શું વઢશે?”

"કહેશે કે બાળકોને મરાય નહિ. મારીએ તો બાળકો રડે. બીજું બિચારા શું કરે?"

"અલ્યા, બહુ ડાહ્યો થઇ ગયો!"

"તે થઇએ ના. અમને ઇંદુભાઈ એવું એવું શીખવે છે."

હું મારે ઘેર ગયો. શું કામ બટુકે એમ કહ્યું હતું કે ચિઠ્ઠી લાવીએ છીએ તોયે અડપલું કરે છે, અને ઇંદુભાઈ શું ભણાવતા હશે, તે પ્રશ્નોનો મારા મનથી ખુલાસો થઇ ગયો.

ગિ.

આનો શો - - - જવાબ?

સ૦ બાળક ખાવાનું વધારે માગે છે ને પાછળથી પડતું મૂકે છે.

જ૦ બાળકને કેટલું જોઈએ છે ને કેટલું નથી જોઇતું તેનો તેને લાંબા વખતથી અનુભવ નથી તેથી ખૂબ ભૂખ લાગવાથી ખૂબ જમાશે કે જોશે એમ ધારીને લે છે. ભૂખ તૃપ્ત થતાં વધારાનું પડયું રહે છે.

અગર તો બાળકને માગવા છતાં પાછળથી પૂરું નહિ મળે એવી શંકા આવી ગઇ છે એટલે આગળથી જ વધારે માગી રાખે છે કે ફરી વાર માગવું ન પડે–ભૂખ્યાં રહેવું ન પડે. માંદાં બાળકોને માબાપો ન આપવાનું કરે છે ત્યારે બાળકો બમણું લેવાનું કરે છે.

અગર તો બાળક મોટાંઓની દેખાદેખી કરે છે અને હજી સમજી શકે તેવી સ્થિતિમાં નથી આવ્યું કે આ દેખાદેખી નિરર્થક છે.

અગર તો બાળકને સૌએ બીજી રીતે અવગણ્યું છે, તુચ્છકાર્યું છે ને તેને પરિણામે તેનામાં હું નાનું છું, અનાદરપાત્ર છું એવો ખ્યાલ બેસી ગયો છે. આ ખ્યાલને લીધે બાળક મોટું થવાના દેખાવો કરે છે, ને પોતાના હક્કો માગે છે. મોટા થાળ ને મોટા પાટલા માટે આગ્રહ રાખવો તેમ જ ખૂબ જ પીરસાવશું એ પણ એ જ કારણે હોઇ શકે.

સ૦ બાળક બીજાને ત્યાં ખાય તે અયોગ્ય કે યોગ્ય?

જ૦ બાળક અકડાઈ જશે તો શું થઇ જશે તેમ માની તેને ખાતું અટકાવવું તે અયોગ્ય.

બાળકને ભૂખ લાગે પણ બા બીજા કામમાં રોકાઇ જવાથી બાળક બીજાને ત્યાં જઇ બેસી જાય તો બાને માટે તે અયોગ્ય.

બાળકને ગરીબી કે માંદાં પડવાની બીકે પૂરું પાધરું ખાવાનું ન મળતું હોય તો તે જ્યાં ત્યાં ખાવા બેસી જાય, અગર ખાવાની તક શોધે તો તે માબાપ માટે અયોગ્ય.

બાળકને એક વાર સમજાવ્યા વિના જમવાનું અને બીજી વાર સમજાવ્યા વિના ન જમવાનું કહેવાથી પરિણામે ક્યાં જમવું અને ક્યાં ન જમવું તેનો નિર્ણય કરવાની અશક્તિને લીધે તે જ્યાં ત્યાં ખાવા બેસી જાય તો માબાપને માટે અયોગ્ય.

આડોશી પાડોશીઓ હેતાળ અને ઉદાર હોય અને બાળકોને ચહાવાવાળાં હોય પણ બાળકોની તંદુરસ્તીનો ખ્યાલ રાખ્યા વિના તેમને ખવડાવવાનો જ શોખ રાખતાં હોય ને તેમ કરી પ્રીતિ દાખવતાં હોય તો તેમને માટે અયોગ્ય. તેમને બરાબર ન દોરનાર બાળકના માતપિતા માટે પણ અયોગ્ય.

બાળકોના ખાવાના સમય વિના બાળકો જ્યાં ત્યાં ખાતાં ફરે અને બીજાંઓ તેમને ખવરાવ્યા કરે તો બન્નેને માટે અયોગ્ય.

માબાપો જેની સાથે ન બોલતાં હોય અગર બાઝતાં હોય અને છતાં બાળક તેને ત્યાં જઈને

વખતે ખાઇ બેસે તો તેને ધમકાવે કે ના પાડે તે તેના માબાપને માટે અયોગ્ય, પણ નિર્દોષ બાળક માટે તેનું પગલું યોગ્ય છે.

બીજાને ત્યાં બગડાવવાની અને બાળકનું પેટ ભરાવી લેવાની વૃત્તિવાળી માનું બાળક જ્યાં ત્યાં ખાઇ આવે તો તે માતાને માટે અયોગ્ય અને બાળકને માટે ભારે નુકશાનકર્તા.

બાળક ખાઇને આવે ને ત્યાર પછી તેને ખાવા ન ખાવા સંબંધે સમજાવવામાં ન આવે પણ તેને ધમકાવવામાં આવે તો માબાપ માટે અયોગ્ય.

સ૦ બાળકને બીજા બાળકને બટકાં ભરવાની ટેવ હોય તો શું ભરવા દેવાં? અગર શું કરવું?

જ૦ ના, ન જ ભરવા દેવાં. ઘણી વાર બાળકો કોઇનું જોઇ એમ કરે છે. પ્રથમ વાતાવરણને શુદ્ધ કરવું. બાળક બટકાં ભરે તે માટે તેને મારવું નહિ તેમ જ ઉપદેશ દેવો કે ટીકા કરવી નહિ. બાળક ઉપર પ્રેમ રાખી જ્યારે તે અભિમુખ હોય ત્યારે તેને પાસે લઈ 'આમ કર તો?' એમ કહેવાથી તેના મનમાં કંઇક પ્રકાશ પડે છે. તે બટકાં ભરે તેને એક મોટી બાબત બનાવી તેની ચર્ચા, વાતો, ધમાધમ બનાવવાથી બાળકને તેમાં ઉલટો રસ આવે છે. બીજાનું ધ્યાન પોતાના પ્રત્યે ખેંચવા માટે તે આવું ઘણી વાર કરે છે. ઘણી વાર બાળકોને એવાં જ કામો કરવા આપણે ઉશ્કેરણી રૂપ થઇએ છીએ. એ કામ તરફ આપણો ઉત્સાહ નહિ બતાવીએ પણ તેની બહુ વધારે પડતી નોંધ ન લેવી. બાળકો અંદર અંદર કજીયો પતાવી લે છે; બાળકોને આ બાબતમાં તેમ કરવા છૂટાં મૂકી જોવાં. સ્વાનુભવમાંથી ઘણાં બાળકો રસ્તે આવે છે. હડકાયા કૂતરા જેમ બાળક બટકાંભરણું થઇ ગયું હોય તો દાક્તરને બતાવવાની જરૂર છે. તેમ જ તેના ઘરના એકંદર માનસિક કરડકણા વાતાવરણમાંથી બાળક કરડકણું થયું હોય તો માનસિક દૃષ્ટિએ તેનો નિકાલ લાવવા ઘરનું માનસિક કરડકણું કે ચીડીયું વાતાવરણ દૂર કરવું જરૂરનું છે. રોવું, મારવું, કરડવું વગેરે બાળકોના ક્રોધ બતાવવાનાં, હક્ક લેવાનાં, નારાજી કે અણગમો પ્રદર્શિત કરવાનાં સાધનો પણ બને છે. પ્રત્યેક પ્રસંગે દરેક વ્યક્તિગત બાળક આ સાધનને શા માટે વાપરે છે તે જોવું અને પછી તેનો ઉપાય લેવો. હક્ક લેવા માટે બટકું ભરનારને હક્ક મળવાથી બટકું નહિ ભરે. ગેરવ્યાજબી હક્ક સાબીત કરવા માટે બટકું ભરવાનું અશક્ય કરવું જરૂરનું ગણાય. બટકું ભરવાની લાંબા વખતની ટેવનો બીજો ઉપાય થાય ત્યાં સુધી તેમ કરવાની તેને તક જ ન મળે તેવી રચના કરવી. પોતાને પણ બટકાં ભરી જાય તેવા બાળકની માનસિક અગર શારીરિક ખામી છે તેમ અવશ્ય સમજવું, અને તેની તાત્કાલિક તપાસ કરાવવી.

> તમારે બાળકોના નેતા થવું હોય તો તમે તેને ઉપદેશ દેશો નહિ. તમે તેને ભૂલ માટે વઢશો નહિ. તમે તેની ટીકા કરશો નહિ. પણ તમે તેને કામ આપો. સેવા કરવાના માર્ગો બતાવો. કામના રસનો અનુભવ કરાવો. તમે તેની આગળ નહિ પણ પાછળ ચાલો.

સ૦ બાળક અમુક જ કપડાં પહેરે અને અમુક તેને માટે કરાવ્યાં હોય છતાં ન પહેરે તો શું કરવું?

જ૦ તેને પરાણે અણગમતાં કપડાં પહેરા-

વવાં જ નહિ; પણ તે શા માટે નથી પહેરતું તેની તપાસ કરવી. બાળકની ઇચ્છાને માન આપવું જરૂરનું છે તેમ જ તેની ઇચ્છાનાં કારણો તપાસી તેમાંનાં કયાં બરાબર છે ને કયાં નથી તે જોઈ તેની સાથે આગળ કામ લેવું. બાળકોને કપડાં સંબંધે ઝીણી ઝીણી મૂંઝવણો અને અગવડો હોય છે. ખાસ કરીને શારીરિક અનુકૂળતા એ બાળક માટે મુખ્ય વાત હોય છે. માટે તેમના શરીરને ફાવે તેવાં કપડાં છે કે નહિ તે જોવું. તેમને અમુક અમુક રંગ અને રૂપનો શોખ હોય છે. ઉપયોગી કપડું આવા રંગો અને રૂપો સાથે તે ઝટ લે છે. આપણી દૃષ્ટિએ જે કપડું પહેરાવવા માગતા હોઇએ તેને બાળકની પસંદગી–રુચિ મારફત પહેરાવીએ તો આપણી મુશ્કેલી ટળી જાય છે. બાળક ઘણી વાર ઉપયોગિતાની દૃષ્ટિ સમજી શકે છે તો પણ તેની રૂપ રંગ આકાર વગેરેની દૃષ્ટિ તેના ઉપર સવાર થઇને આડે આવે છે. માટે બાળક અને આપણી વચ્ચે સમાધાનીથી ચાલવું એ જ ઉત્તમ માર્ગ છે.

સ૦ બાળક માંદું હોય અને ન ખાવા જેવી ચીજ માગે તો આપવી? તેનું મન દુખાય તેનું શું?

જ૦ ના, ન આપવી. તે માંદું છે ત્યાં સુધી આપણે તેના વૈદ્ય છીએ અને તેને બદલે આપણને નિર્ણય કરવાનો અધિકાર છે. માંદગીમાં તેની સ્વતંત્ર ઇચ્છાને વશ જ થવું એમ નથી. તેનું માંદું મન ન દુખાય તેવી રીતે આપણે ના પાડવી. એકને બદલે ગમી જાય તેવું બીજું આપીને ના પાડવી. માંદગીમાં શરીર સાચવવા જતાં મનને વધારે આઘાત ન બેસે તે બરાબર ધ્યાન રાખી સાચવીને ના ભણવી. અર્થાત્ પ્રેમથી 'ના' પાડવી યોગ્ય છે; તેમ જ સત્તા છે માટે કર્કશતાથી નહિ પણ મુલાયમપણે અને તેનાં જ બનીને ના પાડવી. માંદગીમાં અયોગ્ય વસ્તુની હા પાડવાથી બાળક રાજી થશે પણ તેની ભયંકરતા તે સમજી શકતું હોય તો તે આપણને નાલાયક જ ગણે. એમ જ તંદુરસ્તી જોળવ્યા પછી લાંબે વખતે જ્યારે બાળક પોતે 'ના' નું મહત્ત્વ સમજશે ત્યારે ઉલટું આપણા માટે વિશ્વાસ અને માન ધરાવશે. ગિ.

વાર્તા કહેનારાઓને

પોતાને વાર્તા બરાબર આવડતી હોય તો જ કહેવી.

પોતાનો વાર્તા કહેવાનો શોખ કેળવવો.

વાર્તા કહેતી વખતે વચ્ચે સમજાવવા કે ઉપદેશ દેવા ન મંડવું.

વાર્તામાં કોઇ રસ ન લે તો પણ કીધા કરવી નહિ.

વાર્તા બાળકોનું મન જોઇને કહેવી; તેમની શાંતિ સમજીને લાંબી ટૂંકી કહેવી.

વાર્તા ચોખ્ખી ભાષામાં અને શાંતિથી કહેવી.

વાર્તા કહેતી વખતે ચિત્રો દોરવાં નહિ.

વાર્તા કીધા પછી તે બાળકો પાસેથી કઢાવવી નહિ.

એક વાર્તા બાળકો સાંભળે તેટલી વાર કહેવી.

વાર્તા બીક અથવા વ્હેમ પેદા કરે તેવી ન કહેવી.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખો

લક્ષ્મીશંકરભાઇની મૂંઝવણ

લક્ષ્મીશંકરભાઇની હમેશની મૂંઝવણ એ રહે છે કે જીવો ભૂગોળમાં ધ્યાન આપતો નથી. લક્ષ્મીશંકર ઉત્સાહી અને પ્રામાણિક શિક્ષક છે. તેમની હોંશ એવી છે કે પોતાનો દરેકે દરેક વિદ્યાર્થી બધા વિષયોમાં પહેલે નંબરે આવવો જોઇએ. પોતાનાં પરિણામો સૌથી સુંદર લાવવા તે ઇચ્છે છે, ને તે માટે ખૂબ જ મહેનત કરે છે. લક્ષ્મીશંકરભાઇના ઉત્સાહ અને પ્રામાણિકપણું તેમ જ શ્રમ માટે ધન્યવાદ. પણ તેમની મૂંઝવણનો ઉકેલ એમાંથી નથી આવતો, અને નહિ આવે. મૂંઝવણનો ઉકેલ શિક્ષકભાઇની વિચારસરણી સમજીને બદલાય તો જ આવે. એ વિચારસરણી આવી હોય. આટલા બધા છોકરાઓ ભૂગોળમાં ધ્યાન આપે છે ને જીવો નથી આપતો તો જીવાને કંઇક ખાસ કારણ હોવું જોઇએ. આટલા બધા છોકરાઓને ગોળ ભાવે છે ને જીવાને નથી ભાવતો તો જીવાને શું થયું છે ? આટલા બધા છોકરાઓ ભૂગોળ ભણીને ડાહ્યા થશે ને એક જીવો ભૂગોળ ભણ્યા વિનાનો રહી જશે તો જીવાનું અને દુનિયાનું શું ઉલટું થઇ જશે ? જીવાને બીજું ઘણું ગમે છે છતાં એક ભૂગોળ નથી ગમતી તો શું વાંધો છે ? જો લક્ષ્મીશંકરભાઇને લાગે કે જીવો બીજી રીતે સારો છે, ગણિતમાં તો એક્કો છે, પાઠ સારો વાંચે છે, અક્ષર સારા છે તો શા માટે તેણે ભૂગોળ પરાણે ભણવી ? ભૂગોળના વિષયમાં ભલે નાપાસ થાય. એકાદ વિષય ન આવડયે કોનું ચાલ્યા વિના રહ્યું છે ? ધારો કે લક્ષ્મીશંકરભાઇ આ વિચારસરણીએ ગયા તો શું તેમણે જીવાને ભૂગોળમાં નાપાસ થવા દેવો ? શું તે વખતમાં જીવો ધ્યાન ન આપતાં નખરાં કરે તે કરવા દેવાં ? તેના માબાપને શું જવાબ દેવો ? જીવાને આગળ ઉપર નુકશાન થશે તો ? લક્ષ્મીશંકરભાઇને જવાબ આપી શકાય કે હા, જરૂર જીવાને ભૂગોળમાં નાપાસ થવા દેવો. એક વાર એમાં નાપાસ થયા પછી જીવામાં જાગૃતિ આવે–જીવો તેની પાછળ પડે તો ભલે પડે. ઘણી વાર એમ જ બાળકોનો અનાદર ચાલ્યો જાય છે. છતાં જીવો દરકાર નહિ જ કરે તો તે જીવાનો પ્રશ્ન છે એમ જરૂર આપણે માનવું. તે પ્રશ્ન આપણો કર્યો છે એને લીધે જીવો વધારે ઠોઠ થાય છે. તે પ્રશ્ન થઇ શકે તેટલો તેનો પોતાનો જ થવા દઇએ તો જીવો પણ બની શકે તેટલો તે વિષયમાં બીલે. વળી જીવો ભૂગોળમાં નખરાં કરે છે ને વર્ગના બીજા વિદ્યાર્થીઓને ધ્યાન આપવા દેતો નથી એ જેમ સાચું છે તેમ તે ગણિતના વર્ગમાં એટલો તલ્લીન થઇ જાય છે કે વખત કયાં ગયો કે આજુબાજુ શું બન્યું તેનું ધ્યાન પણ તેને નથી રહેતું તે પણ સાચું છે. ગણિતમાં તે એટલા માટે એકાગ્ર રહે છે કે તે તેનો ગમતો વિષય છે. તો ભૂગોળ વખતે પણ તેને ગણિત જ આપે તો ? તો ગમતો વિષય બમણો થશે ને જીવાની ઉપાધિ ટળશે. જીવો જ્યાં ફાવે તેમ છે તેમાં તે વધારે ફાવશે. ધૂળ જેવો ભૂગોળ જાણનાર થાય તેના કરતાં ઉત્તમ ગણિતી થાય તો શું ખોટું ? છોકરા વર્ગમાં એટલા માટે તોફાન કરે છે કે કાં તો તેમને શિક્ષક નથી ગમતો ને કાં તો તેમને શિક્ષણનો વિષય નથી ગમતો અગર શીખવવાની

પદ્ધતિ નથી ગમતી. લક્ષ્મીશંકરભાઈ અને તેનું ગણિત જીવાને ગમે છે તેનો અર્થ એટલો જ છે કે તેને લક્ષ્મીશંકર ગમવા છતાં ભૂગોળનો વિષય નથી ગમતો. શીખવવાની પદ્ધતિ તો એકની એક જ રહે છે ને તે પરત્વે જીવા ઉપર જુદી અસર નથી થતી. વળી લક્ષ્મીશંકરભાઇએ એના માબાપને એમ જવાબ આપવો કે જીવો ભૂગોળનો જીવડો નથી; તેને તેમાં રસ નથી; તેમાં તે મૂંઝાય છે. માટે જેમ તમે બાળકને કડવો લાગતો ખોરાક તેને નથી આપતાં તેમ જ જીવાને કડવી લાગતી ભૂગોળ નહિ ભણાવું. માબાપ પૂછે: "પણ શા માટે ન ભાવે? બધું ભાવવું જોઇએ. છોકરાએ બધું ભણવું જોઇએ." લક્ષ્મીશંકરભાઇએ કહેવું જોઇએ કે આપણને કોઇ એમ કહે તો? કોઇની ઇચ્છા અને ગોઠવણ પ્રમાણે આપણે ચાલ્યા જ કરવું એવું કોઇ ઠરાવે તો? છોકરાંઓને માટે તેમને ગમે તેવું ને શરીરને પોષક થાય તેવું રાંધવું જોઇએ કે જે રાંધીએ તે તેણે ખાવું જોઇએ? આપણે જે અભ્યાસક્રમ રચ્યો તે પ્રમાણે છોકરાંઓએ ભણવું જોઇએ કે છોકરાઓને જે ભણવાનો શોખ હોય તે તેમને ભણાવવું જોઇએ? વળી જે જોઇએ તે ન આપવું અને ન જોઇએ તે આપવું એ તો અવળી વાત છે. હવે લક્ષ્મીશંકરભાઇએ એક સવાલનો જવાબ આપવો રહ્યો. આગળ ઉપર નુકશાન થશે તો? આગળ ઉપર તો કોણ જાણે. પણ અત્યારે તો પરાણે ભણાવવાથી થતું નુકશાન દેખીતું છે. ન ગમતું ભણાવવામાં વખત જાય છે, શરીર અને મનને ત્રાસ પડે છે અને એ ઉપરાંત માણસમાં ભણતર અને ભણાવનાર પ્રત્યે અણગમો પેદા થાય છે. માણસના શરીર મન અને આત્મા પર આવી રીતે આક્રમણ કરવાથી તે અપંગ થાય છે ને તેના અપંગપણાને લીધે તે દુઃખી ને દુષ્ટ વૃત્તિવાળો અને એકંદરે ભયંકર માણસ થાય છે. આ નુકશાન વધારે છે કે ભૂગોળનાં બે ગામો ન ભણે એ નુકશાન મોટું છે? ભવિષ્યમાં જે જીવાને બીજા વિષયો આવશ્યા હશે, તેની સામાન્ય અક્કલ વધી હશે તો જ્યારે મુસાફરી કરવી હશે ત્યારે કે ભૂગોળના જ્ઞાનની જરૂર પડે તેવા અન્ય પ્રસંગોએ તુરત જ તે ઉપયોગી સાધનો મેળવી લેશે ને તેનો યોગ્ય ઉપયોગ કરી લઈ પોતાનું કામ પાર પાડશે. લક્ષ્મીશંકરભાઇ આ બધું જાણી પોતાની મૂંઝવણમાં ઘટાડો કરે તો સારું; નહિતર એની જ નહિ પણ એનાથી બમણી મૂંઝવણ જીવાની છે, તે બન્ને ચાલુ રહેશે. **ગિ.**

ગરીબ અભણનો લાંબો હાથ

અક્ષરશાળાઓ એટલે હજારો ગરીબ અભણને માટે ચલવવામાં આવતી શાળાઓ.

એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં જે ગમે તે આપજો.

ક્યાં મોકલશો?

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર: ભાવનગર.

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યોજનામાં હજી સુધી ન જોડાયા હોય તેઓ જોડાઇ શકે. ૨૫૦૦ થી વધારે માણસો તેમાં જોડાયા છે. ભણનારાઓ માટે 'ચાલો વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તો દેશી જનોને ભણાવવાનું સારૂં કામ કરવા તો આજે બેસી જ જાઓ. ઘેર બેઠાં ગંગા એમ ઘેર બેઠાં જ આ કામમાં થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યોજનામાં જોડાવા માટે નીચેનાં નમુનાનું ફૉર્મ ભરી મોકલો તથા 'કેમ શીખવવું' નામની ચોપડી મંગાવો.

[નમુનાનું ફૉર્મ]

તંત્રવાહકો, અક્ષરજ્ઞાન યોજના

શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનો ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામઠામો હું વખતો વખત મોકલીશ.

આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

અક્ષરજ્ઞાન અને શિક્ષકો

શિક્ષકો જો આ યોજનાને પોતાની કરે તો ઉત્તમ કામ થાય. આ કામ જ મૂળે તો શિક્ષકોનું છે. શિક્ષકોની સામે આ એક સોનેરી તક છે કે પોતાનું જ કામ પોતે ઉપાડી લે, અને સેવા કરવાના આ પ્રસંગને દીપાવે. આ કામ શિક્ષકોથી જેટલું થશે-જેટલું સુંદર થશે તેટલું બીજાઓથી કદાચ નહિ થાય. મારી આ માન્યતા સાચી ઠરતી જાય છે. આજે જોઇએ તો આ યોજનામાં જોડાનારની સૌથી વધારે સંખ્યા શિક્ષકોની છે. શિક્ષકોને વહેલી હોંશ ચડી છે. શિક્ષકોને માટે તે સરલ પડે છે એટલા માટે કે શિક્ષકો આવા ભણાવવાના કામના ભોમિયા છે. શિક્ષકોને હાજરીપત્રકો ભરવાં વગેરેની પણ ટેવ છે. સાચે જ શિક્ષકો આ યોજનામાં ફાવશે. શિક્ષકો આ યોજના દ્વારા પોતાની સેવાવૃત્તિ અને શિક્ષણબુદ્ધિ બતાવી શકશે.

પણ હજી ઘણા શિક્ષકો જોડાયા વિનાના છે. તેઓને હવે કેવી રીતિ કરવાની હોય કે ભાઇઓ અને બેનો કેમ જોડાઓ ? આ તો તમારૂં જ પવિત્ર કર્તવ્ય છે અને તે તમે જ પાર પાડો. તમે તમારા ક્ષેત્ર ઉપર તમારી શક્તિ-તમારૂં તેજ જો નહિ બતાવો તો કોણ બતાવશે ? હજી જેઓ ન જોડાયાં હોય તેઓ તુરત જોડાય.

તંત્રવાહકો.

આગળ વાંચો બીજી ચોપડી
સપ્ટેમ્બરની શરૂઆતમાં પ્રગટ થશે.

વાર્ષિક લવા ૪મ ૩'. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારીઃ ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૧

અંક ૮-૯ મો
આશ્વિન-કાર્તિક

:તંત્રી:
ગિજુભાઈ
તારાબેન

સરદારી

સરદાર બનવું સહેલું છે એટલું સરદારી ટકાવી રાખવી સહેલી નથી.

સરદાર બનવું એટલે કાંટાનો તાજ પહેરવો. એ તાજ પહેરાવવા સૌ આવે છે, પણ એ જ પહેરાવનારાઓ સરદારના રસ્તામાં કાંટા વેરે ત્યારે કાંટાનો મુગટ અસહ્ય થઇ પડે છે.

કોઈ પણ કામમાં સરદારી–નેતાગીરી સ્વીકારતા પહેલાં આપણે પોતાના બળનો વિચાર કરીએ. આપણા સાથીઓનોયે વિચાર કરીએ.

પૂરતી ખાત્રી કર્યા પછી લીધેલી સરદારી અલ્પજીવી નથી બનતી.

સોનેરી તક

આપણાં બાળકો મહા ભાગ્યશાળી છે. આજે સોનેરી જ શું પણ સોનાથીયે કિંમતી તક આપણને ને આપણાં બાળકોને મળી છે. જગતનું એક અદ્‌ભુત દૃશ્ય જોવાનું ભાગ્ય આપણને મળ્યું છે. આપણાં બાળકોને આ અદ્‌ભુત હવાનો શ્વાસોચ્છ્વાસ લેવાનું ભાગ્ય મળ્યું છે.

આજે દેશમાં એક મહાન્ સંગ્રામ ચાલે છે. જગતે કોઇ કાળે ન જોએલું ન જાણેલું એવું એ અદ્‌ભુત યુદ્ધ છે. પાશવી શક્તિની સામે પાશવી શક્તિએ લડેલી ઘણી લડાઇઓ થઇ ગઇ. તીક્ષ્ણ જીવલેણ હથિયારો સામે તેવાં હથિયારો ખખડતાં જ આવ્યાં છે. માથાં સાટે માથાં કપાતાં જ આવ્યાં છે. ક્રોધ સામે ક્રોધ, ઇર્ષા સામે ઇર્ષા ને દ્વેષ સામે દ્વેષ તો ચાલતાં જ આવ્યાં છે.

પણ આજે તો સંગ્રામનો નેતા એક મહાત્મા છે. દૈવી પ્રેરણાથી તે લડે છે. તેનાં હથિયારો પણ દૈવી છે. તેની વાણી પણ દૈવી છે.

પાશવી બળ સામે તે આત્મિક બળ ધરે છે. શારીરિક શક્તિ સામે તે હાર્દિક શક્તિ મૂકે છે. ક્રોધ સામે પ્રેમ છે; ઇર્ષા ને દ્વેષ સામે પણ પ્રેમ જ છે. દુઃખ સામે સહનશીલતા છે. દુષ્ટતા સામે ભલાઇ છે. લડતમાં શૌર્ય છે તે મારવામાં નહિ પણ મરવામાં છે. લડતમાં વીર્ય છે તે ક્રોધના પ્રહાર શાંતિથી ઝીલવામાં છે. આ શુદ્ધ બલિદાનની લડત છે. મહાત્મા પુરુષે આદરેલો આ એક મહાન્ યજ્ઞ છે. આ જંગ નથી પણ જગન છે. આ હત્યા નથી પણ બલિદાન છે. આ પાશવી વૃત્તિને જીતવાની એક મહાન્ તપસ્યા છે. સાત્વિક તેજથી તેજઃપુંજ થવાની આ ઉપાસના છે.

દુનિયાના ફિલસૂફો હા ભણી રહ્યા છે. વિચારકો માથું નમાવે છે. પોતાના સતના તેજથી શત્રુને હરાવવાની નહિ પણ મિત્ર કરી લેવાની, તેનો હૃદય પલટો કરવાની આ લડત એક અદ્‌ભુત અખતરો છે.

આવા જગત્ પરિવર્તન કરનારા કાળમાં આપણાં બાળકો મોટાં થાય છે એ આપણું ને આપણાં બાળકોનું કેટલું અહોભાગ્ય! આપણે કાળને સમજી લેવો જોઇએ; બનાવોની મહત્તા જાણવી જોઇએ ને આપણાં બાળકોને તેનો લાભ લેવા દેવો જોઇએ.

આજે ભણતર શાળામાં નથી પણ લડાઇના મેદાન ઉપર છે. પ્રકાશ શાળાની ઓરડીમાં છે જ નહિ. જ્યાં સત્ય ને અહિંસાના મહાન્ જીવનસિદ્ધાન્તો જીવાતા હોય ત્યાં જ બધું ભણતર છે. ત્યાં જ બધું ગણતર છે. ત્યાંની ભૂગોળ તે ભૂગોળ છે; તેનો જ ઇતિહાસ તે ઇતિહાસ છે.

બાળકો લડતના સિપાહીઓનું શાંતિમય શૌર્ય જુએ; બાળકો જીવલેણ હથિયારો સામેની અડગ શાંતિ જુએ; બાળકો મહાન્ ત્યાગ જુએ ને જીવનનો વિશાળ ખ્યાલ મેળવે; જીવનની ઉચ્ચતા ને ભવ્યતા નજરે જુએ; જીવનની સંકુચિત, સ્વાર્થપરાયણ દ્વેષમૂલક ભાવનામાં લડથડિયાં ખાતાં આપણા સંકુચિત સંસાર બાબોચિયા-

માંથી નીકળી જીવનની મહત્તા ને સાત્વિકતાને નીહાળે એવી તક આપણે આપણાં વ્હાલાં બાળકોને આપવાની છે. આજે તેમને મહાન્ ભણતર લેવાની, વિશાળ ભણતર ભણવાની, માણસ તરીકે કેમ જીવાય તે ભણવાની સોનેરી તક મળી છે. આપણે તેમને તેનાથી વંચિત નહિ રાખીએ પણ તેમને પૂરેપૂરો લાભ મળે તેવી ગોઠવણ કરીએ. આપણે તેમને માથેરાન કે મહાબળેશ્વર લઇ જવાને બદલે ધરાસણા ને વડાલા લઇ જઇએ. આપણે તેમને ગિરનાર ને પાલીતાણા બતાવવા લઇ જઇએ તે કરતાં બારડોલીનાં ખેતરો બતાવવા લઇ જઇએ. દાંડીનાં પીઠાંની માણસાઇની લડત બતાવીએ. વિદેશીના વેપાર સામેની લડત બતાવીએ. આપણે તેમને ખોડિયાર ને અંબાજીને પગે લગાડવા લઇ જવાને બદલે મહાત્માજી ને જવાહરને પગે લગાડવા લઇ જઇએ. આપણે તેમને ક્રિકેટના પ્લે ગ્રાઉંડમાં મોકલવાને બદલે વાનરસેનાની તાલીમ લેવા જવા દઇએ. આપણે તેમને કલ્યાણ ને માલકંસની ચીજો શીખવવાને બદલે 'શિર જાવે તો જાવે'નો રાગ અંતરથી શીખવાની તક આપીએ.

આપણે તેમને દરેક જાતનું ભણતર મેળવવાની પૂર્ણ તક આપીએ. તેમાં જ આપણાં બાળકોનો સ્વાર્થ છે; તેમાં જ આપણાં બાળકોનું ભલું છે; તેમાં જ આપણાં બાળકોનું પરમ હિત સમાએલું છે.

આજની અપૂર્વ અમૂલ્ય તક જવા દઇએ તો બાળકોનું હિત સાધવામાં ચૂકશું, બાળકોનું ભવિષ્ય બગાડશું ને કાયમને માટે ઠપકાપાત્ર થશું.

તા.

બાબાઓનો સહકાર

બાલમંદિરમાં આવતી એક બેનના પિતા મારા ઉપર નીચે પ્રમાણે પત્ર લખે છેઃ—

પ્રિયભાઇ,

ચિ. કુસુમ તેની માતાની માંદગીને કારણે અમદાવાદ ગઇ છે. તે કારણે તે બાલમંદિરમાં આવશે નહિ. મારી માંદગીના કારણે તેની આટલા દિવસની ગેરહાજરી રહેલી તે દરગુજર કરશોજી. અમદાવાદથી આવ્યા પછી તે નિયમિત રીતે બાલમંદિરમાં હાજરી આપશે. એ જ.

ભાવનગર
હિંદુ સેનીટેરીયમ
તા. ૨૫-૮-૩૦

લી. સ્નેહી
ગોપાળરાવ ભાગવત
ના વંદન

એક બીજા ભાઇનો પત્ર આ પ્રમાણે આવેલો છેઃ—

દેવજી ભગતની ધર્મશાળા.
ભાવનગર તા. ૩૦-૮-૩૦

પૂજ્ય વડીલશ્રી,

લખવા વિનંતિ કે હું આજે સાંજે મારાં બન્ને બાળકો ચિ. રતુ તથા કાંતાગૌરીને મારી સાથે મોરબી લઇ જાઉં છું. ત્યાં અમારી પરિષદ ભરાવાની છે. તો આઠ દિવસ સુધી બન્ને બાળકોને હું બાલમંદિરમાં મોકલી નહિ શકું તો ક્ષમા માગું છું. હું તા. ૧૦ મીએ પાછો ફરીશ તે દિવસથી આ બાળકોને પાછાં મોકલીશ. તરદી માટે ક્ષમા માગું છું.

લી. સેવક વનમાળીના પ્રણામ.

પહેલા પત્રના લખનાર એક દક્ષિણી બ્રાહ્મણ છે; બીજા પત્રના લખનાર વાળંદ જ્ઞાતિના એક ભાઇ છે. બન્નેને અહીં હું મારા ધન્યવાદ આપું છું, તે એટલા માટે કે તેમને પોતાનાં બાળકોના શિક્ષણ માટે કેટલી બધી કાળજી છે. મને પોતાને આનંદ થાય છે તે એટલા માટે કે બ્રાહ્મણ પિતા તો ઠીક પણ વાળંદ પિતા પણ પોતાનાં બાળકોની ચિંતા કરવા લાગી ગએલ છે; તે એટલા માટે કે મને બાળકોના પિતાઓનો અને માતાઓનો મારા કાર્ય અર્થે સહકાર મળે છે.

શિક્ષણનું અને ખાસ કરીને બાળશિક્ષણનું કાર્ય માબાપોના સહકાર વિના શક્ય જ નથી. ત્રણ વર્ષનાં બાળકો છેક છૂટાં થઇ માબાપથી દૂર પડી શકતાં નથી. માબાપોના પ્રેમાળ વાતાવરણમાંથી બાળકોને કેવળ દૂર કાઢવાનું સલાહ ભરેલું નથી. બીજી બાજુથી ઘર બાળકોને માટે સંપૂર્ણ વિકાસનું સ્થાન રહ્યું નથી. બાળકોને ઘરમાંથી શાળામાં–બાળશાળામાં મૂકવાનો વખત જ્યારે આવી લાગે ત્યારે તેમને ત્યાં મૂકવાં જ ઘટે છે. છતાં બાળક ઘર અને શાળા. બન્નેના વાતાવરણમાં જ ઉછરવું જોઇએ. બન્નેની મીઠી સહાયમાં જ વિકસવું જોઇએ. બન્નેના સહકારી પ્રયત્નો સાથે જ આગળ વધવું જોઇએ. અને તેથી જ નાનાં બાળકોનાં માબાપો અને શિક્ષકો વચ્ચે વધારે સહકાર આવશ્યક છે. ઘરમાં બાળકોની સ્થિતિ શી છે તે જાણવાથી શિક્ષકના કાર્યમાં ઘણો સુધારો વધારો થઇ શકે છે. એમ જ શાળામાં બાળકો શું કરે છે ને શા માટે કરે છે, તેનો માબાપોને ખ્યાલ હોય તો તેઓ શાળાનું કામ સફળ બનાવવા માટે મદદ કરે અને વિઘ્ન નાખે નહિ. શાળા શાળાને ઠેકાણે ને ઘર ઘરને ઠેકાણે રહે તો બાળકોને સહેવાનું રહે છે. ઉપલા પત્રો સહકારના એક દાખલા રૂપ છે. માબાપની શિક્ષણ પરત્વેની ધગશ અને લાગણી રૂપ છે. માબાપને મન બાળશિક્ષણની કેટલી કિંમત છે તેના પુરાવા રૂપ છે. શિક્ષકને માટે એ પત્રો ભારે પ્રોત્સાહન રૂપ છે, પોતાના કાર્યમાં મદદ રૂપ છે. બાળક સંબંધે શિક્ષક તથા માબાપ બન્નેને અનેક પ્રશ્ન ઉઠે છે; બન્નેના સાચા નિકાલ ઉપર બાળકની પ્રગતિનો આધાર છે. માબાપ અને શિક્ષકોએ બાળકો સંબંધે વારંવાર મળવું જોઇએ, બાળકોની ન્યૂનતાઓ અધિકતાઓ વિષે વાતો કરવી જોઇએ અને બાળકને આગળ વધારવાની યોજનાઓ રચી તે પ્રમાણે અમલ કરવાને તત્પર થવું જોઇએ. આનું નામ માબાપો અને શિક્ષકો વચ્ચે સહકાર. ભવિષ્યનાં બાળકો અને બાળહિત શિક્ષણમાં આવો સહકાર અતિ આવશ્યક વસ્તુ તરીકે માગે છે. ગિ.

પત્રિકાના ૪૫૦૦ ગ્રાહકો થઇ જવા આવ્યા છે. આ વર્ષે ત્યાં જ અટકીશું. ગ્રાહકો કરી આપનારાં તમામ ભાઇ બહેનોનો ઉપકાર. હવે તેઓ આ વર્ષે વધારે મહેનત ન ઉઠાવે.

આનો જવાબ શો ?

સ૦ ૧. બાળક માટી ખાય તો શો ઉપાય લેવો ?

જ૦ કેટલાક દાકતરોનું એવું માનવું છે કે માતા બાળકના ગર્ભાવસ્થામાં માટી ખાય છે તેથી બાળક માટી ખાતું થાય છે. કેટલાક દાકતરો એમ માને છે કે બાળકને અમુક ક્ષારોની જરૂર હોય છે ને તે તેના શરીર અગર ખોરાકમાંથી નથી મળતા તેથી તે માટીમાંથી મેળવવા જાય છે. માટીમાં સ્વાદ છે તે વાત ખરી છે. બાળક ખાય છે ત્યારે તેનો તેને સ્વાદ આવે છે. આ સ્વાદની ટેવ પડ્યા પછી તે વારંવાર તેને લેવા કરે છે. ઉપાય તરીકે બાળકને દાકતર કે વૈદ પાસે લઈ જવું. માટી ખાવા મળે તેવી એક પણ તક ન આપવી. માટી ખરાબ છે અથવા ન ખાવી તેવો ઉપદેશ કે ટોકણી ન કરવી, પણ રસ્તો વગર બોલ્યે બંધ કરવો.

સ૦ ૨. બાળક અંગુઠો કે આંગળાં ચૂસે છે તો શું કરવું ?

જ૦ આ ટેવ પડવાનાં ઘણાં કારણો છે. તેથી નુકશાન પણ છે. પણ તે અટકાવવા માટે બાળકનો હાથ મોંઢામાં ન જઈ શકે તેવી ગોઠવણ કરવી જોઈએ. આખો હાથ અંગુઠો અને આંગળાં કોથળીમાં રાખવાં અથવા મ્હોં તરફ હાથ ન જાય તે માટે હાથને બાંધવો. બાળક જ્યારે જ્યારે મ્હોંમાં આંગળાં નાખે ત્યારે ત્યારે તેનાં આંગળાં કે અંગુઠો મોંઢામાંથી હળવેથી લઈ લેવાં. અંગુઠે કડવી દવા કે એવું નિર્દોષ છતાં કડવું ચોપડવું. વારંવારની સક્રિય કાળજીથી એક વાર પડેલી ટેવ ધીમે ધીમે જશે. આવી કુટેવ કહેવાથી, ધમકાવવાથી, ઉપદેશ દેવાથી કે લાલચ દેવાથી નથી જતી કેમ કે બાળક ટેવને આધીન થઈ ગએલું હોય છે. તે ધારે છે કે અંગુઠો મ્હોંમાં ન નાખવો જોઈએ તો પણ હાથ એની મેળે મ્હોંમાં જાય છે. રાત્રે ઊંઘમાં પણ અંગુઠો મ્હોંમાં જઈને બેસે છે. માટે જ પડેલી ટેવ ઉચ્ચાટવવામાં અવળી ક્રિયા વારંવાર કરાવવી અને તે ધીરજ અને શાંતિથી બાળકનો કશોય વાંક કાઢ્યા વિના. બાળક મોટી ઉંમરનું થઈ ગયું હોય તો તેને અંગુઠો ચૂસનારના દાંત કેવા બગડી જાય છે, મોઢું કેવું કરૂપ થઈ જાય છે તેની વાત કરવી, ને તેવાં ચિત્રો બતાવવાં; પણ મુખ્ય આધાર તો ટેવ ઉચ્ચાટવવા ઉપર રહેશે.

સ૦ ૩. બાળકને કઈ ઉંમર સુધી તેની માતાએ ધવરાવવું ?

જ૦ કુશળ દાકતર અગર વૈદને પૂછવું જોઈએ. પણ એક વાત એ ધ્યાનમાં રાખવી કે માતા અમુક ઉંમર સુધી બાળકનું પોષણ સ્થાન છે માટે ત્યાં સુધી તો તેણે બાળકને ધવરાવવું જ જોઈએ. બાળકોને ન ધવરાવવાનો પવન શહેરોના શ્રીમંત અને સુધરેલાં માબાપોમાં ચાલે છે. એવાં માબાપો ગંભીર ભૂલ અને ગુન્હો કરે છે. કુદરતે બાળકોનાં પોષણનાં જે સાધનો અને સમૃદ્ધિ આપી છે તેનો યોગ્ય ઉપયોગ

થવો જોઇએ. નિર્બળ માતાએ પોતાની શક્તિ વધારવી જોઇએ ને બાળકને દૂધ પૂરૂં પાડવું જોઇએ. પોતાની અશક્તિના પરિણામે બાટલી કે આયા એ શરમાવા જેવું તેમ જ દુઃખ રૂપ ગણાવું જોઇએ. ગામડામાં આથી ઉલટું છે. બાળકને સૌ કોઇ ધવરાવે છે, પણ બાળકને ધાવણ છોડાવવાનો વખત આવી જાય છે-તો પણ ધવરાવે છે. અજ્ઞાન માતાઓ બાળકોને લાંબો વખત ધવરાવવામાં હેત સમજે છે. પાંચ અને છ વર્ષનાં કેટલાંક બાળકો ગામડામાં ધાવે છે. આથી માનું નિરોગી ધાવણ નથી મળતું; દૂધ સિવાયનો ખોરાક બાળકે હવે લેવો જોઇએ તે તે લેતું નથી તેથી તેને ઓછું પોષણ મળે છે. બાળક ઉલટું નબળું પડે છે. માટે બાળકને નાની ઉંમરે માએ ધવરાવવું જોઇએ અને બહુ મોટી ઉંમર સુધી ન ધવરાવવું જોઇએ. ધાવણ ક્યારે છોડાવવું તે માટે દાક્તરનો મત લેવો; પણ તે સાથે બાળકની જરૂરીઆત, બીજો ખોરાક લેવાની તાકાત, માની શક્તિ અશક્તિ વગેરે બાબતો ધ્યાનમાં લેવી જરૂરની છે.

સ૦ ૪. બાળકને લઇને બજારમાંથી જતા હોઇએ અને કેળાંવાળાની દુકાન આવે તો કેળાં, ચણાવાળાની દુકાનેથી ચણા, રેવડીની દુકાનેથી રેવડી અપાવી દેવા બાળક કહે તો શું કરવું? જે માગે તે લઇ દેવું?

જ૦ જે માગે તે લઇ દેવાની કશી જરૂર નથી. બાળક માગે તે આપવું જ જોઇએ એમ નથી. બાળક માગે તે ચીજ અપાવતી વખતે આપણે આટલું વિચારવું જોઇએ કે બાળકને તે ઉપયોગી છે? તાત્કાલિક જરૂરનું છે? કોઇ જાતનું નુકશાન કરે તેવી ઉપરથી રૂપકડી પણ પૈસા પડાવી લે ને બાળકને લોભાવે એવી ચીજ છે? પ્રસ્તુત બાળકની તંદુરસ્તી બગાડે તેવી છે? અને છેવટે આપણે તે માટે પૈસા ખર્ચી શકીએ તેમ છીએ? સામાન્યતઃ બજારમાંથી જોઇતું કંઇક જેમ આપણે ખરીદી શકીએ તેમ બાળક પણ ખરીદી શકે. તેને પણ ખરીદવાની છૂટ જોઇએ. ધીમે ધીમે જાતે પસંદ કરી નક્કી કરી ખરીદવાની શક્તિનો વિકાસ થવો જોઇએ. વળી બાળકને તેની ઇચ્છા સંતોષવા આપણે માગેલું અપાવી દેવું પણ જોઇએ. તેની મરજી સાચવવી ઘટે છે. પણ બાળકની માગણી બીજી રીતે કેટલી વ્યવહારૂ અને લાભદાયક છે તેનો વિચાર જરૂર કરવો, અને જો અપાવી દઇ શકાય તેમ ન હોય તો બાળકને કારણો આપી સમજાવવું અને ન સમજી શકે તેમ હોય તો 'ના' પાડીને તેને વળગી રહેવું.

સ૦ ૫. બાળક સાત વર્ષની ઉંમરનું થાય છતાં નિશાળે ન જાય તો પરાણે મોકલવું કે કેમ?

જ૦ ન મોકલવું. પરાણે મોકલવાથી તે ભણશે નહિ. સાત વર્ષનું થઇ જાય ને નિશાળે ન જાય તો કંઇ ખોટ જશે નહિ. દુનિયાની નિશાળો બંધ કરી દો તો પણ બાળકને નુકશાન જવાનું નથી. ઉલટું

આજની નિશાળો બંધ થઇ જાય તો જ ઘણો ફાયદો સમજવો.

બાળક નિશાળે ન જાય તો કારણો તપાસવાં. નિશાળ ખરાબ છે ? માસ્તર ન ગમે તેવા છે ? બાળકને કોઇ સાં હરકત કરે છે ? બાળકને બીજી કોઇ મુશ્કેલીઓ છે ? બાળકને આપણા તરફથી થતા શાળાએ જવાના વધારે પડતા આગ્રહને લીધે શાળા પ્રત્યે અણ-ગમો આવ્યો છે ? શાળાની બોટી બીક પેસી ગઇ છે ? ઘરનો વધારે પડતો પ્રેમ છે ? બા કે કોઇ બીજું માણસ આ-ડકતરી રીતે તેને ઘરમાં રાખવાના મતનું તો નથી ? બાળક પોતે અશક્ત હોવાથી શાળાએ જતાં અચકાય છે ? ઘરમાં મળતું જ્ઞાન હજી સંપૂર્ણ નથી થઇ ગયું શું ?

માબાપો શું વાંચશે ?

"ઘરમાં મોન્ટીસોરી"

લખનાર શ્રીમતી તારાબેન

વર્ષોથી બાળકોનાં અવલોકનો અને અનુભવ ઉપરથી લખાએલું માબાપો જ માટેનું, સાદી ભાષાવાળું નાનું એવું પુસ્તક. કિંમત ૦-૮-૦.

પોસ્ટેજ દોઢ આનો

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભાવનગર

સ૦ ૬. આંખમાં મેશ આંજવાથી બાળક રડે તો રડાવીને પણ આંજવી કે નહિ ?

જ૦ મેશ આંજવી કે નહિ તે બાબતમાં દાક્તરો મતભેદ ધરાવે છે. પણ જો મેશ આંજવી એવું તમારો વૈદ કહે તો જરૂર આંજવી. પછી તો મેશ આંખની દવા રૂપ છે. બનતાં સુધી બાળકને રડાવ્યા વિના આંજવી. બાળકના હાથ પકડીને આંજવાથી તે અનુભવ તેને કડવો લાગવાથી મેશ અંજા-વવાને કબજ્યા કરે છે. મેશનું આંજણ કંઇક અંશે આંખમાં બળે છે તે પણ આનાકાની માટેનું કારણ છે. બાળકને શાંતિથી લઇએ તો બાળક પોતે ધીરે ધીરે ટેવાઇ જાય છે ને આંજણ અંજાવવા દોડે છે. હમેશ જ રડતું હોય ને આંજણ ત્રાસરૂપ થતું હોય તો આંજવાનું પડયું મૂકવું.

સ૦ ૭. પાંચ વરસની અંદરના બાળકને કફની પહેરાવવી સારી કે બગલું ?

જ૦ કફની સારી લાગે છે. કપડાંની બાબ-તમાં ઘણી બાબ-તોનો વિચાર કરવો પડે છે. ઋતુ, કાપડ, ફેશન, કાપ-ડની જાત, બાળ-કની છૂટ અને આરોગ્યનો પ્રશ્ન વગેરે ધ્યાનમાં લઇ નક્કી કરવું. બગલા કરતાં તો કફની સારી પડશે. અનુભવ કરી જુઓ.

સ૦ ૮. ત્રણ વર્ષની અંદરનાં બાળકને અના-જનો ખોરાક આપવો કે નહિ ?

જ૦ વૈદ અગર દાક્તરને પૂછો.

સ૦ ૯. છોકરો દશ વર્ષની ઉંમરનો છે. મોહું ઉઘાડું રાખે છે. ના કહ્યા છતાં તે સમ-જતો નથી. શું કરવું ?

જ૦ કુશળ દાકતર પાસે તપાસાવો. તેને ગળામાં કાકડા અગર ચૂરીયા Tonsils કે Adenoids હોવા જોઇએ. ગળાની અંદર દરદ હશે તો કહેવું નકામું જ જશે. તુરત વૈદકીય સલાહ લેશો.

સ૦ ૧૦. છોકરો દશ વર્ષનો છે. મોળું દૂધ પીતો નથી; ગળ્યું દૂધ ભાવે છે. તો સાકર-વાળું દૂધ આપવું ?

જ૦ ફાંફ વાંધા જેવું લાગતું નથી. ખુશીથી આવતી જતી સાકર નાખીને આપવું. સાકર દૂધ સાથે ઉકાળવી.

સ૦ ૧૧. બાળક બજારની ચીજો ખાવા બહુ મન કરે છે તો અપાવાય કે નહિ ?

જ૦ બજારની ચીજોને બદલે ઘરમાં કરીને આપો તે સારું. બજારની ચીજોનો માલ સારો નથી હોતો, ગંદો હોય છે. તે ચીજો ઉપર માખીઓ બેસવાથી ગંદી અને રોગ લાવે તેવી બની હોય છે. માટે બનતાં સુધી બજારૂ ચીજો છોડી દેવી ને ઘેર બનાવી દેવી. ગિ.

સ્વતંત્ર બાળક એ છે કે

૧. જેને આ કરવું અને આ ન કરવું તેનો વિચાર કરવાની છૂટ છે.

૨. જેને પોતાના વિકાસ માટે વિચાર દર્શાવવાની છૂટ છે.

૩. જેને પસંદ કરેલું ક્રિયામાં ઉતારવાની છૂટ છે.

૪ જેને અમુક કરવું જ જોઇએ અને અમુક ન જ કરાય એવું ખોટું બાહ્ય બંધન નથી.

૫. જે પોતાનો વિચાર અને ક્રિયા સ્વાધીનપણે કરી શકે છે.

૬. જે પોતાનું જીવન અન્યને માન આપીને, અન્યની સગવડ સાચવીને, અન્યના હક્કો જાળવીને ચલવે છે. ગિ.

નવું બાલસાહિત્ય

નામ	લેખક	પ્રકાશક
વાત બહેનાં	મણિભાઇ: ઈંદુભાઇ	જીવનલાલ અમરશીઃ અમદાવાદ
બાપુની સ્વરાજ યાત્રા	વલ્લભદાસ અક્કડ	શાહપોર, સુરત
દેવ કથાઓ [બીજી આવૃત્તિ]	ચંદ્રશંકર મ. ભટ્ટ	ગુજરાત સાહિત્યમંદિરઃ અમદાવાદ
આંબાવાડિયું	ગિજુભાઇ: જુગતરામ	,, ,,
આપણે પોતે	તારાબેન	શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃભાવનગર
કાવ્યસંગ્રહ	સંપાદિત	,, ,, ,,
છેલ્લો પાઠ	ગિજુભાઈ	,, ,, ,,

તમે બગડી ગએલા પિતા છો—

જો તમે ઘરમાં પેસતાં જ બાળક પાસેથી માન અને વિવેકની આશા રાખતા હો તો.

જો તમે ઘરમાં પેસતાં જ બાળક તમારાથી ડરીને સંતાતું હોય તો.

જો ઘરમાં પેસતાં જ બાળક તમને અતિ નમ્ર બની ગભરાઈને નમસ્કાર કરે અગર માન આપે તો.

જો ઘરમાં આવીને તમે આરામ ખુરશી પર બેસી બાળક ઉપર હુકમ છાંટતા હો તો.

જો ઘરમાં બેઠાં બેઠાં બાળક પાસે હુકમ કરી પાણી, બીડી, તમાકુ, સોપારી વગેરે મગાવતા હો તો.

જો તમે વારંવાર બાળકની માતાને બોલાવી બાળકને સંભાળવાને કહ્યા કરતા હો તો.

જો તમે તમારો ગુસ્સો રોકવાને બદલે બાળકને મારવા કે ધમકાવવા ઉઠતા હો તો.

જો તમે પોતાને ડાહ્યા અને બાળકને મૂર્ખ, નાલાયક, અણસમજુ ને ભાન વિનાનું ધારતા હો તો.

જો તમે બાળકને માત્ર નિશાળે કે બાનગી માસ્તરને સોંપીને બહુ કર્યું' એમ માનતા હો તો.

ગિ.

બાળકોમાં ભૂખ અને રુચિ

બાળકો ઘણી વાર જમવા બેસે છે ને તદ્દન થોડું બાઈને ઉઠી જાય છે. બા પૂછે છે: "અલ્યા, એમ કેમ? ઉઠ્યો કેમ? બાવું નથી?"

બાળક કહે છે: "ભૂખ નથી. નથી ભાવતું. નથી બાવું."

બાળકના આ જવાબોમાં કયો જવાબ સાચો છે તે જાણવું મુશ્કેલ છે. પોતે બાધું નહિ તેનો કંઈક ખુલાસો આપી બાળક છૂટું થાય છે. બા પણ તેના જવાબોમાં કંઈક ખુલાસો કાઢે છે ને ઉદ્‌ગારો કાઢે છે: "આજ કાલ મારા બટુકને કાંઈ ભાવતું નથી. ઘણું સારું સારું કરીએ છીએ પણ કંઈ ભાવે તો કે? એ તો બહુ સ્વાદીયો થઈ ગયો છે. મોસાળ જઈ આવ્યો ત્યારથી એવો જ થઈ ગયો છે." કાં તો કહે છે: "એનું ચિત્ત રમવામાં હોય ત્યારે કે બહાર ભાઈબંધો બેઠા હોય એટલે ઝટ ઝટ જમી લે છે ને આ ભાગે છે રમવા." વળી એમ પણ ખુલાસો આપે છે: "ભણવાની કાંઈ ચિંતા વધી છે, કાંઈ ચિંતા! ચિંતા આડે બાવું પીવું ભાવે તો કે?"

બા અને બાળકના આ બધા ઉદ્‌ગારોમાં બાળક શા માટે 'ભૂખ્યું ઉઠે છે' તેનાં કારણો પડેલાં છે અને નથી પણ પડેલાં. બાને કે બાળકને સ્પષ્ટ રીતે જાણવામાં આવ્યું નથી કે દરેક પ્રસંગે બરું કારણ શું છે. ને તેથી તેમના ખુલાસામાં અસ્પષ્ટતા છે.

દરેક તંદુરસ્ત બાળકને ભૂખ લાગવી જોઈએ ને લાગે છે. છતાં ઘણી વાર ભૂખ્યું બાળક—બાઉં બાઉં કરતું બાળક ભૂખ લાગે તે જ ટાણે બાઈ શકતું નથી ને બેવડાવીએ તો પણ ધરાઈ ગયું હોય તેમ લાગે છે

ઉભું થાય છે. કારણ કયાં છે તે જરા તપાસીએ.

પેટમાં ભૂખ લાગી હોય ને છતાં પેટમાં ખોરાક ન પડે તે શા માટે બનતું હશે ? પેટ લાંબા હાથ કરી ખોરાક માટે અધીરૂં થયું હોય તે વખતે શા માટે બાળકના ગળા હેઠે ખોરાક નહિ જતો હોય ?

કારણ 'અરુચિ' છે. ભૂખ તો શરીરના સહજ નિયમ પ્રમાણે લાગે છે. ભૂખ ખોરાક માગે છે પણ 'અરુચિ' ખોરાકને ખાવા દેતી નથી. આ અરુચિ શું છે ને કયાંથી આવે છે ?

અરુચિ સ્થૂળ ખોરાક સાથે જોડાએલી છે તેમ જ તે માનસિક પરિસ્થિતિ સાથે જોડાએલી છે. ભૂખ ઘણી લાગેલી હોય છે છતાં જો ખોરાક ખરાબ હોય, ગંધાતો હોય, ખરાબ રીતે પકવેલો હોય તો ખાવાની મરજી હોવા છતાં ખવાતો નથી; ભૂખ લાગે છતાં લેવાતો નથી. ખોરાકમાં કાંકરી, ઇયળ વગેરે આવી ગયું હોય તો બરાબર સખ્ત ભૂખ લાગ્યા પછી ખાવા બેઠા હોઇએ છતાં તે જોવાથી રુચિ ચાલી જાય છે ને ખાવાની અરુચિ પેદા થાય છે– ભૂખ હોવા છતાં ભૂખ્યા ઉઠવું પડે છે. ખોરાક સારો બનતો હોય અને ભૂખ લાગવાથી તે હોંશે હોંશે ખાતા હોઇએ ત્યાં કોઇ કહે: "અરે ! રસોઇ થતી વખતે આ ખોરાકને અમુક જણ અડી ગયો હતો." તો ખોરાક તે જ હોવા છતાં ને ભૂખ પણ તે જ હોવા છતાં અરુચિ પેદા થાય છે ને ખાવાનું ભાવતું નથી ને માણસ ખાતો ઉઠે છે. માણસ છ આઠ કલાક કામ કરીને ઘેર આવે છે, ભૂખ લાગી હોવાથી સારી ચીજો ખાવા માટે લેતો આવે છે પણ જ્યાં ઘરમાં પેસે છે કે સ્ત્રી કંઇ ને કંઇ કજીયો સામે ધરે છે એટલે પેલા ભાઇનું ખાવાનું મન ઠરી જાય છે ને ખાઇ જ શકતો નથી. જમતાં જમતાં એકાદ તાર આવે છે, એકાદ અણગમતી વાત નીકળે છે, એકાદ અપ્રિય માણસ આવે છે, એટલે ખાવાના રસમાં નીરસતા આવે છે. વળી આઠ કલાકના કામ પછી સખ્ત ભૂખ લાગવી જોઇએ, તેને બદલે ઉલટું મજુર કે એવા માણસો ખાવાનો અણગમો ધરાવે છે. આમ આપણે જોઇએ તો થાક, ચિંતા, ભય, અકસ્માત, વાતાવરણ વગેરે કારણોની અસર રુચિ ઉપર થાય છે તેથી ભૂખ લાગવા છતાં માણસ ખાઇ શકતો નથી. ભૂખ મટાડવી એટલે માત્ર ખાવું નથી પણ રુચિથી ખાવું અર્થાત પ્રસન્નતાથી ખાવું એ છે.

બાળકોનું અવલોકન કરતું તો જણાશે કે બાળક આવાં જ કારણોથી ઓછું ખાય છે, ભાવતું નથી એમ કહે છે કે ભૂખ નથી લાગી એમ કહે છે. પણ બાળક નિશાળના અભ્યાસની ચિંતા લઇને કે શિક્ષકનો ભય લઇને ઘેર આવ્યું હોય તો સાત વાનાંની સુખડી પણ કેમ રુચે ? બાળકને તેના મિત્રો સાથે અણબનાવ થયો હોય, તેને કોઇ રમાડતું ન હોય, તેને એકલો રાખેલ હોય તો તેના મનની સ્થિતિ દુઃખી હોવાથી ખાવાની રુચિ નબળી પડે છે. મા કે બાપ ઘરમાં લડતાં હોય અગર ઘરનું વાતાવરણ ગમગીન કે તોફાની હોય તો બાળક તુરત જ તે પારખી શકે છે ને તેની અસર તેના ખાણા ઉપર થાય છે. બાળકને મા બાપ વઢતાં હોય અથવા 'હમણાં વઢશે, હમણાં વઢશે, હમણાં કંઇક કહેશે, હમણાં ભૂલ પડશે

ને ટોકશે' એમ બાળકના મનમાં હોય તો તેને તેની ફિકરને લીધે ભાવતું નથી. મતલબ ભય, ચિંતા, મૂંઝવણ, અપ્રેમ, અમૈત્રિ, અપ્રસન્નતા વગેરે કારણોને લીધે ભૂખ હોવા છતાં બવાઇ શકાતું નથી. ભૂખ મરી જવી એટલે ભૂખ હોવા છતાં મનની અસ્વસ્થતાને લીધે ખોરાક લેવાનો અણગમો એમ સમજવું. બાળકોનો એક વર્ગ ગરીબીને લીધે, બીજો વર્ગ અતિ ખોરાકને લીધે ને ત્રીજો વર્ગ ભૂખ મરી જવાથી પૂરું પોષણ મેળવી શકતો નથી. ઘરમાં સારી સારી વાનીઓ રંધાય અગર બાળકોને ગમતી વાનીયો રંધાય તે પૂરતું નથી; બરી વાત બાળકોની રુચિને ન બગાડવાની છે. બાળજીવનની આસ-પાસ એટલા બધા બનાવો બને છે ને આપણે પણ બનાવીએ છીએ એ કે બાળકોની રુચિ ભાંગી જાય છે. આપણે માબાપોએ આ બાબતમાં બાસ કાળજી લેવી. આ બાબતમાં દાક્તરોની દવાનો કંઇ અર્થ નથી. દવાથી થોડીક ઉત્તેજના મળતાં બાવાનું મન વધે છે, પણ તે પાછું હતું ત્યાં ને ત્યાં જઈ બેસે છે. બહુ જ મીઠા મીઠા ખોરાકો બનાવીને રુચિ પેદા કરવાથી બરી રુચિ આવતી નથી. મીઠાશને લીધે કંઇક બવાય છે પણ મનની પ્રસન્નતા વિના બાધેલાનું પાચન થતું નથી. ખોરાક પ્રત્યે જ્યારે અભિમુખ હોઇએ ને ભૂખ લાગી હોય છે, ત્યારે ખોરાક જોતાં આનંદ થાય છે ને મ્હોંમાં વાણી આવે છે. મ્હોંમાં પાણી છૂટવું એ રુચિનું લક્ષણ છે. જ્યારે ચિંતા શોક વગેરે હોય છે ત્યારે મ્હોંમાં પાણી છૂટતું નથી; મોઢું સુકાઇ જાય છે ને સારો ખોરાક પણ ગળે ઉતારવો મુશ્કેલ થાય છે. રુચિ વિના બાવાના પ્રયત્નમાં આપણે હમેશ પાણી છૂટે તેવા મશાલા વગેરે નાખતા થઇ ગયા છીએ. મશાલા કૃત્રિમ પાણી આણે છે, કૃત્રિમ પાચન પેદા કરે છે અને પરિણામે રુચિ અને ભૂખ બન્ને ઘસાય છે ને અશક્ત બને છે. નાનાં બાળકોને માટે ભાવતા ખોરાકો પણ સાદા ખોરાકો તૈયાર કર્યા પછી, વધારે કાળજી તો રુચિને બગાડે તેવું કશું ન બને તે માટે રાખવાની છે.

આજે તો સેંકડો બાળકો ચિંતા, ભય વગેરેને કારણે વિના રુચિએ બાય છે, ને અંદ-રમાં લાગેલી બરી ભૂખને સંતોષી શકતાં નથી. તેથી તેમનાં શરીરો પણ પોષણ વિનાનાં નિસ્તેજ અને નિર્બળ રહે છે.

બાળકોની ભૂખ ને રુચિનો પ્રશ્ન દરેક માબાપે વિચારવો ઘટે છે. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસીઓ માટે

ઘરમાં મોન્ટીસોરી લે. તારાબેન ૦–૮–૦
મોન્ટીસોરી પદ્ધતિ લે. ગિજુભાઇ ૨–૦–૦
મોન્ટીસોરી સંમેલન નિબંધ સંગ્રહ ૦-૧૨-૦
પાઠ આપનારાઓને લે. ગિજુભાઇ
મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ લે. ગિજુભાઇ
બાલવાર્તાની શ્રેણીઓ લે. તારાબેન

બાલચારિત્ર્ય લે. તારાબેન
મોન્ટીસોરી પદ્ધતિ બર્યાળ છે? લે. ગિજુભાઇ

છેલ્લી પાંચ ચોપડીઓના દરેકના પોસ્ટેજ સાથે બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરઃ ભાવનગર.

વિચારી જશો ?

તમારું બાળક તમારી પાસે હસતું હસતું દોડીને કંઈ પૂછવા આવે છે કે ડરતું ડરતું ને ધીમે ધીમે ?

તમારું બાળક તમને મનમાં આવે તે સવાલ પૂછી શકે છે કે સવાલ પૂછતાં પહેલાં અટકે છે ને વિચાર કરે છે કે આવું બાપુને કે બાને પૂછાય કે નહિ?

તમારું બાળક તમને તેની નાની નાની ચીજો બતાવવાની અને તે વિષે કંઈ કંઈ કહેવાની હોંશ ધરાવે છે કે તમે તેમાં હોંશ ધરાવશો કે નહિ તે બાબતમાં તેને શંકા છે ?

તમારું બાળક જરૂર હોય ને ઉપયોગ હોય ત્યારે તમારી ચીજ વિના ચીકે અને સંકોચે લે છે કે તમારી ગેરહાજરીમાં તે ફિકર સાથે લે છે ?

તમારું બાળક ખુલ્લું અંતઃકરણ મૂકી પોતાની કાલીઘેલી વાણી તમારી પાસે પડ્યું પડ્યું કદિ કહે છે કે તે તો તમારાથી દૂર જ રહે છે ને અંતર ઉઘાડી શકતું નથી ?

તમારું બાળક તમે ગામમાંથી આવો છો ત્યારે રાજી થાય છે કે મનમાં ગભરાય છે કે 'એ બાપાજી આવ્યા. ચૂપ રહો, નહિતર માર્યા !' એમ સમજી નારાજ થાય છે ? ગિ.

રડીએ તો ગાંડા કહેવાઇએ

નોકરઃ "રડીએ તો ગાંડા કહેવાઇએ."

બાળક રડે છે કારણ કે તે બાલમંદિરમાં પસેલવહેલું જ આવેલું છે; તેને આવું વાતાવરણ નવું લાગે છે; તે મનમાં ઘર, બા, ભાંડુઓને સંભારે છે ને મૂંઝાઈ જઈ રડી પડે છે. નોકર તેને કહે છેઃ "રડીએ તો ગાંડા કહેવાઇએ."

બાલમંદિરનો શિક્ષક નોકરને પૂછે છેઃ "તું રડે તો ગાંડો કહેવાય કે નહિ?"

નોકરઃ "ના, હું ન કહેવાઉં."

શિક્ષકઃ "ત્યારે આ બાળક શેનું કહેવાય?"

નોકરઃ "બાળક તો કહેવાય."

શિક્ષકઃ "એટલે બાળક રડે તો ગાંડું બની જાય એમ તું ધારે છે?"

નોકરઃ "ના, ગાંડું થઈ ન જાય; પણ તે રડે ત્યારે તેને એમ કહેવું જોઈએ કે રડીશ તો ગાંડો કહેવાઇશ."

શિક્ષકઃ "એમ શા માટે કહેવું?"

નોકરઃ "કેમ કે એમ કહેવાથી બાળક રડતું મટી જાય."

શિક્ષકઃ "પણ બાળકને એમ નહિ લાગે કે જો રડીશ તો ગાંડો કહેવાઇશ? અને તેમ તેના મનમાં લગાડવું એ તો ખોટું કર્યું કહેવાય!"

નોકરઃ "ખોટું કે સાચું, અમારે તો બાળકોને જેમ તેમ કરીને ઠેકાણે રાખવાં જોઇએ ના? બાળકો તો એવાં છે કે ઘડીયે ને પહોરે રડ્યા કરે. રડવા દઇએ તો તમે બીજાઓ, શેઠ અને શેઠાણી બીજાય. પછી આવું કંઈક લાવવું જોઇએ ના?"

શિક્ષકઃ "પણ શેઠ તને આવું કહેતાં સાંભળે તો ધમકાવે કે નહિ?"

નોકરઃ "ના રે, શેઠ અને શેઠાણી અને બાળકને એક સો વાર કહે છે કે રડીએ તો

ગાંડા કહેવાઇએ !"

શિક્ષક બાળકને પૂછે છેઃ " હેં ભાઇ, તમે ગાંડા છો કે ડાહ્યા ?"

બાળકઃ " હું ગાંડો છું."

શિક્ષકઃ " કેમ ?"

બાળકઃ " હું ગાંડો છું એમ."

શિક્ષકઃ " પણ ડાહ્યા નહિ ને ગાંડા કેમ ?"

બાળકઃ " હું રડું છું તેથી."

શિક્ષકઃ " પણ રડ્યાથી ગાંડા શું કામ ?"

બાળકઃ " બા કહે છે, બાપા કહે છે, આ નોકર પણ કહે છે કે રડીએ તો ગાંડા કહેવાઇએ એટલે ગાંડા."

શિક્ષકઃ " પણ તમે ગાંડા કે ડાહ્યા ?"

બાળકઃ " ગાંડા."

શિક્ષકઃ " પણ ચાલો હું ગાંડા નથી કહેતો, ડાહ્યા કહું છું. તો ?"

બાળકઃ " પણ હું રડું છું પછી ડાહ્યો કેમ ?"

શિક્ષકઃ " રડો છો શું કામ ?"

બાળકઃ " ઘેર જવું છે."

શિક્ષકઃ " ત્યારે એમાં ગાંડા શું કામ ?"

બાળકઃ " બધા કહે છે કે રડે તે ગાંડા."

ગિ.

પગની સંભાળ

અહમદહુસેન નામના બાળકના હાથ, પગ, નાક, આંખ હું તપાસતો હતો. બાલમંદિરમાં રોજ શરીર કપડાં વગેરેની તપાસ ચાલે છે. અહમદનાં પગનાં તળીયાં જોઇ હું ચમકી ગયો. આ તે આના પગની આવી ચામડી છે કે આને તળીએ ચોટીને જામી ગએલો મેલ છે ? એટલું બધું પગનું તળીયું કાળું હતું: આખું પગલું, પગના ફણાથી તે પગની પાની સુધીનું !

અહમદના પગના તળીયાનો મેલ કેટલાએ મહિનાઓથી જામતો આવ્યો હશે. ભાગ્યે જ તેને કોઇએ કાઢયો હશે. વખતે માબાપે તે ભાળ્યો પણ નહિ હોય. અહમદ શેરીમાં, ફળીયામાં જ્યાં ત્યાં રખડતો હશે. તેને પગે કંઇ કંઇ ચોટતું હશે. પગ ધોઇને, ઘસીને ઘરમાં આવવાનો કે જમવાનો રિવાજ નહિ જ હોય. આઠ પંદર દિવસે એની બા એને ઘસી ઘસીને નવરાવતી નહિ હોય. એનાં માબાપોને ખબર પણ નહિ હોય કે નાનાં બાળકોનાં પગલાંએ મેલ જામી જાય ને તે જ એક પ્રકારનું પડ બની જાય.

આવો પગ તો મેં મારી જીંદગીમાં પહેલવહેલો જ જોયો. અને છતાં તે જોયો હતો તો ખરો જ. આવા પગો દુનિયામાં હશે જ અને જોવા નીકળીએ તો ઘણા જડી આવે. આવા પગથી અનેક નુકશાનો થતાં હશે અને તેનાં દુઃખો બાળકો ભોગવતાં હશે અને દાક્તરો તેના ઉપાયો કરતા હશે. ગુપ્તે

અહમદ વારંવાર માંદો સાજો રહે છે તેનું એક કારણ તેના ગંદા પગ પણ હોય. અને ઘણાં બાળકોની માંદગીનાં અનેક કારણોમાં એક કારણ પગની ગંદકી પણ હોઈ શકે.

બાળકોના પગની સંભાળની બાબતમાં આપણે છેક જ બેદરકાર છીએ. પગ અત્યંત સ્વચ્છ રહેવા જોઇએ એ પહેલી સંભાળ છે.

પગ ઉપર ધૂળ ચડે ને તે ઉપર પાણી પડે ને એમ કરતાં મેલ પેદા થાય છે. આ મેલ પગની ચામડીનાં છિદ્રોને બુરી દેતાં ચામડીના રોગો થાય છે. બાળકને પગ ઉપર ગુમડાં નીકળે છે, બસ નીકળે છે, ચળ આવે છે વગેરે ઉપદ્રવો થાય છે તેની પાછળ બાસ કરીને પગની ગંદકી હોય છે. પગને હંમેશ ધોઇને સાફ કરવા જ જોઇએ. બાળકો બુલ્લે પગે ફરે હરે તે સારું છે; પણ કચરામાં, ગંદ- વામાં સમજણવાળા થાય છે. જ્યારે મોજાં કીમાં કે ધૂળમાં જઈ આવ્યા પછી તે ધોવાવા જોઇએ. પગ ધોવા એટલે તે ઉપર પાણી રેડવું એટલું જ નહિ; ઉપરથી, તળીએથી અને આંગળીઓ વચ્ચે ઘસીને પગ ધોવા જોઇએ, અને ધોયા પછી તે બૂબ સારી પેઠે લૂછાઇને, કોરા થવા જોઇએ. નાનાં બાળકોના પગો ધોઈ આપી તે કેમ અને કેવા સ્વચ્છ રખાય તે માબા- પોએ બતાવવું જોઇએ.

જોડા ન પ[illegible]પને ખુલ્લામાં રખડતાં રઝળતાં અને પો[illegible] પગ ન ધોનાર બાળકોને માટે ઉપરની વાત થઇ. પણ જોડા પહેરનારાં બાળકોના પગ બીજી રીતે બગડે છે. મોજાં અને જોડામાં પગ કાયમ જ પડયા રહે છે ત્યારે તે અત્યન્ત મુલાયમ બને છે. મેલ વિનાના રહે છે પણ સ્વચ્છ નથી હોતા. પગ મુલાયમ હોય તો તે દુશ્મન રૂપ છે. પગનું કામ પગ ન કરી શકે તેવા જો તે જોડા અને મોજાં પહેરવાથી થઇ જાય તો જોડા અને મોજાંનો ત્યાગ જ ઘટે છે. ઉઘાડા પગને તડકો અને હવા મળે છે તેથી યોગ્ય રીતે વધે છે. જમીન ઉપર વગર જોડાએ ચાલવાથી પગ કઠણ અને ચપળ થાય છે; જમીન ઉપર ચાલવાની હુશિયારીવાળા થાય છે; જમીન ઉપર આવતી અનેક આડખીલીઓને વટાવીને આગળ વધવાની સમજણવાળા થાય છે. જ્યારે મોજાં જોડામાં બેઠેલા પગોને જમીનનો, હવાનો, અજવાળાનો લાભ મળતો નથી. તે કેદખાનામાં શક્ય હોય તેટલું વધે છે. તે જોડા વિના ચાલવાની, દોડવાની ચપળતા ગુમાવી બેસે છે. જમીન ઉપર ચાલવાનો આનંદ તે અનુભવી શકતા નથી.

પગમાં બૂટ મોજાં ઘાલવાં એ જો મોટાઇ હોય તો તે શાપ રૂપ છે. મોટાઇ તંદુરસ્તી કે વિકાસની આડે આવે ત્યારે તેને મારીને કાઢી મૂકવી જોઇએ. બૂટ અને મોજાંમાં રહેનારાં આંગળાં, તળીયાં વગેરે ઉપર ધૂળ નથી ચડતી; પણ તે પસીના વગેરેથી સડે છે. ચામડીનું ઉપલું પડ કોહી જાય છે ને વાસ મારે છે. ટૂંકમાં પગ ખુલ્લા રહે તો જ સારું; તેમાં જ તે વધે ને ચપળ થાય.

આપણે બાળકો અગર મોટાંઓના પગ સામે જોઇશું તો પગ ઘણી જાતના માલુમ

ઘરમાં કોઈ અભણ છે ?

ઘરમાં બેન, દીકરી, પત્ની,
જો કોઇ અભણ હોય તો

કેમ શીખવવું

એ પુસ્તક મંગાવવા માટે
અરધા આનાની ટિકીટ મોકલો.

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય

બાલમંદિર : ભાવનગર

પડશે ને તેને લીધે તેમની ચાલવાની રીતમાં પણ ફેર દેખાશે. કોઇના પગ ચાંપલા દેખાશે એટલે કે પગનું આખું તળીયું જમીન પર ચોટતું જણાશે. કોઇના પગના ફણા સાવ ટૂંકા તો કોઇના અત્યંત પહોળા; કોઇની પાનીનો ભાગ છેક નાનો તો કોઇનો નહિ નાનો દેખાશે. કોઇ ચાલશે તો જાણે કે હમણાં પડ્યા કે પડશું તેવો દેખાવ થશે. કોઇ જાણે કે પગ સામસામે અંદર મૂકીને ચાલતું દેખાશે. કોઇ સહેજ રાંકું ચાલતું હશે તો કોઇનો પગ જરા ઉલળીને ચાલતો હશે.

આ બધી વિચિત્રતાઓ પગની સંભાળ છેક નાનપણથી ન લેવાથી આવે છે. પગ મજબૂત જોઇએ, તેનાં તળાં દૃઢ અને ચપળ જોઇએ, તેની ગતિ સમાન્તર જોઇએ. જે બાળક બાલ્યાવસ્થામાં કેવળ સ્વાભાવિક રીતે શરીરબળ અને પગનું બળ વિકસાવીને મોટું થાય છે તે બાળકના પગ આપણે ઇચ્છીએ તેવા બરાબરના લાયક થાય છે. પણ જ્યાં બાળકને નાનપણથી લૂગડાં લત્તાં, બૂટ મોજાં વગેરેથી ઢાંકવામાં આવે, ચલવવાને જાતજાતના ઉપાયો કરવામાં આવે, ચાલતી વખતે ખોટા આધારો આપવામાં આવે ત્યાં બાળકના પગમાં કંઇ ને કંઇ વિચિત્રતા આવે છે.

પગ આખા શરીરનો આધાર છે. તેની શક્તિ બરાબર ખીલવી જોઇએ ને તે માટે તેની પૂરતી કાળજી લેવાવી જોઇએ.

ગિ.

બાળકો અને મોટેરાં

માતા અને પિતા પહેલેથી જ બાળકોનાં શરીરો કરતાં મોટાં શરીરો ધરાવે છે તેથી તેઓ બાળકો વધે તે પહેલાં જ શરીરથી વધેલાં છે. અને તેથી બાળકોનાં શરીરો સાથે તેમનાં શરીરો પણ વધારતા જવાની જરૂર પડી નથી અને કદિ પડશે પણ નહિ. પણ બાળકોનાં માબાપો થવાથી આપણે સૌ કોઈ મનની અને બીજી શક્તિઓથી ઘણું આગળ વધેલાં નથી હોતાં. બાળકો જન્મે છે ત્યારથી શરીર મન અને આત્માથી ઝપટભેર આગળ વધવા માંડે છે; થોડા જ વખતમાં તેમની શક્તિ ઘણી જ અદ્‌ભુત ગતિથી વધતી જોવામાં આવે છે. આપણે ધારીએ છીએ તે કરતાં છેક નાની ઉંમરે બાળકો ઘણી બાબતમાં આગળ વધી ગએલાં હોય છે. આગળ વધતાં બાળકો આપણી આગળ જાય છે ને આપણે પાછળ રહીએ છીએ. આપણને એમ લાગે છે ખરૂં કે આપણે આગળ છીએ કારણ કે આપણે આગળ આગળ જન્મ્યાં છીએ. પણ આગળનું બાળક આપણે જોઇ શકીએ તો આપણે જરૂર શરમાઇ જઇએ, ઝાંખા પડી જઇએ, આપણે તેની મોઢા આગળ પામર લાગીએ.

આ વાતનું જાણપણે કે અજાણપણે આપણને ભાન હોવાથી આપણે તેને અમુક હદની પેલી પાર જતાં રોકવા દોડીએ છીએ. તેની ઝડપને રોકીએ છીએ. તેનામાં એ શક્તિનું આરોપણ કરી તેને વધવાની ના પાડીએ છીએ. પરિણામ એ આવે છે કે બાળક આપણા પંજામાંથી છૂટી જવા લાગે છે; છૂટે છે ને દોડે છે. તે આપણું મુરબ્બીપણું બંધન રૂપ

ભાળે છે; આપણી વાણીમાં તેને છળ લાગે છે; આપણા પ્રત્યે માનને બદલે અવિશ્વાસની દૃષ્ટિએ જુએ છે. તેથી તે આપણને તોફાની, ઉદ્ધત, અભિમાની, અનાજ્ઞાંકિત લાગે છે. આ પ્રમાણે આપણી અને બાળકની વચ્ચે અંતર પડયું કે આપણે એક બીજાની સામે લડવા માંડીએ છીએ.

આપણે માબાપ થયાં ને બાળકના જીવનને ગતિ આપી ત્યારથી તે ગતિમાન થયું. હવે તે ગતિની સાથે આપણે દોડવું ઘટે. તે વધે તેની સાથે વધવું ઘટે. તેની પ્રગતિની સાથે આપણી પોતાની પ્રગતિ સાધવી જોઈએ. પણ જો આપણે સ્થિર થઇ જઇએ, અચલાયતન રહેવા માગીએ તો બાળક ત્યાં રોકાશે નહિ અને ભાગશે. માટે કાં તો આપણે સ્થિરતા છોડી તેની સાથે વિકસવું અગર જો ન જ વિકસવું હોય અને પડ્યા પડ્યા સડવું હોય તો બાળકોને દોડવા માટે છૂટાં મૂકી દેવાં. ગતિને રોકવાનો આપણો મમત આપણને જ ઊંધા પાડી દેશે. ગતિ રોકી રોકાશે તો નહિ પણ તે જરા અંટવાશે, નુકશાન પામશે અને છતાં આગળ તો વધશે જ. માત્ર એ નુકશાનની જવાબદારી આપણે શીર રહેશે.

ડાહ્યાં માબાપો બીજી બધી બાબતમાં આગળ વધે છે તેમ બાળકો સાથે જીવનમાં પણ આગળ વધવાનું શીખે તો જ તેઓ બાળકો અને પોતાની વચ્ચેનો સંબંધ અને પ્રેમ સાચવી શકશે; બાળકોને જીવન આપ્યાનો લહાવો લઇ શકશે. અને બાળકો અને ભાવિ પ્રજા તો જ માબાપો પ્રત્યે ઋણી રહેશે અને માબાપોનું જીવન ધન્ય કરી બતાવશે.

ગિ.

તમે તમારા બાળકને નિશાળે બેસાડો તે પહેલાં

:૧:

બાળકની નિશાળ જોઇ આવજો.

નિશાળનું મકાન, ફરનીચર, સ્વચ્છતા, વ્યવસ્થા કેવાં છે તે જોજો

નિશાળમાં હવા અને અજવાળાની કેટલી સગવડ છે તે જોજો.

નિશાળમાં બેસવા ઉઠવાની કેટલી સફાઈ અને સગવડ છે તે જોજો.

નિશાળમાં પાણી પીવાનાં વાસણો વગેરે કેવાં છે તે જોજો.

નિશાળનાં પાયખાનાં અને પેશાબખાનાં જોજો.

આ બધું જોયા પછી લાગે કે ઘર કરતાં તો નિશાળ ખરાબ નથી, તો જ ત્યાં બાળકને મૂકજો.

તમારું બાળક ત્યાં જઇને અનારોગ્ય અને અદૂષ્ટના વાતાવરણમાં આવી પડે તેમ હોય તો જરૂર ત્યાં મૂકશો નહિ.

:૨:

વળી એ નિશાળના મહેતાજી કોણ છે ને કેવા છે તે જોજો.

તેમની ટેવો કેવી છે તે બારીકાઈથી જોજો.

તેમનામાં બાળકો પ્રત્યે લાગણી અને પ્રેમ કેટલાં છે તે પણ જોજો.

તેમનામાં વ્યવસ્થા, શાંતિ, સુઘડતા કેટલાં છે તે જોજો.

અક્ષરજ્ઞાન યોજના સમાચાર

અક્ષરશાળાઓની સંખ્યા વધતી જાય છે. આજે કુલ ૨૬૦૦ શાળાઓ છે. શિક્ષકોનાં હાજરીપત્રકો આવે છે ને તે ઉપરથી કેટલા ભણી ઉતર્યા ને કેટલા ચાલુ છે તેની નોંધ કાર્યાલયમાં થઇ રહી છે. જેઓ ધીરજથી, ખંતથી અને શ્રદ્ધાથી સતત કાર્ય કરી રહ્યા છે તે બધાને ધન્યવાદ છે. જેઓના કામનો અહેવાલ હજી આવ્યો નથી તેની રાહ ઉત્કંઠાથી જોઇ રહ્યા છીએ. કોઇ પણ કારણને લીધે જેમણે કામ શરૂ ન કર્યું હોય તેઓ જરૂર શરૂ કરી દેશે. શુભસ્ય શીઘ્રમ્. કર્યું તેટલું કામ.

જોતજોતામાં કંઇક આંકડો મૂકીએ એટલા ભરી રહ્યા છે. એટલાઓનું અજ્ઞાન ટળી ગયું છે. તેઓ આંધળા મટી દેખતા થયા છે. તેમાં કોળી છે, કણબી છે, ઢેઢ છે, વાઘરી છે ને હબ્શમ પણ છે. એ બધાઓના સૌને આશીર્વાદ છે એમ સમજજો. આંધળાને આંખ દેવાના કામને માટે આપણા સૌનું કામ અખંડ રહો.

શ્રીમતી તારાબેન, શ્રી. ગિજુભાઇ, શ્રી. દાસભાઇ અને શ્રી. નરેન્દ્ર એમણે ભાવનગર રાજ્યના મહુવા અને તળાજા મહાલોના ગામડે ગામડે અક્ષરજ્ઞાનનો સંદેશો દીધો. તેઓએ ૮૨ ગામે સભા કરી. ઉપરાંત ૧૦૪ ગામના લોકો સભાના ગામે આવ્યાં હતાં. આ બધાં ગામોમાંથી ૪૭૪ સ્વયંસેવકો અભણની સેવા અર્થે બહાર પડયા. બી વાવ્યાં છે; કંઇક તો ઉગ્યાં પણ છે. ધીરે ધીરે બધાં ઉગશે. પોતાના રાજ્યમાં અક્ષરજ્ઞાન પ્રચાર માટે ભાવનગર રાજ્યે અને તેના અમલદારોએ સરસ મદદ કરી. તેમનો સાચે જ આભાર માનવો ઘટે છે.

ગોંડલ અને ભાવનગર રાજ્યના શિક્ષકોનાં હાજરીપત્રકો આવી પહોંચ્યાં છે. એજન્સીના શિક્ષકો જોડાવા લાગ્યા છે.

વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટસ એજન્સીના વિદ્યાધિકારી શ્રી. એમ. એસ. દ્વિવેદીએ પોતાના શિક્ષકોને આ કાર્યમાં જોડાવાની મંજુરી આપવામાં આવે છે એવો સરકયુલર કાઢયો છે. (તા ૫-૬-૩૦)

પાલીતાણા સ્ટેટના વિદ્યાધિકારી શ્રી. લક્ષ્મીશંકર ધનજીભાઇ દવેએ આ યોજનાને સફળ કરવા પોતાના શિક્ષકો પ્રત્યે રસપૂર્વક ભાગ લેવાને પૂરતી મદદ કરવા સરકયુલર કાઢયો છે. (૨૯-૪-૩૦)

ચોરવાડની આજુબાજુનાં ગામડાંમાં શ્રી. હરખચંદ મોતીચંદ શાહ અક્ષરશાળાઓ સ્થાપી રહ્યા છે. કોઇ કોઇ શાળાનાં હાજરીપત્રકો પણ આવી ગયાં છે.

વીરમગામ અને ધોલેરા તાલુકાની સત્યાગ્રહ છાવણીઓએ પણ ગામડાંઓમાં આ કામ ચાલતું કર્યું છે.

પાલણપુરમાં ત્યાંના યુવકમંડળ દ્વારા આ કામ આગળ ધપી રહ્યું છે.

કચ્છમાં શ્રી. પ્રભુલાલ જ. ધોળકીયા યોજનાનો પ્રચાર કરે છે અને આગામી કચ્છ શિક્ષણ સંમેલન પ્રસંગે આખા કચ્છમાં આ યોજના કેમ ફેલાવવી તેનો વિચાર રજુ કરી તેના ઉપર

વ્યવહારૂ ઠરાવ આણવાના છે.

વાંકાનેર સ્ટેટના ડે૦ એજ્યુ૦ ઇન્સ્પેક્ટર ભાઇ પાનાચંદ તથા ભાઇ નાનાલાલ વાંકાનેરમાં યોજનાનો પ્રચાર કરી રહ્યા છે.

અક્ષરજ્ઞાન યોજનાને શ્રીમતી તારાબેન (અક્ષરજ્ઞાન યોજનાનાં એક પ્રચારક) મરાઠીમાં ઉતારી રહ્યાં છે. થોડા વખતમાં મરાઠી આવૃત્તિ બહાર પડશે અને મહારાષ્ટ્રની બાજુમાં કામ ચાલશે.

અત્યાર સુધીમાં

ચાલો વાંચીએ ૪૦૦૦ નકલ ગઇ.

કેમ શીખવવું ૭૫૦૦ નકલ ગઇ.

આગળ વાંચો પહેલી ચોપડી ૭૦૦ ગઈ.

અજવાળું પત્ર કાઢવાની યોજના દેશના હાલના સંજોગોમાં માંડી વાળી છે. તેને બદલે 'આગળ વાંચો' નામની ચોપડીઓ બહાર પડશે. એક બહાર પડી છે. **બીજી આગળ વાંચો બીજી ચોપડી:** લે. તારાબેન કિં. ૦-૧-૦ તૈયાર થાય છે.

'સૌરાષ્ટ્ર શિક્ષક' દ્વારા કાઠિયાવાડ એજન્સીના તમામ શિક્ષકોને 'કેમ શીખવવું' ની નકલો વહેંચાવી.

ગોંડળના શિક્ષક ભાઇઓને ઉદ્દેશીને એક સર્વસામાન્ય પત્ર તેમના વિદ્યાધિકારી સાહેબ મારફત વહેંચાવ્યો.

શ્રીમતી તારાબેને મુંબઇમાં જુલાઇ માસમાં Adult Education Society સમક્ષ 'અક્ષરજ્ઞાનની યોજના અને મહારાષ્ટ્ર' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું.

રંગુનના કચ્છી શેઠ શ્રી. કોરશી વીજપાળે પ્રચાર અર્થે રૂા. ૨૦૦) આપી કેમ શીખવવું ની ૫૦૦૦ નકલો છપાવી આપી છે.

મુંબઇના કચ્છી શેઠ શ્રી. ખટાઉ વલ્લભદાસે ગરીબ ભણનારાંઓને માટે 'ચાલો વાંચીએ'ની ૧૦૦૦ નકલ રૂ. ૬૨॥ આપી છપાવી આપી છે.

દિલ્હીથી શ્રી. રતિલાલ નારણદાસ ગામીએ અક્ષરજ્ઞાન પ્રચાર માટે રૂ. ૧૦૧) ની મદદ મોકલી છે.

તે સર્વ મદદો માટે તે તે ભાઇઓનો આભાર માનવો જોઇએ.

અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

કેમ શીખવવું	વિના મૂલ્યે
ચાલો વાંચીએ	કિં. ૦-૨-૦
આગળ વાંચો પહેલી ચોપડી	કિં. ૦-૧-૦
આગળ વાંચો બીજી ચોપડી	કિં. ૦-૧-૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

ટપાલમાંથી

કચ્છથી એક યુવક લખે છેઃ "અંત્યજોને ભણાવીશ તેથી મને નાત બહાર કરશે તો તો હું ધન્ય બનીશ." આ યુવકને ખરેખર ધન્યવાદ. કામ કરવા માટે આવા યુવકો જોઇએ છે.

મોટા બારમણથી લાલજીભાઈ લખે છેઃ—

"મે માસમાં આવેલા બે અંત્યજ વિદ્યાર્થીઓમાંથી એકે 'ચાલો વાંચીએ' પૂરી કરી."

ચોગઠથી ભાઇ ભાનુશંકર લખે છેઃ—

"ભાડુતી શિક્ષણના જમાનામાં આપની યોજના જરૂર ગ્રામવાસીઓનો માનસિક અંધાપો ટાળી શકશે."

કલકત્તાથી ભાઇ અંબાલાલ નૃ. શાહ લખી

જણાવે છેઃ—

"અમારી શાળામાં બંગાળી શિક્ષકને અરબી તૈયાર કર્યા છે. પ્રગતિ ઠીક થઇ છે."
ઝોલાપુરના શિક્ષક લખે છેઃ—

"જો કે હાલ વાવણીનો સમય છે તો પણ રાતના દસ દસ વાગે લોકો નવરા થઇ ભણવા આવે છે. અંત્યજને પણ રસ લેતા થયા છે. જ્યારે જ્યારે હું બહાર જઉં છું ત્યારે ત્યારે મને જોઇ અંત્યજના છોકરાઓ કહે છેઃ 'માસ્તર હું વાંચું? હું વાંચું?"

કોઇ કોઇ જણાવે છે કે હાલમાં વાવણીનો સમય હોવાથી હાજરી ઓછી થાય છે.

સૂચનાઓ

૧. 'ચાલો વાંચીએ' એ પાઠ્યપુસ્તક છે અને તેનો ઉપયોગ શરૂથી જ ઘેર વાંચવા માટે થાય માટે એક આનાની કિંમત મોકલી મંગાવી જ લેવી. તે વગર પરિણામ ન જ આવે.

૨. હાજરીપત્રક મહિને મહિને બરાબર નિયમિત મોકલવા સૌને વિનંતિ છે.

૩. કોઇ પણ સંજોગો વચ્ચે પોતાનો વર્ગ બંધ કરવો પડે તો પોતાના સ્નેહી, મિત્ર કે બીજા કોઇ ઉત્સાહી ભાઈ કે બહેનને પોતાનો વર્ગ સોંપી મુક્ત થવું.

૪. વેકેશનના દિવસોમાં પોતાના ગામમાં શરૂ કરેલા વર્ગો વેકેશન પૂરું થયે તે વર્ગ બીજા કોઇ ભાઇને સોંપી છૂટા થવું.

૫. એક વર્ગ કે વ્યક્તિ વાંચતાં શીખી જાય પછી બીજા નિરક્ષરોને શોધી કામ ચાલુ રાખવું. થોડાથી સંતોષ ન માનવો. ઘરમાં, પાડોશમાં અને ગામમાં નિરક્ષરોની શોધ કરવી.

૬. વિદ્યાર્થીઓને ખાત્રી કરી આપવી કે ભણાવીને લડાઇમાં તાણી જવા માટે ભણાવતા નથી. તેમને વાંચતાં આવડી જાય એટલા જ માટે ભણાવીએ છીએ.

૭. જેઓની શાળાઓ બંધ પડી હોય તેઓ લખી જણાવે એટલે તેમનું નામ બંધ કરવામાં આવે.

૮. જેઓ શિક્ષકો હોય તેઓ આ પદ્ધતિથી પોતાની શાળાના વિદ્યાર્થીઓને શીખવી જુએ. આ પદ્ધતિ નિશાળમાં સહેલી થઇ પડે કે કેમ તે નક્કી કરવા જેવું છે. સહેલી સાબીત થાય તો ઘણો વખત અને ખર્ચ બચે.

અક્ષરજ્ઞાન યોજનાને મદદ

[તા. ૧૦-૫-૩૦ થી ૫-૧૦-૩૦ સુધી.]

૫-૦-૦ શ્રી. સૌભાગ્યચંદ ખી. કોઠારી ભુજ
૨૫-૦-૦ શેઠ બટાઉ વલ્લભદાસ મુંબઇ
૧૨-૦-૦ શ્રી. અમૃતલાલભાઇ કલકત્તા
૨૫-૦-૦ શ્રી. મોતીલાલનીહાલચંદ વીલેપારલે
૫-૦-૦ મીસીસ આર. એ. મહેરવાનજી પુના
૨૦૦-૦-૦ શેઠ કોરશી વીજપાળ રંગુન
૫-૦-૦ બહેન હરિબાઇ દુર્લભજી ભાવનગર
૬૨-૮-૦ શેઠ બટાઉ વલ્લભદાસ મુંબઇ
૧-૦-૦ શ્રી. મોહનલાલ પ્રભાશંકર પચ્છેગામ
૧-૦-૦ શ્રી. શાંતિલાલ ભાઇચંદ કરાંચી
૫-૦-૦ શ્રી. ચંદુલાલ કા. મહેતા કરાંચી
૫-૦-૦ શ્રી. છગનલાલ દેસાઇ કલકત્તા

૫–૦–૦	શ્રી. જે. ઇ. ઇબ્રાહીમ	રંગુન
૨–૩–૦	શ્રી. ઝવેરભાઇ ગુલાબભાઇ	હૂણ્ખી
૧૦–૦–૦	શ્રીમતી આલાં પોચા	પુના
૫–૦–૦	શ્રી. નાનાભાઇ જી. બોલે	મુંબઇ–૨
૨–૦–૦	શ્રી. જટુરામ પ્રભાશંકર	ચીખલી
૫–૦–૦	શ્રીમતી ત્રિવેણીબેન રામજી	લીંબડી
૦-૧૨-૦	શ્રી. છોટાલાલ નરસિંહભાઇ	સુલતાનપુર
૫–૦–૦	માનવંતા રાણીસાહેબ	વાંકાનેર
૨–૦–૦	મે. દિવાનસાહેબ	,,
૨–૦–૦	ડૉ. શાહ	,,
૨–૦–૦	ડૉ. શેા	,,
૨૫–૦–૦	શ્રી. મનોરદાસ નારણદાસ	મુંબઇ
૫–૦–૦	શ્રી. પુનમચંદ નગીનદાસ	મુંબઇ
૧૦–૦–૦	શ્રી. લાભશંકર ત્રિકમજી	મુદ્રા–કચ્છ
૧૫–૦–૦	શ્રી. પ્રભુદાસભાઇ	મુંબઇ
૧૦૧–૦–૦	શ્રી. રતીલાલ નારણદાસ ગાંધી	દિલ્હી

આથાપેા માટે ખાસ

વસંત બાલશિક્ષણ પ્રચારમાળા

બાળકુછેર માટે માબાપેાને આ પુસ્તકેાનું વાચન ખૂબ માર્ગદર્શક થશે.

પહેલા ગુચ્છમાં નવ પુસ્તિકાઓ અને

બીજા ગુચ્છમાં દશ પુસ્તિકાઓ છે.

ગુચ્છ પહેલેા: પાકી બંધાઇ: ૦–૧૧–૦

ગુચ્છ બીજો: ,, ૦–૧૨–૦

પેાસ્ટેજ ચાર આના જુદું.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર: ભાવનગર

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યેાજનામાં હજી સુધી ન જોડાયા હેાય તેઓ જોડાઇ શકે. ૨૫૦૦ થી વધારે માણસેા તેમાં જોડાયા છે. ભણનારાઓ માટે 'ચાલેા વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તેા દેશી જનેાને ભણાવવાનું સારૂં કામ કરવા તેા આજે બેસી જ જઓ. ઘેર બેઠાં ગંગા એમ ઘેર બેઠાં જ આ કામ થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યેાજનામાં જોડાવા માટે નીચેના નમુનાનું ફૉર્મ ભરી મેાકલેા તથા 'કેમ શીખવવું' નામની ચેાપડી મંગાવેા.

[નમુનાનું ફૉર્મ]

તંત્રવાહકેા, અક્ષરજ્ઞાન યેાજના

શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યેાજના વાંચી. હું તે યેાજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશેા.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યેાજના મેાકલી આપશેા એટલે મારૂં કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનેા ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામઠામેા હું વખતેા વખત મેાકલીશ. આપની યેાજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનેા અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

તેઓ બાળકોને કેટલે અંશે સન્માને છે અગર કેવાં ગણે છે તે જોજો.

તેમના બાળકો સંબંધેના વિચારો જાણજો.

તે સોટીમાં કે પ્રેમમાં–શેમાં માને છે તે પણ પૂછજો.

તેમને શીખવતાં આવડે છે કે નહિ તે પણ જરા નિશાળમાં રોકાઈને જોઈ લેજો.

તે પેટ ભરવા માટે શિક્ષક થએલ છે કે કેમ તે પણ જોજો.

તે થાકેલ, આળસુ, મિજાજી અને ફસરડા કરતો માણસ છે કે કેમ તે જોજો.

તે ઉપલકીયો, ધમાલીયો, દોડાદોડીયો તો નથી, તેની પણ તપાસ કરજો.

આ બધું કર્યા પછી આવા શિક્ષકના હાથમાં બાળકને મૂકવાથી તેને ફાયદો થશે કે નહિ તેનો વિચાર કરીને બાળકને મૂકજો. ગિ.

આજે નિશાળે નથી જવું

બાળકઃ "આજે નિશાળે નથી જવું."

બાપાઃ "કંઈ નહિ, કાલે જજે."

બાળકઃ "આ કપડું તો નથી ગમતું. બીજું પહેરું?"

બાપાઃ "ત્યારે બીજું પહેર. ગમે તે પહેર."

બાળકઃ "આટલું હવે નહિ ભાવે; પડ્યું રહેશે."

બાપાઃ "ફીક, ત્યારે પરાણે ન ખાતો."

બાળકઃ "હવે આ ચોરડીમાં હું નહિ વાંચું; મને નથી ગમતી."

બાપાઃ "કંઈ નહિ; સારે પેલીમાં વાંચ."

બાળકઃ "આજે નિશાળે નથી જવું."

બાપાઃ "ન કેમ જા? જાવું પડશે."

બાળકઃ "આ કપડું તો નથી ગમતું; બીજું પહેરું?"

બાપાઃ "ન કેમ ગમે? એ જ પહેર."

બાળકઃ "આટલું હવે નહિ ભાવે; પડ્યું રહેશે."

બાપાઃ "ખાવું પડશે. પડ્યું કેમ મૂકાય?"

બાળકઃ "આ ચોરડીમાં હું નહિ વાંચું; મને નથી ગમતી."

બાપાઃ "ન કેમ ગમે? પહેલેથી વિચાર કરવો'તો ને? હવે તો એમાં જ બેસવું પડશે."

તમને કેવું લાગે?

તમે શેઠનું કામ કરીને જરા વખત મળતાં છાપું વાંચો ને શેઠ ધમકાવી કાઢે કે "એ, બધો વખત આમ જ બગાડો છો કે?" તો તમને કેવું લાગે?

બાળક તેનું તમે સોંપેલું કામ કરીને જરા ચિત્રો જુએ ને તમે ધમકાવો કે "જોને, દિ' બધો ચિત્રો જ જોયા કરે છે!" તો તેને કેવું લાગે?

તમે કંઈક નવી વાત લઈ શેઠ પાસે હસતા હસતા જાઓ ને શેઠ તમને પાછા પાડી દાદ ન દે તો તમને કેવું લાગે?

બાળક તમારી પાસે કંઈક નવું લઈને હસતું હસતું આવે ને તમે તેની સામું યે ન જુઓ ને દાદ ન દો તો તેને કેવું લાગે?

તમારો જરાએ વાંક ન હોય ને છતાં શેઠ ઘરમાંથી ખીજાઈને આવ્યા હોય ને તમારા

પર ઉતરી પડે તો તમને કેવું લાગે?

બાળકનો જરાએ વાંક ન હોય પણ તમે કયાંકથી ખીજાઇને આવ્યા હો ને તેના ઉપર ઉતરી પડો તો તેને કેવું લાગે?

તમને શેઠે કયાંક કામે મોકલ્યા ને તમારા એક મિત્રને જરા મળવા ઉભા રહ્યા ને જરા વાર લાગી ને શેઠ વઢે તો તમને કેવું લાગે?

બાળકને તમે કયાંક કામે મોકલ્યું ને રસ્તામાં ગોઠીયો મળ્યો ને જરા ઉભું રહ્યું ને તમે ધમકાવી નાખ્યો તો તેને કેવું લાગે?

આવા શેઠ વિષે તમે શું ધારો?

આવા બાપ વિષે બાળક શું ધારે? ગિ.

ભવિષ્યના કાયદાઓ

જો માબાપો પોતાની મેળાએ પોતાનું, પોતાનાં બાળકોનું અને ભાવિ પ્રજાનું હિત સમજી પોતાના આજના વર્તનમાં ફેરફાર નહિ કરે તો ભવિષ્યમાં તેમની સામે નીચે લખ્યા કાયદાઓ થશે.

માબાપો પ્રેમ, અને જનહિત બુદ્ધિથી પ્રેરાઇ પોતાનામાં ફેરફાર કરશે તો તેમાં તેમની ઉન્નતિ છે. તેમને તેમ કર્યાનો આનંદ રહેશે. તેઓ તેમના ધર્મમાં ચડયાં કહેવાશે. પરંતુ જ્યારે કાયદાને આધીન થઇ વર્તશે ત્યારે તેમની અવનતિ થશે. તેઓ ધર્મમાં ઉતર્યાં ગણાશે. તેઓને તેમ કરતાં ક્લેશ રહેશે.

કાયદો ૧ લો. માબાપ થવાની શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર મંજુર કરેલા દાક્તર પાસેથી મેળવ્યા પછી જ કોઇ પણ વ્યક્તિ લગ્ન કરી શકશે.

કાયદો ૨ જો. બાલઉછેર, બાલમાનસ વગેરે વિષયો સંબંધેનું જ્ઞાન છે એમ યોગ્ય અધિકારી સમક્ષ સાબીત કરવામાં જેઓ નિષ્ફળ જશે તેમને લગ્ન કરવા દેવામાં આવશે નહિ.

કાયદો ૩ જો. લગ્ન પહેલાં જેઓએ મંજુર એવા માબાપને માટેના અધ્યાપનમંદિરમાં છ માસ ઓછામાં ઓછા નહિ ગાળ્યા હોય તેમને લગ્ન કરતાં અટકાવવામાં આવશે.

કાયદો ૪ થો. જેઓને કાં તો વનસ્પતિશાસ્ત્ર અગર પ્રાણીશાસ્ત્ર એ બેમાંથી એકાદની સાદી માહિતી પણ નહિ હોય તેમને લગ્ન કરવા દેવામાં આવશે નહિ.

કાયદો ૫ મો. માબાપ થવા માટેની માનસિક યોગ્યતાનું માનસવૈદ્ય પાસેથી લગ્ન પહેલાં પ્રમાણપત્ર મેળવવું જોઇશે.

કાયદો ૬ ઠ્ઠો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેઓથી પોતાનાં બાળકોને કદિ પણ મારી શકાશે નહિ; અર્થાત્ તેમને કોઇ પણ પ્રકારની સજા કરી શકાશે નહિ.

કાયદો ૭ મો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેઓએ બાળકોના પોષણ માટે પૂરતું કમાવું પડશે, અગર તો ખોટા ખર્ચ કરવાની તેમને મનાઇ થશે, અગર તો બાળકોની ઉત્પત્તિની બાબતમાં તેમણે સંયમ સાચવવો જોઇશે.

કાયદો ૮ મો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેઓએ શિક્ષકો તથા શાળાઓ સાથે સહકાર રાખવો જ જોઇશે, અને શિક્ષકોની શિક્ષણ વિષયક સૂચનાઓનો વખતો વખત અમલ કરવો પડશે.

કાયદો ૯ મો. જેઓ માબાપ તરીકેની

હસ્તી ધરાવતાં હશે તેમણે પોતાનાં બાળકોને સન્માન આપવું પડશે, તેમના પ્રત્યે માન મરતબાથી વર્તવું પડશે અને તેમના યોગ્ય સ્વાતંત્ર્યની આડે આવાશે નહિ.

કાયદો ૧૦ મો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેમણે પોતાનાં બાળકોને માટે સારી નિશાળ પસંદ કરવી જોઇશે; અને નાલાયક નિશાળોમાં મોકલનાર માબાપને યોગ્ય સજા કરવામાં આવશે.

કાયદો ૧૧ મો. જેઓ પોતાનાં બાળકોને અમુક વર્ષો સુધી ભણાવશે નહિ, અમુક વર્ષોમાં અમુક અંતર સુધીનો પ્રવાસ કરાવશે નહિ, અમુક પ્રદર્શનો અને સંગ્રહાલયો બતાવશે નહિ તેમને યોગ્ય નસિયતે પહોંચાડવામાં આવશે.

આવા ઘણા કાયદાઓ ભવિષ્યમાં નીકળશે.

ગિ.

તમારું બાળક તમને કહે કે—

ધારો કે તમારું બાળક તમને કહે કે બાપા, હું જરા લખું છું; તાણી તાણીને વાતો કરીને મને ખલેલ ન પહોંચાડો.

ધારો કે તમારું બાળક તમને કહે કે આજે તો મારા મિત્રો મને મળવા આવ્યા છે એટલે હું જમવામાં મોડો આવીશ.

ધારો કે તમારું બાળક કહે કે તમે મોટાઓ નિયમિતપણે પોતાનું કામ નથી કરતા એ તો ઠીક નહિ.

ધારો કે તમારું બાળક કહે કે આજે નિશાળે જવાની જરા આળસ થાય છે; જરા મહેતાજીને ચિઠ્ઠી લખીને મોકલાવો ને કે આજે એ નહિ આવે.

ધારો કે તમારું બાળક કહે કે કપડાં ગંદાં રાખો છો, જોડા મેલા રાખો છો તે કાંઈ સારું નહિ; એવું અમને નથી ગમતું; એવું મોટાઓને શોભે નહિ.

ધારો કે તમારું બાળક તમને કહે કે જુઓ બા, એમ જૂઠું ન બોલીએ; જૂઠું બોલવાથી પાપ લાગે. જુઓ, કાલથી સાચું બોલજો.

ધારો કે તમારું બાળક તમને કહે કે પૈસા કાંઇ નાખી દેવા માટે નથી; નકામી ચોપડીઓ ને કપડાં ને એવું લીધા કરો છો તે ઠીક નહિ.

ધારો કે તમારું બાળક કહે કે જુઓ, તમને અમારી સાથે બરાબર વર્તતાં નથી આવડતું માટે તમારે બાળકો પ્રત્યે કેમ વર્તવું તે બાબતમાં અમુક ચોપડી વાંચવી.

ધારો કે તમારું બાળક કહે છે કે જુઓ, તમે બા બાપા અંદર અંદર લડશો તો તમને ઘરમાં આવવા નહિ દઇએ, તમને જમવા નહિ દઇએ.

ધારો કે તમારું બાળક કહે કે તમને બરાબર કામધંધો નથી આવડતો માટે માસ્તર રાખવો પડશે. ...તો ?

ગિ.

પત્ર વ્યવહાર કરતી વખતે તમારો ગ્રાહક નંબર લખો.

આવી નિશાળે ગમશે ?

ધારો કે તમને મોટી ઉંમરનાને નિશાળે ભણવા મૂકયા. તમને ગંદી ભોંય પર બેસીને ભણવું ગમશે ?

તમને એક હારમાં હાલવા ચાલવા દીધા વિના શિક્ષક મહાશય બેસારી રાખશે તે ગમશે ?

તમને શિક્ષક શીખવશે નહિ ને વારંવાર એનું એ લખી લાવવાનું કહેશે તો ગમશે ?

તમને નકશાનાં ગામોનાં નામો જોયા કરવાનું સોંપશે તો તેમાં રસ આવશે કે ?

તમને શ્રુતલેખન લખાવશે પણ શિક્ષક તે જોશે નહિ તો ગમશે કે ?

શિક્ષકનું વિચિત્ર વર્તન જોઇ તમને હસવું આવશે ને તેથી શિક્ષક તમને મારશે કે તમારા ઉપર ખીજશે તો તમને ગમશે કે ?

ગમત રમત કરવા માટે શિક્ષક તમને ઉભા રાખે તો ગમશે કે ?

અને જો તમને એવું ન ગમે તો તમારાં બાળકોને આ બધું ગમતું હશે બરૂં ? એનો તમે વિચાર કર્યો ? ગિ.

શિક્ષકો, ... તમારા ખ્યાલમાં છે ?

તમારા ખ્યાલમાં છે કે દિવસે દિવસે બાળકોની શક્તિ વધતી જાય છે, તેઓ પોતાના હક્કોની વાતો કરવા લાગ્યાં છે ને તેમના હક્કોની લડતો પણ લડાવા લાગી છે ? આવે વખતે તમારા ખ્યાલમાં છે કે એક પળ એવી પણ આવશે કે જે વખતે બાળકો તમને નીચે પ્રમાણે લખી મોકલશે ?

"પ્રિય શિક્ષકજી,

"તમે ઘણા દિવસ શાળા અને નિશાળીઆઓના રાજા રહ્યા; પણ હવે તમારા દિવસો પૂરા થયા છે. તમને છેલ્લી છેલ્લી વાર લખવામાં આવે છે કે જો તમે નીચેની શરતોનો ચૂસ્તપણે અમલ નહિ કરો તો તમારી નિશાળો બંધ કરીશું, બાલી કરીશું, નવી નિશાળો સ્થાપીશું અને નવા શિક્ષકો મૂકીશું. આપ માની જશો તો આભાર થશે. આપની પાસે બેસી હજી પણ શીખવાની અમારી ઇચ્છા છે.

શરતો

(૧) કોઈ પણ શિક્ષક કોઇ પણ નિશાળીઆને કોઇ પણ કારણે મારશે નહિ.

(૨) કોઇ પણ નિશાળીઆનું તેને ન આવડે કે બીજા કારણે, કદિ અપમાન તો નહિ જ થાય.

(૩) કોઇ પણ શિક્ષક નિશાળીઆને ગાળો દેશે નહિ તેમ જ તેને તુંકારે બોલાવશે નહિ.

(૪) કોઇ પણ શિક્ષક વર્ગમાં ચા બીડી પીશે નહિ, તમાકુ પાન વગેરે ખાશે નહિ.

(૫) કોઇ પણ શિક્ષક વર્ગમાં બેઠા બેઠા ઝોકાં ખાશે નહિ.

(૬) કોઇ પણ શિક્ષક વિદ્યાર્થીઓને કંઇ ને કંઈ લખવાનું આપી પોતે પોતાના મિત્રો વગેરે સાથે ગામગપાટા મારશે નહિ.

(૭) કોઇ પણ શિક્ષક વિદ્યાર્થીનાં માબાપ પાસેથી સીધું કે બે પૈસાની આશા રાખશે નહિ.

(૮) કોઇ પણ શિક્ષક 'શિક્ષકના ધંધા'ને

હીણપ લગાડે તેવી પ્રવૃત્તિ જેવી કે લેાટ માગવેા, કથા વારતા કરવા માટે ભટકવું, આઠ આનામાં આઠ જણને ભણાવવાનું ટયુશન રાખવું વગેરે કરશે નહિ.

(૯) કેાઇ પણ શિક્ષક શાળાના કંટીજન્ટ-માંથી શાળાના જ હિતાર્થે વપરાશ કરશે અને તેમાં કશી ચૂક કરશે નહિ.

આ નિયમેાનેા અમલ નહિ થાય તેા અમે તમારા નિશાળીઆેા શાળાેા ખાલી કરીશું.

લી. તમારા નિશાળીઆેા."

.....

આપણે શિક્ષકેાએ ચેતવાનું છે. ગિ.

કેાનેા વાંક છે ?

ગઇ કાલે મેં સાંભળ્યું કે અમુક બુકસેલર તેા ઘેારણની નેાટબૂકેા છપાવી બૂબ વેચે છે. આજ કાલ ઘેારણની નેાટબૂક એ જ વિદ્યાર્થીનેા આધાર છે, તે જાણી બુકસેલરેા હુંલકામાં હલકા કાગળેા અને ખરાબ ટાઇપ વાપરી ચેાપડીઆેા છાપી કાઢે છે. એમાં આપેલા અર્થો અને સમજુતી વગેરે ભૂલ ભરેલાં હેાય છે તે તેા જુદું.

મને થયું: "બુકસેલર કેવા ખરાબ ! પેટ ભરવા માટે કેવા કેવા ઉદ્યોગેા ચલાવે છે ? પ્રજાનાં બાળકેાની આંખેા જાય, જ્ઞાનને બદલે મગજમાં ડૂચાકૂચા ભરાય, એની એને જરા પણ પરવા નહિ ? એવા બુકસેલરેાની દુકાનેા સામે શું કરી શકીએ ? બધી ચેાપડીઆે ખરીદી લઇને બાળી મૂકીએ તેા ?"

પણ વધારે વિચાર કરતાં બુકસેલરેા સામેનેા ક્રોધ નરમ પડે છે. અલબત્ત બાળકેાનાં જે અનેકવિધ ખૂનેા થઇ રહ્યાં છે તેમાં તેમનેા પણ ભાગ છે જ, અને તેમણે પણ આખરે તેની ભરપાઇ કરવી જ પડશે. પણ વાંક તેા બીજાનેા —મારી જ્ઞાતિનાં (શિક્ષક) ભાઇબહેનેાનેા છે— શિક્ષક શિક્ષિકાઆેાનેા છે.

ઘેારણની નેાટબૂકેા વિદ્યાર્થીઆે એટલા માટે વાપરે છે કે તેમને નિશાળમાં બરાબર આવડે. તેઆે તેમાંથી ગેાખીને જાય એટલે ભૂલેા ન પડે. તેમને એટલા માટે તેમ કરવું પડે છે કે શિક્ષકેા પાઠેા બરાબર માગે છે, ભૂલને માટે દંડ કરે છે અને પેાતાને જાતે પાઠેા શીખવવા નથી. ઘેારણની બૂકેામાંથી છેાકરાઆે ગેાખી લાવે તેા શિક્ષકને તૈયાર માલ મળે. માત્ર વારંવાર લાકડી ફેરવવી, ગાળેા દેવી, નંબર ઉતારવા એટલે છેાકરાઆે ઘેારણ બૂકેા ખરીદે, ગેાખે ને પાઠ કરી લાવે. ભણતા છેાકરાઆે ઉપર શિક્ષકેાનું રાજ્ય. માબાપેા પણ તેમને આધીન. છેાકરાઆેની માગણીને વશ થઇ માબાપેાએ ઘેારણની નેાટેા અપાવે જ છૂટકેા. અને જ્યારે શિક્ષકે જગાડેલી જરૂરી-આતમાંથી ઘેારણની બૂકેાની માગણી બજારમાં થાય ત્યારે આજનેા વેપારી તેા તે પૂરી જ પાડે. આંખેા મીચીને નહિ પણ તેમ કરવાથી બાળકેાને બારાવાર નુકશાન થશે એમ જાણવામાં હેાય છતાં પૂરી પાડે. અને તેથી તે વાંકમાં છતાં થેાડેાક બચે છે. પણ શિક્ષકની શીખવવાની આળસ ઉપરાંત પણ ઘેારણની નેાટેા પાછળ કંઇક હેાય છે એમ કહેવાય છે. એમ ન હેાય તેા કેાઇ પણ સારા શિક્ષકને

શરમાવું મટયું. પણ એમ હોવાનો અસંભવ નથી. તે એમ છે કે આવી નોટો કમાણી કરવા માટે શિક્ષકો જ બનાવે છે; અને ઘણી વાર બુકસેલરોના વેચાણ પર શિક્ષકોનુ કમીશન ચડતું હોય તો તેમાં નવાઇ નથી.

બાતાંઓ દેખતાં હોય તો ધોરણની નોટબૂકો વાપરવી નહિ તેવા પોતાના હુકમનો કડક અમલ કરે અને શિક્ષકને આ અત્યાચાર અને વિદ્યાર્થીઓને ગોખણના ત્રાસમાંથી બચાવે. શિક્ષકો પોતે પોતાની આબરૂ સામે જુએ ને સમજે તો તો બાતાના હુકમોને જગા પણ ન રહે. બાતાના આવા હુકમો એમ તો શિક્ષકને કલંક રૂપ જ છે એમાં શંકા નથી.

છતાં બધા શિક્ષકોને માથે આપણે અવગુણનો પોટલો ન મૂકીએ. એક સારા શિક્ષકનો મને પોતાને જ અનુભવ છે. અમે ધોરણની નોટમાંથી ગોખી ગએલા. પોતે નોટ વિરુદ્ધ કટ્ટા હતા. ધોરણની નોટના શબ્દો સાંભળી અમને ઝાડ્યા અને ઘેર માણસ મોકલી અમારી નોટો શોધી કઢાવી તેને જપ્ત કરી. પણ પોતે આળસુ ન હતા. પોતે શબ્દ, સમજુતી, અન્વય વગેરે કાઢી લાવતા; પોતે પાટિયા પર જાતે સમજાવતા; ન સમજાય ત્યાં સુધી માથું કૂટતા. એટલું જ નહિ પણ પોતે પોતાની જવાબદારી સમજતા અને તે અદા કરવા પ્રયત્ન કરતા ટૂંકમાં તે માણસ હતા. ગિ.

તમને કોઇ વાર થાય છે?

તમને કોઇ વાર એમ થાય છે કે આપણો ધંધો કેટલો વિશાળ છે, સર્વવ્યાપી છે?

તમને કોઇ વાર એમ થાય છે કે આ જૂનું પુરાણું શિક્ષણનું કારખાનું સુધારવા યોગ્ય છે કે આખું ને આખું મૂકીને ત્યાંથી ભાગવા યોગ્ય છે?

તમને કોઇ વાર એમ થાય કે આપણે જ આપણા ધંધામાં હજી બહુ પછાત છીએ માટે તેમાં આગળ વધવા વલખાં મારીએ?

તમને કોઇ વાર એમ થાય છે કે આ આપણા કેળવણીના બાતામાં ઘણા ઘણા સુધારા થવા જોઇએ, ને ન થાય તો સુધારા કરાવવા આપણી સહાય અને આગ્રહ આપવાં જોઇએ?

તમને કોઇ વાર એમ થાય છે કે આ ધંધો નીચો રહે છે તેનું કારણ આપણી જ આળસ, પુરુષાર્થની બામી અને નિસ્તેજપણું છે?

તમને કોઈ વાર થાય છે કે શિક્ષકો એક બળવાન સંસ્થા છે, ને ધારે તો એકી સાથે બધી નિશાળોને સુધારવાની તેમનામાં શક્તિ છે?

તમને કોઇ વાર એમ થાય છે કે આપણે શિક્ષકો જે ભણાવવાનું કામ જ બંધ કરી દઇએ તો બરાબ ભણતરનો અંત આવી જાય?

ગિ.

ગરીબ બાળકોનો લાંબો હાથ અક્ષરશાળાઓ એટલે હજારો ગરીબ બાળકોને માટે ચલવવામાં આવતી શાળાઓ. એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં સૌ જે ગમે તે આપજો. મદદ મોકલવાનું સ્થળઃ **અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય** : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

શાંતાકુંઝ બાલમંદિરમાંથી

:૧:

એક ત્રણ વરસનો છોકરો હતો તેને અડધી અડધી કલાકે તાણ આવતી. દવા કરી માબાપ થાકયાં હતાં. મને પૂછ્યું. મેં કહ્યું: "તમે બાલમંદિરમાં મૂકો. કાંઇ હરકત નહિ." મેં વચન આપ્યું કે તાણ આવશે તો હું તમારા કહેવા પ્રમાણે માથે પાણીનું પોતું કરીશ. છોકરો આવ્યો તે પછી તેને મેં ખાસ રસથી તેમ જ હિંમતથી (Confidence)થી ધ્યાનમાં લીધો. તેની નોંધ તથા અવલોકન બહુ જ રાખ્યાં. બાલમંદિરમાં આવ્યા પછી એક પણ દિવસ તેને તાણ આવી જ નથી; તેની હલનચલનની ક્રિયાઓ સંયમિત થઇ છે; અવલોકન કરતો પણ વધારે થયો છે. આટલું થયા છતાં તેને ઘેર હજુ કોઇ કોઈ વખત તાણ આવતી. એકનો એક છોકરો હતો. તેનાં માબાપ સમજુ હતાં તેથી મેં તેમને બને તો ઘર બદલાવવાની સૂચના કરી. તેઓએ ઘર બદલ્યું. "તાણ હવે નથી આવતી." એ તેની માના શબ્દો હતા. બાળક છ મહિનાથી આવે છે. પહેલું સાધન (લાકડાના ટુકડાની પેટી નંબર–૧) લીધું હતું ને તે ૨૫૦ વખત તેણે વાપર્યું હતું. પહેલાં અડધા ભરેલા પ્યાલા ઢોળતો; હવે ભરેલા પ્યાલા પણ નથી ઢોળતો ને બહુ જ હરખથી તે બાલમંદિરમાં આવે છે. રવિવાર તેને પસંદ નથી કારણ બાલમંદિર બંધ રહે છે. વા. ઇ. ઠા.

:૨:

એક છોકરો બહુ જ અવલોકન કરનાર હતો. બધી ચીજોને જોતો પણ અડતો નહિ. મને તેના તરફ દયા આવી; તેમ જ મનમાં મૂંઝવણ પણ થવા લાગી. ઘણી વાર રસ્તામાં વિચાર આવ્યા કરતા: "આનું શું કરવું?" એ છોકરો કંઈક મૂંઝાતો હોય એમ લાગ્યું. હેતાળ હતો. આમ મહિના લગી ચાલ્યું. પછી મેં હિંમત ધરી પૂછ્યું: "ભાઇ, તું શું જુએ છે?" તેણે સામું પૂછ્યું: "બા કહે છે તે સોટી તમે કયાં રાખો છો?" તરત હું જાગ્યો; રોગની ખબર પડી. છોકરાને બાલમંદિરમાં સોટી ના હોય તેની ખાતરી કરી આપી, તેમ જ માને પણ સૂચના કરી. છોકરો તે દિવસ પછી બહુ જ આનંદમાં રહેતો. તેનું મન તદ્દન ફરી જ ગયું. પછીથી તે બહારનાને કહેતો ફરતો કે "અમારા બાલમંદિરમાં તો સોટી હોય જ નહિ. રમવાનું જ હોય છે." વા. ઇ. ઠા.

વસંત બાલસાહિત્યમાળા

બાળકો માટે ખાસ

કામાચ્યારૂ	એક વાર્તા	ઇતિહાસના શિક્ષણની
થીઆસાં	,,	ભૂગોળના શિક્ષણની
આલ્પસ અને ફ્રાન્સ	,,	ભાષાના શિક્ષણની
તિરંદાજ	,,	દેશાભિમાનની

દરેકનો એક પૈસો : પોસ્ટેજ જુદું.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઇ–૨

મોન્ટીસોરી સંઘના નિયમો

મોન્ટીસોરી સંઘના મંત્રી પાસેથી મળશે.

વિના મૂલ્યે મંગાવો. બાલમંદિર : ભાવનગર

આપણે અને આપણા ઉપરી સાહેબ

આપણે જ્યારે આપણા ઉપરી સામે ઉભા રહીએ ત્યારે સભ્યતાથી ઉભા રહીએ, પરંતુ ટટ્ટાર ઉભા રહીએ.

આપણે જ્યારે આપણા ઉપરી સાથે વાત કરીએ ત્યારે વિનયથી કરીએ, પણ નિડરપણે કરીએ.

આપણે જ્યારે આપણા ઉપરી વર્ગમાં પધારે ત્યારે માનપૂર્વક તેમને આવકાર આપીએ, પરંતુ તે નચિંતપણે આપીએ.

આપણને જ્યારે આપણા ઉપરી કોઇ બાબતમાં ખુલાસો પૂછે ત્યારે તે સાચો અને ચોખ્ખો આપીએ, પણ અકળાયા વિના અને ગભરાટ વિના આપીએ.

આપણને જ્યારે આપણા ઉપરી વખાણે ત્યારે વખાણને ઘટારત રીતે આપણે સ્વીકારીએ, પણ તેથી ફૂલણશી ન બનીએ.

આપણને જ્યારે આપણા ઉપરી ખોટા વખાણે ત્યારે તેવું માન અપમાન છે એમ સમજીએ, ને તે વિષે બેદરકાર રહીએ.

આપણને જ્યારે આપણા ઉપરી ખોટા દબાવે ત્યારે આપણે ઝૂજી જઇએ નહિ તેમ જ ખુશામદ કરવા મંડીએ નહિ, પણ અચળ અને સ્થિર રહી ગંભીર મૌનથી તેનો ઉત્તર આપીએ.

ગિ.

શું કરવું ?

સ૦ ૧. પિતાને દારૂ પીવાની ટેવ હોય અને તેને સમજાવ્યા છતાં તે બાળકના દેખતાં પીતો હોય તો શું કરવું ?

જ૦ તો બાળકને પિતાના ઘરમાંથી દૂર કરવું. તેમ કરવા જતાં માતાને જો પતિનું ઘર છોડવું પડે તો છોડવું. પતિનો પોતાની પત્ની પ્રત્યેનો પ્રેમ દારૂ છોડવામાં મદદ ન કરી શકતો હોય તો તેવા પ્રેમને નિષ્ફળ ગણી પત્નીએ પુત્રપ્રેમ ખાતર સંસારનાં સુખોનો ત્યાગ સુખેથી કરવો.

સ૦ ૨. પણ પિતા બાળકોના વાલીપણાનો દાવો કરી બાળકને પોતાને કબજે રાખે તો શું કરવું ?

જ૦ વાલીપણાનો કાયદો બાળકના હિતની ખાતર છે. અને જો દારૂડીયો પિતા બાળકનું અહિતકર્તા છે તો તેના હાથમાં વાલીપણું રહી શકે નહિ. પણ દારૂ પીનારા ન્યાયાધીશો એમ ઠરાવે કે દારૂ પીવામાં વાલીપણાને હરકત પહોંચતી નથી તો વાલીપણાના કાયદાની સામે માતાના પ્રેમનો કાયદો ઉભો રહી શકે છે. જે પુત્રપ્રેમને ખાતર માતા પોતાના પતિને છોડે તે પ્રેમને ખાતર વાલીપણાના કાયદાનો વિરોધ કરતાં કદાચ જેલમાં જવું પડે તો માતા અવશ્ય જાય જ. મા પોતાના બચ્ચાને છાતી ઉપર રાખીને બેસે અને પછી કહે કે પતિની સખ્તાઇ કે ક્રૂરતા સામે, કાયદાની સામે અને જેલની સામે તેમ જ જોહુકમીની સામે હું તો આ બેઠી. મારૂં થાય તે કરી લો. તો જરૂર માતાનું બાળક કોઇથી લઇ શકાશે નહિ. આવી એક

પણ માતા નીકળશે તો સેંકડો પામર પિતાઓને ઠેકાણે લાવવા બસ થશે.

સ૦ ૩. પિતાનો મત બાળકને ગામઠી શાળામાં અને માતાનો મત બાળકને મોન્ટીસોરી અગર કિંડરગાર્ટન શાળામાં મૂકવાનો હોય તો શું કરવું ?

જ૦ પિતા તરફથી સવાલ હોય તો પિતાને એ જવાબ છે કે ગામઠી શાળામાં બાળકને ન મૂકાય. ગામઠી શાળા જાતે જઈને જુઓ. ત્યાં તમારું બાળક સુખી થશે ? ત્યાં તમારા બાળકને બરું ભણતર મળશે ?

તમે જો બાળકના ભણતરમાં રસ લેતા ન હો તો તમારે તેની બા જે શાળા પસંદ કરે તેમાં માથું મારવું નહિ.

તમે ઘરમાં મોટા છો માટે તે કારણે બાળકની માતા ઉપર હુકમ ચલવી તમે ધારેલી શાળામાં બાળકને મોકલાવશો, તો મા તથા બાળકો તેની રાહ જોતાં બેસશે કે કયારે તક મળે અને તમારાં ઉપર તેઓ હુકમ કરી શકે. તેઓ તમને હુકમ કરવા લાગશે ત્યારે તમને આકરું પડશે.

સવાલ પૂછનાર બા હોય તો જવાબ એ છે કે બાળકના પિતાને શાંતિથી સમજાવવું. ગામઠી શાળાની બદીઓ નજરે દેખાડવી. સારી શાળાઓ જોવા લઇ જવા. બાળકને પોતાના હાથમાં સોંપી દેવાનું કહેવું. મોટે ભાગે તો તે કામ તમને સોંપશે જ. પિતાઓ ધંધામાં પડેલા છે; તેઓ આવી પંચાત કરવી એને માથાઝીક ગણે છે. તેઓ જે સ્ત્રીઓ ઘરનાં ઘણાં કામો ઉપાડે તો એક પણ ન કરે એવા આનંદી છે. આથી તમારી માગણી કબૂલ રહેશે.

પણ સખ્ત વાંધો પડે તો બન્નેમાંથી ડાહ્યા માણસે છોડી દેવું. આવી બાબતોથી ઘરમાં કલેશ લાવવો અને એ વાતાવરણમાં બાળકોને ઉછેરવાં એના કરતાં બા અગર બાપા બેમાંથી એકનું ધાર્યું થવા દેવું અને બીજા પક્ષે પ્રેમ અને નમ્રતાથી પોતાની વાત મૂકયા જ કરવી. ગિ.

ચર્ચાપત્ર

: ૬ :

પાડોશીનાં બાળકો

તમારો કાગળ વાંચ્યો. તમારી દીકરીએ તમને સારી પેઠે મૂંઝવણમાં નાખ્યાં હોય એમ દેખાય છે. બધી બાબતોનો તમે વિચાર કરો છો ને પોતાની ભૂલો પણ તપાસવા ને સુધારવાં ઇચ્છા રાખો છો તે બહુ જ ખુશી થવા જેવું છે. થોડા જ દિવસમાં તમારી મુશ્કેલીનો અંત આવશે એમ મને આશા છે.

આપની મુખ્ય મુશ્કેલી પાડોશીનાં બાળકો પરત્વેની લાગે છે. પેલાં બાળકો સંગતિ રાખવા જેવાં ન હોય ને તેમના ઉછેર પરત્વે કોઇ પણ સુધારો તમે તેમના ઘરમાં કરાવી શકો એમ ન હોય તો ઉત્તમ ઉપાય તો તમારે તમારું રહેવાનું સ્થાન બદલી નાખવું એ છે. નવા સ્થાનમાં નવા પાડોશી ને તેમનાં બાળકોની રહેણીકરણી કેવી છે તે પહેલેથી જ તપાસી આપણને માફક આવે એવા લત્તામાં જ રહેવા જવું. એમ

બને એમ ન હોય તો બેનને માટે યોગ્ય મિત્ર-મંડળ તમારે ઘરે ઉભું કરવું જોઇએ. તમારા મિત્રોનાં–જેમની સાથે ઉછેરની બાબતમાં તમે એકમત છો–બાળકો તમારે ત્યાં આવે તેમ જ બેન તેમને ઘેર જાય વગેરે વ્યવસ્થા ઉભી કરવી જોઇએ.

બેનનાં હાલનાં મિત્રો પણ તમારે ઘેર આવી તમે બતાવો છો એ રીતે રમવા તૈયાર હોય તો તેમને પણ આવવા દઇ શકો. આવવા દેવાં કે ન દેવાં એનો નિર્ણય તમે જ કરી શકો. પણ બેનની જે એમની સાથે બહુ દોસ્તી હોય તો કદાચ તેમની સાથે ન જ રમવાનો નિયમ તેને અઘરો પડે. તેમાં જોવાનું એ કે બેન મિત્રને અભાવે તેમની સાથે રમવા દોડે છે કે એમનામાં બેન પ્રત્યે અને બેનમાં એ બાળકો પરત્વે ખાસ પ્રેમભાવ હોવાથી તે એમ કરે છે?

ખરી રીતે ત્રણ સાડા ત્રણ વરસની ઉંમર બાળકની ખાસ સામાજિક સંબંધો બાંધવાની ઉંમર નથી, પણ વ્યક્તિગત વિકાસ સાધવાની છે. માટે તમે એને વિકાસનાં સાધનો જો ઘરે પૂરાં પાડો તો મને લાગે છે કે તમારી મુશ્કેલી એની મેળે ટળશે. ઘરમાં બાળકને કેવા કેવા ઉદ્યોગો આપી શકાય ને એના વિકાસમાં આપણે કેમ મદદ રૂપ થઈ શકીએ એ પરત્વે એક બે ચોપડીઓ છે તે વાંચજો. જેવી કે 'ઘરમાં બાળકે શું કરવું?' 'ઘરમાં મોન્ટીસોરી' 'નવા આચારો' 'તોફાની બાળક' 'બાળકની હઠ' વગેરે ચોપડીઓ તમને ઉપયોગી થશે *

* આ ચોપડીઓ શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગરથી મળી શકશે. વિગત માટે ત્યાં પૂછાવો.

બાળકને મારશો તો નહિ જ. કેટલીએક તમારી મુશ્કેલીઓ તેને મારો છો તેમાંથી ઉદ્ભવ થઇ છે, જેમ કે 'જ્યારે આડી થાય' એમ લખો છો તે. બાળકને આડા થવાનો વખત જ આપણે ન આપવો જોઇએ. આપણે ગુસ્સે થઇએ તેથી બાળકને પણ ગુસ્સે કરીએ; ને તે નાનું હોવાથી બીજું શું કરે? આડે થઇને ગુસ્સો બતાવી શકે છે. આપણે એની સાથે હડીલાં ન થવું. હઠ કરવાની યુક્તિ પણ એ આપણી પાસેથી જ શીખે છે. છતાં કેટલીએક બાબતમાં તમારે દૃઢ પણ રહેવું જ જોઇએ. આપણા પોચાપણાથી ને નરમપણાથી પણ બાળક ઘણું દુઃખી થાય છે. જેમ કે તે નીચે ન જાય એમ તમે ઇચ્છતાં હો તો નીચે જવાનું બારણું બંધ રાખી શકો. પછી તે ઉઘાડી આપવા માટે બેન રડે તો રડવા દેવી જોઇએ. તે વખતે વઢવું કે ઠપકો આપવો કે નારાજી ન બતાવવી. તેમ જ જરા રડે કરે તો પોચા પડીને "જા, ત્યારે રડીશ નહિ." એમ પણ ન કહેવું. પણ "જવાનું નથી. અહીં રમો." એટલું જ દૃઢતાથી કહી બસી જવું, ને એને પોતાની મેળે રડીને શાંત પડવા દેવી.

મુખ્યતઃ ઘરમાં તેને વિકાસક રમતો ગોઠવશો, વાર્તાઓ કહેશો, ગીતો ગાશો, ફરવા ને રમવા લઇ જશો એટલે એક પાડોશીનાં જ બાળકો સાથે રમવાની એની લત છૂટી જશે. **તા.**

:૨:

શા માટે મારો છો?

માબાપો અને શિક્ષકો બાળકોને શા માટે મારે છે તેનાં કેટલાંએક કારણો શિક્ષકોએ અને માબાપોએ મોકલ્યાં છે તેમાંથી થોડાંએક

નીચે આપ્યાં છે:—

: ક :

શિક્ષક બાળકોને શા માટે મારે છે ?

તોફાન કરે અને વાંચી ન લાવે માટે.

એક બે ત્રણ વખત એકની એક વસ્તુ સમજાવેલી હોવા છતાં ન આવડે તેથી.

બીજા છોકરાઓને પજવે ચીડવે મારે તેથી.

નિયમિત વર્ગમાં ન આવે; જોઇતી વસ્તુઓ ઘણી વખત ભૂલી જાય તેથી.

ઘણી વખત વ્યવસ્થા તથા શિસ્ત ન જાળવે તેથી.

કપડાં ચોખ્ખાં ન હોય તેથી.

એક બીજા સામસામી મજાક કરી ફરિયાદ લાવે તેથી.

એકની એક ભૂલ વધારે વખત થાય તેથી.

નોટ, ચોપડીઓ, લખાણ વગેરે સ્વચ્છ ન હોય તેથી મારવા પડે છે.

: ખ :

૧ વારંવાર મોડાવહેલા આવવાની ટેવ ભૂલાવવા અગર તો વારંવાર ગેરહાજર રહેતો અટકાવવા.

૨ ખરાબ સોબત ને દુર્વ્યસનો છોડાવવા; અપશબ્દો બોલતા અટકાવવા; વિવેક શીખવવા; રઝળવાની ટેવ ભૂલાવવા.

૩ પોતાને આપેલા પાઠો વારંવાર કહેવા છતાં લાંબો વખત તૈયાર નહિ કરવાથી. શીખવેલ બાબતોની વારંવાર ભૂલો કરવાથી.

૪ વર્ગના છોકરાઓ સાથે તોફાન કરવા માટે; અસત્ય બોલવા માટે; ગંદો રહેવા માટે; અટકચાળા કરવા માટે; હુકમનો અનાદર કરવા માટે

૫ લખવામાં કે વાંચવામાં વારંવાર ભૂલો કરવાથી અને શીખવેલ બાબતો ઉપર બેદરકાર રહેવાથી.

૬ કોઇની સ્લેટ, ચોપડી ફોડી ફાડી નાખે, ચોરી જાય, કાંકરો ભાંગી નાખે કે ચોરી જાય તે માટે.

: ગ :

માબાપો પોતાનાં બચ્ચાંઓને શા માટે શિક્ષા કરે છે?

૧ નિશાળે નહિ જવા માટે; ભાઇભાંડુ સાથે ઇર્ષા કરવા, તોફાન કરવા કે બાવાની ચીન્હે માટે તકરાર કરવા માટે.

૨ પૈસો માગવાથી, અપશબ્દો બોલવાથી, પોળનાં છોકરાંઓ સાથે મારામારી કે ગાળાગાળી કરી આવવવાની ફરિયાદ આવવાથી.

૩ પોતાના હુકમનો અમલ નહિ કરવાથી, કામ નહિ કરવાથી, રમતાં જતાં મોડું થવાથી, ના કહેવા છતાં નહિ માનવાથી.

૪ નાવાં ધોવામાં આનાકાની કરવાથી, પોતાનાં ભાઇબેનને રમાડવા ન લઇ જવાથી, બાના કામમાં ખલલ કરવાથી, કાંઇ ઢોળવા ફોડવાથી બીજાઇને શિક્ષા કરે છે.

૫ એકની એક બાબત ઉપર વારંવાર પ્રશ્નો કરવાથી; કામ કરતાં વચ્ચે નડવાથી; રાત્રે પથારીમાં પેશાબ જવાથી કે આંગણામાં ઝાડે જવાથી.

: ઘ :

આખો વખત સાથે મળીને ધૂમાધૂમ તેમ જ દોડાદોડી કર્યા કરે અને પછીથી વઢીને એક બીજાને મારે. આપણે કહીએ તો સાંભળે નહિ અને મારવાથી જ સમા બેસે તો તેનો

ઉપાય શું કરવો ? આજુબાજુવાળાથી અવાજ સંખાય નહિ, તેમ જ આપણે પોતે પણ આખા વખતના અવાજથી કંટાળી જઇએ તો પછી શું કરવું ?

: ચ :

અમો સ્વભાવે શાન્ત છીએ અને બાળક તોડફોડ કરે તેવું છે. જ્યારે ઘણી વસ્તુઓમાં બગાડ થાય, વ્યવસ્થિત વસ્તુઓને અવ્યવસ્થિત કરી મૂકે અને જ્યારે તેને ધીમે રહીને કહેવા છતાં સમજાવવા છતાં ન માને ત્યારે આંખો કાઢી બ્હીવરાવવું પડે છે; અને તેથી રડે છે. રડતું હોય તે વખતે ઘણી વસ્તુઓથી રીઝવવું પડે અને તેમ છતાંય ન રીઝે એટલે મારવાનું મન થઇ જાય છે, મારવું પડે છે.

કોઇક વસ્તુની જ્યારે હઠ પકડે ત્યારે ત્યારે મારવું પડે.

સંધ્યાવંદન આદિ ક્રિયા કરતી વખતે સવારમાં ઉઠી જ્યારે રડે ત્યારે શાન્ત ચિત્ત હોય તે વખતે બ્લેલ પડવાથી આંખ કાઢી બ્હીવરાવી ઘરમાંથી બહાર કાઢવું પડે એટલે રડે; અને રડવાનું ચાલુ જ હોય તે ન રહે ત્યારે શાન્ત થાય તે વાસ્તે વધારે મારવું પડે જ.

કોઇ જરૂરી કામ માટે (ઉતાવળ હોય) બહાર જવાનું હોય ત્યારે સાથે આવવાની હઠ પકડે અને સાથે ન લઇ જવાથી રડાવવુ પડે અને રડતાં છાનું ન રહે ત્યારે મારવાનું જરૂર મન થઇ જાય છે.

સારૂં પુસ્તક યા ઘડીયાળ યા કાંચનો સામાન ન કહેવા છતાં આમતેમ અફાળી ફાડી તોડી નાખે તો ગુસ્સે થઇ મારવું પડે.

ચોમાસામાં વરસાદમાં રમવું; ઠંડા પાણીથી ખૂબ નહાય, ડોલમાં યા વાસણમાં પડી ન્હાય, પગ બોળે, માથું બોળે અને ઠંડા પાણીમાં જ રમત કરી શરદી લાગે ને તાવ આવે તેમ ફરીથી ન થાય તે માટે માર મારી અટકાવવું પડે છે.

દાડમ-સફરજન તથા ગળી વસ્તુઓ વધારે ખાય છે; દાડમ સફરજન ખાય તેથી ઝાડો બરાબર ઉતરે નહિ તેમ જ ગળી વસ્તુ ખાવાથી ગેરફાયદો થાય છે. તે વસ્તુઓ ન આપવાથી ખાવાની હઠ પકડે તેથી મારવું પડે છે.

રેંટીઓ ફાંતતાં વચ્ચે ડખલ કરે છે; તાક પુણીઓ બગાડી નાખે છે; દોરી તાણી રેંટીયાની ગાડી કરે છે અને બધી વસ્તુઓ અસ્તવ્યસ્ત કરે છે. ત્યારે ધમકાવી મારવાનું મન જરૂર થઇ જાય છે.

પડી જવાથી વાગે એવી વસ્તુઓ ઉપર ચઢે છે અને પછી વાગે છે તેથી રડે છે, રડયા કરે છે તે ફરીથી તેમ ન કરે માટે મારવો પડે છે.

કોઇ વખત પણ દવા પીતો નથી; તો દવા પીવરાવવા જોર બળાત્કાર કરી પાવી પડે છે.

રસોઇનો સામાન બગાડી નાખે, ખાવાની ઉતાવળ કરે એટલે મારવો પડે.

: છ :

શિક્ષાના પ્રકારો

૧ શારીરિક શિક્ષા, સોટી, હાથનો ઉપયોગ, ખાવા ન આપવું.
૨ એકાન્તમાં એકલો મૂકી દેવો.
૩ બ્હીવરાવવું, ધમકાવવું.
૪ માગેલી વસ્તુ ન આપવી અને તેના પ્રત્યે બેદરકાર રહેવું.
૫ શાન્ત ગંભીર થઇ ધીમા શબ્દોથી કડુ સખ્ત વચન કહેવાં.

૬ ઇમ્પોઝીશન લખવા આપવું.
૭ ક્લાસ આઉટ કરવો.
૮ ઉભો રાખવો.
૯ છેલ્લો બેસાડી તેના પ્રત્યે ધ્યાન ન આપવું.
૧૦ ક્લાસમાં બેસાડી મૂકવો.
૧૧ દંડ કરવો.
૧૨ તેની જાતે તેને મન પસંદ શિક્ષા કરવી અને તે જાતે કરી લે તેવો હુકમ કરવો.
૧૩ ફેરા ખવરાવવા.
૧૪ મહેનત કરાવવી.
૧૫ ટાઢમાં પણ ખુલ્લા ચોગાનમાં સુવરાવવું; કોઇ પણ આવતું જતું ન હોય તેવી જગ્યાએ સૂઇ રહેવા હુકમ કરવો.
૧૬ ખોરાકમાં અમુક વસ્તુઓ (શાક, દુધ, ઘી) સિવાય ચલાવી લેવરાવવું.
૧૭ સૂવા પથારી ન આપવી.
૧૮ અસહકાર કરવો.
૧૯ શ્લોક ગોખાવવા. (ફરજીઆતપણે)

જ

૧ હાથમાં નેતરની સોટીની; ઉભા રાખવાની; અંગુઠા પકડાવવાની.
૨ ગાલ ઉપર તમાચાથી.
૩ કાન ખેંચે ને તમાચો મારે.
૪ માથામાં ધોલ મારે.
૫ પડખામાં ચીંટીઓ ભરે.
૬ વાંસામાં હાથના પહોળા પંજાથી થપાટ અગર તો મુઠી વાળીને મારે.
૭ સાથળમાં વગ દઇ ચીંટીઓ ભરે.
૮ પાછળના ભાગમાં આંકણી કે સોટી મારવી.
૯ વાંસામાં આંકણી કે સોટી મારવી.
૧૦ પગના સાથળના કે પીંડીના ભાગમાં સોટી કે આંકણી મારવી.
૧૧ પગથી પણ કોઇક અજડ માણસો પાડું મારી શિક્ષાનો પ્રભાવ બતાવે છે.

જ

આપણે જોઈ શકીશું કે

શિક્ષકોનાં કારણોમાં તોફાન, અભ્યાસ ન આવડે, શિસ્ત ન જાળવે ને અસત્ય અપશબ્દ આદિ નૈતિક ગુન્હાઓ એટલાં કારણો દેખાય છે; જેમાંથી એકે વસ્તુ મારથી સુધરતી નથી ને તાત્કાલિક સુધરેલી લાગે તો પણ ઉંડેથી તે જતી નથી. જેમ કે નૈતિક ગુન્હાઓ. ઘણા સારા શિક્ષકો એમ કહે છે કે અભ્યાસ ન આવડે તો અમે નહિ મારીએ, પરંતુ નૈતિક ગુન્હાઓ માટે તો મારવું જ જોઇએ. કારણ તે ઘણા ગંભીર છે. જ્યારે નવીન માનસશાસ્ત્ર એમ જ કહે છે કે મોટે ભાગે નૈતિક ગુન્હાઓ માર ને શિક્ષાઓમાંથી જ જન્મેલા હોય છે. દબાણ અને સખ્તાઇથી નૈતિક ગુન્હાઓ ઉલટા વધે છે. નૈતિક ગુન્હાઓ બે જ કારણથી થાય છે. માણસનું સ્વાભાવિક જીવન જે જીવવાનો તેને હક્ક છે છતાં ગમે તે કારણથી તેને તે મળતું નથી ત્યારે તે સીધા માર્ગ છોડી આડે માર્ગે જઇને પણ તે મેળવવાનો રસ્તો ગોતી લે છે. બાળકોમાં બાવાની વસ્તુની ચોરી કે તે માટે પાઇ પૈસાની ચોરી ને તેને અંગેનું જૂઠાણું ઘણી વાર દેખાય છે. ઘણા ગરીબ લોકોને પણ એવી ટેવ હોય છે કારણ તેમને પેટ પૂરતું બાવાનું મળતું નથી. બાળકોને મોટાંઓ તેમનું પેટ બગડશે વગેરે તેમના હિતની દૃષ્ટિ માની ના પાડે છે. પણ બાળકની ઇચ્છા રહી જાય તેથી તે પોતાનો રસ્તો ગોતી લે છે, જેને આપણે ચોરી ને જૂઠાણું કહીએ છીએ. બાળકની દરેક નૈતિક કુટેવ પરત્વે મોટે ભાગે આવું જ

હોય છે. આ નૈતિક ગુન્હા સરળ પ્રકારના છે. જ્યારે બીજો પ્રકાર તે માંદી અવસ્થાનો છે. માર પડવાથી, ઠપકો મળવાથી કે એવા જ બીજા દબાણના પ્રકારોથી બાળકનું મન તંદુરસ્ત મટી જાય છે. તેને લીધે અનેક પ્રકારના નૈતિક ગુન્હાઓ બાળકો કરી બેસે છે. જેમ કે સખત માર પડવાથી બાળક હસ્તદોષ જેવી ભયંકર કુટેવમાં સપડાય છે. માટે માર કે શિક્ષા નૈતિક ગુન્હાઓ નાબૂદ કરવાના ઉપાયો નથી પણ તેના ઉત્પન્નકર્તા છે.

બાળકોનાં તોફાનનો ઉપાય પણ માર ન જ હોઇ શકે. મોટે ભાગે તો આપણને જે તોફાન લાગે તે તોફાન હોતાં જ નથી. જેમ કે બાળક બારી ઉપર ચડી જાય કે હસે, મશ્કરી કરે, મોટેથી ગાય કે બરાડા પાડે એ શાળામાં તોફાન ગણાતી વસ્તુઓ તોફાન નથી પણ તંદુરસ્ત બાળકની જરૂરની વસ્તુઓ છે. આપણે તેનું તોફાન બંધ પડાવીને તેને નિષ્પ્રાણ બનાવીએ છીએ, તેનો વિકાસ અટકાવીએ છીએ.

શિસ્ત ને વ્યવસ્થા ખાતર મારવું એનો અર્થ દબાણથી શિસ્ત ઉભી કરવી. ખરી રીતે બાળકની અંદર શિસ્ત પ્રત્યે માન અને પ્રેમ ઉત્પન્ન કરીને તેમ જ સમાજમાં રહેવું હોય તો અમુક નિયમન સ્વીકારવું જ પડે, નહિ તો આપણે સમાજની બહાર ચાલ્યા જવું જોઇએ વગેરે વસ્તુનું ભાન કરાવવું જોઇએ. એ ભાન થતાં આવતું નિયમન તે જ સાચું છે. શિક્ષા ને મારની સહાયથી રખાએલી શિસ્ત તે નિષ્પ્રાણ છે, ગુલામોની શિસ્ત છે. આપણે એવી શિસ્ત રાખીને બાળકોને ગુલામીનું શિક્ષણ આપીએ છીએ. બીજું એથી શિસ્ત બાળકના જીવનમાં ઉતારતાં નથી પરંતુ તેનું એક ઉપલકીયું અંગ બનાવીએ છીએ. શિક્ષાની બીક ન હોય ત્યાં બાળક અશિસ્ત અને અવ્યવસ્થિત રહે છે; ઉલટું અવ્યવસ્થિત બનાવવાનો લહાવો પણ લે છે. શાળામાં માસ્તર ન હોય તો પણ પોતાની મેળે બાળકો વ્યવસ્થિત ને શાંત બન્યાં હોય એવું કોઇ દિવસ બન્યું જ નથી. કારણ મારથી જાળવેલી શિસ્ત છે.

અભ્યાસ ન આવડે ને મારવું એ તો હવે મારના હિમાયતીઓ પણ કબુલ રાખતા નથી, તો આપણે તો ક્યાંથી રાખીએ ? અભ્યાસ ન આવડવાનાં કારણો શોધવાં જોઇએ. આપણી શિક્ષણપદ્ધતિ કે શિક્ષકની શીખવવાની અણ-આવડતથી બાળકોને આવડતું નથી. બીજું દરેક બાળકને આપણે યોગ્ય ગણેલા દરેક વિષયમાં સરખા જ વખતમાં સરખી જ આવડત આવવી જ જોઇએ એ આપણું કૃત્રિમ ધોરણ બાળકને અભ્યાસ ન આવડવાનું કારણ હોય છે. આમ શિક્ષકોને બાળકોને મારવા માટે એક સબળ કારણ છે જ નહિ. ને એક શિક્ષકે લખ્યું છે તેમ જે નિશાળોમાંથી માર બંધ થઇ ગયો હોય તો તે માટે તેમને અભિનંદન ઘટે. કેમ કે માબાપો મારે ને શિક્ષકો મારે એમાં ફેર છે. માબાપ તો ગમે તે માણસ થાય છે; માબાપ થવા માટે બાળઉછેરની આવડતની જરૂરીઆત સ્વીકારાઇ જ નથી. એટલે માબાપોનું અજ્ઞાન ક્ષમ્ય ન હોય તો પણ સમજી શકાય એવી વસ્તુ છે, જ્યારે શિક્ષકમાં તો શિક્ષણના સિદ્ધાન્તો અને વ્યવહારની માહિતી અને આવ-ડત કલ્પેલી છે. માટે હવે શિક્ષકોએ તો આ પાશવી બદીમાંથી તુરત જ મુક્ત થવું ઘટે.

માબાપ મારે છે તેનાં કારણોમાં અનેક જાતની વિવિધતા જોવા મળે છે. અહીં નથી નોંધાયાં એવાં એક હજાર ને એક કારણો માબાપોના મારની પાછળ જડી આવશે.

એમાંથી શિક્ષકોએ આપેલાં કારણો પણ માબાપોનાં—ખાસ કરીને સમજુ ગણાતાં માબાપોનાં હોય છે. એનો જવાબ ઉપર આવી ગયો છે. તે ઉપરાંતનાં કારણો તપાસીએ તો છોકરાંઓને રાખવાની કળાની અણઆવડતનો મોટો પ્રકાર દેખાશે. કોઈ ઉપાય ન સૂઝે એટલે મારનો ઉપાય કરી બેસે છે. પણ પહેલાં તો કોઈ ઉપાય છે કે કેમ એટલું વિચારવાનોયે અવકાશ સેંકડે ૯૯ માબાપો લેતાં નથી. નાનપણમાં માર ખાધેલો હોવાથી પોતે માબાપ થાય કે જે કાંઈ બને તેને માટે તે મારી બેસે છે. છોકરું ઘૂમ પાડે તોયે માર, દોડાદોડ કરે તોયે માર, તોડફોડ કરે તોયે માર, ન્હાવા ન આવે તોયે માર, જૂઠું બોલે તોયે માર, સાચું બોલે તોયે માર, એકંદરે જે જે કાંઈ માબાપોને તે તે વખતે અઠીક લાગે તે બધાને માટે માર. તેમાં ખાસ ધોરણ તો એટલું જ કે કેટલાએક ગુન્હાઓ સમાજે સ્વીકારેલા હોવાથી તેને ગુન્હા ગણીને મારવું જોઈએ એવી માબાપોની માન્યતા; ને બીજું ધોરણ એ કે માબાપોની શાંતિની હદ આવે કે માર. આ ધોરણ પ્રમાણે કેટલીએક વાર ઘૂમ પાડવી કે ફરીફરીથી બોવાનું માગવું એ માર યોગ્ય ગુન્હો બની જાય, તો કેટલીએક વાર તે ક્ષમ્ય ગુન્હો બને, તો કેટલીએક વાર તેને ગુન્હો જ ગણવામાં ન આવે! એનું ધોરણ એટલું જ કે માબાપ અકળાય ત્યારે તે ગુન્હો ને ન અકળાય ત્યાં સુધી કરવા યોગ્ય. બરી વાત તો એ છે કે માબાપોએ બાળઉછેરનો અભ્યાસ કરવો જોઈએ. બાળમાનસશાસ્ત્ર શીખવું જોઈએ. એટલે બાળકમાં કઈ વસ્તુ વિકાસક છે, કઈ વસ્તુ વિકાસવિરોધક છે વગેરે જાણી લેવું જોઈએ. શાસ્ત્રીય અભ્યાસ બધાંને શક્ય ન હોય તો પણ, વ્યવહારૂ વાતો તો જાણવી જ જોઈએ. એટલે બાળકોના ઘણા ગુન્હાઓ આપણને ગુન્હાઓ જ લાગશે નહિ. બીજું બાળક ઘરમાં આપણી દયા ઉપર નભનારૂં પ્રાણી ન થવું જોઈએ. આપણને ફુરસદ હોય તો બાળક લાડ કરવા યોગ્ય ને આપણે કામ હોય ત્યારે થપાટ બોવા યોગ્ય, આપણું મન પ્રસન્ન હોય ત્યારે બચી ભરવા યોગ્ય ને આપણે ગુસ્સામાં કે કંટાળી ગયેલાં હોઈએ ત્યારે ધબ્બો બોવા યોગ્ય એમ ન બનવું જોઈએ.

બાળઉછેરને સ્વતંત્ર સ્થાન હોવું જોઈએ. ને બાળકો આપણા સંધ્યાવંદન કે રોંટીયા કાંતવાની કે રાંધણું કરવાની આડે ન આવે તેને માટે ઉપાયો કરી આપણું ને તેમનું જીવન એક ઘરમાં સરળ ચાલે એવા રસ્તાઓ કરવા જોઈએ. આપણા ઘરમાં આપણે માત્ર રાજા ને બાળકો કાંઈ ધર્માદા ઉપર કે આપણી દયા ઉપર જીવનારાં આગંતુક પ્રાણીઓ નથી. ઘરમાં સગવડ સાથે જીવવાનો તેમનો આપણી જેટલો જ હક્ક છે. કિં બહુના, તેમને જીવવાનો રસ્તો કરી દેવાની આપણી ફરજ છે. એ જ આપણું સાચું સંધ્યાવંદન! બાળકો સાથે શાંતિ રાખવી, એ સંસારીઓની યોગસાધના ને ધર્મસાધના. કંટાળી જઈએ, બિનજરૂરી બોઈ બેસીએ, ગુસ્સો કરી બેસીએ, કાબુ બોઈ બેસીએ એ જ આપણી

નબળાઇઓ ને એને જીતવી એ જ આપણી મોટી સાધના.

ઘણી વાર માબાપ બાળકને રડતું છાનું રાખવા ખાતર મારે છે. પણ બાળક અત્યંત બ્હી ન ગયું હોય તો મારથી વધારે રડે છે, એવો સર્વ સામાન્ય અનુભવ છે. માબાપોને પણ મારીને પછી બીજી રીતે બાળકને છાનું રાખવું પડે છે; છતાં રડે છે માટે જ માબાપો મારે એવું હમેશ બને છે. મારની સખ્ત બીક લગાડીને બાળકને છાનું રાખે છે તે માબાપો તો બાળકનું ભયંકર નુકશાન કરે છે. બાળકને પુરુષત્વહીન બનાવે છે. માત્ર તાત્કાલિક ઉપાય કરી કામ કઢાવી લેવું એ માબાપોનો ધર્મ ન હોય. માબાપોને તો બાળકનું ઇહલોક ને પરલોકનું ભલું થાય તે જોવાનું છે. બીજા કોઇ પણ મારે તો પણ માબાપો મારે અથવા બીજાને આપણા બાળકને મારવા દે એ ન જ ચાલે. માબાપો સમજે તો શિક્ષક કે સિપાઇ કે રાજ્ય પણ કોઇને કેમ જ મારી શકે ?

ઇશ્વર કરે ને આપણે આપણાં બાળકોનું હિત ઝટ સમજી જઇએ ! તા.

ચડેલો : સચિત્ર નાટક લેખક: શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી ડિસેમ્બરમાં પ્રગટ થશે.

અક્ષરજ્ઞાન અને શિક્ષકો

શિક્ષકો જો આ યોજનાને પોતાની કરે તો ઉત્તમ કામ થાય. આ કામ મૂળે તો શિક્ષકોનું જ છે. શિક્ષકોની સામે આ એક સોનેરી તક છે કે પોતાનું જ કામ પોતે ઉપાડી લે, અને સેવા કરવાના આ પ્રસંગને દીપાવે. આ કામ શિક્ષકોથી જેટલું થશે-જેટલું સુંદર થશે તેટલું બીજાઓથી કદાચ નહિ થાય. મારી આ માન્યતા સાચી ઠરતી જાય છે. આજે જોઇએ તો આ યોજનામાં જોડાનારની સૌથી વધારે સંખ્યા શિક્ષકોની છે. શિક્ષકોને વહેલી હોંશ ચડી છે. શિક્ષકોને માટે તે સરલ પડે છે એટલા માટે કે શિક્ષકો આવા ભણાવવાના કામના ભોમિયાં છે. શિક્ષકોને હાજરીપત્રકો ભરવાં વગેરેની પણ ટેવ છે. માટે જ શિક્ષકો આ યોજનામાં ફાવશે. શિક્ષકો આ યોજના દ્વારા પોતાની સેવાવૃત્તિ અને શિક્ષણબુદ્ધિ બતાવી શકશે.

પણ હજી ઘણા શિક્ષકો જોડાયા વિનાના છે. તેઓને હવે વિનતિ કરવાની હોય કે ભાઇઓ અને બેનો, તમે જોડાઓ ? આ તો તમારું જ પવિત્ર કર્તવ્ય છે અને તે તમે જ પાર પાડો. તમે તમારા ક્ષેત્ર ઉપર તમારી શક્તિ–તમારું તેજ જો નહિ બતાવો તો કોણ બતાવશે ? હજી જેઓ ન જોડાયાં હોય તેઓ તુરત જોડાય. આ યોજના માટેનું સાહિત્ય મગાવવાથી મફત મળશે. ત્રિવાહકો

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી, ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૭

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

અપંગતાનું શિક્ષણ

માબાપ અને શિક્ષક કહેઃ 'તું ના કરતો, હું કરું છું.' 'તું ના બોલતો, હું બોલું છું.' 'તું ના ચાલતો, હું ચાલું છું.' 'તું ના લખતો, હું લખું છું.' આજ દિવસ સુધી આ જાતનું શિક્ષણ ઘરમાં ને શાળામાં બાળકોને મળ્યું. પરિણામ એ આવ્યું કે આજનું બાળક અપંગ છે; અપંગ બાળક પરાધીન છે; પરાધીન પરતંત્ર છે. અને પરતંત્ર એટલે ગુલામ.

હવે . . શું . . કરવું ?

હું, તારાબેન અને મોંઘીબેન સત્યાગ્રહની લડતમાં જોડાઈ છીએ અને બાલમંદિર હાલ તુરત બંધ કરીએ છીએ એવા ખબરો બાલમંદિરમાં ભણતાં બાળકોનાં માબાપોને પડતાં તેઓમાંનાં કોઈ કોઈ અમને પૂછે છે: "ત્યારે હવે અમારે શું કરવું ? આ અમારાં બાળકોને કયાં ભણાવવાં ? નિશાળે મૂકવાં કે નહિ ? ઘેર રાખીને ભણાવવા માગીએ તો કેવી રીતે ભણાવવાં ?"

આ પ્રશ્નો સાંભળી એક રીતે અમારું મન દૂભાય છે. બાળકોને અમે મૂકીને ચાલ્યાં છીએ; તેમની કેળવણીની જાણે કે અમે દરકાર પણ નથી કરતાં. પણ તે બાબતમાં અંતઃકરણ કહે છે કે આજે તો બાલમંદિર બંધ રાખવું એ જ આજનાં અને ભવિષ્યનાં બાળકોનું સાચું સ્વતંત્ર શિક્ષણ છે. આજનો બાલમંદિરવાળાંઓનો પણ આ જ ધર્મ છે. આમાં મનનું સમાધાન થયું. પણ હવે બાળકો અને માબાપોની મુશ્કેલી ઉકેલવાનું રહ્યું.

જે માબાપો પોતાનાં બાળકોને શાળાએ ન મોકલતાં તેમના શિક્ષણનીગોઠવણ ઘરમાં જ કરવા માગતાં હોય તેમને માટે નીચેની સૂચનાઓ કરીએ છીએ. આશા છે કે આ સૂચનાઓ અમલમાં મૂકવાથી તેમની મુશ્કેલી ટળશે.

જે બાળકને શાળાએ મૂકવાનું બંધ રાખવું હોય તો બાળકને ઘરમાં પ્રવૃત્તિ આપવી જોઈએ. તેની પ્રવૃત્તિને દોરનાર પણ જોઈએ.

માતાઓ અને પિતાઓ ! જે નવીન શિક્ષણ ઉપર તમારી પ્રીતિ વળી હોય તો તમે પોતે જ એક એક મોન્ટીસોરી શિક્ષક તરીકે ઊભાં રહો. પ્રત્યેક માતા મોન્ટીસોરી માતા થવાને અધિકારી છે. પ્રત્યેક પિતાએ માતાને સહાય કરવા આગળ આવી પિતૃધર્મ બજાવવાનો છે. ખાત્રી છે કે માતા અને પિતા બન્ને સહકાર કરે તો તેઓ પોતાનું દરેકનું ઘર મોન્ટીસોરી શાળા બનાવી શકે. સાચાં માબાપો પોતાનાં વહાલાં બાળકો માટે પોતાનું ઘર મોન્ટીસોરી મંદિર બનાવી દેશે.

માતા પિતા મોન્ટીસોરી પદ્ધતિનાં થોડાંએક પુસ્તકો વાંચી લે. સાધનો વિના શિક્ષણ કેમ અપાય તેનું રહસ્ય તેમાંથી જ મળશે. વાતાવરણ એ જ શિક્ષણ છે તેની સમજણ તેમને સ્ફૂરશે. પોતાનાં વહાલાં બચ્ચાંઓને સમજણ પૂર્વક શિક્ષણ આપનાર માતા અને પિતાથી વધારે મોટો શિક્ષક કોઈ નહિ બની શકે. માતા શિક્ષણની અમુક બાબત સંભાળે, પિતા અમુક સંભાળે. માતા અને પિતા બાલશિક્ષણના કાર્યને એક યજ્ઞકાર્ય–ઉત્સવકાર્ય સમજી લે. તે માટે પોતે જે વખત આનંદ મજામાં કે વિલાસમાં કાઢતાં હોય તે બચાવી લે. તે માટે પોતે જરા વધારે કષ્ટ સહન કરે. તે માટે થોડાંએક નાનાં નાનાં સુખોનો ત્યાગ કરે. પિતા ઘરમાં વધારે વસે ને બાળકોને ભણાવવા અને સાચવવામાં મદદ કરે. માતા સામાજીક રૂઢિ વગેરેને અનુસરવામાં વખત ન ખુએ; રસોડામાં નકામી વધારે વાનીઓ બનાવવા પાછળ વખત ન ગુમાવે. દેવસેવામાંથી પણ વખત કાઢી લઈ જીવતા દેવો માટે રાખે.

ઘરમાં ફરતાં હરતાં બાળકો માટે શારી-

રિક, માનસિક અને આત્મિક ત્રણે પ્રકારની ઉન્નતિ માટે નીચે પ્રમાણેનું વાતાવરણ અને શિક્ષણ રચી શકે.

શારીરિક

બાળકોને માટે રમવાની છૂટ આપો. ઓશરી કે ઓરડાના અમુક ભાગો ખાલી કરી બાળકોને સોંપો. ત્યાં તેમને છૂટથી કૂદવા રમવા દેવાં. બની શકે તો રેતીમાં કૂદવાની ને ઠેકડા મારવાની ગોઠવણ કરી આપો. દોડાદોડ કરવા દો. દાદરા પર ચડવા ઉતરવા દો. ટેબલ પરથી કૂદવા દો. ટૂંકમાં તેમને બેસારી ન રાખતાં. વારંવાર તેમને ફરવા લઇ જાઓ, નહાવા લઇ જાઓ. હરવા ફરવાની તમામ તક આપો. માત્ર શેરીમાં રખડવા ન દેતાં.

માનસિક

શિક્ષણની બાબતમાં તેમને ત્રણ વાત શીખવોઃ વાચન, ગણિત અને સામાન્ય જ્ઞાન.

વાચનઃ—'કેમ શીખવવું' એ ચોપડીમાં જે પદ્ધતિ આપી છે તે પદ્ધતિથી હરેક માબાપ બાળકને શીખવી શકશે. પાટી ને પેન અગર ચૉક ને પાટિયું વાપરવું.

બાળક વાંચતું થયું એટલે તેને જાત જાતની ચોપડીઓ આપવી.

ગણિતઃ—બાળકને શીખવવું પણ તેને સમજાવીને શીખવવું. વગર સમજ્યે ગોખાવવું નહિ. ધીમે ધીમે પણ તે વ્યવહારૂ રીતે સમજે તેમ કરવું.

સામાન્ય જ્ઞાનઃ—બાળકોનું ખરૂં જ્ઞાન સામાન્ય જ્ઞાન છે. તે માટે માબાપોએ તેમની સાથે જુદા જુદા વિષયો ઉપર વાતચીત કરવી. આજના ચાલુ બનાવોથી માંડી જૂના ૩૦૦૦ વર્ષ પહેલાંની યુદ્ધની વાતો પણ કહેવી. વિજ્ઞાનના વિષયોની વાતોમાં બાળકોને બહુ રસ આવે છે. તેમને નવું નવું ખૂબ બતાવ્યા કરવું. આપણને જે જ્ઞાન છે તેમાંનું ઘણું સારી રીતે તેમને આપણે આપી શકીએ છીએ. આ આખી દુનિયા કેમ ચાલે છે તેની અનેક વાતો આપણે તેમને કહી શકીએ. બાળકોને સંગ્રહસ્થાનો, બાગ, ચીડીયાખાનાં, બજાર, યંત્રો, કારખાનાં, નિશાળો વગેરે બતાવ્યા કરવું. ઉપરાંત કલાની ચીજો જૂની નવી બતાવવી. તેમને ઇતિહાસ, પુરાણ, રામાયણ અને મહાભારતની વાતો કહેવી. બાળકોની ખાતર માબાપો કથાઓ વાંચીને પણ કહે. ઉત્સાહી માબાપો તેમ અવશ્ય કરશે જ.

ટૂંકમાં માતા અને પિતાએ બાળકોનાં મિત્ર બનવું. તેમની અનેક મુશ્કેલીઓ સમજવા પ્રયત્ન કરવો. તેમની ગૂંચ જાતે ઉકેલવા વિચાર કરવો. વિચાર કરવાથી અને નિકાલ લાવવાથી આપણે પોતે શિક્ષણશાસ્ત્રી બની જઇએ છીએ. બાળકો પ્રત્યે પ્રેમ રાખવો. તેમને તોફાની ગણવાં નહિ. તેમને પ્રવૃત્તિ આપીએ તો તેઓ શાંત થઇ કામ કર્યા જ કરે છે.

"ઘરમાં બાળકે શું કરવું?"* એ ચોપડીમાં બાળકોને લગતી પ્રવૃત્તિઓની યાદી છે. ઉપરાંત આપણને ઠીક લાગે તે પ્રવૃત્તિ બાળકને આપવી. જો બાળક એકાગ્ર થઇ તે કર્યા કરે તો તે સાચી પ્રવૃત્તિ છે એમ સમજવું. જો તેની દરકાર ન કરે તો પરાણે ઉપયોગ કરાવવો નહિ, પણ તે પ્રવૃત્તિ લઇ લેવી.

---

* પોસ્ટેજ સાથે બે આના : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર.

માતપિતાઓ સમજી લે કે બાળકો અમુલ્ય વસ્તુ છે. તેમને કદિ ગાંડાં ને તોફાની ન ધારવાં. તેમાં આપણું અપમાન છે ને તેમનું પણ છે. તેમને આપણે સમજવાં ને સમજાવવાં. તેઓ આપણા પરમ આનંદનું સાધન થશે. તેઓ આપણાં પ્રાણપ્રેરક થશે. આપણે પોતે બાળકોમાં રસ લઈશું ત્યારે આપણને આશ્ચર્ય થશે કે અહો, બાળકો તો આવી અદ્‌ભુત શક્તિ છે! તેમનો સહવાસ આટલો મધુર છે! અરે, અત્યાર સુધી આપણે તેને શેરીમાં અને શાળામાં હાંકી કાઢયાં તેમાં આપણી ગંભીર ભૂલ થઇ છે!

માતા અને પિતાએ આ નવા ધર્મને યથાર્થ બજાવવા કેટલું એક સાહિત્ય વાંચી જવું. બાળકો માટે પણ કંઇ કંઇ ગ્રાસ વસાવવું.

આબાપોએ શું વાંચવું?

૧. ઘરમાં મોન્ટીસોરી.

આ પુસ્તકને આધારે માતપિતા બાળકોને માટે અનેક નવી નવી બાબતો દાખલ કરી શકશે. ઘરમાં બાલજીવનને વિકસવા માટે વાતાવરણ અને પ્રાણ લાવી શકશે.

૨. મોન્ટીસોરી પદ્ધતિ.

જે માબાપો મોન્ટીસોરી સાધનો ઘરમાં વસાવીને જ તે કામ કરવા માગતાં હોય તેમણે બીજી વાંચવી. બાળકને સમજવા માટે આ પુસ્તકનું પ્રકરણ 'શિક્ષક કેવો હોવો જોઇએ' એ બાસ વાંચવું.

૩. વસંત બાલશિક્ષણ પ્રચારમાળા

ગુચ્છ ૧-૨

દરેક માતપિતાએ સામાન્ય દૃષ્ટિ માટે આ બન્ને ગુચ્છો વાંચી જવા.

૪. વાર્તા કહેનારને, બાલવાર્તાની શ્રેણીઓ, બાલવાર્તાઓનો વિનોદ.

વાર્તાઓ જાણવા માટે બાલવાર્તા ભાગ ૧ થી ૫ વાંચવા. ઉપરાંત વાર્તાની સારી સારી ચોપડીઓ વાંચવી. રામાયણ અને મહાભારત તથા ભાગવતની વાતો બાળકોને વારંવાર કહેવી. તે ઉપરાંત સંતો, દેશનાયકો, કારીગરો વગેરેનાં ચરિત્રો કહી સંભળાવવાં.

૫. બાલસાહિત્યમાળા-૮૦ ચોપડીઓ; તેમ જ બીજી બાલસાહિત્યની ચોપડીઓ.

બાળકો પાસે સારું વાચન કરવું. તેમને આ ચોપડીઓ વાચન માટે કામની થશે.

૬. કેમ શીખવવું?

૭. વધારે નવરાશ અને શોખ લાગે તો 'શિક્ષક અને શિક્ષણ' માથી બાલવિભાગ.

૮. શિક્ષણ પત્રિકા.

માતાઓ અને પિતાઓ! આજે તમે આ કામ ઉપાડી લેજો. તો જ તમે નવીન શિક્ષણની અને બાલમંદિરની સાચી કદર કરી ગણાશે. પણ તેથી વધારે તો તમે તમારા બાળકનું શિક્ષણ હાથમાં લઇ તમારું માતા અને પિતાપણું સાચું કરી બતાવશો. આવો પ્રસંગ ભાગ્યે જ આવે છે કે અમારું કામ તમારે સંભાળી લેવું પડે. થોડો વખત અમારું કામ સુંદર ચલવી તમારાં બાળકો અને કામનો અહેવાલ અમને પાછો સોંપજો. આખરે તો એ કામ અમારું છે અને અમે તે કરવા પાછાં આવશું જ. ત્યારે તમને રાહત આપીશું; ત્યારે તમને અમારા કામમાં વધારે મદદ કરતાં થએલાં જોઇ આનંદ પામશું.

બાળકોને સાચવજો. તેમને મારશો તો

નહિ જ. તેમને ફ્રેાસલાવશેા પણ નહિ. તેમને બીવડાવશેા તેા નહિ જ. તેમને નિર્ભયતાનું શિક્ષણ આપજો. એક નિર્ભયતા આપણને જે જોઇએ તે અચૂક આપશે. ભયને લીધે આજે આપણી આટલી અવદશા થઇ છે.

છેવટે રજા લેતાં આજ દિવસ સુધી આપે બાલમંદિર પ્રત્યે પ્રીતિ રાખી, આપનાં બાળકોને અમારી સૂચનાનુસાર મંદિરમાં વ્યવસ્થિત મોકલી વારંવાર અમારી ચિઠ્ઠીઓનો અમલ કરી અમારા કામમાં તમે જે મદદ કરી છે તે માટે અમે તમારો કેટલો ઉપકાર માનીએ? છેવટે પણ ભલામણ કરવાની કે તમે તમારાં બાળકોનું શિક્ષણ જાતે ચલવજો, અનુભવ મેળવજો અને બાળકોને જાતે જ હોશિયાર બનાવવાની તક લઇ માતપિતા તરીકે સફળ થજો. વધારે શું લખીએ?

અમે છીએ તમારાં

નવસારી	}	ગિજુભાઇ
		તારાબેન
૧૫:૧૧:૩૦		મોંઘીબેન

મોન્ટીસોરી પદ્ધતિના વિદ્યાર્થીઓને

પ્યારા મિત્રો,

અમે તમારી વચ્ચે રહ્યાં અને અમે તમારા નિકટ સંબંધમાં આવ્યાં છીએ. અમારી પાસે જે મામુલી ધન હતું તે અમે આપવાનો બનતો પ્રયત્ન કર્યો. કામ કરી બતાવીને, વ્યાખ્યાનો આપીને, અમે જે વસ્તુમાં માનીએ છીએ, જે વસ્તુથી કેળવણીનો ઉદ્ધાર થશે એવી અમારી શ્રદ્ધા છે, તે અમે તમારી પાસે મૂકયું. તમે રાતદહાડો મહેનત કરીને વિદ્યાર્થીને શોભે તેમ વિદ્યા લેવા પ્રયત્ન કર્યો. ઉરના ઉત્સાહથી તમે ભણવા આવ્યાં હતાં. શ્રદ્ધાથી તમે ભણ્યાં. આજે અધ્યયન અધ્યાપનના કામની પૂર્ણાહુતિ છે. આજે શું કરવાનું હોય? શું કહેવાનું હોય? આજે શું સમજાવવાનું હોય? આજે તો તમને આશીર્વાદ આપવાનો છે કે તમે જે ભણતર લીધું તે તમને સફળ થાઓ.

તમારી શક્તિ પ્રમાણે તમે સમજ્યાં હશો તેની અમને ચિંતા નથી. અમે તમારી પાસે જે માંગીએ છીએ તે શ્રદ્ધા માગીએ છીએ, શ્રમ માગીએ છીએ, એકનિષ્ઠા માગીએ છીએ. તમને જે વસ્તુ અમે શીખવી તેની તમે ઉપાસના કરજો. ઉપાસના એટલે તમારા ધ્યેય સાથે એકતાનતા. સમગ્ર જગતને ભૂલી એનું જ એકનું ચિંતન. ઉપાસના વડે પત્થરમાંથી પણ દેવ પ્રગટશે. ઉપાસના તમારી પાસે વફાદારી માગશે. ઐહિક સુખભોગને ભૂલી જવાનું કહેશે. શરીર અને મનને કસોટીએ ચડાવશે. પણ જો તમે સ્થિર હશો, વિચારી હશો તો તમે વિજયી નીવડશો. દુનિયામાં કોઇ વસ્તુ સ્વતઃ મહાન છે કે અલ્પ છે એવું કશું નથી. ઉપાસનાથી પ્રત્યેક વસ્તુએ મહત્તા મેળવી છે. ઉપાસનાની નિષ્ફળતાથી મહાન વસ્તુનો પણ પરાજય થયો છે, મહાન વસ્તુ પણ અલ્પ પ્રાણને પામી છે.

મોન્ટીસોરી પદ્ધતિનું મૂળ બાળસન્માનમાં છે. મનુષ્યવિકાસની જેને ચિંતા થઇ, મનુષ્ય-ઉદ્ધાર માટે જેનું હૃદય કકળી ઉઠ્યું, મનુષ્ય-જીવન જેવી મહામૂલ્ય વસ્તુને જેણે અનેક સ્વમતાગ્રહની પરંપરા અને કેળવણીની બેડીથી

જકડાએલી જોઇને એ શિક્ષણપદ્ધતિ સમગ્રની સામે એક જાતનું બંડ કર્યું તેના હૃદયમાંથી એ જન્મી છે, તેના અથાગ શ્રમમાંથી એનું શરીર ઘડાયું છે. એવી વ્યક્તિ ડૉ. મોન્ટીસોરીનું ચરિત્ર વારંવાર વાંચશો ને તેનું મનન કરશો. તેનું ચરિત્ર એટલે તેના વિચારો.

સાધનો, પદ્ધતિદર્શક પાઠો, ઓરડાની લંબાઇ પહોળાઈ અને એવું તો મૂળ સિદ્ધાંતમાંથી જન્મ્યું છે. સિદ્ધાંતજ્ઞાન વિના એ બધાનો કશો અર્થ નથી. એનો જડ ઉપયોગ થશે તો અત્યાર સુધીની કેળવણીની પદ્ધતિઓની જડતાથી તેની જડતા ઉતરશે નહિ. જો તમે સિદ્ધાંતો સમજ્યાં હશો તો જ તમને સાધનો કામનાં છે, તો જ તમે સાધનોને સાધ્યને બદલે સાધન સમજશો. સિદ્ધાંતો સમજ્યાં હશો તો જ સાધનોમાં જે ચેતન રહેલું છે તે તમે સમજશો; તેમાં સંકુચિતતા નહિ લાગે. પણ જો સાધનોને જ તમે પદ્ધતિને નામે ઓળખી હશે તો તમારા હાથમાં દટ્ટા ને ફ્રેમ રહી જશે; બાળકોને તે ભાર રૂપ થશે; અને જીવનવિકાસ આપવાને નામે, બાલસ્વાતંત્ર્યને નામે તમે જ બાળકનો વિકાસ રોકશો અને બાળકને ગળે સીલેન્ડરની બેડી બાંધશો.

સત્યો એનાં એ જ છે. જ્યાં જ્યાં એની ઉપાસના થાય છે ત્યાં ત્યાં એનું દર્શન થાય છે. સ્વતંત્રતામાં ખરો વિકાસ છે. સ્વતંત્રતા એટલે નિયમન. ખરો મનુષ્ય સ્વાધીન છે, પરાધીન નહિ; તે પરપ્રત્યયનેયબુદ્ધિ નહિ પણ સ્વબુદ્ધિ છે; પરાવલંબી નહિ પણ સ્વાવલંબી છે. આ સત્યો જગજૂનાં છે. અત્યાર સુધી ખરા કેળવણીકારની સમક્ષ કેળવણીનો આદર્શ હરહમેશ આ જ રહ્યો છે. પરંતુ અત્યાર સુધીમાં કોની કલ્પનામાં આવ્યું હતું કે ત્રણ વર્ષનાં બાળકોમાં પણ સ્વાધીનતા, સ્વતંત્રતા, સંયમન વગેરેનાં સહજ દર્શનો થશે? કોણે એ કલ્પના ને શ્રદ્ધાથી પ્રયોગ ઉપર ચડાવીને સિદ્ધ કરી આપ્યું કે છેક નાની ઉંમરનાં બાળકો સ્વતંત્રતાનો ખરો લાભ ઉઠાવી શકે છે, અને પોતાનો વિકાસ પોતે જ સાધી શકે છે? અને કોણે વિકાસનાં અનુકૂળ સાધનો શોધી કાઢી બાળકોનો વિકાસ પ્રત્યક્ષ કરી બતાવ્યો? ડૉ. મોન્ટીસોરીએ નવું કર્યું છે તેના કરતાં તેણે જૂનાં સત્યોને નવો માર્ગ, નવી દિશા, નવું રૂપ આપ્યું છે. પણ એ નવું રૂપ આપવાની નવીનતામાં જ એનું આખું કાર્ય એકાએક નવું અને મૌલિક બનેલું છે.

મોન્ટીસોરીની શોધ પાછળ જે તત્ત્વ રહેલું છે તે તત્ત્વ તમારે સમજવાનું છે. એ તત્ત્વ મોન્ટીસોરીનું નથી, ઇટાલીનું નથી, યુરોપનું નથી, પણ દુનિયાનું છે. જેનો વિકાસ સાધવો હોય તેનું અવલોકન કરવું; અવલોકનમાંથી શોધી કાઢવું કે તેના વિકાસમાં રોધક-રોચક શું છે અને તદનુસાર વિકાસપ્રેરક વાતાવરણ રચવું. વિકાસ ઇચ્છનાર દ્રષ્ટા છે, સહાયક

બાકી લવાજમ

ઘણા ભાઇઓનું ચાલુ સાલનું લવાજમ આવવું બાકી છે. પત્રિકાનું વર્ષ હવે પૂરું થવા આવ્યું છે માટે તેઓ વિના વિલંબે મોકલી આપે. હવે પછીના વર્ષનું લવાજમ પણ સાથે મોકલી આપવામાં ખર્ચનો ફાયદો થશે.

વ્યવસ્થાપક

છે. આ સત્યને તમે સંકુચિત ન કરતા. તમે એને ગમે તે નામે ઓળખજો. ચહાય તો મોન્ટીસોરી પદ્ધત કહેા, ચહાય તો વૈજ્ઞાનિક પદ્ધતિ કહેા; પણ નામથી એને બાંધશેા નહિ. એની વફાદારી એના યથાર્થ પાલનમાં છે. એ પાલન તમે નિર્મળ અને સ્વતંત્ર બુદ્ધિથી કરજો. દૃઢતાથી ને નિર્ભયપણે કરજો. વેદિયા ન થતા. ચાલેા મોન્ટીસોરી શું કહે છે અથવા ગિજુભાઇએ શું લખ્યું છે; ચાલેા તારાબેનની શી નોંધ છે; એમ કહી તમે તમારી ગૂંચ ઉકેલવાની આશા ન રાખતા. તમારી ગૂંચ તમારે જ ઉકેલવાની છે. મેં તમને માર્ગ માત્ર બતાવ્યેા છે; હવે અનુભવ તમારે કરવાનેા છે. બાળકે બાળકે અવનવા અનુભવેા કરીને તમારે જ તેના માનસની ખેાજ કરી વિકાસનેા માર્ગ ઉઘાડવાનેા છે. તમે તેના અનુભવને પૂરેપૂરું માન આપજો. એમાંથી જ સાચું શિક્ષણ જન્મ પામશે. જે પદ્ધતિના સિદ્ધાંતેા મનુષ્યજાતને ગુલામી માનસમાંથી મુક્ત કરવા ઇચ્છે છે તે જ પદ્ધતિના તમે કેવળ ગુલામ થઇ જશેા તેા ઉદ્દેશ નિરર્થક જશે. પદ્ધતિ સત્યશેાધન માગે છે; સત્યશેાધન યથાર્થ અનુભવમાં છે; યથાર્થ અનુભવ તેને થાય છે કે જે પેાતાની આંખે જુએ છે, જે પેાતાને જ કાને સાંભળે છે, જે પેાતે જ વિચાર કરી શકે છે, જે સત્ય જણાતાં ભૂલને કબુલ કરે છે અને સત્ય સમક્ષ અસત્યને છેાડવા તૈયાર છે.

પદ્ધતિ તમારી પાસે આ વસ્તુ માગે છે.

અહીંના આલેશાન મકાનમાં ચાલતી બર્ચાળ મોન્ટીસોરી પદ્ધતિને તમે જોઇ છે. એ ઉપરથી તમે એમ ન સમજતા કે આ બધા વિના મોન્ટીસોરી શાળા ન ચાલી શકે. મોન્ટીસોરી શાળાનેા જન્મ ઇટાલીના ગરીબ લેાકેાનાં ઝૂંપડાંમાં થયેા છે. આપણા ગરીબ લેાકેાને જ્યાં સુધી આપણે આ પદ્ધતિનેા લાભ આપીશું નહિ ત્યાં સુધી આ પદ્ધતિની બરી કૃતેહ નથી. જ્યાં શરીરની ગંદકી છે, બુદ્ધિનું અંધારું છે ત્યાં આ પદ્ધતિનેા પ્રકાશ લઇ જવેા પડશે. તમે ભંગીઓને કે દુબળાઓને આ પદ્ધતિનેા લાભ આપશેા ત્યારે એનેા બર્ચ લેખે લાગશે.

તમે શિક્ષક છેા; તમારું કાર્ય શિક્ષણનું છે. પૈસા માટે શક્તિને વૈશ્ય વેચે. પૈસાનેા મેાહ છેાડી દેશેા તેા જ તમે ગરીબ ને ગામડાંઓની સેવા કરી શકશેા. જો તમને બરેબર એમ જ લાગ્યું હેાય કે આજે હિન્દુસ્તાને નિર્મળ બુદ્ધિનું, બરી ક્રિયાશક્તિનું, તંદુરસ્ત કલ્પના-શક્તિનું દેવાળું કાઢયું છે તેા તેા જ્યાં વધારે અંધકાર હેાય, જેઓ વધારે અસહાય હેાય, જેઓ સાધનરહિત હેાય તેમની પાસે જ જજો ને તેમને આગળ લાવવા મહેનત કરજો.

આપણે નાના માણસેા છીએ. નાને મેાઢે અમે ઘણી મેાટી વાત કરી. હૈયે હિંમત ધરીને ઇશ્વર ઉપર આસ્થા રાખીને આપણે ચાલીશું તેા એ જ ઇશ્વર આપણને બધાં કામેા માટે મદદ કરશે. તમારું ને અમારું કામ પ્રયત્ન કરવાનું છે. અમે અમારેા પ્રયત્ન યથામતિ, યથાશક્તિ કર્યેા છે. હવે તમારું કર્તવ્ય ઉભું થાય છે. પ્રભુ તમને સહાય કરેા. ગિ. અને તા.

વડલેા : સચિત્ર નાટક. લેખક: શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી. ડિસેમ્બર આખર પ્રગટ થશે.

બાળકો પોતાની મેળે જ શીખે છે.

હજી સુધી પણ લોકો માને છે કે બાળક નિશાળ વિના તે કદિ ભણતું હશે? છેવટે નિશાળ વિના ચાલે પણ શિક્ષક મારફત ભણાવ્યા વિના તો બાળક શીખે જ નહિ.

નવા કેળવણીકારો તો કહી જ રહ્યા છે કે બાળક નિશાળમાં જાય છે તેટલો વખત સડે છે; બાળક પોતાની ખરી કેળવણી નિશાળની બહાર જ લે છે.

તેઓ એમ પણ કહે છે કે શિક્ષક શીખવી શકતો નથી અને શીખવી શકવાનો નથી. શિક્ષક તો બાળકોનો ભણવાનો વખત બગાડે છે અને બાળક શિક્ષાના કે બીજા દબાણથી નિશાળમાં બેસે છે પણ શિક્ષણ લેવાની વૃત્તિને બંધ રાખે છે. પોતાનું હૃદય ઉંધા વાળેલા પ્યાલા જેમ અવળું કરી મૂકે છે. આના ઉપર શિક્ષક જે કહે તે તેને સ્પર્શતું નથી, અને બધું ભણાવ્યું નકામું જાય છે.

આગળ પડતા સમર્થ કેળવણીકારો એમ પણ કહી ચૂકયા છે કે જે શિક્ષક થઇને બેઠો છે ને 'હું બાળકને શીખવનારો છું, હું બાળકને ઘડનારો છું' એમ કહે છે તે શિક્ષક નથી પણ ગુન્હેગાર છે, રાક્ષસ છે. સાચા મહાન્ કેળવણીકારોએ કહી દીધું છે કે બાળકો પોતાની જાતે જ શીખે છે ને શીખવાનાં છે. તેમનામાં શીખવાની વૃત્તિ સહજ છે, જબ્બર છે, અખૂટ છે, અસીમ છે. તે પૃથ્વીમાંથી વહતા એક કુદરતી ઝરણા સમાન છે.

'લોકો માનતા નથી ત્યારે તેમની સામે કુદરતી બનાવો પ્રત્યક્ષ થાય છે, ને એ બનાવો તેમની આંખ ઉઘાડવા સમર્થ બને છે.

એવા થોડા જ દાખલાઓ બસ થશે.

એક સાત વર્ષની છોકરી છે. ભણતરના સ્વાભાવિક વાતાવરણમાં તે ભમે છે. આજુબાજુ જેને શિક્ષક કહીએ તેવું કોઇ નથી. તેને કોઇએ એમ કીધું નથી કે આ તું શીખ અને આ ન શીખ. અને છતાં તે વાંચવા લાગી ગઇ છે. પોતાની મેળે લખવા શીખી ગઇ છે. નાના નાના કાગળો લખે છે. કક્કા, બારાખડી અને જોડાક્ષર શીખવાનું ભારે માથાકૂટિયું કામ તેને કરવું પડયું નથી અને કોઇને કરાવવું પડયું નથી. તે પોતાની મુશ્કેલી બીજાને પૂછે છે અને આગળ વધે છે.

કારણ?

કારણ એ કે બાળકો પોતાની મેળે શીખી શકે છે. તેમને શિક્ષકની જરૂર નથી પણ સહાયકની જરૂર છે.

એક વાર એક પિતાએ પૂછ્યું: "મારી દીકરી નિશાળે જતી નથી. તેને શાળાએ જવાનું કહેતાં દુઃખ થાય છે, રડી પડવા જેવી થાય છે. શું કરવું?"

મેં પૂછ્યું: "દીકરી ઘેર વાંચે લખે છે? કંઇક કરે છે?"

પિતાએ કહ્યું: "ઘેર વાંચે છે, લખે છે અને આનંદમાં રહે છે. દિવસ આખો કંઇ ને કંઇ કર્યા જ કરે છે."

મેં છોકરીને પૂછ્યું: "તને નિશાળે જવું ગમશે?"

તેણે ના કહી.

મેં સલાહ આપી: "એને નિશાળે ન

મોકલેા. એને નિશાળની જરૂર નથી. તે નિશાળ માગતી નથી; શિક્ષક માગતી નથી. તે પેાતાની જાતે ભણવા માગે છે. તે સ્વયં-શિક્ષણના નવા યુગની બાળા છે. તેને જૂના યુગનું શિક્ષણ નહિ રુચે!"

પિતાએ તેને શાળાએ મોકલવી બંધ કરી. છેાકરી પેાતાની મેળાએ જ્ઞાન લીધા વિના નથી રહેતી.

એક નાનકડી છેાકરીએ આવીને મને કહ્યું: "હમણાં મારી પાસે વાંચવાની એકેય ચેાપડી નથી. હતી તેમાંથી કેટલીક ગૂમ થઇ છે. મને તમે થેાડી-એક મેાકલી આપશેા?"

મેં પૂછ્યું: "પેલી-પેલી-ચેાપડીઓ વાંચી લીધી કે?"

તે કહે: "હેાવે, તે તેા બધી વાંચી લીધી! મારે નવી નવી વાંચવી છે."

આ છેાકરીને કયે શિક્ષકે આટલું બધું વાંચવાનેા રસ લગાડ્યેા? એ છેાકરી કઇ નિશાળે ગઇ હતી? એ કેાઇ ખાસ નિશાળનું શિક્ષણ લેતી ન હતી. તેનાથી લેવાય તેવું ન હતું. પણ...પણ એ તેા નવા યુગની છેાકરી; શિક્ષણના નૂતન સિદ્ધાન્તેાને સાચા પાડનારી છેાકરી; પેાતાની મેળાએ વાચનનેા શેાખ આગળ ધપાવતી છેાકરી; એમ ઠરાવનારી છેાકરી કે નિશાળ વિના ચાલી શકે છે, નિશાળની બહાર ભણતર શકય છે.

થેાડા વખત પહેલાં હું એક મારા મિત્રને ત્યાં ગએલેા. તેણે પેાતાની નાની છેાકરીને બતાવીને કહ્યું: "જુઓને, આ છેાકરી નિશાળે જવાની સાફ સાફ ના પાડે છે. અરે, એટલું જ નહિ પણ ઘેર શિક્ષક રાખ્યેા છે તેા તેની પાસે ભણવાની ના પાડે છે! તેની પાસે બેસતી જ નથી. પણ નવાઇ જેવી વાત તેા એ છે કે તે પેાતાની મેળે ભણે છે. પૂછી પૂછીને ભણે છે. વાંચતાં લખતાં શીખી છે એટલું જ નહિ પણ સરવાળા બાદબાકી પણ શીખી છે."

મને નવાઇ લાગી. બાળકેા પેાતાની મેળે શીખવાનાં જ છે એની ખાત્રી હેાવા છતાં નવાઇ લાગી.

મેં કહ્યું: "ગણિત પણ પેાતાની મેળે શીખે છે?" તેણે કહ્યું: "હા. એ પણ પેાતાની મેળે જ શીખે છે. જો કે તે ઘણા બધા સરવાળા અને બાદબાકી કરતી નથી. એક વાર આવડ્યા પછી નવું જ શીખવા લાગે છે."

પત્રિકા

ના અત્યારે ૪૫૦૦ ગ્રાહકેા થઇ જવા આવ્યા છે. આ વર્ષે ત્યાં જ અટકીશું. ગ્રાહકેા કરી આપનારાં તમામ ભાઈ બહેનેાનેા ઉપકાર. હવે તેઓ આ વર્ષે વધારે મહેનત ન ઉઠાવે.

મને ખાત્રીની ખાત્રી થઇ કે બાળકેા પેાતાની મેળે શીખે છે, શીખવાનાં છે. બાળકેાને શીખવવા નીકળેલા નાહકની જખ મારે છે ને ભૂલ ખાય છે!

બાળકેાની આ સ્વાભાવિક સ્વયંશિક્ષણની શક્તિને આપણે પિછાનીએ તેા શિક્ષણના કાર્યનું આવતી કાલે કેવું સ્વરૂપ બની જાય? તેા આજની નિશાળેા અને તેનું ભણતર કયે ઠેકાણે પહેાંચે?

ગિ.

એ પિતાને - - - શું ?

એ પણ એક પિતા છે. મને કહે છેઃ "મારાં બાળકો મને બહુ પ્રિય છે. મેં ધન મેળવ્યું અને મારાં બાળકોને લાભ ન આપું તો કોને આપું ? તમે મને એક સુંદર શિક્ષિકા આપો. એક સુંદર. બસ એવી આપો કે બાળકોને હું પૂરેપૂરા વિશ્વાસથી સોંપી શકું ! મારે એને વિષે કશી ચિંતા કરવાનું રહે જ નહિ ! બધું એની મેળે કરી નાખે હું તો માત્ર તમે કહો તેટલો પગાર આપું. તમે કહો તે ખર્ચ કરું."

હું વિચારમાં અને વિમાસણમાં પડ્યો. કેવો અદ્‌ભુત પિતા ? બાળકો માટે કેટલી ધગશ ? ખર્ચ કરવા બડે પગે ! પણ એ ભાઇ કહે છે કે 'મને કશી ચિંતા કરવાનું ન રહે તેવું કરો.'

મને ધીરે ધીરે વસ્તુસ્થિતિ સમજવા લાગી. આ પિતા પણ એક નમુનો. પૈસાનું બળ એટલે જ કેળવણી આપવાની શક્તિ એમ તે સમજે છે. બસ, પૈસાથી માણસો મેળવી શકીએ એમ તે સમજે છે, બસ, એકાદ માણસને બાળકો સોંપી દીધાં એટલે બહુ થયું !

આટલું જ હોત તો મને બહુ દુઃખ ન થાત. તેનો ઉંડો આશય કોઇ કહે કે એવો છે કે પોતે બાળકોથી અલગ રહેવા માગે છે. બાળકોને કોઇના હાથમાં મૂકવાં એટલે પોતે ચિંતા અને બંધન રહિત. બાળકોની ઉપાધિ અને ખટપટ કોણ કરે ? એ બધી નાહકની પીડા એમ તેઓ સમજનારા !

આવા પિતાને શું કહીએ ? બાળકોના પિતા થવું એ સહેલું છે. પૈસા કમાવા તે એક જુદી વાત છે, પણ બાળકો માટે સાચી રીતે અને સારી રીતે પૈસા ખર્ચવા એ નોખી જ વાત છે. ધનવાનો સમજી લેશે કે માત્ર પૈસા ખર્ચી કાઢવાથી બાળકોને કેળવણી નહિ મળે. જેમ ગમે તેવાં બાળકો ઘરમાં લાવીને તેને પોતાનાં બનાવી શકાશે નહિ તેમ ગમે તે માણસના હાથમાં બાળકોનું શિક્ષણ સોંપી બાળકોને કેળવણી આપી શકાશે નહિ.

બાળકોને કેળવણી આપવા માગતા હોય તેવા શ્રીમંતો થોડો પણ પોતે જાતે જ રસ લે. થોડી પણ પોતે જાતે જ સમજણ કેળવે. થોડી પણ પોતે જાતે જ કેળવણીની બાબતમાં માહિતી રાખે. અને પછી પોતાની જ દેખરેખ નીચે સારા શિક્ષકો રાખે, તેની શિક્ષણપદ્ધતિ વગેરે ઉપર થોડી પણ નજર રાખે. તો જ તેના પૈસાનો લાભ તેનાં બાળકોને મળશે. પૈસા, બાળકો અને શિક્ષકો ત્રણે માત્ર ભેગાં કરવાથી કશું નહિ વળે ! જો શ્રીમંત ચેતશે નહિ તો એકાએક તેને માલૂમ પડશે કે તેણે પોતાના પૈસાનો વધારેમાં વધારે દુરુપયોગ કર્યો હોય તો તે બાળકોને શિક્ષણ આપવામાં ! વધારેમાં વધારે કોઇનું નુકશાન કર્યું હોય તો તેનાં પોતાનાં બાળકોને !

ગિ.

ગરીબ બ્રાહ્મણનો લાંબો હાથ અક્ષરશાળાઓ એટલે હજારો ગરીબ બ્રાહ્મણને માટે ચલવવામાં આવતી શાળાઓ. એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં સૌ જે ગમે તે આપજો.
મદદ મોકલવાનુ સ્થળઃ **અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય :** શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

એ પિતાને - - - પ્રણામ છે !

મારા સ્વપ્નમાં પણ નહિ કે હું એવું દૃશ્ય જોઇશ. એકાએક જઈ ચડયો ને મેં ભાળ્યું. હું સાચે જ ચમકી ગયો. પ્રથમ તો મારી આંખો તે સહસા માની શકી નહિ પણ તે બનાવ હકીકતનો જ હતો અને મેં તુરત તે કબૂલ્યો.

એક માણસ એક સુંદર આરસથી આચ્છાદિત અદ્યતન સ્નાનગૃહની અંદર બે બાળકોને નવરાવતો હતો. એક નાની બાળાને તે ઘણી ધીરજથી ઘસતો હતો. તેને કંટાળો ન આવે તેમ પોચે હાથે અને પ્રસન્ન વદને તેને નવરાવતો હતો. પાસે જ એક બીજો છોકરો ઉભો હતો અને તે નહાવાને માટે તૈયાર હતો.

આમાં કયું અદ્‌ભુત દૃશ્ય હતું તે હું ચમકયો ? 'એક માણસ બે બાળકોને નવરાવતો હતો' એમાં શું હતું ?

ના, હતું. એ માણસ શેઠનો નોકર ન હતો; એ માણસ શેઠનો નાનો ભાઇ કે નજીકનો સંબંધી પણ ન હતો; એ માણસ શેઠનો મોટો મુનીમ પણ ન હતો; પણ એ માણસ ખુદ શેઠ પોતે હતા.

અને એ શેઠ હતા એટલું જ નહિ પણ તે લાખોપતિ હતા. જે સ્નાનાગારમાં ઉભા રહી બાળકોને તે નવડાવતા હતાં તે જબ્બર મોટો તેનો પોતાનો હતો. તેને ઘેર નોકરો હતા, ચાકરો હતા. ધાર્યું હોત તો શેઠ પોતે બાળકોને માત્ર નવરાવવા જ એક અંગ્રેજબાઇ પણ રાખી શકયા હોત. પણ છતાં શેઠ જાતે નવરાવતા હતા.

શેઠ એટલે એક શેઠ માત્ર ન હતા; પૈસો ભેગો કરી જાણનાર એક વેપારી આદમી માત્ર ન હતા. તે એક સંસ્કારી, શિક્ષિત અને કુશળ શેઠ હતા. કેટલીયે લોકોપયોગી પ્રવૃત્તિના પ્રાણ રૂપ હતા. તે મોટા માણસમાં, શહેરીમાં ખપનાર હતા. અને છતાં શેઠ જાતે નવરાવતા હતા.

વળી શેઠ માત્ર મોટા માણસ ન હતા; માત્ર બેઠાં બેઠાં હુકમ કરનાર શેઠ ન હતા. જાતે કેટલીયે જંજાળોના ચલવવાવાળા દિવસમાં અઢાર કલાક ગુંથાએલા હતા. અને છતાં તે શેઠ જાતે પોતાનાં બચ્ચાંને નવરાવતા હતા.

આ એક ચમત્કાર હતો અને તેનું કારણ પણ હતું. કારણ એ હતું કે તે સાચા પિતા હતા. તે શેઠ હતા, શ્રીમાન હતા, મહાન્ હતા, બધું હતું પણ તે ઉપરાંત એક સાચા પિતા હતા.

તેનું સમગ્ર જીવન જોયું; તેની સાથે ઘણી વાતો થઇ. મનને ખાત્રી થઇ કે એ સાચા પિતા છે માટે નવરાવે છે. પોતે સમજીને નવરાવે છે. અનેક પ્રવૃત્તિઓ છે છતાં નવરાવે છે. અનેક જણ પાસે નવરાવી શકે તેમ છે છતાં નવરાવે છે.

આવા પિતા વિષે શું કહેવું ? તેમને ધન્યવાદ આપવા ? તેમને પ્રણામ કરવા ?

ગિ.

પત્રવ્યવહાર વખતે પરબીડિયા ઉપરનો તમારો ગ્રાહક નંબર લખો.

બાળકોના અનુભવોમાંથી

અમારા નોકરે

બાળકને વાર્તા કહી. સામેથી બાળકે વાર્તા કહી. વાર્તા ગંદી હતી. બાળકને પૂછ્યું: "કોણે કહી હતી?" બાળક કહે: "અમારા નોકરે."

આ માસ્તર તે કેવા?

બાળકને બા બાલમંદિરમાં મૂકવા આવી. બાળકને ન ગમ્યું ને બા સાથે પાછું ચાલ્યું. બા કહે: "રહે, અહીં રહેવાનું." મેં કહ્યું: "જુઓ, ન ગમે તો ઘેર જજો. કાલે આવજે!" બા કહે: "આ માસ્તર તે કેવા? બાળકને રોકવાને બદલે કહે છે કે 'કાલે આવજે!"

મેં બાળકને જવા દીધું. ત્રીજે દિવસે બાળક મેળે આવ્યું ને મિત્ર બની ગયું.

છાનાં રાખવાની યુક્તિ

બાલમંદિરનાં બાળકો ઘરમાં કંઈ કારણસર રડે છે તો મા કે બાપ કહે છે: "જો, રડીશ તો બાલમંદિરમાં જવા નહિ દઉં."

બાળક રડતું રહી જાય છે. આગળ બાળકો રડતાં ત્યારે એમ કહેવાતું: "જો રડીશ તો નિશાળે મોકલી દઈશ."

વા. ઠા.

+ મોન્ટીસોરી અધ્યાપનમંદિર

ચાલુ વર્ષમાં નીચેના વિદ્યાર્થીઓ આ અધ્યાપનમંદિરમાં આવ્યા હતા. તેઓએ એક સત્ર અભ્યાસ કર્યો છે. રાષ્ટ્રીય લડતને અંગે મંદિર બંધ પડવાથી તેઓનો અભ્યાસ અધૂરો રહ્યો છે. મંદિર પુનઃ ઉઘડતાં તેમનો અભ્યાસ પૂરો કરાવવામાં આવશે. છતાં તેઓને મોન્ટીસોરી શિક્ષણની દૃષ્ટિ–અનુભવ ઠીક ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે. એકંદરે તેમના સહવાસમાં આવતાં બાળકોને લાભ થવા સંભવ છે. ક્રીડાંગણનું કે મોન્ટીસોરી શાળામાં મદદનીશ શિક્ષક તરીકેનું કામ તેઓ કરી શકશે તેટલાં તૈયાર થયાં છે.

શ્રી. આયમાયબેન નગરવાલા
શ્રી. સરસ્વતીબેન ત્રિપુરાશંકર
શ્રી. કાશીબેન મથુરભાઇ
શ્રી. કાન્તાબેન પારેખ
શ્રી. લીલુબેન ચંદુભાઇ દવે
શ્રી. જયાબેન પારેખ
શ્રી. ગિરિજાબેન ભોગીલાલ
શ્રી. રસિકલાલભાઇ શ્રી. ત્र्यંબકલાલભાઇ
શ્રી. ચંદુલાલ જવેરી શ્રી. મગનભાઇ સોની
શ્રી. મનજીભાઇ: ક્રીડાંગણ શિક્ષક.

અત્યારની પ્રાથમિક શાળાના બાળ ઘોરણમાં સંગીત

અત્યારે પ્રાથમિક શાળામાં સંગીતનો વિષય કોઇ ઠેકાણે દાખલ કરવામાં આવ્યો છે ને કોઇ ઠેકાણે નથી કરવામાં આવ્યો.

આજે દરેક બાળશાળામાં સંગીત અવશ્ય જોઇએ. નાનપણમાં કળાના સંસ્કારો પડવાથી કળા પ્રતિની અભિરુચિનાં મૂળ નખાય છે. આગળ ઉપર સંજોગો મળતાં વૃક્ષ ઉગી નીકળે.

બાળ વર્ગમાં સંગીત દાખલ કરવું હોય તો:–

૧. શિક્ષકને કંઇક ગાતાં, કંઇક વગાડતાં આવડવું જોઇએ. અર્થાત્ શિક્ષકને તાલ અને

સૂરનુ સાદું ભાન જોઇએ.

૨ શિક્ષક પોતે ન જાણતો હોય તો બહારનો ગાનાર લાવવો જોઇએ.

૩ બાળકો આગળ સંગીત મૂકવું એ જ સંગીતની બાબતમાં એની બરી પ્રાથમિક કેળવણી છે. માટે ગાનારે સારી રીતે ગાઇ સંભળાવવું; બાળકો શાંતિથી માત્ર સાંભળે.

૪ બાળકો પાસે સંગીત ઝીલાવવાના પ્રયત્નો પણ ન કરવા. બાળકો એની મેળે ગાતાં થઈ જશે, ઝીલવા લાગશે.

૫ ગાનારે કવિતાઓ કે ગાયનો સારાં, સંસ્કારી, બાલજીવનને રુચે તેવાં પસંદ કરવાં. બાળકોને લક્ષમાં રાખીને પસંદગી નહિ થાય તો કોઇ સાંભળશે નહિ.

૬ શિક્ષકે ચોખ્ખા ઉચ્ચારોથી અર્થાત્ સ્પષ્ટતાથી ગાવું. ગાનમાં શબ્દસ્પષ્ટતાની પ્રધાનતા જોઇએ. આલાપ અને તાન શરૂઆતમાં બાળકોને નથી ગમતાં.

૭ કાવ્યને શોભે તેવા અભિનય સાથે ગાવું. વધારે પડતો અભિનય બાળકોને માત્ર ગમ્મત આપે છે, અને તેમાં સંગીત તરફથી તેમનું ધ્યાન ખસી જાય છે.

૮ સંગીત સંભળાવવાનો હેતુ સંગીતના સંસ્કાર પાડવાનો છે; જેમાં કદિ ભૂલ ન થાવી. માત્ર કવિતાઓ મોઢે કરાવવી એમાં સંગીતનું શિક્ષણ નથી.

૯ સંગીત તાલ સાથે ગાવું: તાળી અથવા મંજીરાં વાપરીને.

૧૦ સંગીત થાય ત્યારે વાતાવરણ શાંત; સ્વસ્થ અને પ્રસન્ન રાખવું. ઘોંઘાટ વચ્ચે સંગીત ચલવવું જ નહિ.

૧૧ જે બાળકોને સંગીત ન ગમે તેમને પરાણે બેસાડવાં નહિ.

૧૨ જેઓ સંગીતમાં બેસે છતાં વાતો કે અડચણ કરે તેમને શાંત પાડવાં અગર શાંતિથી રજા આપવી. બધાં જ ઉપર સંગીતના સંસ્કારો પાડવાની મહેનત ન કરવી.

૧૩ ગવાતી ચીજ સાંભળનારને મોઢે થઇ જવાથી તેઓ ગાનાર સાથે જોડાઇ શકે છે. માટે ગવાતી ચીજ પાટિયા પર લખીને વર્ગ સામે ધરી રાખવી.

૧૪ સરગમ વગેરે શાસ્ત્રીય રીતિથી સંગીતસંસ્કાર ન પાડવા. બાળકોને ગાન ગમે છે; ગાનનું વ્યાકરણ નથી ગમતું.

૧૫ સંગીતનું વાતાવરણ જમાવવા ધૂપ દીપ પણ કરી શકાય. ગિ.

બાળકો અને ચમત્કારી વાતો

એક ભાઇએ જે અનુભવ અને તેમાંથી તેમને આવેલા વિચારો પત્રિકા માટે મોકલી આપ્યા છે તે આ નીચે પ્રગટ કરીએ છીએ. એ વિચારો સર્વાંશે વ્યવસ્થાથી અને ચોકસાઇથી નથી મૂકાયા છતાં વાચકો જોઇ શકશે કે ભયમૂલક વાર્તા બાળકોને નુકશાનકારક છે એવું કહેવું તેમનું સ્પષ્ટ છે.

આપણે પણ માનીએ છીએ કે બાળકો જ્યાં એવી વાતોથી બ્હીએ એમ હોય ત્યાં તેવી વાતો ન જ કહેવી. બીકરામણી વાર્તાઓથી બાકળમાં ભયનું ઇન્જેકશન આપી શકાય. ભયનું ઇન્જેકશન એટલે મોતનું ઇન્જેકશન.

કેમ કે હરેક પ્રકારનું સામાજીક, ધાર્મિક, રાજકીય નૈતિક મોત ભયને લીધે જ થાય છે. ભયંકર રસને રસ તરીકે જેઓ ઝીલી શકે અને પચાવી શકે તેને માટે જ તેવી વાર્તાઓ ભલે રહે. વાર્તાનો સ્વાદ નહિ મળે તો કંઇ ખોવાનું નથી; ભય ઉત્પન્ન કરનારી વાર્તાઓનો નાશ થાય તો પણ વાર્તાના સાહિત્યનો વંશ જવાનો નથી. આથી ભયભરેલી વાર્તાઓનો પક્ષ બહુ ખેંચવાની જરૂર નથી. આ સ્થળે ચમત્કારિક, જાદુની, પરીઓની વગેરે વાર્તામાં જ્યાં ભય આવતો હોય તે બાબતમાં જ આ ચર્ચા છે. સ્વતઃ પરીઓની, જાદુની કે ચમત્કારની વાર્તા કેટલે અંશે સ્વીકાર્ય અગર ત્યાજ્ય છે તે જોવાનું બાકી જ રહે છે. **તંત્રીઓ.**

પત્ર

સાધારણ રીતે માનવામાં આવે છે કે બાળકોને ચમત્કારી વાતો બહુ ગમે છે. દાખલા તરીકે પરીઓની વાતો, જાદુની વાતો, ભેદી સ્થાનની વાતો વગેરે વગેરે. એથી સમજાય છે કે બાળકોને ચમત્કાર પ્રિય છે. તેઓ શાંતિથી કાંઇ પણ ધોંધાટ વગર આતુરતાથી સાંભળે છે અને કોઇ અંદર વિઘ્ન નાખે તો તેઓ ચીડાય છે. આથી બાળકોને વાતો જ અને તે પણ ચમત્કારી જ કરવી ઘટે. આવા વિચારથી આજે જે બાલસાહિત્ય પ્રગટ થાય છે તે ચમત્કારપ્રધાન હોય છે. આવે વખતે હું મારો બચપણનો અનુભવ વર્ણવીશ તો તે અસ્થાને જ ગણાય.

બાળકો વાર્તાપ્રિય હોય છે તેમ હું પણ હતો. ઘણી વાતો મેં વાંચી. પરંતુ તે વાંચતાં અમુક પાત્ર જે કરુણ ચિતાર રજુ કરતું હોય છે તેનું શું થયું હશે વગેરે ચિંતાઓ કલાકો સુધી થયાં કરતી; આખો દિવસ એ જ વિચાર આવ્યા કરતા. પછી તો મેં વાર્તા વાંચવાનું ન છૂટકે મૂકી દીધું કારણ કે તેમાં આવતાં ભયંકર પાત્રોની મને એટલી તો બીક લાગતી કે રખેને મને તે જ વિચાર આવ્યા કરે એવા ભયથી વાંચવું મૂકી દીધું. બાલમાનસ બહુ નાજુક હોય છે; તે જે કાંઇ જુએ કે સાંભળે તેની આબેહુબ છાપ લઇ લે છે. વીરની વાતોમાંનો બાજરો ભૂત ને બીજાં એવાં પાત્રો બાળકોને વહેમી અને તેથી જ બીકણ જરૂર બનાવે.

અમુક જગ્યાએ મોટો અવાજ થયો ને દેવદૂત કે ભયંકર ચંડિકા આવી બાળકને બીવરાવે એવું વર્તન કર્યું એવું ચિત્રણ હોય ત્યાં પણ બાળક જરૂર બ્હીએ. અને જો એ જોયું હોય તો એવી એકાદ વાત તેને કરવાથી કે વાંચવા આપવાથી તે કાંઇ અવાજ થતાં વાર્તામાંની ચંડિકા કે ભૂત એવું કંઇ હશે એમ ધારી લે છે.

મારો કહેવાનો આશય એ નથી જ કે બાળકોને ચમત્કારી વાર્તા કહેવી નહિ. પરંતુ તે કહેવામાં પણ ઘણા વિવેકની જરૂર છે. આવી ભયંકર વાતો—બાળકને સડક જ કરી નાખે તેવી વાતો તો દોઢ ગાઉ દૂર જ રાખીએ. કોઇ કહેશે કે આવી વાત બની નથી એમ કહેવું અને વધારે એ પણ સમજાવવું કે એવું બને—કદાચ-તો કેવું ? આમ કરવાથી બાળક બ્હીતું અટકશે. તે માત્ર તેને ગપ્પમત તરીકે સ્વીકારશે. પણ આ કથન કરતાં વાર્તાની વધુ ગાઢ છાપ હોય છે. એટલે એ હેતુ અણસમજુ બાળકોમાં ફળે એમ મને તો નથી લાગતું.

પ્રથમ દુષ્ટોનો જય થતો લાગે અને છેવટે ધર્મીનો જય થાય એવી વાતો કરવામાં કશું ખોટું નથી. પરંતુ તેમાં બાળકો બ્હીએ એવી ભયંકરતા ન જ હોવી જોઇએ. અને તે કલ્પિત છે એવું કહેવાની જરૂર પણ નથી. અસ્વાભાવિક વાતો હોય ત્યાં તે સ્પષ્ટ કરવું જ જોઇએ. પણ જાદુની ને એવી એવી વાતો અને તેને અંગેનાં ભયંકર ચિત્રો–શબ્દચિત્રો તો ફેંકી જ દઇએ.

એક શિક્ષક.

શિક્ષકો અને તેમની ગરીબી : એક ઉપાય.

આજે લડત ચાલે છે. એમાં જોડાવું ન જોડાવું એ પ્રશ્ન અહીં ચર્ચતો નથી. પણ આવા દેશકાળમાંથી શિક્ષક પોતે શો લાભ ઉઠાવી શકે છે તે વિચારીએ.

આ લડત કહે છે કે માણસ માત્રે નકામો ખર્ચ ન કરવો. જોઇએ તે કરતાં વધારે કપડાં પહેરવાની આપણને એક બરાબ આદત પડી છે; જોઇએ તે કરતાં વધારે કપડાં રાખવાની બૂરી આદતથી લાખો માણસોનાં કપડાં બીજાઓ ખૂંચવી લે છે.

આપણે એક વાત કરીએ. જોઇએ તેટલાં જ કપડાં પહેરીએ; એ જ બરી વસ્તુ છે. આપણામાં એક પ્રકારનો અસંતોષ રહે છે: "અરેરે, આપણી પાસે તો માત્ર બે જ પહેરણ છે, બે જ ધોતીયાં છે. આપણે ગરીબ છીએ માટે એ સ્થિતિ છે. આપણે શ્રીમંત હોત તો કેવું સારું થાત!"

બરી વાત એમ છે કે બરો સમજુ શ્રીમન્ત તો હવેના વખતમાં તે છે કે જે નકામાં ધોતીયાં પહેરણ સંઘરતો નથી; જે થોડા ઉપર ફરફસરથી ચલવે છે; કપડાં ફાટે છે તો તેને સાંધીને ચલવે છે, અને ફાટેલા કપડાનો એક પણ ટુકડો નકામો જવા દેતો નથી.

શિક્ષકભાઇને આ કરવું બહુ સહેલું છે. કરવું તો સહેલું છે જ પણ સમજવું પણ સહેલું છે. આપણી મનોવૃત્તિમાં જે અસંતોષ હતો તે ખોટો હતો, બહિર્ તુલનાનો હતો. તે કાઢીને સાચો સંતોષ જેવો એટલે આપણી દૃષ્ટિ બદલાશે. આપણી કંગાલિયત મનોવૃત્તિ તેજસ્વી બનશે. આપણું ગરીબ મ્હોં ઉજળું લાગશે. આપણાં થોડાં અને સાંધેલાં વસ્ત્રો દેશની આર્થિક સુધારણા માટે સહાય રૂપ થશે. આજે તો શ્રીમન્તોના શ્રીમન્તો પણ એક પહેરણ અને એક ધોતીયે આખું અંગ સુખેથી ઢાંકે છે. શિક્ષકને આ વર્ગ સાથે મળતાં કેટલી વાર છે?

બીજી વાત. આપણા જીવનને આપણે આર્થિક દૃષ્ટિએ જ જોવાનું રહ્યું. આર્થિક દૃષ્ટિ આપણને શું કહેશે? આપણને સસ્તું અને લાંબું ચાલે તેવું કાપડ પોસાય. એવું કાપડ જાડી બાદી–વેજું છે. અસલના લોકો બાદી પહેરતા તેનું રહસ્ય એ હતું. તે સોંઘી પડે છે; તે લાંબો વખત ટકે છે.

બાદી આપણા દેશની છે અને તેની ઉત્પત્તિના પૈસા આપણા ભાઇઓના હાથમાં જાય છે ને તેથી તેઓ દરિદ્રતામાંથી બચવા લાગે છે. એ વાતથી શિક્ષક અજાણ ન હોય. બાદી

વાપરવામાં એ ગરીબ ભાઇઓને મદદ કરવાનું તો આવી જ જાય છે. અને જ્યાં આપણી પોતાની કરકસરનો પ્રશ્ન ઉકલે અને સાથે જ બીજાને મદદ થાય એવું અને ત્યાં તો આપણે એ પગલું કેમ જ ન લઇએ ?

વારૂ, આપણે આ જમાનો ઓળખી સ્વાવલંબી થઇ જઇએ; આપણાં બાળકો અને સ્ત્રીઓને તેવાં બનાવી દઇએ તો કંઇ નહિ તો આપણે તો ઘણું સહ્યા સમજીએ. આપણે ગરીબ છીએ અને છતાં બીજી પ્રવૃત્તિ કરતા નથી. આપણી સ્ત્રી ઘરમાં બેસી રહે છે અને છતાં પાઇ કમાતી નથી. આપણે ટૂંકા પગારમાં અત્યંત ભૂખ દુઃખ વેઠવાં અને માગી ભીખીને ચલાવવું એટલું કરીએ છીએ. શા માટે આપણે પૈાતાનું પેટ સારી પેઠે ભરતાં ન શીખવું ? શા માટે સ્ત્રીઓને માત્ર આપણા પૈસા પર જીવતી રાખવી ? શા માટે તેમનો ફાજલ વખત ઉપયોગમાં ન લેવો ?

દેશકાળ પ્રમાણે કાંતવાની પ્રવૃત્તિ આપણા આર્થિક ઉકેલ માટે અવશ્ય લેવા જેવી છે. સાંજ પડે આખું ઘર મળીને પણ ચાર આઠ આના કમાય તો પણ શું ખોટું છે ? કાંતવું એ પરાપૂર્વથી આપણા દેશનો ઉજળો ધંધો છે; ઘરે બેઠાં થઇ શકે છે. બેન દીકરીઓ આખરૂ સાથે તે કરી શકે છે અને સાંજે બે પાંચ આના કમાઇ શકે છે. આજે તો સુતરની માગણી છે; સુતરની કિંમત તુરત મળે છે. એમ નહિ તો હાથે કાંતેલું વણાવીએ તો પૈાતાનાં જ કપડાં આપણે પહેરવાનું ભાગ્ય મેળવી શકીએ. શા માટે આપણે એટલી બચત ન કરવી ? શા માટે આપણે ફાજલ વખતમાં આપણાં કુટુમ્બીઓને કામે ન લગાડવાં ?

આપણે સૌ શિક્ષકો આપણી આજની ગરીબીનો વિચાર કરી જરૂર ખાદી પહેરતા અને કાંતતા થઇ જ જઇએ. ગિ.

નવું બાલસાહિત્ય

વસંતમાળા પ્રચાર

વાનરસેનાનાં ગીતો	લે.	ગિજુભાઇ
તિરંદાજ	,,	,,
આલ્પસ અને ફ્રાન્સ	,,	,,
થીઆસાં	,,	,,
કામાચારૂ	,,	,,

કલ્યાણ : એક શૂર કાવ્ય.
લે. ચંદ્રવદન ચિ. મહેતા.

દગો.	માતાને બોલે.
દેશને ખાતર.	રણમેદાન.
ભાઇનું બલિદાન.	

નાટકો : લે. જે. છ. ચૌધરી : સુરત.

બજરંગી હનુમાન કંસવધ	}	વાર્તાઓ જે. છ. ચૌધરી.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, એજ્યુકેશન બિલ્ડીંગમાં મારી, ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૭

અંક ૧૧ મો
ઓક્ટોબર

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

જે માતપિતા કે જે શિક્ષક બાળકોને બધી જાતનું શિક્ષણ આપે પણ એક વિશેષ જાતનું શિક્ષણ ન આપે તે તેનાં દુશ્મન છે.

આ શિક્ષણ તે નિડરતાનું ને સ્વાતંત્ર્યનું છે.

નિડર ને સ્વતંત્ર બાળક બધું ભણેલ છે. ડરપોક ને પરાધીન માણસ અભણથી પણ અભણ છે; મૂરખ અને પામર છે.

શિક્ષકો અને માતપિતાઓ! યુગનો આ ધર્મ તમે ન ભૂલશો.

શિક્ષકોને - - ઉપદેશ

વિદ્યાદાનીઓ ! તમને લોકો 'માસ્તર' કહે છે; 'પંતુજી' કહે છે. તમને છોકરાંઓને હાંકવાં ગણે છે. તમને સમાજમાં છેલ્લું સ્થાન આપે છે; ઓછામાં ઓછો પગાર આપે છે ને ઓછામાં ઓછા કામના માને છે. હશે! આપણે એકલા લોકોનો દોષ શું કામ કાઢીએ ? તમે તમારી જાતને જ ખૂબ ઉંચી ચડાવો તો લોકોને એની મેળે જ તમને તમારું યોગ્ય સ્થાન આપવું પડશે. આજે તમને સુન્દર તક છે. બાપુજીની લડાઇ એવી તો અદ્‌ભુત છે કે એમાં સૌને સ્થાન છે. સિપાઇને તો હોય જ. પણ વેપારી પણ લડાઇમાં ફાળો આપી શકે; સ્ત્રીઓ કે જે રાજકારણમાં કાંઇ ન સમજે તેમને પણ સ્થાન ને નાનાં બાળકોને પણ સ્થાન. જે જે કોઇ ત્યાગ કરી શકે, જે જે સહન કરવા તૈયાર હોય તે સૌ કોઇ લડાઇમાં કામનાં.

માસ્તરભાઇઓ અને બ્હેનો, આજે તમારો વખત છે. આજે તમારે તક છે. ઓછા બર્ચમાં રહીને ઘણું સહન કરીને તમે જે તપશ્ચર્યા સાધી છે તેનો આજે ઉપયોગ કરવાનો છે. બીજાંઓને જે અઘરું પડે તે તમને સહેલું પડવાનું છે. તેથી તમે વધારે કામનાં થઇ પડવાનાં છો.

આજે બારડોલી જલાલપુર અને બીજા તાલુકામાંથી અને જીલ્લામાંથી કેટલાએ બેહુતો પોતાની માલમિલ્કતો ને શાંતિ છોડીને બહાર જઇને વસ્યા છે. તેમણે જે બધું ત્યાગ્યું તેમાં તેમણે પોતાનાં બાળકોનું શિક્ષણ પણ ત્યાગ્યું છે. તેમના ભાવિનો વિચાર પણ ત્યાગ્યો છે. તેમના પરત્વે તો તેમનો એ ત્યાગ શોભાદાયક જ છે; પણ હવે તેમણે જેની ચિંતા છોડી તેની ચિંત કરવાનું સમાજને માથે આવે છે.

પૈસાદાર પોતાથી બને તે કરવા આગળ આવ્યા છે; સેવકો પોતાથી બને તે કરવા મથી રહ્યા છે; હવે શિક્ષકોની જરૂર ઉભી છે.

શિક્ષક શિક્ષિકાઓને લડાઇમાં જોડાવાનો વખત આવ્યો છે. શિક્ષકના સ્વભાવવાળા ને શિક્ષણના શોખવાળાઓનો વખત આવ્યો છે. ગ્રામ્યશાળાના પ્રયોગ કરવા ઇચ્છનારાઓને પણ તક છે. દરેક ગામમાં એક એક સુન્દર શાળા થઇ શકે એમ છે. કોઇ જગ્યાએ વૃક્ષોની મોટી ઘટા નીચે, તો કોઈ જગ્યાએ ખળખળ વહેતી નદીના કાંઠા ઉપર, તો કોઇ જગ્યાએ ખજુરીના માંડવામાં સુન્દર ગામ્યશાળાઓ ઉભી થઇ શકે. આવતી કાલના સૈનિકોની આ શાળાઓ સ્વરાજ્યના ઇતિહાસમાં કાંઇ ઓછી મહત્વની ન ગણાય.

શિક્ષક ભાઇ બ્હેનો, વખત આવ્યો છે તો જવા દેશો નહિ. ૧૯૨૧ ની લડતે રાષ્ટ્રીય શિક્ષકોનો એક આખો વર્ગ જ ઉભો કરી રાષ્ટ્રને ચરણે ધર્યો હતો. આ લડતમાં હજી શિક્ષકો પછાત છે; તેઓ હવે આગળ આવે.

આ કામમાં દેશસેવા છે ને શિક્ષણની સેવા પણ છે; અને નવી પરિસ્થિતિમાં કરવાનું હોવાથી તેમાં કાવ્યમય રમ્યતા છે. મૌલિકતાને ખૂબ અવકાશ છે. દેશદાઝવાળાં ભાઇ બ્હેનો જરૂર આ રસિક કામ ઉપાડવા આગળ આવે.

તા.

નવું બાલમંદિર ખુલ્લું મૂકતી વેળા

[અમદાવાદ મ્યુનિસિપાલીટી તરફથી તા. ૧–૧૨–૩૦ ના રોજ શ્રીમતી તારાબેનને હાથે એક મોન્ટીસોરી બાલમંદિર ખુલ્લું મૂકાયું તે પ્રસંગે તેમણે આપેલું ભાષણ.]

આજે આ બાલમંદિર–આ બાલસ્વાતંત્ર્ય-મંદિર ખોલતાં મને હર્ષ થાય છે.

થોડા જ દિવસ પહેલાં અમે એક બાલ-મંદિર–અમારૂં ભાવનગરનું બાલમંદિર બંધ કરવાની ક્રિયા કરીને આ બાજુ આવ્યાં. તેથી અમે બાળકોના વાંકમાં આવ્યાં છીએ. આજે આ બાલમંદિર ખુલ્લું મૂકીને તે ગુન્હામાંથી કાંઇક અંશે મુક્ત થવાની તક મને મળી છે. આ સુંદર તક આપવા માટે હું અહીંના કાર્ય-કર્તાઓનો ઉપકાર માનું છું.

ખરૂં જોતાં આજે મેં જે જાતનું કામ માથે લીધું છે તે દૃષ્ટિએ એકાદ દિવસ પણ સીધી રીતે શિક્ષણકાર્ય માટે ભાંગવાની હું ઇચ્છા કરત નહિ. પરંતુ આજની પરિસ્થિતિમાં પણ બાલમંદિરો ખૂલે તે હું જરૂરનું જ ગણું છું. મારા એક મિત્રે મને પૂછ્યું: "હજી પણ બાલમંદિરો ઉઘાડવા જેટલી નવરાશ અમદા-વાદના લોકોને છે શું?" મારા મિત્ર આજે સ્વાતંત્ર્યની લડતમાં જોડાએલા છે પણ તે પહેલાં એક બાલમંદિરના આચાર્ય હતા. મારા મિત્રના મનમાં જે પ્રશ્ન ઉપજ્યો તે ઘણાના મનમાં ઉપજતો હશે. આજે જ્યારે અમારા જેવાં ઘણાં બાલશિક્ષણનું ક્ષેત્ર છોડી દે છે, મોન્ટીસોરી સંઘના પ્રમુખથી માંડીને ઘણાંઓ આ જંગમાં ઝુકાવે છે ત્યારે આવી શંકા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેવી શંકા કર-વાની કશી જરૂર નથી. આજની પેઢીના સ્વા-તંત્ર્ય માટે જ્યારે આપણે કમર કસીને લડી રહ્યાં છીએ ત્યારે આપણાં બાળકોને સ્વાતંત્ર્યના વાતાવરણમાં ઉછેરવાનો પ્રબંધ કરવો એમાં કશી વિસંગતતા નથી, પણ ઉલટી સુસંગ-તતા જ છે. આ બાલમંદિરમાં આવતાં બાળકો સર્વ પ્રકારની શારીરિક, માનસિક કે કોઈ પણ પ્રકારની ગુલામગિરીમાંથી મુક્ત થાય ને સાચા સ્વાતંત્ર્યની કેળવણી તેઓ પામે તેનો પ્રબંધ સર્વ કાળે વધાવી લેવા જેવો જ છે; અને આજે તો તે પૂર્ણપણે યોગ્ય અને જરૂરનો ગણાય.

અમદાવાદનાં બાળકો ખરેખર ભાગ્યશાળી છે. બાલમંદિરોની બહાર પણ તેઓ સ્વાતં-ત્ર્યના ભણકારા સાંભળ્યા કરે છે, કારણ સ્વાતં-ત્ર્યના મોટામાં મોટા પુજારી તો અમદાવાદને આંગણે વસે છે. અમદાવાદનાં બાળકોને તેમના વાતાવરણનો લાભ અજાણપણે પણ મળે જ છે.

બાળકો માટે પ્રત્યક્ષ પ્રયત્ન પણ અમદા-વાદમાં જ પ્રથમ થયો. ભાવનગરનું બાલમંદિર સ્થપાયું પણ ન હતું ત્યારે તમારા અમદા-વાદમાં વસતા એક આદર્શ માતાએ–શ્રી. સરલાદેવીએ પોતાના ઘરમાં પોતાનાં બાળકો માટે ડૉ. મોન્ટીસોરીનાં સ્વાતંત્ર્ય બક્ષનારાં સાધનો આણેલાં હતાં. ત્યાર પછી શારદામંદિરે બાલમંદિર ઉઘાડી સામાન્ય જનતાનાં બાળ-કોને લાભ આપ્યો. અહીં મજુરનાં બાળકો માટે પણ એક બે પ્રયત્નો થઇ ગયા છે. ત્યાર પછી શ્રી. નિર્મળાબેને એક નવું બાલમંદિર

ગામમાં ચલાવીને ગામનાં બાળકોની સગવડ સાચવી છે. છતાં આજે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ બાલમંદિર ખોલ્યું છે તેમાં વિશેષતા છે. પહેલાંના બધા પ્રયત્નો કરતાં આ વિશેષ વધાવવા જેવો છે. બાનગી પ્રયત્નોની કિંમત હું જરાએ ઓછી આંકવા માગતી નથી. પરંતુ અમદાવાદ જેવા મોટા શહેરનાં તમામ બાળકોનો પ્રશ્ન જો કોઇ હાથમાં લઇ શકે એમ હોય તો તે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થા જ લઇ શકે. બાનગી પ્રયત્નોને સ્વતઃ જ મર્યાદા હોય છે, જ્યારે આવી સંસ્થા ધારે તો ઘણું કરી શકે છે. આજે જેમ મ્યુનિસિપાલિટીએ અહીં એક બાલમંદિર ખોલ્યું તેવાં બીજાં પાંચ સાત બાલમંદિરો ખોલવાનો વિચાર પણ તેઓ જરૂર કરશે અને આગળ જતાં બાળક્રીડાંગણ જેવી યોજના હાથ ધરી ગામનાં તમામ બાળકોના શિક્ષણની સગવડ ઉભી કરશે. બીજું આજે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ આ કામ હાથ ધર્યું ત્યારે કાલે સુરત, ભરૂચ, મુંબઇ વગેરે શહેરોની મ્યુનિસિપાલિટીઓને પણ વિચાર કરવાનું મન જરૂર થશે. એ રીતે પ્રચારની દૃષ્ટિએ પણ આ પગલું બાસ વધાવી લેવા જેવું છે.

આ પ્રસંગે મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાન્તોની ચર્ચા કે માહિતીમાં ઉંડા ઉતરવાનું મને અસ્થાને લાગે છે. પણ આ પ્રસંગનો લાભ લઇને અમારી પાસે ભણેલાં અમારાં બહેનો, મેરીબેન અને દાસભાઇ કે જેઓ આ બાલમંદિર ચલવવાનાં છે તેમને બે શબ્દ કહેવાની હું તક લઉં છું.

તમારે માથે આજે એક મોટી જવાબદારી મૂકાય છે. હજી આ પગલાને અહીંના કાર્યકર્તાઓ એક પ્રયોગ કહે છે. જરૂર; અમે જેમ શાસ્ત્રીય દૃષ્ટિએ મોન્ટીસોરી પદ્ધતિને એક પ્રયોગભૂમિ કહીએ છીએ તેમ તેઓ કહેતા હોય તો ઠીક. પણ પ્રયોગ કહેવામાં જો એમના મનમાં આ પગલું યશસ્વી નીવડશે કે નહિ એમ શંકાઓ રહેતી હોય તો તમારે તે શંકાને ભાંગી અને એક સફળ તરીકે સિદ્ધ થએલી વસ્તુ બનાવી દેવાનું છે. આ જવાબદારીનું કામ તમે એક જ રીતે કરી શકશો. તમે શીખેલી પદ્ધતિની પાછળ જે સ્વાતંત્ર્ય સ્વયંસ્ફૂર્તિ આદિ મહાન્ સિદ્ધાન્તો રહ્યા છે તેની શુદ્ધમાં શુદ્ધ ઉપાસના કરજો અને સફળતા બતાવવાનો નહિ પણ સફળ થવાનો પ્રયત્ન કરજો.

વળી ભાવનગરના બાલમંદિરમાં તમે શીખ્યાં છો તો તેવું જ અહીં કરવાનો પ્રયત્ન કરશો નહિ. પણ તેથીએ સુંદર કામ કરવાનો પ્રયત્ન કરજો. અમારામાં તો ઘણી ત્રુટીઓ પણ હશે. માટે તમારે હમેશ અમારા બાલમંદિર કરતાં વિશેષ સરસ કામ કરવાનો પ્રયત્ન કરવો. ગુરુની હમેશની અભિલાષા એ જ હોય છે કે શિષ્ય આપણા કરતાં પણ ચડી જાય. તે જ અભિલાષા અમે તમારામાં રાખીશું.

: બાકી લવાજમ :

ઘણા ભાઇઓનું ચાલુ સાલનું લવાજમ આવવું બાકી છે. 'પત્રિકા'નું વર્ષ હવે પૂરું થવા આવ્યું છે માટે તેઓ વિના વિલંબે મોકલી આપે. સાથે સાથે જ નવા વર્ષનું લવાજમ મોકલવાથી ફાયદો થશે.

: વ્યવસ્થાપક :

સાથે સાથે હું આ બાલમંદિરમાં જેઓ પોતાનાં બાળકોને મૂકવાનાં છે તે માબાપોને પણ એકાદ વાત કહી લઉં. આજે છાપામાં પેલી ગોળમેજી પરિષદ ખૂબ નિંદાય છે. અહીં બેઠાં મને વિચાર થયો કે આ બાલમંદિરનું ગોળ નહિ પણ ચોરસ ટેબલ છે; અને આ ચાર પક્ષમાં ઘણી વાર તાણાતાણ થાય છે તેથી બાલમંદિરનું કામ બરાબર ચાલતું નથી. એક ખૂણો બાળકો સંભાળે છે, એક ખૂણો બાળકોનાં માબાપોનો હોય, એક શિક્ષકનો હોય ને એક શિક્ષકોના ઉપરીઓનો હોય છે. એમાં ત્રણ પક્ષ જો બરાબર એક બીજાની સાથે સહકાર કરે અને માત્ર બાળકોના હિતને જ સામે રાખે તો અહીં તો આ ચાર ખૂણા મટી ગોળમેજ બરાબર સફળ થઇ શકશે.

અક્ષરજ્ઞાન યોજનાનું પુસ્તક

આગળ વાંચો

બીજી આવૃત્તિ

પ્રગટ થઈ છે.

લખનાર : તારાબેન મોડક

કિં. ૦-૧-૦ : પો. ૦-૦-૬

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભાવનગર

બાલમંદિરના કામમાં માબાપોના સહકારની બહુ જ જરૂર હોય છે. રોજ ને રોજ બાલમંદિરમાં જે એક પ્રકારના સંસ્કારો અપાય ને ઘરમાં તેનાથી તદ્દન વિરુદ્ધ અપાય તો રોજ લખવા ભૂંસવાનું જ કામ ચાલે અને બાળકના મન ઉપર કશી જ અસર કાયમી રહેતી નથી.

તમારાં બાળકોને તમે બાલમંદિરમાં મોકલ્યાં ત્યાં જ તમારું કર્તવ્ય પૂરું થતું નથી. તમારે આ પદ્ધતિના સામાન્ય સિદ્ધાંતો જાણી લેવા જોઇએ; બાળઉછેરના સામાન્ય નિયમો પણ તમારે સમજી લેવા જોઇએ. તેમ જ શિક્ષકો તેમનું કાર્ય વધારે સુલભ થાય માટે વખતોવખત જે સૂચના કરે કે સહકાર માગે તે તમે પૂરા દિલથી આપજો. આ રીતે તમારાં બાળકોનું શિક્ષણ વધારે સરસ થશે અને પ્રયોગની સ્થિતિમાં ગણાતું બાલમંદિર પણ સફળ પ્રયોગ ગણાશે. માટે તમને એ જ વિનતિ કરવાની કે તમે આ કાર્યમાં પૂર્ણ સહકાર આપશો.

મ્યુનિસિપાલિટીના કાર્યકર્તાઓએ તો આ ઉત્સાહથી બોલ્યું છે એટલે તેઓ તો તેને યોગ્ય રીતે ઉછેરશે એવી મને પૂરેપૂરી ખાત્રી છે. માટે તેમને વધારે કહેવાપણું રહેતું નથી. નવી સંસ્થા એક નવા બાળક જેવું જ લાલનપાલન માગે છે ને તે તેઓ જરૂર આપશે.

અંતે બાલમંદિરમાં આવવા ઇચ્છનાર જે બાળકો અહીં આવ્યાં છે તેમને કહેવાનું કે "વહાલાં બાળકો ! તમે અહીં કૂદતાં નાચતાં આવજો; રમજો, કૂદજો ને મજા કરજો ને આ બાલમંદિરને 'બાલમંદિર તો મારું ઘર છે.' એમ કહેતાં શીખજો. તમારાં ભાગ્ય ઉજળાં છે. તમને મારા અંતઃકરણપૂર્વક આશીષ છે."

પત્રવ્યવહાર વખતે પરબીડિયા ઉપરનો તમારો ગ્રાહક નંબર લખો.

મોન્ટીસોરી શાળામાં જોવામાં આવેલો ચિત્રનો ક્રમ

મોન્ટીસોરી બાલમંદિરમાં બાળકો જે ચિત્રો સ્વયંસ્ફૂર્તિથી દોરે છે તેનો અમુક અનુક્રમ બંધાએલો નજરે પડે છે, તેમ જ તેની જુદી જુદી જાતો પણ જણાય છે. તેની સાદી યાદી અહીં આપેલ છે. બાલમંદિર ચલાવવાવાળાઓ પોતાના અનુભવો આની સાથે મેળવશે અને આ યાદીમાં વધારો અને વિવિધતા કયાં કયાં બન્યાં છે તેની નોંધ પ્રગટ કરશે તો ઉપકારક થશે.

૧ ભૌમિતિક આકૃતિઓની મદદથી પેન્સિલ વડે માત્ર ભૌમિતિક આકૃતિ દોરવી.

૨ દોરેલી ભૌમિતિક આકૃતિમાં લીંટા પૂરવા–સીધા, પાસે પાસે અને સમાન્તર.

૩ ભૌમિતિક આકૃતિમાં લીંટાઃ રંગની રસિકતાની દૃષ્ટિએ–ઘાટા અને સુરસિક, આછા અને સુરસિક.

૪ ભૌમિતિક આકૃતિઓમાં લીંટાઃ રંગની સરખામણી ને ગોઠવણની દૃષ્ટિએ–સામ સામે રંગો, પાસે પાસે રંગો, એક એક ખાનું છોડીને રંગો, જુદી જુદી રીતે રંગોની પૂરણી કે જેથી આકૃતિ એક જ હોવા છતાં નવું ચિત્ર દેખાય.

૫ ભૌમિતિક ઘટનાચિત્રો–ભૌમિતિક આકૃતિ વડે ઘટનાઓ ઉપજાવેલાં ચિત્રો.

૬ ભૌમિતિક ઘટનાચિત્રોમાં લીંટા પૂરવા.

૭ ભૌમિતિક ઘટનાચિત્રોમાં રંગો પૂરવા–સરખામણી, ગોઠવણ અને રસિકતાથી.

૮ શણગારેલાં ભૌમિતિક ઘટનાચિત્રો–(શણગાર ચિત્રો).

૯ ઝાડ પાન અને વેલનાં ચિત્રો.

૧૦ ઝાડ પાનનાં ઘટનાચિત્રો.

૧૧ પતંગિયાનાં ચિત્રો.

૧૨ પતંગિયાનાં ઘટનાચિત્રો.

૧૩ પક્ષીઓનાં ચિત્રો.

૧૪ પક્ષીઓનાં ઘટનાચિત્રો.

૧૫ પ્રાણી ચિત્રો.

૧૬ કુદરતનાં દૃશ્યો.

૧૭ માણસોનાં ચિત્રો.

૧૮ અનુકરણ ચિત્રો.

૧૯ ટ્રેસ કરેલાં ચિત્રો.

૨૦ માત્ર રંગ પૂરવો. (રેખાચિત્રોમાં–ડૉ. મોન્ટીસોરીએ તૈયાર કરેલાં ચિત્રોમાં તથા કોઇ પણ જાતનાં રેખાચિત્રોમાં.)

૨૧ વાર્તાનાં ચિત્રો.

[૧૮, ૧૯; ૨૦ નાં ચિત્રો બાળકો ગમે ત્યારે કરે છે. તેથી તેનો ક્રમ અયોક્કસ સમજવો.] **ગિ.**

મારું અને તારું

સઃ બાળકો બીજાં બાળકોની ચીજો લેવાનું શા માટે કરે છે?

જઃ કારણ કે તે તેમને ગમે છે; કારણ કે તે તેમને જોઇએ છે.

સઃ બાળકને જે ગમે તે બીજાની પાસેથી ઝૂંટવીને અગર ચોરીને લઇ લે તે યોગ્ય છે?

જઃ ના, યોગ્ય નથી.

સઃ ત્યારે તે પ્રમાણે ઉપાડી લે તો શું કરવું?

જઃ જેની જે ચીજ તેણે લીધી હોય તેને

તેની તે ચીજ બાળક પાસેથી લઇને આપી દેવી.

સઃ પણ બાળક રડે કે કજીયો કરે તો?

જઃ તો કરવા દેવો.

સઃ પણ તેમ કરવાથી બાળકની ટેવ સુધરશે?

જઃ ના, તેમ કરવાથી ટેવ સુધરશે નહિ; માત્ર બીજા બાળકને અન્યાય થતો અટકશે.

સઃ ત્યારે બાળક ઝૂંટવી લેવાની વૃત્તમાંથી બસી જાય તે માટે શું કરવું?

જઃ તે માટે બાળકને આ મારૂં અને આ બીજાનું તેનો ખ્યાલ આપવો.

સઃ તે કેવી રીતે આપવો?

જઃ બાળકને થોડીએક ચીજો આપવી. તે ચીજોનું તેને સ્વતંત્ર અને સંપૂર્ણ માલિક ગણવું. તે ચીજો તેની જ છે ને બીજાની નથી, તેવી તેને આપણા વર્તનથી ખાત્રી આપવી.

સઃ પોતાની પાસે થોડીએક ચીજો હોવાથી શું તે બીજાની પાસે નવી નવી ચીજો હોય તો પણ લેતું અટકશે?

જઃ હા. જ્યારે તે બીજાની ચીજ લેવા કરે ત્યારે તેની પોતાની ચીજ બીજાને આપી દેવા તેને કહેવું અગર બીજા પાસે તેની ચીજ લેવરાવવી.

સઃ તેથી શું થશે?

જઃ તેથી બાળકમાં વિચારજાગૃતિ થાય છે કે જો મારૂં મને ગમે છે તે હું આપું નહિ તો બીજાનું બીજું તેને ગમતું ન આપે; મારૂં તે લઇ શકે નહિ તેમ હું તેનું લઇ શકું નહિ.

સઃ પણ બાળકને હુંપણાનો, મમત્વનો, મારાપણાનો માર્ગ બતાવવાથી તે અભિમાની અને સ્વાર્થી તેમ જ એકલપેટું ન બને?

જઃ ના, નહિ જ બને. પોતાપણું–પોતા વિષેનો ખ્યાલ–વ્યક્તિત્વનું ભાન એ અભિમાન નથી પણ આત્મદર્શન છે. પોતે અને પોતાનું જે જાણે નહિ તે બીજું અને બીજાનું પણ સમજે નહિ. તે પોતા વિષે તેમ જ બીજા વિષે ગોટાળો કરે. તેમાં કશી વ્યવસ્થા અને સુરક્ષિતતા ન રહે. ભેદ જે સમજે નહિ તે અભેદમાં જઈ શકે નહિ.

સઃ પણ માણસ વ્યક્તિત્વમાં વધી જાય તો તે સમષ્ટિની પરવા જ ન કરે. વ્યક્તિવાદનું ફળ બરાબ આવેલું છે.

જઃ વ્યક્તિ વિષેનો ખ્યાલ–આત્મભાન એ વ્યક્તિવાદ નથી. વ્યક્તિવાદ એટલે હું મુખ્ય અન્ય ગૌણઃ સમાજને ભોગે મારે જીવવું ને બાલવું. વ્યક્તિભાન એટલે પોતા વિષે તેમ જ બીજા વિષે સમજણ થવું. દરેક વ્યક્તિ એમ આત્મ અને પરલક્ષી બને એટલે સમભાવ આવે. સમભાવ એ સમષ્ટિજીવનની સફળતાની ચાવી છે.

સઃ ત્યારે બાળક મિલ્કતનો માલિક થાય તેથી પરિગ્રહવૃત્તિનો વિકાસ ન થાય? પરિગ્રહવૃત્તિ તો બરાબ છે?

જઃ બાળકે મિલ્કતના માલિક થઇને પોતે અને પોતાની મિલ્કત વિષેનો ખ્યાલ લેવો જોઇએ. તેમ ન લે તો તે બીજાની મિલ્કત વિષે બેદરકાર રહે. પોતાની મિલ્કત વિષે જે સન્માનની આશા રાખે તે જ તે બીજા વિષે આપે. મિલ્કત રાખવાથી પરિગ્રહી થવાય છે તેના કરતાં બીજાની સાથે બીજાના નુકશાને મિલ્કત રાખવાથી પરિગ્રહી થવાય છે. વળી પરિગ્રહના ખ્યાલ વિના અપરિગ્રહનો અર્થ પણ સમજાવાનો નથી. પરિગ્રહમાંથી અપરિગ્રહમાં જવું

એ વિકાસનો ક્રમ છે. પરિગ્રહ જ ન થવા દઇએ તો વિકાસનો માર્ગ જ અટકી પડે.

સઃ બધાં બાળકોને બધી મિલ્કતના સરખા અને એક માલિક બનાવીએ તો તેઓ વ્યક્તિ-પરિગ્રહમાંથી બચે; અને વ્યક્તિપરિગ્રહને લીધે એક બાજુ અતિ પરિગ્રહ હોય છે જ્યારે બીજી બાજુ હોતો જ નથી અને તેથી એક બાજુ શ્રીમંતાઇ અને બીજી બાજુ ગરીબી હોય છે તેવી સ્થિતિ દૂર થાય એમ ન બને? એમ થવાથી સમગ્ર વ્યક્તિઓના સુખમાં વધારો ન થાય?

જઃ ના; એ કલ્પના બરાબર નથી. બધી મિલ્કત પહેલેથી સામુદાયિક ગણાવવાથી વ્યક્તિ-ત્વ જેવું મટી જાય છે. વ્યક્તિઅસ્મિતા એ વિકાસનું મૂળ છે. અસ્મિતા વિનાની વ્યક્તિ-ઓનો સમૂહ એટલે નિર્જીવ ચેતન રહિત જથ્થો. તેની સામુદાયિક મૂડી એટલે ઢગલો. તેને વધારવાની ધગશ વ્યક્તિને ન આવે. વ્યક્તિ બહારથી ન જાગે. વ્યક્તિ અંદરના વિકાસને કારણે ન દોડે. કાયદા કે ધોરણ માત્રને માન આપવા ખાતર વ્યક્તિ સમૂહ ને સામુદાયિક મિલ્કતનો સ્વીકાર કરે પણ તેનો વિકાસ સાધવા યત્ન ન કરે. વ્યક્તિ પાછળનું બળ ઘટી સમૂ-હની સામાન્ય નિર્બળતા અને મધ્યમ બળ સિવાય તેમાં કંઇ ન રહે. માટે સામુદાયિક મિલ્કતથી વિકાસની શરૂઆત નહિ.

સઃ ત્યારે સામુદાયિક મિલ્કત એ વિચાર જ ખોટો ગણવો? પરિગ્રહત્યાગ એ વિચાર જ ખોટો છે?

જઃ ના, બંને વિચારો સાચા છે ને તેનું દર્શન વ્યક્તિ માત્રને થવું જોઇએ.

સઃ તો કયારે ને કેવી રીતે?

જઃ વ્યક્તિ સ્વતંત્ર અને સંપૂર્ણ થાય ત્યારે–દરેક વ્યક્તિને સંપૂર્ણ અને સ્વતંત્ર કર-વાની શિક્ષણપદ્ધતિ વડે. ગિ.

બાળકને નિશાળે બેસાડો તે પહેલાં

બાળકની નિશાળે જાને અને જાણી લેજો.

તમારા બાળકને કંઇ કામકાજ આપવામાં આવે છે કે એના એ દાખલા અને શ્રુતલેખન લખાવ્યા કરાય છે? એનો એ નકશો જોવડાવ્યા કરાય છે? એની એ સાલવારી ગોખાવ્યા કરાય છે?

તમારા બાળકને ટુંકારે અને ગાળ દઇને બારસ્તર બોલાવે છે કે માનપૂર્વક આદરભાવથી બોલાવે છે?

તમારા બાળકને કોઇ વાર ન આવડે ત્યારે શિક્ષક થપાટ લગાવી દે છે કે ધીરજથી સમજાવીને શીખવે છે?

તમારા બાળકને શિક્ષક ગમી જાય તેવો સુઘડ, આનંદી અને બેંચે તેવો છે કે ભડકા-મણો, બીકરામણો, ધુવડ જેવો છે?

તમારા બાળકની આજુબાજુ બેસનારાં અને સાથે રમનારાં ભણનારાં બાળકો તમારા બાળકને લાભ કરનારાં છે કે નુકશાન કરનારાં? તમારા બાળકને નીચે બેંચી જનારાં છે કે ઉંચે ચડાવનારાં છે? ગંદું, અવ્યવસ્થિત, રેઢી-યાળ બનાવી મૂકે તેવાં છે કે ઉલટું તેનામાં કંઇ કંઇ સારૂં અને નવું કરવાની પ્રેરણા કરે તેવાં છે? ગિ.

બાળકો અને નખ

ટેવ એવી પડી ગઇ છે કે જ્યાં ફરીએ ત્યાં બાળકો તરફ જોઇએ; અને તેમના તરફ જોઇએ એટલે તેમનાં આંખ, નાક, કાન, નખ વગેરે તરફ નજર પડે. હમણાં હમણાંમાં બાળકોના નખ ઉપર બહુ નજર પડે છે. મનના દુઃખ સાથે કહેવું પડે છે કે બાળકોના નખની બાબતમાં કોઇને જરાએ કાળજી નથી. શ્રીમન્ત માબાપોથી માંડીને ગરીબમાં ગરીબ માબાપો નખની બાબતમાં કશી દરકાર કરતાં નથી. તમામ માબાપો આજે જ પોતાનાં બાળકોને પોતાની સામે બોલાવીને ખાત્રી કરે કે ઉકત કથનમાં કેટલું સત્ય છે. તેઓ જોશે કે બાળકોના નખ લાંબા વધેલા છે, નખની અંદર મેલ છે ને મેલને લીધે નખ કાળા દેખાય છે.

આવા નખો કંઈ નુકશાન કરતા હશે? બેશક, કરે છે; ભયંકર નુકશાન કરે છે. લાંબા વધેલા નખમાં જાત જાતનો મેલ ભરાય છે. આખા દિવસમાં જ્યાં જ્યાં હાથ અડે છે ત્યાંથી, જે જે કામ કરે છે ત્યાંથી, જે જે વસ્તુ હેરવે ફેરવે છે તેમાંથી બાળકના હાથને મેલ ચોંટે છે. એ મેલનો થોડો ભાગ નખમાં જઇને ભરાય છે. થોડે થોડે સાં જથ્થો થાય છે.

સવારે અને સાંજે જ્યારે બાળક જમે છે, દાળ કઢી શાક વગેરેમાં આંગળાં બોળે છે, ત્યારે નખમાં ભરાએલો મેલ ઓગળે છે. ઓગળીને ધીમે ધીમે અન્ન સાથે ભળીને તે પેટમાં જાય છે.

આપણે બાળકોને કહીએ કે થોડોએક મેલ રોજ ને રોજ બાશો? બાળકો ચીડાઇને નારાજ થશે; તેમને માઠું લાગશે. આપણે માબાપોને કહીએ કે રોજ તમે તમારાં બાળકોને થોડો થોડો મેલ બવરાવો છો, તો તેઓ ઘુરકશે અને કહેશે કે તમે અમારા પર બોટું આળ મૂકો છો. આપણે દાકતરોને કહીએ કે માબાપો રોજ રોજ થોડો થોડો મેલ પોતાનાં બાળકોને અન્ન સાથે બવરાવે છે તો તેવાં માબાપોને તે વિચિત્ર ધારશે, સમજણ વિનાનાં ધ્રોહી ધારશે. અને છતાં હકીકત તો ઉભી જ છે કે માબાપોની બેદરકારીને લીધે જ બાળકોના નખ વધે છે અને તેમાં ભરાતો મેલ બાળકોના પેટમાં જાય છે.

અને એ મેલ બેતરની માટીનો નહિ પણ ગંદકીનો. રસ્તા ઉપર ઉડતી જંતુઓથી ભરેલી ધૂળનો, ફરનીચર પર પડેલી ધૂળનો, ન્યુસપેપરો પર ચડેલી ધૂળનો, શેરીમાં પગ નીચે ખૂંદાતી ધૂળનો; ટૂંકમાં ગંદામાં ગંદી ધૂળ અને કચરાનો એ મેલ હોય છે—કાળો મેશ જેવો: કઇક જાતના રોગો ઉત્પન્ન કરે તેવો.

ધારો કે બેતરની માટી જરાક બાઇએ. તો તે થોડું નુકશાન કરે—માત્ર માટી બાવાથી થતું નુકશાન કરે. પણ આ કચરો તો જંતુઓનો જથ્થો! સડાનો ઉકરડો! એ પેટમાં જઇને શું ન કરે?

માબાપો, આટલું વાંચીને તુરત તમારાં બાળકોને બોલાવો અને તેમના નખ તુરત જ ઉતરાવો. બાળકોનાં આંગળાં ચોકખાં થશે; તેઓ જંતુઓની બદીથી બચશે.

વળી નખ વધે છે અને જો કદિ તેમાં મેલ ભરાતો નથી તો પણ તે ઉપાધિ રૂપ રહે છે. જેમ વાળ બહુ વધવાથી એક જાતનો ભાર લાગે છે તેમ જ નખ વધવાથી આંગળાંને એક જાતનો બોજો લાગે છે. તપાસીને જોશો તો માલુમ પડશે કે જ્યારે નખ ઉતરાવીએ છીએ ત્યારે આપણા હાથ હળવા હળવા લાગે છે. બાળકોને રોજ ને રોજ આવું હળવાપણું આપો, ચોકખાઈ આપો, મેલમાંથી બચાવો.

ઉપરાંત વધેલા નખને બાળકો દાંતથી કાપ્યા કરે છે. આ એક કઢંગી અને ખરાબ ટેવ છે. એથી નખ બેડોળ રહે છે ને કચરો મ્હોમાં પડવાનો સંભવ છે. નખ કાઢી નાખેલા હોય છે ત્યારે આંગળાં રૂપાળાં રહે છે ને બાળકોને આવી કુટેવ પડતી નથી.

માબાપોએ બાળકના નખ નાનપણથી જ ઉતારવા. નાના બાળકને તો ઘણી વાર પોતાને જ નખ લાગી જાય છે ને તેથી જ તે રડી ઉઠે છે. ઘણી વાર નખ તાળવામાં લાગવાથી સારી પેઠે પીડા થાય છે.

નખ ઉતરાવવાનો બાળકોમાં શોખ જગાડવો. કાતરથી કે નખ કાપણીથી નખ ગોળ મજાના ઉતારવા. બટબચડા હોય તો જરા ઘસીને સુંવાળા કરવા. બાળકને તેથી મજા આવશે ને નખ ઉતરાવવા દોડયું આવશે.

દર બે ચાર દહાડે નખ ઉતારવા જ ઉતારવા. કામ નાનું એવું છે પણ રહી જાય છે. રહી ગએલું નાનું એવું કામ ગંભીર નુકશાન કરવાની પણ શક્તિ ધરાવે છે. ગિ.

ઘરમાં મોન્ટીસોરી સાધનો

ઘરમાં માત્ર મોન્ટીસોરી સાધનો રાખવાથી બહુ લાભ નથી. માતા અથવા પિતાએ મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરવાની જરૂર છે. બાળકો પ્રત્યે કેવી દૃષ્ટિથી જોવું અને વર્તવું એ સૌથી મહત્ત્વનું છે. એ ન હોય ત્યાં મોન્ટીસોરી સાધનો લાકડાના કટકા સમાન છે એટલું જ નહિ પણ ઉલટું નુકશાનકારક છે.

મોન્ટીસોરી સાધનો વસાવવાં હોય તેઓ કંઈ નહિ તો 'મોન્ટીસોરી પદ્ધતિ' 'સ્વતંત્ર બાલશિક્ષણ' અને 'ઘરમાં મોન્ટીસોરી' એટલાં પુસ્તકો તો વાંચે જ વાંચે.

મોન્ટીસોરી સાધનો વસાવો તો કિન્ડરગાર્ટન અને અન્ય પદ્ધતિઓનાં સાધનોનો ઢગલો ન કરતાં. ઘણાં સાધનોથી કેળવણી મળતી નથી. એકાદ પદ્ધતિના ચોક્કસ સાધનોનો સાચો ઉપયોગ કરવાથી જ લાભ થાય છે.

મોન્ટીસોરી સાધનો વેચાય છે તેથી લેનારાં પદ્ધતિને ચલાવવાને લાયક છે એમ કોઈ ન માને. દવાઓ વેચાય છે તેથી તે લેનાર ડાક્તરો નથી બની જતા. એમ જ સાધન વેચનાર મોન્ટીસોરી પદ્ધતિ જાણે છે અને સલાહ આપવાને અધિકારી છે એવું પણ માનવું નહિ. કેમીસ્ટો અને ડ્રગિસ્ટો ડાક્તરો કે વૈદો તરીકે કામ ન કરી શકે, અને કરવા જાય તો ભૂલ ખાઈ બેસે તે આપણે સમજીએ છીએ.

મોન્ટીસોરી નિશાળમાં મોન્ટીસોરી સાધનોનો સાચો ઉપયોગ શક્ય છે. બુદ્ધિશાળી અને ખંતીલાં માબાપો સાધનોનો સદુપયોગ કરાવી શકે. પૈસાને બળે માત્ર સાધનો ખરીદીને ઘરમાં રાખનારને લાભ ન થાય. ગિ.

કોઇ વાર પડદા પાછળથી જોશો ?.... કે —

ટ્યૂશન આપવા માટે રાખેલ શિક્ષક તમારા બાળકને ભણાવે છે કે બાળકને જે તે લખાવી તે પોતે છાપું વાંચે છે ?

બાનગી માસ્તર છોકરાંઓ પાસેથી ઘરની છાની વાતો કઢાવી શેઠ, શેઠાણીને રાજી કરવા માટે કેવો ઉપયોગ કરવો તેની ખટપટમાં પડ્યો છે ?

કોઇ ન હોય ત્યારે માસ્તર 'શેઠને કહીને માર ખવરાવીશ' એવી ધમકી છોકરાંઓને આપી તેમની પાસે લેશન કરાવે છે ને પોતાની મહેનત ઓછી કરે છે ?

માસ્તર છોકરાંની સાથે ભાઇબંધી કરવાના પ્રયત્નમાં પડેલ છે કે જેથી પોતાનો પગાર વગેરે વધારવામાં છોકરાંની પણ મદદ મળે !

માસ્તર તોફાની છોકરાંઓની ખુશામત કરે છે ને તેને ભણાવી શકતો નથી અને છતાં દેખાવ રાખે છે કે પોતે ભણાવે છે ?

માસ્તર સાચેસાચ પૈસા લીધા હોય તેના પ્રમાણે ખરા અંતઃકરણથી સારી રીતે બાળકોને ભણાવવા મહેનત કરે છે ? **ગિ.**

શું શીખવશો ? કાયરતા કે નિર્ભયતા ?

કાયરતાનું શિક્ષણ

એ ભાઇ, આપણાથી એમ નહિ બને.

અરે ભાઇ, એ તે કોણ કરે ?

એ ભાઇ, શીદને ભાલે ભરાય છે ?

એ ભાઇ, ત્યાં ના જતો. જોખમ છે ભાઇ, જોખમ !

એ બાપુ, ઉઠ પાણા પગ ઉપર શું કરે છે ?

અરે ભાઇ, એ આપણાથી ન બને; એ આપણું કામ નહિ.

એ ભાઇ, કયાંક બતા બાશું, બતા.

અરે ભાઇ, ઉલળી ટાંટીયો ના ભંગાય.

અરે ભાઇ, આપણામાં એવું જોર નથી; આપણામાં એવી શક્તિ નથી. આપણે નકામા.

અરે બાપુ, ત્યાં તે શું દાટયું છે ? ત્યાં કાકો મારી નાખશે !

નિર્ભયતાનું શિક્ષણ

ન બને કેમ ? આપણે બનાવ્યે જ છૂટકો છે.

કોણ કરે શું ? આપણે જ કરીશું. બસ, આપણે.

જા, જા, ડરે છે શું ? એમાં શું થઇ જવાનું હતું ?

ઉઠ ઉઠ, સામી છાતીએ આગળ ધસ ! ગળચવાં શું ગળે છે ?

એમાં ટાંટીયો શો ભંગાતો હતો ? માર જોસથી કૂદકો કે ટપી જવાય.

છે, છે, તારામાં જ જોર છે ને શક્તિ પણ છે. માબાપ થઇને બેઠા છે શું ?

છટ્, ત્યાં કયો તારો કાકો તને કાંધ મારવાનો છે ? નાહકનો ઘરમાં ભરાઇને બેઠો છે તે લાજતો નથી ? **ગિ.**

ગરીબ બાળકોનો લાંબો હાથ

અક્ષરજ્ઞાનશાળાઓ એટલે હજારો ગરીબ બાળકોને માટે ચલવવામાં આવતી શાળાઓ. એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં સૌ જે ગમે તે આપજો.

મદદ મોકલવાનું સ્થળ: અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

ભણકારા

ણાળકો બોલતાં હોય એવા ભણકારા વાગે છે:

" માબાપો, હવે યુગ પલટાયો છે. એકપક્ષી જવાબદારીનું રાજ્ય હવે નહિ ચાલે.

" હવે અમે નાનાં રહેવા નથી માગતાં. અમારે મોટાં થવું છે.

" એ મોટાઈ ત્યારે જ આવશે કે જ્યારે સ્વતંત્રપણે અમારા જ પગ ઉપર ઉભાં રહીને જગતની સહેલો કરીશું ને મોટાં કામો કરીશું.

" અમારી તાલીમની તમે બહુ ચિંતા ન કરતાં. હજી સુધી તો તમે અમને તાલીમ આપી શકયાં નથી.

" બોટી ચિંતાઓ તમારી પાસે રાખો અને અમને અમારી પાંખે નિર્ભય ઉડવા દો.

" અમે અમારૂં ફોડી લઈશું. અમારી વચ્ચે આવશો નહિ. તમે તો મારીને અમને ચગદીં માર્યાં છે.

" ઓ છોકરાંઓ, માબાપોની વ્યર્થ વિધિ-નિષેધની જાળમાં સપડાશો નહિ."

× × ×

આપણે માબાપોએ ચેતવું પડશે. **ગિ.**

માબાપોનો સહકાર

વડવા, ભાવનગર
તા. ૧૪–૧૦–૩૦

પરમ પૂજ્ય .....

વિનતિ જે મારૂં બાળક (રતિલાલ) ત્યાં આવવા તલપી રહ્યું છે. મોઢામાં બાલમંદિરના જ શબ્દો રમ્યા કરે છે. તમારૂં નામ ભૂલતો જ નથી. પણ મારાં કમભાગ્યવશાત્ મારી મોટી છોડી કાન્તા માંદી પડવાથી એકલાં આજ કેટલાય દિવસથી આવી શકતું નથી. જો આપ ગાડીની વ્યવસ્થા કરી આપો તો મારા જેવા ગરીબ કોમના બાણસ ઉપર મહદ્ ઉપકાર થાય! એક અપવાદ રૂપે વાળંદ કોમ ઉપર બાસ મહેરબાની કરી મારી જેવા ગરીબ કોમનાં બાળકને આપ કેળવણી માટે સગવડતા આપો તો મારી ઉપરનો જીંદગીનો ઉપકાર થશે. આપને આપેલ તસ્દી બદલ માફી માગું છું. મંદિર ફરી કયારે ઉઘડશે તે કૃપા કરી જણાવશો.

લે. આપનો.

.....

નોંધ: આ કાગળ સ્વતઃ બસ છે. એના ઉપર વિવેચન કરવાની જરૂર નથી. બાળકોનાં સદ્-ભાગ્ય વધતાં આવે છે. વાળંદ જેવી કોમ પણ પછાત રહેવા નથી માગતી. માબાપોને ધન્યવાદ ઘટે છે. તંત્રી.

શાળાની બહાર

સારી વાત છે કે શિક્ષકભાઈઓ વિદ્યાર્થી-ઓને શાળાની બહાર ફરવા લઈ જાય છે. શાળાની ગોંધણીમાંથી છૂટીને નાચતા કૂદતા વિદ્યાર્થીઓને જોતાં આનંદ થાય છે. તેઓને જે થોડી પણ મુક્તિ મળે છે તેથી તેમનાં દિલ ખીલી ઉઠે છે. તેઓ શાળાના શિક્ષક તરફ વધારે પ્રેમાળ અને અભિમુખ બને છે.

આ બહાર નીકળેલા વિદ્યાર્થીઓને શિક્ષકો

શું શું બતાવશે ? શું શું શીખવશે ?

એક તો શિક્ષકો વિદ્યાર્થીઓને શહેર કે ગામની અંદર લઇ જઇ શકે. બીજું તેઓ તેમને સીમમાં અર્થાત્ ખુલ્લી કુદરતમાં લઇ જઇ શકે.

જો વિદ્યાર્થીઓને શહેરમાં લઇ જવામાં આવે તો ત્યાં તેમને શું બતાવશું ?

પ્રત્યેક ગામ કે શહેરમાં જોવાની જગાઓ છે. અનેક કારીગરોની દુકાનો એ નાના વિદ્યાર્થીઓ માટેનાં પ્રદર્શનો છે. જાતજાતની કારીગરીઓ કેમ ચાલે છે અને નમુના કેમ તૈયાર થાય છે તે જાણવું એ એક કિંમતી જ્ઞાન છે. મોટી ઉંમરે ઘણાઓને અબર નથી હોતી કે ઇંટો કેમ પડાતી હશે અગર માટીનું કેમ ઘડાતું હશે અગર સાણસી કે સગડી કેમ બનતી હશે. બજારમાં વેચાતી ચીજો કેમ બને છે તે જોવાનું જ્યાં સુલભ હોય ત્યાં તો અવશ્ય બાળકોને તે બતાંવવું જોઇએ. આ વિચારથી ગામની અંદરની ધાંચીની, મોચીની, દરજીની, સુતારની, વગેરે વગેરે નાના મોટા તમામ કારીગરોની જગાઓ તેમને બતાવવી જોઇએ.

વળી શહેરની અંદર કારખાનાંઓ અર્થાત્ યંત્રોથી ચાલતી પ્રવૃત્તિઓ હોય છે. આ પ્રવૃત્તિઓ કેમ ચાલે છે તે પણ બાળકોને છેક નાનપણથી જણાવવું જોઇએ. બરફ કેમ બને છે તેની બબર પચાસ વર્ષ સુધી બરફ ખાતા આવેલ માણસને પણ હોતી નથી. સોડા લીંબુ કેમ ભરાય છે તે સેંકડો માણસો જાણતાં નથી. મીલમાં કાપડ કેમ થાય છે તે પણ થોડા જ મીલમાં જનારાઓ જાણે છે. ઉપરાંત હમેશની ઉપયોગી ચીજો બનાવતાં કેટલાંયે યંત્રો કેમ કામ કરે છે તેની માહિતી ઘણાને નથી હોતી. આવી માહિતી ન હોવાને કારણે વિદ્યાર્થીઓનું લક્ષ તે તે ધંધાઓ પ્રત્યે જતું નથી. આગળ ઉપર તેઓ સામે માત્ર ભણવું એટલું જ રહે છે. માહિતીને અભાવે ધંધામાં કે કારીગરીમાં પડતાં તેઓ ગભરાય છે.

વળી શહેર કે ગામની અંદર રાજ્યવ્યવસ્થાને અને શહેર સુધારીને માટે કેટલાંએક ખાતાંઓ હોય છે. ટપાલ ઓફિસ, કોર્ટ, જેલ, મ્યુનીસિપાલ ઓફિસ, અખાડાઓ, જાહેર બાગો, ન્યાયકોર્ટ, પોલિસખાતું વગેરે વગેરે. એ બધું વિદ્યાર્થીઓને બતાવવા જેવું છે. એ જોવાથી તેમને તંત્રનો ખ્યાલ આવે. વર્તમાન પત્રોમાં તે વિષે આવતી વાતોને તેઓ સમજી શકે. સ્થાનિક બનાવોમાં તેઓ રસ લઇ શકે. એવું સહજ બનતું જોવામાં આવે છે કે મોટી ઉંમરના વિદ્યાર્થીઓને હાઇકોર્ટ કે રેવન્યુ ખાતું, કે એવા ખાતાની કશી બબર હોતી નથી. એટલું જ નહિ પંણ તેનાં નામો પણ ઘણી વાર ભણીગણી રહ્યા પછી જ તેઓ

ઘરમાં મોન્ટીસોરી

તારાબેન મોડક

માબાપો—ખાસ કરીને માતાઓને બાળઉછેર અને બાળકેળવણી માટે ઉત્તમ માર્ગદર્શક થઇ પડે તેવું પુસ્તક.

કિં. ૦–૮–૦ પો. ૦–૧–૬

બહુ જ થોડી નકલો બાકી છે.
ઉતાવળે મંગાવી લેશો.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

સાંભળે છે અથવા જાણે છે.

વિદ્યાર્થીઓને ગામમાં લઇ જઇએ ત્યારે તેમને ગામનાં જીવનનાં અનેક પાસાંઓ પણ બતાવી શકીએ. ગામ સ્વચ્છ છે કે ગંદું, ગામની રચના કેવી છે, ગામનાં વાહનોની વ્યવસ્થા કેમ છે, ગામમાં કઇ જાતનો વેપાર વધારે દેખાય છે, ગામમાં કયો વર્ગ આગળ પડતો અગર ભણેલો છે, કેવી જાતના લોકો નિરુદ્યમી છે તો કેવી જાતના લોકો શહેરીજીવનમાં આગળ પડતો ભાગ લે છે. આ બધું વિદ્યાર્થીઓ આગળ ધીમે ધીમે હુશિયાર શિક્ષક મૂકી શકે છે.

ગામમાં જ્ઞાતિઓ હોય છે; તેમનાં મહાજનો અને પંચ હોય છે; તેમની વાડીઓ હોય છે. એ બધું જોવડાવી લોકોના સામાજીક રિવાજો શા શા છે તે બધું વિદ્યાર્થીઓને બતાવી તેમને સમાજજીવનની પ્રાથમિક જાણ આપી શકાય.

આવી રીતે ગામ કે શહેરની અંદર જ્યારે જ્યારે શિક્ષકો વિદ્યાર્થીઓને લઇ જાય ત્યારે ત્યારે તેમને ઘણું બતાવીને શાળા બહાર ફરવાનો ઘણો કિંમતી લાભ લેવડાવી શકે.

હવે વિદ્યાર્થીઓને જંગલમાં ફરવા લઇ જઇએ ત્યાં તેમને શું બતાવીએ તે જોઇએ. શિક્ષક તેમને પશુ, પક્ષી અને વનસ્પતિ સૃષ્ટિનો પરિચયમાં રમત રમતમાં લાવી શકે છે.

એક તો જાતજાતનાં પક્ષીઓ ઓળખાવે. તેમના રંગો, પીંછાં, ઇંડાં, માળા, ઉડવાની રીત, ગાવાની કે અવાજ કરવાની રીત વગેરે વિદ્યાર્થીઓને બતાવે ને તેમાં તેમને રસ લેતા કરે. પક્ષીઓના પરિચયની એક વાર શરૂઆત થઈ એટલે વિદ્યાર્થીઓ જાતે જ તેમાં પડે છે. વિદ્યાર્થીઓને નવાં જોયેલાં પક્ષીઓનાં નામો અને તેને લગતી હકીકતોની નોંધપોથી રાખતા કરવા.

એ જ પ્રમાણે જંગલનાં પશુઓના પરિચયને માર્ગે વિદ્યાર્થીઓને લઇ જવા.

જંગલમાં વિદ્યાર્થીઓને રસ્તાઓ શોધતાં શીખવવાનું બહુ અગત્યનું છે. તેઓને તે માટે પશુઓનાં પગલાંની ઓળખ કરાવવી. આ ગાયનાં પગલાં, આ હરણનાં વગેરે. તે ઉપરથી કયે રસ્તે કયું જનાવર ગયું છે તે જોવડાવવું. વળી માણસનાં પગલાંનું પગેરું કાઢતાં શીખવી શકાય; એટલે કે એક માણસ કોઇ રસ્તે ગયો હોય તો તેનાં પગલાં જોતાં જોતાં તેનો પત્તો કેમ લેવો તે બતાવવું. એક ટુકડી એક બાજુએથી ગઇ તો તેની પાછળ આવનારી ટુકડીને માટે ચિન્હો કેમ મૂકી જવાં, રસ્તાઓની દિશાઓ કેમ બતાવવી તે શિક્ષક બતાવી શકે છે. વિદ્યાર્થીઓએ અમુક જગાએથી વિખેરાઇ પાછાં અમુક જગાએ આવવું અને તે માટે અમુક ચોક્કસ નિશાનો પારખતાં શીખવું એનું શિક્ષણ બહાર ફરવા જતી વખતે સારી રીતે આપી શકાય.

છોકરાઓને જંગલમાં લઇ જઇએ ત્યારે તેમને જંગલી વનસ્પતિ તેમ જ વનશ્રીનું દર્શન પણ કરાવવું. જાતેજાતનાં ઝાડોનાં નામો અપાય. તેમનાં પાંદડાં એકઠાં કરી તેમને ઓળખવાની રમત રમાય. તેમનાં ફળો મળે તો તેના સ્વાદ પણ લેવાય. અને જંગલમાં જઇને ઝાડો ઉપર ચડવાનું, હીંચકવાનું અને રમવાનું તો ન જ ચૂકાય.

જંગલમાં લઇ ગએલા વિદ્યાર્થીઓને દિશાઓ ઓળવાની જુદી જુદી રીતો શીખવવી જોઇએ,

ધ્રુવ કાંટાનો ઉપયોગ, સૂર્ય ચંદ્ર અને તારા ઉપરથી દિશાનું જ્ઞાન, વગેરે અપાવું આવશ્યક છે.

જ્યારે વિદ્યાર્થીઓ જંગલમાં ફરે ત્યારે તેઓ છૂટા પક્ષીઓ જેમ વિચરે. તેમની જીજ્ઞાસા અને શોધક વૃત્તિને પૂરેપૂરી છૂટ મળે. તેઓના ઉપર શિસ્ત કે નિયમનના હુકમો ન છૂટે. તેમને વારે વારે આમ જવું ને તેમ જવું તેમ કહેવામાં ન આવે. તેઓને છૂટા કરવાઃ "જાઓ, અને જુઓ. શું ભાળો છો ? શું સાંભળો છો ? શું સ્પર્શો છો ? શું જાણો છો ? તમે અવલોકનોથી તમારી નોંધપોથીઓ ભરી લાવો. તમે ચિત્રોથી તમારી સ્કેચબૂકો ચિતરી લાવો. તમે તમારા ખિસ્સા નવી નવી સંગ્રહવા લાયક ચીજોથી ઠાંસી લાવો." આવા પ્રેરણાનાં શબ્દો શિક્ષકોએ આપી વિદ્યાર્થીઓને રવાના કરવા જોઇએ.

વિદ્યાર્થીઓને કુદરતના પરિચયમાં આવતા રોકવા નહિ. નદીઓનાં પાણીમાં તેમને નહાવા દો; ડુંગરાઓ ઉપર ચડવા દો; કોતરો અને ગુફાઓમાં જવા દો. તેમનામાં રહેલ સાહસિક વૃત્તિને બહાર આવવા માટે અનેક ક્ષેત્રો તેમની સામે ખુલ્લાં મૂકો.

જૂનાં મંદિરો, બંડિયેરો, વાવ, કૂવા વગેરે સ્થળો વિદ્યાર્થીઓને અવશ્ય બતાવો. ત્યાંથી તેમનામાં શોધખોળનો શોખ જાગશે. ત્યાં ઉભાં ઉભાં જ તે તે સ્થળોને લગતી ઐતિહાસિક વાતો તેમને કહેજો. એથી વિદ્યાર્થીઓની દૃષ્ટિ વધારે ઐતિહાસિક બનશે.

જંગલમાં ફરતાં ફરતાં કોઈ વાર રાત્રિ રહેવાનો કાર્યક્રમ પણ ગોઠવી શકાય તો તેથી વિદ્યાર્થીઓને વળી વધારે સમૃદ્ધ કરવાની તક મળે. રખડી રઝળીને થાકેલા વિદ્યાર્થીઓને વિધવિધ રસવાળી વાર્તાઓ કહેવાય; ચાંદનીમાં રમતો રમાડાય; વાર્તાલાપ અને વિનોદનો આનંદ લેવડાવાય; દાંડિયારાસ, રાસ, બોટી લડાઇઓ વગેરે પ્રવૃત્તિઓ પણ ગોઠવાય.

આવે પ્રસંગે શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ખૂબ નજીકના પરિચયમાં આવે છે. વિદ્યાર્થીઓનાં અંતઃકરણો સહેજે ઢળેલાં હોય છે તે વખતે શિક્ષક તેમાં પેસીને તેમાં કાયમી સ્થાન મેળવી લે છે. આવી રીતે પ્રિય થઇ પડેલા આવા શિક્ષકનું શિક્ષણ અને નિયંત્રણ બને ચોક્કસ સફળ થાય છે. **ગિ.**

ગામડામાં મોન્ટીસોરી

ગામડામાં મોન્ટીસોરી એ શબ્દદ્વય વિચિત્ર લાગે તેમ છે. જાણે કે એ અસંબદ્ધ વસ્તુઓ—એક બીજાની સાથે કદિ મેળ ન બાઈ શકે એવી વસ્તુઓ ભેગી મૂકી હોય !

આજે મોન્ટીસોરી શાળા કે મોન્ટીસોરી પદ્ધતિ વગેરે શબ્દોની સાથે જ આપણા મનમાં કાંઇક વિપુલતા, પુષ્કળતાનો ખ્યાલ ઉભો થાય છે. કાંઇક ધનસંપત્તિને બળે જ પ્રાપ્ત કરી શકાય એવા શિક્ષણવિલાસોની ગંધ ઉત્પન્ન થાય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિજન્ય એવું, સમાજમાં માત્ર ફેશન કે શોભા તરીકે આવેલું એવું કાંઈક એવો ભાસ સ્પષ્ટ અસ્પષ્ટ થાય છે. પૈસા કયાં નાખવા તેની ખબર ન પડતી હોય તેવાંઓએ પોતાની અનેક વિપુલતામાં એક કરવા જેવો વધારો લાગે છે. દરેક શરીરને જેમ બાવું પીવું ઓઢવું પહેરવું તેમ દરેક લાગણી—બુદ્ધિ

વાળા પ્રાણીની જીવનની જરૂરીઓત તરીકે આ પદ્ધતિ કેટલું વર્ણવે તો તે વધારે પડતું ને અસમતોલ લાગે. એવી આ મોન્ટીસોરી પદ્ધતિને અને ગામડાને શું લાગે વળગે? મોન્ટીસોરી પદ્ધતિ એટલે તો વિશાળ મકાનો અને ખર્ચાળ સાધનો અને ખર્ચાળ શિક્ષકો; તેનું અને ગામડાનું કેમ બને? મોન્ટીસોરી પદ્ધતિ એટલે સાધનસંપત્તિ; તેને ગામડાની ગરીબી, ગામડાનો ભૂખમરો, ગામડાની દરેક જાતનીલાચારી સાથે કેમ જ બને? મોન્ટીસોરી પદ્ધતિ એટલે સંસ્કારિતા અને સુઘડતા; તે ગામડાની અજ્ઞડતા ને ગંદકીમાં કેમ પોસાય?

આવી વિચારસરણી સ્પષ્ટ અસ્પષ્ટપણે આજે લગભગ દરેકના મનમાં ઉપસ્થિત થાય તેવું મોન્ટીસોરી વાતાવરણ છે. તેનું કારણ તો એક જ છે. આજે આપણે ત્યાં જે રીતે મોન્ટીસોરી શાળાઓ ચાલે છે તે મોટે ભાગે શ્રીમંતોને પોસાય તેવી દેખાય છે. કેટલાંએક સ્થળે લાભ લેનાર બાળકો મધ્યમ વર્ગનાં ને સામાન્ય સ્થિતિનાં હોય છે, તો પણ શાળાની સાધનસંપત્તિ એકાદ ગરીબ ગામડાને પોસાય તેવી હોતી નથી. સામાન્યતઃ આવો ખ્યાલ આજે જે પાંચ દસ શાળાઓ ચાલે છે તેના ઉપલક અવલોકનથી પેદા થાય તેમ છે. તેથી જ ગામડામાં મોન્ટીસોરી એ શબ્દપ્રયોગ કાનને વિચિત્ર લાગે છેઃ વિસંવાદી જણાય છે.

પરંતુ આપણે મોન્ટીસોરી પદ્ધતિનો આપણો ખ્યાલ જરા સચોટ કરશું તો માલુમ પડશે કે ગામડામાં મોન્ટીસોરી બહુ જ સારી રીતે શોભે તેમ છે; બહુ જ માફક આવે એમ છે એટલું જ નહિ પણ આવશ્યક પણ છે.

હા. મોન્ટીસોરીને ગામડામાં લઈ જવામાં આપણી આર્થિક નબળાઈને કારણે કદાચ તેનો થોડો અંશ છોડી દેવો પડે. પણ તેના સિદ્ધાંતો અને તેનો સામાન્ય પ્રકાશ ગામડાનાં ઉગતાં બાળકોને વધારે જરૂરી છે; અને કદાચ પ્રયોગાન્તે એમ પણ કહી શકાય કે ગામડાં જ એને સારી રીતે ઝીલવા યોગ્ય છે. મોન્ટીસોરી પદ્ધતિ જાણનાર અને ગામડાંની પરિસ્થિતિ સમજનાર આ વાતની સાક્ષી પૂરશે. હરેક ગ્રામ કેળવણી રસિકે આ પ્રશ્નનો વિચારી જોવો અને અજમાવી જોવો ઘટે છે. તા.

એક અંક પછી વી.પી.

પત્રિકાનું આ વર્ષ હવે એક અંક પછી પૂરું થશે. બધા ગ્રાહકો વી.પી.ના ચાર આનાના વધારાનાં ખર્ચમાંથી બચવા માટે લવાજમનો રૂપીઓ એક તુરત મોકલવા માંડે. પરદેશના ગ્રાહકોએ આજથી જ બે શિલિંગ મોકલવા જેથી તેમને અંક વખતસર મળ્યા કરે. અગાઉથી મ. ઓ. થી લવાજમ મોકલવામાં અમને પણ અનુકૂળતા છે.

વાર્ષિક લવાજમ રૂા. એક.. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પોરી, ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૭

અંક ૧૨ મો
માઘ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

નિડર બાળક કોણ ?

જે કોઇથી ન ડરે તે નિડર.
જે ભયથી ન ડરે તે નિડર.
જે અંધારાથી ન ડરે તે નિડર.
જે કૂતરાથી ન ડરે તે નિડર.
જે બિલાડીથી ન ડરે તે નિડર.
જે ભૂતપ્રેતથી ન ડરે તે નિડર.
જે સિપાઈથી ન ડરે તે નિડર.
જે શિક્ષકથી ન ડરે તે નિડર.
જે પિતાથી ન ડરે તે નિડર.
જે માતાથી ન ડરે તે નિડર.

આપનું બાળક નિડર છે કે ડરકણ ?

આપ તેને આ ભયોમાંથી બચાવવા ઇચ્છો ખરા ?

આપ તેને એ ભયમાંથી બચાવવાના ઉપાયો કરશો ?

પાંચમું વર્ષ પૂરું થયું.

નિર્વિઘ્ને પત્રિકાનું પાંચમું વર્ષ પૂરું થયું. આપણે સૌ પરમ કૃપાળુ પરમાત્માનો ઉપકાર માનીએ અને યાચીએ "હે દયાળુ, અમારું આવતું વર્ષ સુખી કરજે, પ્રગતિવાળું કરજે. અમારી આશાઓને તું પાર પાડજે."

યથામતિ અમે વાચકોની સેવા કરી છે. ઉણપો તો રહેવાની જ. આપ સૌ અમારી ઉણપો નિભાવી લેતા આવ્યા છો, અને માગીએ છીએ કે હજી પણ નિભાવી લેશો.

આપની સેવા કઇ કઇ જુદી જુદી રીતે અમે બજાવીએ તે વારંવાર જણાવશો તો આપના આભારી રહીશું.

'શિક્ષણ પત્રિકા' અમારી તેમ જ આપની છે. એનો વિસ્તાર જોઇ તમને આનંદ જ થશે. આ પાંચમા વર્ષમાં ૪૫૦૦ વાચકો છે. આવતે વર્ષે આપણે કેટલા વધીશું?

પત્રિકા આપની પાસેથી થોડીક સેવા માગે છે. આપ પત્રિકાને નવા વર્ષ માટે એક એક નવો વાંચનાર ભેટ ધરશો? પત્રિકાની ઉમેદ એવી છે કે તે હજારોની સંખ્યાએ વંચાય. આ ઉમેદ આપણે જ પાર પાડીએ તેમ છે.

ફરી વાર આપનો અને ઇશ્વરનો ઉપકાર માની વિરમીએ. **તંત્રીઓ.**

સરલાદેવી

શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઇને અમારે ઓળખાવવાપણું ન હોય. ગૂજરાતના સર મુખત્યાર તરીકે એમણે જે સેવાઓ કરી અને સરકારે તેમની જે કદર કરી તે જગજાહેર છે. સરલાદેવીને આજે તો ગુજરાત આખું પિછાને છે.

પણ અમે સરલાદેવીને એથી વધારે રીતે ઓળખતાં આવ્યાં છીએ. સરમુખત્યાર તરીકેની એમની કારકીર્દિ એ તો એમના જીવનનું એક પ્રાસંગિક રાજકીય અંગ માત્ર છે. એમનાં અન્ય અંગોનો પરિચય હજી અજાણ છે અને અમારી આ પ્રસંગે ફરજ છે કે પત્રિકાના ગ્રાહકોને તે કરાવીએ.

શ્રીમતી સરલાદેવીને અમે દશ વર્ષ ઉપર એમના જ ઘરમાં એક માતા તરીકે ઓળખ્યાં.

સાંભળવામાં આવ્યું કે સરલાબેન મોન્ટીસોરી પદ્ધતિનાં અભ્યાસી છે; પોતાના ઘરમાં પોતાનાં બાળકો પર એ પદ્ધતિનો અખતરો કરી રહ્યાં છે. અમે તેમને અને તેમની મોન્ટીસોરી શાળાને જોવા નીકળ્યાં.

સ્પષ્ટ છાપ હજી પણ અમારા મન ઉપર છે કે અમે એને એક ભવ્ય માતા તરીકે ભાળ્યાં. પોતાનાં બાળકોની કેળવણીને લગતા કેટલાયે પ્રશ્નો તેમને મૂંઝવતા હતા; કેટલાયના ખુલાસાની પોતે શોધ કરતાં હતાં.

એક શિક્ષક કે એક સંસ્થાનો સંચાલક કે કોઇ શિક્ષણસંસ્થાને દાન દેનાર એકાદ ધનવાન જે કાળજી પોતાના કામ માટે રાખે તેનાથી પણ કંઇક વધારે કાળજી અમે તેમનામાં જોઇ.

અમને નવાઇ લાગી અને મનમાં સવાલ

પૂછ્યેાઃ " આવી શ્રીમંત, સુખસંપત્તિથી વીંટાએલી, નેાકરેા ચાકરેાની ખેાટ વિનાની બાઈ નિરાંતે આરામ લેવાને બદલે – શિક્ષણકાર્ય શિક્ષકેાને અને આયાને સેાંપી દેવાને બદલે શા માટે જાતે જ કેટલીયે ચિંતા વેંઢારે છે ? શા માટે તે અનેક શ્રીમન્ત બેનેાથી–અરે ! ભાઈઓથી જુદાં પડે છે ? "

જવાબ એ હતેા કે " એ એક માતા હતાં, એક કેળવણીરસિક માતા હતાં, પેાતાનાં બાળકેાના શિક્ષણપ્રિય એવાં એક માતા હતાં. અને તેથી જ એમણે પેાતાની સંપત્તિ બાળકેાના શિક્ષણ માટે છૂટથી વાપરવા માંડી હતી. તેથી જ એમણે પેાતે પેાતાના ઘરમાં સ્થાપેલી શાળા ઉપર જાત-દેખરેખ રાખી હતી, તેથી જ એમને બાળશિક્ષણના અનેક પ્રશ્નો મૂંઝવતા હતા. "

સરલાબેનના મેાન્ટીસેારી પદ્ધતિ પ્રત્યેના પ્રેમને કારણે અમારી સંસ્થા (શ્રીદક્ષિણામૂર્તિ) તેમના વિશેષ સ્નેહભાવ તળે આવી અને જ્યારે સંસ્થાએ પ્રથમ મેાન્ટીસેારી સંમેલન ભર્યું ત્યારે તેણે સરલાબેનને તેના પ્રમુખ તરીકે નિયેાજ્યાં.

પહેલું મેાન્ટીસેારી સંમેલન એટલે આપણી બાજુએ થતા મેાન્ટીસેારી બાલશિક્ષણના કાર્યની પહેલી જાહેર ઘેાષણા, જાહેર પ્રચાર, જાહેર લેાકમાન અને સ્વીકાર. એ સંમેલનના પ્રમુખ તરીકે બિરાજી સરલાબેને મેાન્ટીસેારી પદ્ધતિને ગતિ આપી.

એ જ સંમેલન વખતે તેમના પ્રમુખપણા નીચે મેાન્ટીસેારી સંઘ સ્થપાયેા. આજે એ સંઘને પાંચ વર્ષ પૂરાં થઈ ચૂકયાં છે. સંઘ તેમની મીઠી નજર અને સૂચના નીચે દિન પ્રતિદિન આગળ વધી રહ્યો છે. આપણા સંઘના પ્રમુખને, એક શિક્ષણપ્રેમી માતાને રાજકીય પ્રવૃત્તિમાં પડેલાં જાણીને હરેક સંઘી ભાઇબેનને તેમને વિષે આદર અને માન થયાં છે.

જે માતા બાળકેાને સાચું સ્વાતંત્ર્ય આપવાની કેળવણી પદ્ધતિ ચલવી રહ્યાં હતાં તેણે વખત આવ્યે સ્વાતંત્ર્યની લડતમાં પેાતાનેા ફાળેા આપ્યેા, અને સ્વાતંત્ર્યની કેળવણી આપવાનેા પેાતાનેા અધિકાર સિદ્ધ કર્યેા. એમ કરીને તેમણે બતાવ્યું કે શાંતિના વખતમાં સ્વાતંત્ર્યની કેળવણીનું બીજું પાસું વખત આવ્યે સ્વાતંત્ર્યના યુદ્ધમાં ભાગ લેવેા તે છે.

સરલાબેન પેાતાના નામ પ્રમાણે પ્રકૃતિથી સરલ છે. તેઓ સ્વતંત્ર વિચાર ધરાવે છે છતાં અન્ય ઉપર તે લાદવાનેા ભાગ્યે જ પ્રયત્ન કરશે. તેઓ અનેકના વિચારેા ઘણી જ ધીરજથી સાંભળશે અને જે વિચારેાથી પેાતાને સંતેાષ થશે તેનેા આદર અને સ્વીકાર પણ કરશે.

સરલાબેન કેળવણીમાં વિચાર કરે છે તેની સાથે જ હમેશ તેને અમલમાં મૂકી જોઇ પેાતાના વિચારેાને પ્રયેાગે ચડાવી તપાસે છે. અનુભવથી તે વિચારમાં ફેરફાર પણ કરે છે.

સરલાબેન એક શ્રીમંત શેઠનાં ધર્મપત્ની છે. શેઠ અંબાલાલ સારાભાઇના નામથી ભાગ્યે જ કેાઇ અજાણ્યું હશે. શ્રીમંતાઇના બેાળે બેઠેલાં, રાજરાણી જેવાં સરલાબેનને તમે મળેા કે તેની સાથે વાત કરેા તેા તમને આશ્ચર્ય થશે. આટલી સરલતા ? આટલી નમ્રતા ?

અને જ્યારથી સરલાબેન લડતમાં જોડાયાં ત્યારથી તેા છેક જ જુદાં બની ગયાં. એકાદ મધ્યમ કુટુંબના બેનથી પણ તેઓ સાદાં બન્યાં. એ

સાદાઈ સાથે સહજ રહેલી તેમની સંસ્કારિતા, ઘરમાં કેટલાયે નોકરો ચાકરો છતાં અતિ શ્રમ લઇને દેશકાજમાં નિરંતર ઘૂમવાનું, સામે જ પાનપાન પડેલાં છતાં ભૂખ્યાં તરસ્યાં પણ લીધેલા કામમાં દોડવું, એ બધું અવિરલ છે.

અને એનું કારણ એ બેનની પૂજ્ય મહાત્માજીની ભક્તિ છે. તેમને મહાત્માજીના સિદ્ધાંતોમાં સંપૂર્ણ વિશ્વાસ છે. તેઓ લડત પણ એ સિદ્ધાંતોને જરા પણ મચરડ્યા વિના જ લડ્યાં છે ને લડે છે. એક કેળવણીકાર અને મહાત્માજીના સિદ્ધાંતમાં પૂર્ણ વિશ્વાસ અને આદરવાળી વ્યક્તિ જે રીતે લડતને દોરે તેમ તેમણે ગૂજરાતની લડત દોરી છે.

બાલસ્વાતંત્ર્યને માટે તેમણે મોન્ટીસોરી પદ્ધતિનો સ્વીકાર કરી પોતાનાં બાળકોને ઉછેર્યાં. આજે એ બાળકોએ પણ લડતમાં ઝુકાવી સ્વાતંત્ર્યના શિક્ષણને અને સરલાબેનના પ્રયત્નને સફળ કર્યાં છે. આજે સરલાબેનની સ્વતંત્ર શાળા ધન્ય થઇ છે. આજે સરલાબેન માતા તરીકે ધન્યભાગ્ય બન્યાં છે. આજે સફળ શિક્ષણદાતાનું નામ આપણે તેમને આપી શકીએ.

તંત્રીઓ.

વાનર શાળાઓ

બાળક્રીડાંગણો એક જાતની બાળશાળાઓ છે. એવી શાળાઓ પણ જ્યાં શક્ય ન હોય ત્યાં વાનર શાળાઓ હોંશિલા શિક્ષકો સ્થાપી શકે.

દેશમાંનું એક પણ બાળક રખડતું રઝળતું રહે નહિ. હરેક પળે તેને ચેતના અને જ્ઞાન મળે, વિના મૂલ્યે વિના સાધને તે શીખી શકે અને શિક્ષક શીખવી શકે તેવો રસ્તો વાનર શાળાનો છે.

'વાનર શાળા'નો શબ્દપ્રયોગ આજની વાનરસેનાઓ ઉપરથી છે. 'વાનર શાળા' શબ્દ નવી જાતની બાળશાળાને માટે ખૂબ બંધ બેસતો પણ છે. વાનરોને ઝાડ તળે અને ઉપર કૂદવું ખેલવું અને જીવનની તૈયારી કરવાનું સહજ છે. આ નાના બાળ વાનરોને પણ ઝાડની છાયા નીચે અને ડાળી ઉપર જ શિક્ષણ આપવાની યોજના કરવા માંડીએ તો બાળકનું શિક્ષણ જેટલું યોગ્ય થાય તેટલું જ વ્યાપક થાય.

મોન્ટીસોરી બાળશાળાઓ શહેરોને ખૂબ સદે તેવી છે. ગામોમાં પણ મોન્ટીસોરી શાળાનું પોસાણ થાય તેમ છે. પણ આજે તે શાળાઓ બાલશિક્ષણના સિદ્ધાન્ત અને વ્યવસ્થાના આદર્શ રૂપ રહેવાની સ્થિતિમાં વધારે છે; કારણ કે મોન્ટીસોરી શાળા વધારે તૈયાર શિક્ષક અને સંપત્તિ માગે છે. બાળક્રીડાંગણો પણ શહેરોની ચાલીઓ અને ગામના લત્તાની શાળાઓ છે. એ શાળાઓ પણ ખાસ કામ કરનાર અને થોડીક સામગ્રી તો માગે જ છે. પણ 'વાનર શાળા' માત્ર ઉત્સાહી નાયક માગે છે. બાળકો સાથે મળી જવાની શક્તિવાળો મોટો એવો બાળક કે જુવાન માગે છે. બહુ ડાહ્યો ડમરો, વિચારી વિચારીને પગલું મૂકનાર, શિક્ષણની ઝીણવટોથી ગૂંચવાએલો શિક્ષક અગર મહેતાજી તે માગતી નથી.

વાનર શાળાનો શિક્ષક વાનસેનાનો સેનાપતિ પણ થઇ શકે. પણ તેને બદલે વાનરો પ્રત્યે ખુબ સહાનુભૂતિ ધરાવનાર અને જીવન-

શિક્ષણ અને બાલમાનસનું વાતાવરણ સમજનાર માણસ બહુ સફળ થઈ શકે. દરેક ગામમાંથી એવો એક આદમી જરૂર નીકળી શકે.

વાનર શાળા દરેક ગામડાની શાળા છે. ગરીબમાં ગરીબ અને પાંચ જ કુટુમ્બના ગામડામાં તે ઉગી શકે તેમ છે. જ્યાં વાનરસેના શક્ય છે ત્યાં વાનર શાળા શક્ય છે.

ખરી રીતે વાનર શાળા એ વાનરસેનાનું સ્થાયી રૂપ છે, અને તે નાનાં ગામડાંઓમાં તો અચૂક જ.

વાનર શાળામાં નાનાં મોટાં ગામડાનાં બાળકો કયાં અને શું ભણશે ?

ગામના પાદરના આંબલી કે આંબાના ઝાડ નીચે છોકરાં ભેગાં થાય અને ત્યાં વાળી ચોળીને જમીન ઉપર જ શાળા જમાવે.

ત્યાં એકડાં એકડાં વાર્તાઓ અને વાતો સાંભળે. અલકમલકની વાતો અને જાતજાતની વાર્તાઓ વાનરોને બહુ ગમે છે. વાંદરાઓના પરાક્રમની મોટી વાર્તા રામાયણ અને વાનરસેનાઓના આજના પરાક્રમોનું મોટું મહાભારત તેઓ સાંભળીને ખુશી થશે.

ઉભાં ઉભાં તેઓ ગીતો ગાય. આજનાં વાનરસેનાનાં ગીતો આ બાળકોને બહુ ગમે તેવાં છે. આજ દિવસ સુધી તેઓને તેવાં ગીતો આપી ન શકાયાં તેટલી જ દિલગીરીની વાત છે. ગીતો ગાવાં, કૂચ કરવી, ધજાઓ ઉડાવવી, લેજીમ કરવી, લાઠી ફેરવવી વગેરે આજની વાનરપ્રિય પ્રવૃત્તિઓ શરીરઆરોગ્યનું અને નિયમનનું સુંદર શિક્ષણ આપશે.

વાનરો જાતજાતની રમતો રમે અને કૂદે ખેલે; ઝાડે ચડે ને પડે આખડે; બાડા બોદે ને ટેકરા કરે; ખૂબ ચાલતાં અને લાંબો વખત દોડતાં શીખે; એ બધું પણ શિક્ષણમાં જ આવે.

જે બાળકો છેક નાનાં હોય તેમને માટે આટલું શિક્ષણ બહુ થાય. મોટાં હોય અને ગામની શાળામાં જતાં હોય તેમને માટે ત્યાં ઝાડના થડે દોરા બાંધીને લટકાવેલી ચોપડીઓ મૂકાય. તે તેઓ વાંચે ને જ્ઞાન ને ગમ્મત લે. શિક્ષક તે વાંચી પણ સંભળાવે.

બધાં મોટાં બાળકો નાનાંની મદદ લઈ વાનરો જેમ પૂલો બાંધે, ઝાડનાં ડાળપાંદડાંનો ઢગલો કરે, દીવાલો બનાવે ને પોતાની શક્તિઓને બીલવે.

કોઈ વાર વાનરો નદીએ કે કૂવે નહાવા ઉપડે, કપડાં ધોઈ કાઢે, ને તરતાં પણ શીખે. કોઈ વાર વાનરો ખેતરોમાં જઈ સંતાકુકડી રમે અને ભાઈબંધના હાથમાં ન આવવું હોય તો કેમ છટકાય તે શીખે. કોઈ વાર જંગલોમાં ભૂલા પડ્યા હોય તો રસ્તા કેમ શોધવા તે શિક્ષક પાસેથી જાણે ને જાણી જોઈને ભૂલા પડી પાછા એકઠા થાય.

વાનરોને હોંશ આવે ત્યારે સામસામા ખોટા લડીને, લડાઈઓ હારી જીતીને વાનર સ્વભાવને તૃપ્તિ આપે, તો કોઈ વાર એક

બાનદાન કુટુંબમાં બાળકોના બાળ ઘોરણથી અંગ્રેજી બીજા ઘોરણ સુધીના અભ્યાસ માટે અનુભવી શિક્ષકની જરૂર છે.

પૂછો:

H. H. Pandya
Gwalior.

બીજાને લાગેલા કાંટા કાઢીને કે બીજી ત્રીજી રીતે ચાકરી સેવા કરીને સેવા કરતાં શીખે. ટૂંકમાં પોતાનું બળ કેટલું છે અને કયાં કયાં વાપરી શકાય તેના અખતરા કરતા રહે.

વાનર શાળામાં સમયાનુસાર શાળાનો શિક્ષક ઘણું નવું કાઢી શકે, ઉમેરી શકે.

આખા દેશમાં વાનર સેનાઓની પાછળ પાછળ વાનર શાળાઓ ચાલવા માંડે તો દેશનાં ગામડાંનાં બાળકોને સસ્તું છતાં પ્રાણવાન શિક્ષણનો માર્ગ કાઢી શકીએ; અને આજની સ્થિતિમાં બીજી રીતના શિક્ષણનો પ્રબંધ ન થાય ત્યાં સુધી તેનો બને તેટલો લાભ ઉઠાવીએ.

સેંકડો ભાઈ બેનોએ વાનર શાળા માટે વગર પૂછયે, વગર માગ્યે, વગર પગારે બહાર આવવાની જરૂર છે.

ગિ.

સાચી સલાહ

: ૧ :

દસ વરસનો વિનુ પોતાની માશીને ત્યાં રજા ગાળવા ગએલો.

રાત્રે માસાએ પૂછ્યું: "વિનુ, તારા બાપુજી પર પહોંચ્યાનો કાગળ લખ્યો કે?"

વિનુ: "ના જી; ભૂલી ગયો."

માસા: "ભૂલ્યે કામ ન આવે. લે આ પૂંઠું. એક લીટી લખી નાખ, ને હમણાં જ ટપાલમાં નાખી આવ."

માશી કહે: "હા ભાઈ; મારી બેન ચિંતા કરે ને? પહેલાં લખી નાખ."

એ જ વિનુ તે પહેલાં એક વાર ફઈને ત્યાં ગએલો.

ફુવાએ પૂછ્યું: "વિનુ, પહોંચ્યાનો કાગળ લખ્યો કે?"

વિનુ: "ના જી; ભૂલી ગયો."

ફુવા: "હશે; કાલે લખી નાખજે."

ફઈ: "હવે પહોંચી તો ગયો છે; કાગળની શી ઉતાવળ છે?"

વિનુ બીજે દિવસે પણ ભૂલી ગએલો ને બીજાં પણ સૌ ભૂલી ગએલાં.

આજે માસાએ પત્તું હાથમાં મૂક્યું ને માશીએ પણ તરત લખવાનું કહ્યું ત્યારે વિનુને પહેલો પ્રસંગ યાદ આવ્યો, બાપાને તે વખતે જવાબ સહિતનો તાર કરીને પૂછવું પડેલું તે પણ યાદ આવ્યું ને બાને બે દિવસ ઊંઘ પણ આવી ન હતી તે પણ યાદ આવ્યું.

વિનુને માશી માસાની સલાહ કાયમને માટે યાદ રહી ગઈ.

: ૨ :

નાની રમા બેની બેનપણી કમળાને ત્યાં રમવા ગએલી. બાને પૂછીને ગએલી. બાએ કહેલું કે પાંચ વાગ્યા પહેલાં પાછી આવી જજે; બાઈને તેડવા મોકલીશ. રમા 'હા' પાડીને દોડી ગઈ.

પાંચ વાગ્યા ને બાઈ તેડવા આવી. રમા કમળાની રમત તો ખૂબ ચકેલી. રમત મૂકીને જવું રમાને ગમે નહિ. તો પણ બાઈને જોઈ રમા બોલી: "કમુ, મારે હવે જવું જોઈએ. બાઈ તેડવા આવી."

કમુ કહે: "હવે થોડી વાર પછી જા ને? એમાં કાંઈ નહિ. બા વઢે તો સાંભળી લેજે."

રમાનું મન પલળ્યું.

કમુની બાએ વાત સાંભળી. તેણે તરત ત્યાં આવીને કહ્યું: "ના બાપુ, એમ ન થાય. રમા, તને તારી બાએ શું કહ્યું છે?"

"પાંચ વાગે આવજે; બાઇને મોકલીશ."

"તેં શું કહ્યું હતું?"

"હા, આવીશ એમ કહેલું."

"ત્યારે તો બાપુ રમત મૂકીનેય જવું જોઇએ. કાલે હવે પહેલેથી કહીને વધારે વખત લઇને આવજે."

રમાને પણ સલાહ યોગ્ય લાગી. કમળાની વિદાય લઇ તે તરત ઘેર ગઈ.

ઘેર જતાં તેને આગલો એક બનાવ યાદ આવ્યો:

થોડા દિવસ પહેલાં તે બીજી એક બેનપણી ચંચળને ત્યાં ગએલી. આજની જેમ જ રમત છોડીને નીકળવાનું મન થતું ન હતું. ચંચળે સલાહ આપેલી કે "તારી બાઇને મોકલી દે. હું તને મૂકવા આવીશ."

રમાએ તેમ કર્યું ને રમવા લાગી. રમતાં રમતાં કેટલું મોડું થયું તેનું ધ્યાન જ ન રહ્યું. અંધારું થયું ને જમવાનો વખત થયો. ચંચળ કહે: "અહીં જ બાઇ લે ને." ચંચળની બાએ પણ કહ્યું: "રમા, જમવા બેસી જા." રમા જમવા બેસી ગઇ.

પણ રમાને ઘેર તો બધાં રાહ જોતાં હતાં. પછી તો ઘણું મોડું થયું ને અંધારું પડ્યું ત્યારે એના મોટાભાઇને ફાનસ લઇને એની શોધમાં આવવું પડેલું. જમવાનાં બધાં બાકી હતાં. રાંધેલું બધું ઠરી જવા આવેલું. કામવાળી મોડું થયું તેથી ચાલી ગએલી.

એકંદરે રમા ઘેર આવી ત્યારે ઘણો ગોટાળો થએલો તેને માલમ પડ્યો. તે વખતે બાએ કહેલું તે આજે તેને યાદ આવ્યું: "બેન રમા, તું જે વખતે આવીશ એમ કહીને જા છો તે વખતે તો તારે આવવું જ જોઇએ. એમ તારાથી ન બનતું હોય તો તારે કયાંયે રમવા જવું ન જોઇએ."

આજે રમા વખતસર ઘેર જતી હતી તેથી તેને પોતાને ખૂબ સારું લાગતું હતું.

રમત છોડવી પડી તે તો રમા ભૂલી જ ગએલી. ઉલટું બાને આજે ઠીક લાગશે એ વિચારથી તેના મોઢા પર હાસ્ય દેખાતું હતું. તા.

મારો છોકરો કેમ સુધરે?

એક પિતાએ મને પૂછ્યું: "આ છોકરાનાં લક્ષણ આવાં કેમ છે? છોકરો ચોરટો છે. તેને કશું સારું યાદ રહેતું નથી. જે કંઇ ખરાબ હોય છે તે સહેલથી યાદ રહે છે. તેનામાં મીઠું બોલી બીજાને છેતરવાની કળા છે. તમે કેળવણીમાં સમજો છો, માટે આ બાબતમાં શું કરવું તે કહેશો?"

મેં કહ્યું: "છોકરાને રોજ રોજ મારી પાસે આવવા દો. હું તેને અવલોકીશ અને મને કંઇ રસ્તો સૂઝશે તો બતાવીશ."

છોકરો રોજ મારી પાસે આવવા લાગ્યો. મારું અવલોકન શરૂ થયું.

થોડા દિવસ પછી મારા સાથીએ કહ્યું: "બબર પડી? પેલા રામજીભાઇના ઉપર વોરંટ

છે ! તેઓ એક શેઠની વીશીના વ્યવસ્થાપક હતા. તેમાં તેમણે ગોટાળો કર્યો. હિસાબ ખોટા લખ્યા હતા. અરધો માલ ઘેર પહોંચાડ્યો હતો. તેમના ઉપર ફરીયાદી થઇ ને તેમને પકડવામાં આવ્યા છે. ”

મેં કહ્યું: “ અરે ભાઇ, હું તારૂં કહેવું સાચું માની શકતો નથી. રામજીભાઇ કેવા ભલા દેખાવના છે ? કેવા મીઠાબોલા છે ? પોતાના બાળકના ચારિત્ર્ય માટે એ બિચારા કેટલી બધી કાળજી લે છે ? એવા માણસ ઉપર કોઇએ વખતે આળ ઓઢાડ્યું હશે ! ”

મારા સાથીએ કહ્યું: “ હું સાચું કહું છું કે એને પકડવામાં આવ્યા છે. વીશીના શેઠ પાસે પહેલાં તો તેણે એવી ભલાઇ અને મીઠાશનો ડોળ કર્યો કે શેઠ તેને સમજી જ નહિ શકેલા. પણ ધીમે ધીમે એ ભાઇએ જમાવી અને શેઠના પૈસા બિસ્સામાં મૂકવા માંડ્યા. ”

“ પણ શેઠે દરકાર કે દેખરેખ નહિ રાખેલ ? ”

“ શેઠે વિશ્વાસ રાખેલ. શેઠ સાચા સદ્‌ગૃહસ્થ છે. તેને એમ કે માણસો આટલી હદ સુધી પહોંચે ? ”

“ કેટલી હદ સુધી ? ”

“ રામજીભાઇ પહોંચ્યા એટલી. ”

મારા મન ઉપર પ્રકાશ પડ્યો. રામજીભાઇએ પોતાના છોકરા સંબંધે પૂછેલા પ્રશ્નનો જવાબ સૂઝ્યો. જૂની કહેવતનું ડહાપણ યાદ આવ્યું. “ બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા. ”

મારા મનમાં થયું કે હું રામજીભાઇને કહું: “ રામજીભાઇ, તમે પોતે હીનવૃત્તિ છો તો તમારો છોકરો પણ એવો જ નીકળવો જોઇએ ના ? તમને એવો પ્રશ્ન પૂછવાની જરૂર જ શા માટે પડે ? તમે શું એમ માનો છો કે તમારો દીકરો એવો છે એમાં એની ભૂલ છે ? તમે કંઇક એમ તો નથી માનતા ના કે છોકરાને શિક્ષકો અને કેળવણી-શાસ્ત્રીઓ સુધારી શકશે ? રામજીભાઇ, હવે ચેતો તો સારૂં. તમારે સારાં બાળકો જોઇતાં હોય તો તમારી પોતાની વૃત્તિ સુધારો. તમારી પોતાની વૃત્તિને તમે ઢાંકી શક્યા નથી; અને કદાચ ઢાંકી શક્યા હોત તો પણ તે તમારા બાળક મારફત ઉઘાડી પડવાની જ હતી. તમે બાળક માટે કશું કદિ પૂછો જ નહિ. તમો પોતે કેમ સુધરો તે માટે પૂછવું હોય તો પૂછો. પણ સારી વાત તો એ છે કે તમારા હિત ખાતર અને એમ નહિ તો તમારા બાળકના હિત ખાતર તમે પોતે જ સુધરો ! ”

બધા રામજીભાઇઓને મારી આ સૂચના કોઇ પહોંચાડશે ? ગિ.

ઘરમાં મોન્ટીસોરી

તારાબેન મોડક

માબાપો—ખાસ કરીને માતાઓને બાળઉછેર અને બાળકેળવણી માટે ઉત્તમ માર્ગદર્શક થઇ પડે તેવું પુસ્તક.

કિં. ૦-૮-૦ પો. ૦-૧-૬

માત્ર પચીસેક નકલો જ બાકી છે.
ઉતાવળે મંગાવી લેશો.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

સુધારો ચાલુ વર્ષની ‘શિક્ષણ પત્રિકા’ અંક ૧૦ પાનું ૧૫૬ ઉપર મોન્ટીસોરી અધ્યાપનમંદિર-વાળા લખાણમાં શ્રી. કાન્તાબેન પારેખને બદલે શ્રી. કાન્તાબેન છોટાલાલ દેસાઇ એટલું સુધારીને વાંચવું.

'એટીકેટ'નું શિક્ષણ

એક સુધરેલું પાશ્ચાત્ય દેશોમાં પ્રવાસ કરી આવેલું કુટુંબ કોઈ ગામડામાં આવ્યું. ગામ લોકોએ અત્યંત પ્રેમથી તેમનું સ્વાગત કર્યું. તેમને ભોજનમાં તાજું શેડકઢું દૂધ ને જુવારના તાજા રોટલા ને પાપડ પીરસ્યાં. શહેરી કુટુંબને તે ગામડિયું સ્વાગત ખૂબ મીઠું લાગ્યું.

સૌ જુવારના રોટલા ખાતાં હતાં. એટલામાં નીચેનું વાક્ય મારે કાને આવ્યું. મા પોતાની દીકરીને સામાજીક સભ્યતા શીખવતી હતી: "મોઢું બંધ કરીને ખા. એમ તો ભુંડાં લાગીએ. વધારે ન મગાય."

સૌના કાન ચોંકયા. તે સ્થળે ને તે કાળે તે વાક્યે આપણા પાશ્ચાત્ય અનુકરણના મોહરોગનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો.

આપણે આજે અનેક રીતે ગુલામીમાં છીએ. તેમાં આપણા પાશ્ચાત્યોના બહિર્ અનુકરણમાં દેખાતી માનસિક ગુલામી તો આપણને બહુ જ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકે છે.

અત્યંત ગરમી છતાં આપણે પાશ્ચાત્યોના જેટલાં અને જાડા ગરમ કાપડનાં કપડાં પહેરી આપણે ઘણી હાંસી કરી લીધી. જરા પણ જરૂર ન હતી છતાં આપણા પગને ગરમ મોજાંમાં ને ટાઈટ બૂટમાં રાખી ચાલવાની બાબતમાં હાસ્યાસ્પદ તપશ્ચર્યા પણ કરી આપણે હાંસીને પાત્ર થયાં. આપણે આપણાં ઘરોમાં ટેબલ પર જમવાનું ગોઠવ્યું; સગા બાપ દીકરાએ ને મા દીકરીએ પણ અંગ્રેજીમાં એક બીજાંને કાગળો લખ્યા; કેટલુંયે કર્યું. ને જે જે કર્યું તે દ્વારા આપણે આપણી બૌદ્ધિક ગુલામીનું પ્રદર્શન કરી આપણી હાંસી કરી લીધી છે. આજે આપણો દેશ જાગ્યો છે ને સાથે સાથે આ ગુલામી તરફ પણ આપણી આંખ ઉઘડતી જાય છે. છતાં એવી બીક તો હમેશ રહે જ છે કે આપણામાં અંગ્રેજીકરણ એટલી હદ સુધી તો આવી ગયું છે કે આપણે નાનેથી મોટી કોઈ પણ સારી વસ્તુ દાખલ કરીએ તેની પાછળ આપણું હિંદી માનસ છે કે અંગ્રેજ બનવા ઇચ્છતું માનસ છે એ તપાસતા રહેવાની ખૂબ જરૂર છે. ખાસ કરીને આપણે નાનાં બાળકોને માબાપ કે વડીલ તરીકે શિખામણો આપીએ છીએ, પાઠો આપીએ છીએ, તેમની પાસે સભ્યતાની કે સંસ્કારી વ્યવહારની અપેક્ષા રાખીએ છીએ ત્યારે આ વાત વિશેષે કરીને ધ્યાનમાં રાખવા જેવી છે. આપણા જૂના વ્યવહારમાં ખાવાની, પીવાની, બેસવાની, ઉઠવાની, બોલવાની, ચાલવાની બધી બાબતમાં અમુક શિષ્ટતા, સભ્યતા, ખાનદાની નક્કી સ્વરૂપમાં હતી ને વડીલો તે બધી બાબતો બાળકોને બહુ જ સભ્યતાથી શીખવતા હતા.

આજે તેની જગ્યાએ બીજી જાતની સભ્યતાનું શિક્ષણ ભણેલાં ને ખાસ કરી શહેરી કુટુંબોમાં અપાતું દેખાય છે. કોઈ કાંઈ વસ્તુ આપે તો 'થૅંક યુ' (આભાર થયો) કહેવાનું તો ઘણાં બાળકો શીખી જ ચૂકયાં હશે. 'મોઢું બંધ રાખીને જ ખાવું જોઈએ, નહિ તો ભૂંડાં લાગીએ.' એવું શિક્ષણ લેતાં બાળકો પણ ઓછાં નહિ જ હોય. આ ને આવી કેટલીએ બાબતો આપણાં ભણેલાં ગણેલાં ગણાતાં કુટુંબોમાં બાળ-

કોને શીખવી પડે છે. તેમાં બાળકોનું કેટલું યે નુકશાન છે. પહેલું ઉપર કહ્યું તેમ આપણે આપણું ગુલામી માનસ આપણાં બાળકોમાં ઉતારીએ છીએ. 'ભૂંડાં લાગીએ' એટલે શું તો અંગ્રેજોની દૃષ્ટિએ આપણે જંગલી લાગીએ. બાળકોને આ જ દૃષ્ટિએ ચમચાથી ખાતાં ને ટેબલ પર બેસી જમતાં પણ શીખવવામાં આવે છે.

આજે આપણું મન જેમ આપણી બીજી પરતંત્રતા સામે બળવો કરી ઉઠ્યું છે તેમ આ બાબત તરફ પણ તેટલા જ જોસથી બળવો ઉઠાવે તે જરૂરનું છે.

આવા 'એટીકેટ' શિક્ષણનો બીજો ગેરલાભ તો સર્વ સામાન્ય છે. સભ્યતા બે પ્રકારની હોય; એક બાહ્ય દેખાવની અને બીજી અંતરની. 'આપણે આમ ન કરીએ કારણ તેમ કરીશું તો બરાબ દેખાઇશું.' એ કેવળ બહિર્મુખ દૃષ્ટિ છે. આપણે બરાબ દેખાઇએ કે ન દેખાઇએ એ વાત ગૌણ છે; આપણે તેમાં બરાબ બનીએ છીએ કે કેમ તે વાત જરૂરની છે. તેમ જ સ્વતઃ કોઇ વસ્તુ સારી છે કે બરાબ છે તે જોવું જરૂરનું છે. લોકોમાં બરાબ ન દેખાવાની ખાતર જે જે બાળકોને શીખવવામાં આવે છે તે બધું પછી તે પાશ્ચાત્યના અનુકરણ રૂપે હો કે ન હો, બાળકોને ઢોંગી બનાવવાનું શિક્ષણ છે ને તેથી ત્યાજ્ય છે.

બીજું એટીકેટ અથવા વર્તન વ્યવહારની સભ્ય ગણાતી રીતભાત–દેશી કે વિદેશી–શીખવવાની જે ચાલુ પદ્ધતિ છે તે પણ દોષભરી છે. આપણી ચાલુ પદ્ધતિ જ્યાં ત્યાં ટોકવાની છે. બાળક રસોડામાં જાય કે એકાદ ટોકણી મળી જ છે! એ જ પદ્ધતિ આંગ્લ એટીકેટ શીખનાર માબાપોએ પણ ચાલુ રાખી છે. આ પદ્ધતિથી બાળક બહુ ત્રાસ પામે છે.

આપણે શાંત સમયે બાળકનું ધ્યાન બેંચાય તે રીતે કોઈ કામની, ખાવા પીવાની, બેસવા ઉઠવાની કે ચાલવા કારવવાની ક્રિયા સુઘડતાથી કેમ થાય તે બતાવી શકીએ. પણ જ્યારે ને ત્યારે બાળકને 'આમ નહિ આમ કર' એમ ટોકવાની પદ્ધતિ કાઢી જ નાખવી જોઇએ.

ત્રીજી વાત ધ્યાનમાં રાખવાની તે એ કે આપણે જીવનમાં એટીકેટને કેટલું સ્થાન આપવું. આપણે સુઘડતા ઇચ્છીએ; સંસ્કારિતાભરી રીતભાત ઇચ્છીએ; સભ્ય ને શિષ્ટ વ્યવહાર ઇચ્છીએ. પરંતુ તેમાં સુક્ષ્મ તોલનની અપેક્ષા રહે છે. ઘણી વાર જોઇએ છીએ કે અત્યંત સંસ્કારી ગણાતા વાતાવરણમાં ઉછરેલાં માણસો તેમના સમાજની સંસ્કારી રીતભાત સામે એવું તો બંડ જગાવે છે કે એક વાર તો બીજે છેડે જઇ તદ્દન પ્રાથમિક સ્થિતિમાં રહેવું પસંદ કરે છે. આવી સંસ્કારિતા તેમને મન ગુલામી ને ગુંગળાવનારી વસ્તુ લાગે છે. માટે બાળકોને 'એટીકેટ' શીખવતાં તેની અતિશયતા થાય છે કે કેમ તે ધ્યાનમાં લેવું જ જોઇએ.

સિવાય એ વિચાર તો કરવાનો રહે જ છે કે બાળકને કોઇ પણ જાતની સભ્યતા શીખવવાની જરૂર છે ખરી? બાળક પોતાની નિર્વ્યાજતામાં, તેની નિખાલસતામાં, તેની સ્વાભાવિકતામાં વધારેમાં વધારે સભ્ય નથી શું? આપણે તેને સામાજીક સભ્યતા આપી તેને અસભ્ય ને ઢંભી બનાવતાં નથી શું?

ટૂંકમાં 'એટીકેટ' કે સામાજીક સભ્ય

વર્તન પરત્વે શિક્ષણ આપતા પહેલાં માબાપોએ જરા થોભવાનું છે ને વિચાર કરવાનો છે કે આપણે શું કરીએ છીએ, ને જે કરીએ છીએ તે યોગ્ય છે કે નહિ. જરા પણ શંકા પડે ત્યાં કાંઇ પણ શીખવી દેવા કરતાં ન શીખવવામાં ઓછી ભૂલ પડશે એવી ખાત્રી રાખવી.

તા.

પહેલેથી વિચાર કરો

બાળકોનું મોઢું લુતી વખતે પહેલેથી વિચાર કરો. આપણે જે કપડું હાથ આવે છે તેનાથી તેનું મોઢું લુછએ છીએ. પિતા પોતાના ધોતીયાથી ને માતા તેના સાડલાથી લુવે છે. અથવા તો ઘરમાં જે કોઇ કપડું પડેલું હોય તેનાથી પણ લુવે છે. કપડું ગંદું હોય ને તેથી એકંદરે મોઢું સાફ થયું દેખાય છતાં ખરી રીતે સાફ થયું ન કહેવાય. તે વાત બાજુએ રાખીએ. પણ દરેક કપડામાં ધૂળ વગેરેનો મેલ છે એ ઉપરાંત તેમાં રોગોના જંતુઓ હોવાનો પૂરતો સંભવ છે. આપણે જ્યાં ત્યાં જઇએ છીએ ને બેસીએ છીએ. એમાંથી ચેપી રોગોના જંતુઓ પણ લાવીએ છીએ. જંતુઓ મોઢા વાટે તુરત શરીરમાં દાખલ થઇ શકે છે. આપણે સૌ બાળકોનાં મ્હોં લુતી વખતે સ્વચ્છ ધોએલું કપડું વાપરીએ. એ ટેવ પડતાં વાર લાગશે છતાં પાડવા જેવી તો છે જ.

ગિ.

શિક્ષકોની નિર્વીર્યતા

અક્ષરજ્ઞાન યોજનાને શિક્ષકોએ વધાવી લીધી છે. પણ હજી કેટલાયે શિક્ષકો બાકી છે. જે શિક્ષક ભાઇઓને પછાત રહેવામાં મનુષ્યત્વની હાનિ લાગે છે, નિર્વીર્યતા લાગે છે તેઓ તો આજના યુગની કંઇ ને કંઇ પ્રવૃત્તિ ઉપાડે જ છે. એ બધી પ્રવૃત્તિઓમાં કેવળ નિર્દોષ છતાં મહત્ત્વની એવી પ્રવૃત્તિ અક્ષરજ્ઞાન આપવાની છે. દેશના અન્ય શિક્ષકો રાષ્ટ્રીય લડતમાં પડ્યા હોય ત્યારે તેના બીજા ભાઇઓ કંઇ નહિ તો રાષ્ટ્ર માટે આટલું તો કરે ? અને જો શિક્ષકો આટલું પણ ન કરી શકે તો તેમને માટે લોકો શું ધારશે ? લોકો હમેશ તટસ્થ બુદ્ધિથી ઘણું જોઇ શકે છે. કોણ શક્તિમાન છે અને કોણ નથી, કોણ આળસુ છે અને કોણ ઉદ્યોગી છે, કોણ સમયને સમજે છે ને કોણ અણજ છે એ બધું જાણીને અને જોઇને લોકો ન્યાય કરે છે. એવા ન્યાયનું ફળ આજે શિક્ષકો ભોગવે છે. તેઓ આટલા બધા પછાત છે, વર્ગ વિનાના છે, પદવી કે ઓહદા વિનાના છે તેનું કારણ એ છે કે તેઓને લોકોએ જાણ્યા છે. લોકો એમ કહે કે " શિક્ષકોને અમે મદદ નથી કરી શકતા. તેઓ અલ્પપ્રાણ છે; સેવાભાવી નથી; સ્વાર્થી છે. " તો આપણે તેમને ઠપકો કેમ આપીએ ?

શિક્ષકો ! આપણે આજે શું કરવું જોઇએ તેનો વિચાર કરશો ?

ગિ.

શારદાનો નિશ્ચય

ચંપા પાંચ વર્ષની બાળા. દીવાલ ઉપર ફટાકડા ન ફોડાય એવું વાતાવરણ ચારેકોર છે. આસપાસનાં બાળકો કોઈ ફોડતાં નથી. ચંપાના મુરબ્બીઓએ પાંચ ફટાકડા ઘરમાં આણેલા હશે.

ચંપાની સાથે વાત કરતાં વાત કાઢીઃ "જો ચંપા, ઓણ ફટાકડા ફોડાતા નથી, ખબર છે ને? ઓણ તો ગામેગામનાં છોકરાંઓએ જ નક્કી કર્યું છે કે 'અમારે ફટાકડા નથી ફોડવા.' ફટાકડા ફોડીએ એટલે તો ફટફટ થાય, ધૂમાડો થાય ને પૈસા પાણીમાં જાય. ફટાકડાને બદલે ગળ્યું ગળ્યું ખાવાનું ન ખાઈએ!"

ચંપા સામે જોઈ રહી. તે વિચારમાં પડી ગઈ હતી. તે કહેઃ "હેં! સાચે જ બધાં બાળકોએ એમ કર્યું છે? ફટાકડા ફોડવા જ નહિ?"

મેં કહ્યુંઃ "હા, છોકરાંઓએ એમ કર્યું છે."

ચંપા કહેઃ "પણ એ ખોટું નહિ બોલતાં હોય?"

મેં પૂછ્યુંઃ "એમ કેમ પૂછ્યું?"

ચંપા કહેઃ "ઘણાં બાળકો ખોટું બોલે છે."

મેં કહ્યુંઃ "પણ આ બાળકોએ તો બરાબર નક્કી કરીને કહ્યું છે."

ચંપા કહેઃ "તો પછી મારા ફટાકડા હું નહિ ફોડું. આપણે એકલા કાંઈ ફોડાય?"

થોડીવાર ચંપાએ વિચાર કરી કહ્યુંઃ "પણ કોઈ દિ' ફોડાય કે નહિ?"

મેં જોયું કે ચંપાને ફટાકડા ફોડવાનું મન છે અને સાથે સાથે બીજાંઓ ફોડતાં નથી માટે ફોડવું ગમતું પણ નથી. બાલસ્વભાવનું આ સાદું દર્શન જોઈ મને વાતમાં રસ પડતો હતો.

મેં માર્ગ કાઢ્યોઃ "ફોડાય ફોડાય. મહાત્મા ગાંધી જેલમાં છે તે છૂટે ત્યારે ફોડાય. ત્યારે તો રાજી રાજી થઈ જવાનું ને કૂદાકૂદ કરવાની ને ફટાકડા પણ ધમધમ, ફટફટ ફોડવાના."

ચંપાના મનને અત્યંત સમાધાન થયું. તે કહેઃ "ત્યારે તો હું મારા ફટાકડા કબાટમાં મૂકી રાખું. ગાંધીજી છૂટશે ત્યારે ફોડીશ."

મેં કહ્યુંઃ "ઠીક."

ચંપાએ નિશ્ચય કરી લીધો. તેણે તે બાને ને ફોઈને જાહેર પણ કર્યોઃ "ગાંધીજી છૂટશે ત્યારે ફટાકડા ફોડીશ."

બાળકોના અભ્યાસીઓને આ અનુભવ ઘણો ઉપયોગી થશે. ગિ.

કોને શીખવવું અને કોને નહિ

આપણે શિક્ષકો છીએ. આપણે શિક્ષણ આપવા માટે છીએ; આપણે ઢોરોને ડબ્બામાં પૂરવા માટે નથી. આપણે નિશાળને ગંદકીનું ઘર કરવા માટે નથી. આપણે માત્ર માબાપોનો ભાર હળવો કરવા માટે નથી. આપણે રોજ વિચાર કરવો કે કોને શીખવવું અને કોને નહિ.

કોને ન શીખવવું?

જે બાળકો ગંદાં આવે તેમને.

જે બાળકો મેલાં કપડાં પહેરીને આવે તેમને.

જે બાળકો ફાટલાં તૂટલાં કપડાં પહેરીને આવે તેમને.

જે બાળકો પરદેશી કપડાં પહેરીને આવે

તેમને.

જે બાળકોની આંખો આવી હોય તેમને.

જે બાળકોના કાન વહેતા હોય તેમને.

જે બાળકોના માથામાં ઉંદરી હોય તેમને.

જે બાળકોના વાળ ખૂબ વધ્યા હોય ને મેલા હોય તેમને.

જે બાળકોનાં નાક ગંદાં હોય તેમને.

જે બાળકોનાં દાંત સડતા હોય તેમને.

જે બાળકોને ખસ કે ગુમડાં થયાં હોય તેમને.

જે બાળકો માંદાં હોય તેમને.

જે બાળકોના નખ વધ્યા હોય તેમને.

આવી ઉણપો માટે બાળકો નહિ પણ તેમનાં માબાપો જવાબદાર છે. જવાબદાર માબાપો બેદરકાર રહે તો તેમનાં બાળકોને શાના ભણાવીએ ?

પણ બાળકોની પોતાની ઉણપોને માટે આપણે તેમને શાળામાંથી રજા ન આપીએ. તેમને આપણે પ્રીતિપૂર્વક ભણાવીને રસ્તે મૂકીએ.

કેવાં બાળકોને ભણાવવા યત્ન કરીએ ?

જે બાળકોનું ભણતરમાં ધ્યાન ન રહેતું હોય પણ મન ભટકતું હોય.

જે બાળકો ગાળાગાળી કે મારામારી કરતાં હોય.

જે બાળકો નિશાળમાં ધોંધાટ કરતાં હોય.

જે બાળકો પાઠ ન કરી લાવતાં હોય.

જે બાળકોને યાદ ન રહેતું હોય.

જેમને ભણતાં ભણતાં ઊંઘ આવતી હોય.

જે પોતાની ચોપડીઓ સાચવતાં ન હોય પણ રઝળતી રાખતાં હોય.

જે ચોરટાં કે બહુ તોફાની હોય.

જે મસ્તીખોર હોય.

જે મારતરની મશ્કરી કરતાં હોય.

શિક્ષણથી આ બધા દોષો દૂર કરવાનો પ્રયત્ન આપણે કરીએ. આ માટે માબાપો જવાબદાર તો છે જ; આ બધી વસ્તુઓ ઘર અને વાતાવરણમાંથી જ જન્મેલી છે. પણ તેનો ઉપાય આપણે કરી શકીએ છીએ. તે નિર્બળતાઓ માબાપો આપી શકે છે પણ દૂર કરી શકતાં નથી. અને આપણો તે ખાસ વિષય છે માટે આપણે તેમને શીખવીએ. **ગિ.**

નિશાળમાં ચેપી રોગ

નિશાળ ચેપી રોગોને ફેલાવવાનું એક સાધન છે એ વાતથી શિક્ષકે અને માબાપોએ બન્નેએ જાણીતા રહેવાની અને ચેતવાની જરૂર છે. આંખો આવી હોય તેવું એક બાળક શાળામાં આવી રમે છે, ફરે છે, સૌની સાથે બેસે ઉઠે છે તેમાંથી બીજાંને ચેપ લાગે છે. બીજું ત્રીજાને ચેપ આપે છે ને એવી રીતે ઘણી વાર એક જ બાળકના રોગના ભોગ ઘણાં બાળકો થઇ પડે છે. એક બાળકના માથામાં જૂઓ છે. તેના માથામાંથી બીજાના માથામાં ને ત્યાંથી ત્રીજાના માથામાં પાસે બેસવાથી અગર એક બીજાની ટોપીઓ કે ઓઢણાં રમતમાં ઓઢવાથી અગર એક બીજાના દાંતીયા વાપરવાથી જાય છે, ને એ રીતે જૂઓ ફેલાય છે. જ્યાં એકાદ બે પ્યાલાઓથી આખા વર્ગનાં કે શાળાનાં બાળકો પાણી પીએ છે ત્યાં મોઢાના ચેપી રોગો

પ્યાલાઓ વાટે ફેલાય છે. આ તો આપણા જાણવામાં દેખવામાં આવે તેવા રોગો છે. પણ દાક્તરી દૃષ્ટિએ બીજા ઘણા નાના મોટા રોગો સમૂહમાં એકઠા થઇને રહેનાર મંડળોમાં આવી જાય છે તેની આપણને જાણ પણ નથી. આથી કાળજી લેનાર માબાપનાં તંદુરસ્ત બાળકોને પણ વારંવાર સહન કરવું પડે છે. બાળકોને શાળાએ મોકલવાનો લોભ છોડાતો નથી અને ત્યાંનો ચેપી રોગ ઘરમાં આવ્યા વિનાનો રહેતો નથી. એક બાળકને લીધે ઘણાંને નુકશાન થાય એ ભારે મોટી આપત્તિ ગણાય. તેમાં એકંદર શરીરનું અને મનનું સારૂં એવું નુકશાન થાય.

આ મુશ્કેલી ટાળવા માટે માબાપો તથા શિક્ષકો બંનેએ કાળજી રાખવી જોઇએ.

પ્રથમ તો માબાપની ફરજ છે કે પોતાનું બાળક ચેપી રોગથી માંદું પડયું એટલે તેને શાળાએ મોકલવાનું બંધ કરી દેવું જોઇએ. ચેપી રોગ જેમ આપણે આપણા બાળકને ન આવે તેમ ઇચ્છીએ છીએ તેમ જ અન્ય બાળકોને તે ન લાગે તેની આપણને ચિંતા રહેવી જોઇએ. આપણું બાળક માંદું પડે કે તેને તુરત સારવારમાં મૂકી આપણે દાક્તરને પૂછીને નક્કી કરી લેવું જોઇએ કે તેને શાળામાં મોકલાય કે નહિ. દાક્તરનો અભિપ્રાય ઓળંગીને ન જવું જોઇએ. આપણે બાળકોને સાજાં થયાં ન થયાં ત્યાં તો શાળામાં મોકલી દઇએ છીએ. શીળીના કેસોમાં પૂરાં ભીંગડાં નથી ઉતર્યાં હોતાં ત્યાં તો બાળક શાળાએ જવા માંડે છે. માબાપને બાળકને શાળામાં મોકલવાથી ઘરની ઉપાધિ ટાળવી હોય છે. બાળકને પાછળ રહેવું પાલવતું નથી ને શિક્ષકને પણ એમ કે હાજર રહે તો પરીક્ષામાં પહોંચી વળે. પણ પરિણામે તે બીજાં બાળકોમાં શીળી જેવો ભયંકર રોગ પણ દાખલ કરી બેસે તેનો વિચાર કોઇ કરતું નથી. ચેપી રોગમાંથી બાળક મુક્ત થયું છે કે નહિ તેની દાક્તરી ખાત્રી મેળવ્યા પછી જ જવાબદાર માબાપે બાળકને શાળામાં મોકલવું. એક આપણા બાળકના ભણતર કરતાં બીજાં બાળકોનાં જીવન વધારે કિંમતી છે એ ધ્યાનમાં રાખવું જ રાખવું. નિશાળનો માસ્તર આ બાબતમાં કાળજી લે છે કે નહિ તે બાજુ પર રાખી માબાપે અન્ય માબાપોના હિતની ખાતર કદિ પણ ચેપી રોગવાળું–રોગ નાનો હોય કે મોટો હોય તો પણ–બાળક શાળાએ મોકલવું નહિ.

શિક્ષક તો હજી સુધી આ બાબતમાં કેવળ બેદરકાર જ જણાયો છે. તે બાળકો સામે જોયા વિના ઉંધું ઘાલી ભણાવ્યે જ જાય છે. છોકરો હાજર છે તેટલું તેને મન બસ છે. કોઇ પણ શાળામાં જઇને જોઇએ તો ખબર પડે કે કાનમાંથી પસ વહેતાં, ગડ ગુમડાવાળાં, ખસવાળાં, આંખો આવેલી હોય તેવાં ઘણાં બાળકો જડી આવશે. કોઇ પણ ખાતા તરફથી એવું ધોરણ દાખલ કરવામાં આવ્યું નથી કે દરરોજ બાળકોને તપાસી જવાં તથા માંદાં અને ચેપી રોગોથી પીડાતાં બાળકોને નિશાળમાંથી ઘેર મોકલી દેવાં.

પણ માબાપે તેમ જ શિક્ષકે આ બાબતમાં જવાબદારી લેવી ઘટે છે. ચેપી રોગવાળાં બાળકો એ માબાપને શરમ રૂપ છે. જે શાળામાં તે ભણતાં જોવામાં આવે તે શાળાના શિક્ષકે નીચું જોવા જેવું છે. શાળામાં ચેપી રોગવાળું

બાળક રાખી જ ન શકાય. તેને રજા અપાય અને સાથે માબાપને કહેવડાવાય કે રોગમુક્ત થાય નહિ ત્યાં સુધી બાળકને મોકલશો નહિ. શિક્ષક તેવા બાળકોની ગેરહાજરી કે અભ્યાસની ખોટી ચિંતા ન કરે. તે પહેલી તકે સારાં થાય તેની સૂચના અને ઉપાય માબાપને બતાવે. માબાપને–ખાસ કરીને અજ્ઞાન માબાપને દવા પૂરી પાડી, તેને ત્યાં જઈ દવા નાખી કે લગાડીને બાળકોની સેવા પણ કરે. પણ શાળામાં ચેપી રોગવાળાં બાળકોને ન રાખે. શાળામાં રાખી તેમની દવા ચાલુ ન કરે. ચાલુ શાળામાં તેવાં બાળકોને રાખી તેમનો ત્યાં ઉપાય કરવામાં બીજાં બાળકોને નુકશાન છે; ચેપ ફેલાવાનો એટલો જ સંભવ છે. માટે શિક્ષકે ગરીબ અને અજ્ઞાન માબાપોનાં બાળકોની સેવા તેમને ઘેર જઈને અગર પોતાને ત્યાં બોલાવીને કરવી. શિક્ષકે શ્રીમન્ત, સમજદાર, બુદ્ધિશાળી અને છતાં બાળસુ માબાપોને મદદ ન કરવી. તેઓ પાસે અન્ય સાધનો અને મદદ છે. તેઓને પોતાનાં બાળકોની ચિંતા હશે તો તેઓ સમજી લેશે; ન લે તો ખોટ તેમને છે.

ટૂંકમાં શાળામાં ચેપી રોગ ન પેસે તે માટે માબાપ પોતાનાં ચેપી બાળકોને ત્યાં ન મોકલે; શિક્ષક ચેપી રોગવાળા બાળક સામે ચોકી રાખે ને તેવું કોઇ પણ બાળક પેસી ન જાય તે માટે હમેશની તપાસ રાખે. કોઇ એવું બાળક પેસી જાય તો તેને રજા આપતાં સંકોચ પામે નહિ. શિક્ષક તેવે વખતે ખોટી શરમને વેંઢારે નહિ. તે કોઇની મોટાઇથી દબાય પણ નહિ.

ચેપી રોગવાળાં બાળકો વિનાની શાળા રાખીશું તો ચોક્કસ ચેપી રોગોનો ફેલાવો ઘટશે. આજે તો શાળા ચેપી રોગો ફેલાવવાનું એક મોટું સ્થાન છે. પણ આવતી કાલે શાળા આરોગ્ય વધારવાનું એક સુંદર સ્થાન થઇ રહે એવું આપણે કરીએ. ગિ.

વસંત બાલસાહિત્યમાળા

બાળકો માટે ખાસ

કામાચ્યારૂ એક વાર્તા: ઇતિહાસના શિક્ષણની
થીઆસાં ,, ભૂગોળના શિક્ષણની
આલ્સસ અને ક્રાન્સ ,, ભાષાના શિક્ષણની
તિરંદાજ ,, દેશાભિમાનની
વાનર સેનાનાં ગીતો સાથે ગાવાનાં ગીતો

દરેકનો એક પૈસો; બધાનું પોસ્ટેજ ૦–૧–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

અક્ષરજ્ઞાન યોજનાને મળેલી મદદ

૫–૦–૦	શ્રી. રમણિકલાલ વૃ. શાહ	બોરીવલી
૫૦–૦–૦	શ્રી. જેસંગભાઇ ભોગીલાલ ચીનાઇ	મુંબઇ
૧૦–૦–૦	શ્રી. એમ. એન. ગોકલી	મુંબઇ
૫–૦–૦	શ્રી. શામળદાસ હીરાચંદ	ચોરવાડ
૧૩–૧–૦	શ્રી લાજપત બાદી ભંડાર	કરાંચી
૭–૦–૦	ચિ. યશોદાબેન ડાહ્યાભાઇ	બુકોબા, આફ્રિકા
૫૦–૦–૦	શ્રી. મણિલાલ સી. બક્ષી	મુંબઇ
૮–૪–૦	હા. શ્રીમતી ઇંદિરાબેન ગદ્રે	રાજકોટ
૫–૪–૦	મી. બીડી	
૧–૦–૦	મી. શીરાળી	
૧–૦–૦	મી. પટ્ટણકુડીકર	
૧–૦–૦	મી. જોશી	
૯–૦–૦	શ્રી. સોમાભાઇ ભવાનભાઇ પટેલ	અમદાવાદ

૧૫૭–૫–૦

[તા. ૧૫–૧–૩૧ સુધીમાં]

શિક્ષકોએ ક્યારે શાળા છોડવી ?

શિક્ષકે રોજ વિચાર કરવો કે મારે ક્યારે શાળા છોડી દેવી અને બીજો ધંધો લેવો. આમ રોજ વિચાર કરનાર શિક્ષક કાં તો તે કાયમનો શિક્ષક બને છે, અગર તે શિક્ષક મટી સારો વેપારી, નોકર વગેરે કંઈ ને કંઈ બને છે. શિક્ષકના ધંધામાં પડેલા ઘણી વાર ભૂલથી તેમાં ભરાઈ જ પડેલા હોય છે.

શિક્ષક રોજ પોતાને પૂછેઃ "મને ભણાવતાં આવડે છે ? મને જે ભણાવવું છે તેનું જ્ઞાન છે ? મારું ભણાવવું રસિક અને સફળ થાય છે ? મારે ભણાવવા માટે મારવું પડે છે ? ભય કે ખોટી લાલચ આપીને છોકરાંને વશ રાખવાં પડે છે ? મારે એક તરફથી માબાપની અને બીજી તરફથી ઉપરીની ખુશામત કરવી પડે છે ? મારા પોતાના ઉદ્ગારમાં ઉદ્ગાર વિચાર પ્રમાણે હું શિક્ષણ આપી શકવા સમર્થ છું ? મારું બાળક મને સારી રીતે શિક્ષણ આપવાની છૂટ અને અનુકૂળતા આપે છે ? મારા વિદ્યાર્થીઓને સાચા મનુષ્યો બનાવવાનું હું શિક્ષણ આપું છું કે નાતાકાત નામર્દો બનાવવાનું શિક્ષણ આપું છું ? મારું પૂરું પોષણ થતું નથી છતાં હું આળસુ હોવાથી બીજો ધંધો નથી શોધતો એમ તો નથી ? હું શિક્ષકના જીવનને જીવું છું કે તેથી ઊલટું ? હું કામચલાઉ રસ્તે ચાલતો શિક્ષક છું કે હું સાચે જ શિક્ષક થવા ઉમેદ રાખું છું ?"

આવા સવાલોના જવાબ પોતે જ શોધવા અને ઉત્તર રૂપે એમ આવે કે આ ધંધામાં રહેવાને આપણે લાયક નથી તો આપણે ચાલતા થવું જોઈએ. એમ નહિ કરીએ તો આપણને રજા આપનારા મળી રહેશે જ.

ગિ.

આવતો અંક વી.પી. થશે.

પત્રિકાનું આવતા વર્ષનું લવાજમ વસુલ કરવા માટે નવો અંક રૂા. ૧–૨–૦ ના વી. પી. થી મોકલાશે. જેમને નવા વર્ષનો અંક વી. પી. વિના જોઇતો હોય તેમણે કાં તો રૂા. ૧–૦–૦ મ. ઓ.થી. અથવા ટિકીટો દ્વારા ગ્રાહક નંબર સાથે મોકલી આપવો. અથવા બંધ થવાના કૃપા કરી બબર આપવા. બાકીનાને માટેનાં વી. પી. તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજથી રવાના થશે. અમને વી. પી. ના નાહકના ખર્ચમાંથી બચાવશો ?

પત્રવ્યવહાર વખતે પરબીડિયા ઉપરનો તમારો ગ્રાહક નંબર લખો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી, ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

આ અંકનો વધારો

[શિક્ષણ] બેટ અંક [પત્રિકા

:-તંત્રીઓ :

ગિજુભાઇ અને તારાબેન

૧૯૮૬ ના : ફાગણથી : વર્ષ પાંચમું : ૧૯૮૭ના : માઘ સુધી

અમે તો તકલી કાંતીશું, અમે તો તકલી કાંતીશું.

સ્વરાજ મંત્રને ભણતાં ભણતાં,
નક્કી દિન ને રાત;
તકલીનું બળ એવું જાણો,
સૌને કરશું મ્હાત–

અમે તો તકલી કાંતીશું, અમે તો તકલી કાંતીશું.

તકલી ફરશે, સૂત નીકળશે,
દેશી વસ્ત્રો ધરશું;
તકલી નાની તો પણ ભારી,
સ્વરાજ એથી લઇશું–

અમે તો તકલી કાંતીશું, અમે તો તકલી કાંતીશું.

રામ કથા

દશરથ નામે રાજા હતા. અયોધ્યામાં રાજ કરતા હતા. એને ત્રણ રાણીઓ હતી. એકનું નામ કૌશલ્યા; બીજીનું નામ કૈકેયી ને ત્રીજીનું નામ સુમિત્રા. કૌશલ્યાના રામ, કૈકેયીના ભરત ને સુમિત્રાના લક્ષ્મણ ને શત્રુઘ્ન.

રામ સૌથી મોટા હતા. રામ ગાદીએ બેસવા જેવડા થયા. દશરથ રાજાએ ગાદીએ બેસાડવાનું મૂરત લીધું. પણ એ બધું ફરી ગયું. રામને બાર વરસનો વનવાસ મળ્યો ને ભરતને ગાદી મળી. એ કામાં બધાં મંથરાનાં. મંથરાએ કૈકેયીને શીખવ્યું ને કૈકેયીએ કરાવ્યું.

રામ સાથે સીતા ચાલ્યાં. લક્ષ્મણ કહે: "હું પણ આવું."

રાજપાટને છોડી દીધાં ને મહેલ છોડી જંગલ લીધાં.

ત્રણે જણાં પંચવટીમાં રહ્યાં છે. ખાય છે, પીએ છે ને ભજન કરે છે. ત્યાં રાવણે માયા આદરી.

રાવણ લંકાનો રાજા હતો. બ્રાહ્મણ હતો પણ રાક્ષસ હતો. એને સીતાજી હરી જવાનું મન થયું. એણે એક કપટ કર્યું.

રામ, લક્ષ્મણ ને સીતા બેઠાં છે ત્યાં એક હરણ મોકલ્યું. હરણ સોનેરી ચામડીવાળું. સીતાએ જોયું ને કમણો કરાવવાનું મન થયું. "રામચંદ્રજી, એ હરણ મારી લાવો; એનો મારે કમણો કરાવવો છે."

રામે ઘણી ના કીધી; લક્ષ્મણે ઘણાં વાર્યાં. પણ સીતાએ

તો હઠ લીધી.

રામ તો ધનુષ્યબાણ લઈને મૃગલાની વાંસે દોડ્યા. મૃગલો તો જાય ભાગ્યો. મોઢા આગળ મૃગલો અને વાંસે રામ. કયાંના કયાંઈ નીકળી ગયા. એક તીર લાગ્યું ને મૃગલો પડ્યો. પણ મૃગલો તો માયાવી હતો. મરતાં મરતાં એમ બોલ્યોઃ "ધાજો, વીરા લક્ષ્મણા!"

સીતાજીએ સાંભળ્યું ને લક્ષ્મણને રામની વાટે મોકલ્યા.

સીતા એકલાં હતાં. અહલેક કરતો ને બાવો આવ્યો ને ભિક્ષા માગી. સીતા ભિક્ષા દેવા ગયાં ત્યાં તો બાવે એને ઉપાડ્યાં ને ભાગ્યો.

ઘણું સીતા સાદ કરેઃ "હે રામ! હે લક્ષ્મણ! દોડો દોડો, મને કોઈ લઈ જાય છે!"

પણ રામ અને લક્ષ્મણ તો બહુ દૂર હતા. કોણ સાંભળે? એ બાવો તે રાવણ પોતે જ હતો.

રાવણે સીતાને અશોક વનમાં રાખ્યાં. ફરતી કાળી કાળી રાક્ષસીઓ મૂકી. રાવણે કીધુંઃ "કાં તો મને પરણ ને કાં તો આ જંગલમાં રહે."

સીતા કહેઃ "મારે એક રામચંદ્રજી સાચા. તું મારો ભાઈબાપ. ભલે હું મરી જઈશ, પણ તને હું નહિ પરણું."

આણીકોર રામ અને લક્ષ્મણ મઢીએ પાછા આવ્યા, ત્યાં તો સીતા ન મળે! અરેરે! કોઈ લઈ ગયું! રામ રડી પડ્યા. લક્ષ્મણ પણ રડી પડ્યા.

શોધતાં શોધતાં પત્તો લાગ્યો કે કોઈ રાક્ષસ લંકામાં લઈ ગયો છે.

રામને હનુમાન અને વાલી અને સુગ્રીવ તથા એવા વાંદરાની ભાઈબંધી થઈ. હનુમાન લંકામાં

જઈને ખાત્રી કરી આવ્યા.

રાવણને ખબર પડી કે કોઈ વાંદરો આવ્યો છે. રાવણ કહેઃ "પૂંછડે ગોદડાં બાંધી ઉપર તેલ છાંટી સળગાવી દો."

હનુમાનનું પૂંછડું બહુ લાંબું. ગામ આખાનાં ગોદડાં બંધાઇ ગયાં. ગામ આખાનું તેલ છાંટવું પડયું. પણ પછી? પછી ગોદડાં સળગાવ્યાં. હનુમાને ભારે કરી! એક ખોરડા ઉપરથી બીજા ખોરડા ઉપર ને બીજા ઉપરથી ત્રીજા ઉપર. આખી લંકા ઉપર સળગતે પૂંછડે કૂદ્યા ને લંકાને બાળી નાખી. પહેલાં લંકા સોનાની હતી. એ લંકા તો બળી ગઈ.

પછી હનુમાન રામ પાસે આવ્યા. રામને થયું કે લડયા વિના સીતા આપશે નહિ. રામે મોટું લશ્કર લીધું. લશ્કરે મોટી પાળ બાંધી. દરિયો ઓળંગીને સૌ લંકામાં આવ્યા.

લંકામાં મોટી લડાઇ થઈ. રાવણનો ભાઇ કુંભકર્ણ મરી ગયો. રાવણનો પુત્ર ઇંદ્રજીત મરી ગયો. બન્ને જણા મોટા જબરા જોદ્ધા હતા. છેવટે રાવણ પણ મરાયો. એક રાવણનો ભાઈ વિભીષણ રહ્યો. એ રામનો ભક્ત હતો, ને એના પક્ષનો હતો.

પછી રામ ને સીતા મળ્યાં. એટલામાં વનવાસ પૂરો થયો.

પછી રામ, સીતા ને લક્ષ્મણ અયોધ્યામાં પાછાં આવ્યાં ને બાધું પીધું ને રાજ કર્યું.

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ;
રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ.

નાંદીડા ગામે

ગાયકવાડી મૂલકમાં નાંદીડા નાના પૈડા જેવડી પહોળી. નામે ગામ છે. એક વાર અમે ત્યાં ગએલા. વાળુ કરીને રાત્રે મેડીએ સૂતા. કૂકડો બોલ્યો ને પ્હો ફાટ્યો.

સૂતાં સૂતાં જ ધમ્મર ધમ્મર, ધરડ ફરડ સાંભળ્યું. "આ શું થતું હશે?"

વિચાર કરતાં સમજાયું કે આ તો ખેડૂતનું ઘર છે, એટલે છાશ થતી હશે.

છાશના રણકારા ઝણકારાના મીઠા અવાજમાં ફરી વાર જરા ઊંઘ આવી ગઇ ને સવાર પડ્યું.

નીચે જઇને જોયું ત્યાં તો મોટી એવી પીતળની ગોળી હતી. મોટી એટલે ઘણી બધી મોટી. સાથળ સુધી ઉંચી; ગાડાના કથરોટ જેવડું તો એનું મોઢું!

ગોળીમાં મોટો રવાયો હતો. જેવી ગોળી એવો રવાયો. બે સાંબેલાં જેવો જાડો. રવાયાને માથે કડી હતી ને કડીને ઉપર વાળાથી બાંધેલી હતી.

ચાર બાજુથી ચાર નેતરે ચાર માણસો ખેંચતાં હતાં. બે બેનો ને બે ભાઇઓ. શું જોરથી ખેંચતાં હતાં! ધમ્મર ધમ્મર ધરડ ફરડ; ધમ્મર ધમ્મર, ધરડ ફરડ. આખું ઘર ગાજી રહ્યું હતું. ફળીયું ને વાડો ગાજી રહ્યાં હતાં. એક જણ થાકે એટલે બીજો આવે ને બીજો થાકે એટલે ત્રીજો જોડાય.

થોડીક વાર નેતરાં ઝટ ફરે; વળી પાછાં ધીમાં પડે. વળી પાછાં ઉતાવળાં; વળી પાછાં ધીરાં.

વચ્ચે વચ્ચે સૌ ઉભાં રહે. કોઈ દીવો લે અને ગોળીમાં જુએ કે હજુ માખણ થયું છે કે નહિ.

અમે તો ત્યાં થંભી જ ગયા. નાની સરખી ગોળી ને એક રવાઇ દીઠેલી. એક જણને છાશ તાણતું ભાળેલું. અહીં તો ચાર જણાં !

મનને થયું: "ખરેખર, આ બેહુતનું ઘર મોટું લાગે છે. ખરા બેહુતને ત્યાં તો આવાં જ મોટાં વલોણાં હોય ના ?"

મને મન થઈ ગયું: "ચાલ ને, જેઉં તો ખરો કે છાશ કેમ થાય છે?" મેં નેતરું લીધું ને બેંચવા માંડ્યું. હાથને જોર તો ઠીક પડતું હતું; પણ મજા સારી આવી. શરીર આખું જાણે બંબેરાઇને હલકું થઇ ગયું. આળસ તો જાણે કયાંઈ ઉડી ગયું !

છાશ થઈ રહી ને મોટો એવો પીંડો માખણ ઉતર્યું.

ત્યાં તો જુવારના ગરમ ગરમ રોટલા થઇ ગયા હતા.

અમને હેતાળ પટેલ અને પટલાણીએ રસોડા પાસે બોલાવ્યા ને ગરમાગરમ રોટલા ને તાજું માખણ પીરસ્યાં. વધારામાં પાપડ પણ આપ્યા.

પાપડ ને માખણ ચોપડેલો રોટલો બહુ મીઠાં લાગ્યાં. એનો સ્વાદ તો મોઢામાં રહી ગયો છે.

નાંદીડા ગામ અને ત્યાંની મહેમાનગતી કોઇ દિવસ નહિ ભૂલાય.

આજ મારે વલોણે વાર છે રે લોલ,
સાત સમદરની ગોળીરે કીધી, આકડી કીધી ચંદનની રે લોલ...આજ૦
નવકુળ નાગનાં નેતરાંરે કીધાં, મેરૂ કીધો છે રવાયો રે લોલ...આજ૦

બળીયા કાકા

બળીયા કાકા એ તે કોના કાકા ? મારા કાકા તો નહિ; અને મારે કહેવું જોઇએ કે તે તમારા કાકા પણ નહિ.

પણ એ કાકા તો છે જ. અને તે અજ્ઞાની અને વહેમી લોકોના.

વહેમી લોકો શીતળા ઉર્ફે બળીયા કાકાને માને છે. મને લાગે છે કે શીતળા અને બળીયા બન્ને એક જ રૂપ છે. પણ કોઇ એને મા કહે છે; કોઇ એને કાકા કહે છે.

કાકાને બળીયા એટલા માટે કહે છે કે કાકાને સૌ બળીયા ધારે છે. સૌથી બળવાન. કોઇ એને પહોંચે નહિ.

અજ્ઞાની લોકો માને છે કે એ તો આપણે ત્યાં પધારે છે. આપણે ત્યાં પથારી નાખીને પડે છે. અને જ્યાં સુધી પથારી નાખીને પડે ત્યાં સુધી છોકરાને કે ઢોરને જોને બળીયા નીકળ્યા હોય એને દવા કરાય નહિ; કાંઇ ઉપાય કરાય નહિ. એ તો કાકા આવે ને જાય. દયા હોય તો કોઈ બાંડું બાંડું ન થાય. વખતે બળીયા કાકાનો હુકમ થાય તો કોઇ બાંડું બાંડું થાય પણ ખરું, એટલે કે મરી જાય.

બળીયા કાકા ઘરમાં આવે ત્યારે અજ્ઞાની લોકો હજામત કરાવે નહિ; અજાણ્યાને ઘરમાં આવવા ન દે. કોઇનો ઓછાયો પણ ન લે. ઘરમાં વધારે કે ઢુંગારે પણ નહિ. ઘરને ટોડલે લીમડાનાં તોરણ બાંધે.

કેવા અણસમજુ માણસો ?

બળીયા કાકા છોકરાનો જીવ લે તો પણ કાકા !

ઢોર તેનાથી મરી જાય તો પણ કાકા !

બિચારાં ઢોર અને છોકરાં બળીયાથી બહુ પીડાય છે. છોકરાંને આખે ડિલે ફોલ્લા ફોલ્લા નીકળે, ઢોરને એમ ન નીકળે, પણ તેની આંખોમાંથી પાસ ચાલ્યાં જાય. છોકરાં તો એવાં પીડાય, એવાં પીડાય કે વાત ન કરો ! અને ઢોર પણ બિચારાં ન ખાય ન પીએ; એમ ને એમ ઉભાં રહે.

બળીયા કાકા લાકડાના દેવ નથી

પણ પત્થરના દેવ છે. જવી મેલડી, હનુમાન ને બીજા દેવ છે તેવા. લોકો કાકાની માનતા કરે અને છોકરાંને ત્યાં પગે લગાડવા જાય. લોકો તે કેવા હશે, વારૂ ?

ઘરમાં છાણના બળીયા કાકા બનાવે છે. ભીંત ઉપર છાણથી તેની મૂર્તિ કાઢે છે. તેને રૂનો હાર ચડાવે છે; તેની સામે દીવો કરે છે; ને બાજરાનો લોટ અને ગોળ ભેળવીને કરેલા પેંડા (કુલેર) નૈવેદ્ય ધરાવે છે ને પછી સૌને વહેંચે છે.

બળીયા કાકાનું વાહન તો હોય તે ખરૂં, પણ શીતળાનું વાહન તો ગધેડું છે. એક કહેવત છે કે ' જવી શીતળા દેવી, એવું એનું વાહન ગધેડું.'

ગધેડા ઉપર બેઠેલી શીતળા દેવી કેવી લાગતી હશે ?

બળીયા કાકાને મૂરખ લોકો માને ને તેનાથી ડરે. બાકી એક વાણિયે બળીયા કાકાને ય ઠગેલા. વાણિયો બરાબર સમજેલો કે પથરાના દેવમાં તે શું હોય ? એની એક વાર્તા છે.

એક હતો વાણિયો. એને એક હતો છોકરો. એને બળીયા કાકા નીકળ્યા. કાકા બહુ ભારે નીકળેલા. આડોશી પાડોશી જોવા આવ્યાં ને કહ્યું: " શેઠ, શેઠ ! કાકા તો બહુ ભારે લાગે છે. કાંઇક માનતા કરો. લાખેણો છોકરો છે, બાપુ ! એ હશે તો બધું છે."

શેઠ બડો પક્કો હતો. ગળે વાત તો ન ઉતરી, પણ લોકલાજે દબાયો.

એણે તો માનતા કરી: " હે બળીયા કાકા, જો મારા દીકરાને સારૂં થઇ જશે તો હું તમને એક પાડો ચડાવીશ. "

થોડા દિવસ થયા ને છોકરો સાજો થયો. તો પણ શેઠ માનતાનું સંભારે નહિ. વળી આડોશી પાડોશી કહે: " શેઠ, છોકરો તો સાજો થઈ ગયો. માનતાનું છે. લાંબું કર્યું ઠીક નહિ. દેવનું દેવું વહેલું જ ચૂકવીએ."

શેઠે વિચાર્યું: " હવે કર્યા વિના નહિ ચાલે. આ આડોશી પાડોશી નહિ મૂકે. "

આડોશી પાડોશી સૌ રાજી થયાં. સૌએ કહ્યું: "એમ તો શેઠ સમજુ છે."

ઘરની પાસે એક પખાલી રહેતો હતો. તેને એક પાડો હતો. પખાલી રાતે પાડાને બાંધે. પખાલીનું ફળીયું ને વાણિયાનું ફળીયું જોડાજોડ.

વાણિયો કહેઃ "પાડાનો વળી ખરચ કયાં કરું? આ પાડોશીનો પાડો છે તે શા કામનો છે? એ પણ માનતા મનાવવા તો આવ્યો જ હતો!"

વાણિયો સવારે વહેલો ઉઠ્યો ને દોરડા સહિત પાડાને બીલેથી છેડયો.

ગામ બહાર બળીયા કાકાની શિલા ખોડી હતી. જઇને પાડાને બળીયા કાકા સાથે મજબૂત બાંધી દીધો.

સવારે પખાલી ઉઠયો ને પાડો છોડવા જાય તો પાડો ન મળે! પાડાને આખા ગામમાં શોધ્યો પણ કયાંય જડે નહિ. પખાલી પાડાને સીમમાં શોધવા નીકળ્યો. મનમાં પાડા ઉપર ખૂબ બીજતો હતો.

ત્યાં તો પાડો દેખાયો. બળીયા કાકાની શિલા સાથે બાંધેલો હતો.

બીજાએલા પખાલીએ જોરથી પાડાને એક લાકડી લગાવી. એટલે તો પાડો ચાર પગે નાઠો. મોઢા આગળ પાડો ને વાંસે બળીયા કાકા. જાય ઢસરડાતા! પાડો ભાગતો ભાગતો ઘર સુધી આવ્યો, ત્યાં વાણિયાના ઘર આગળ શિલા છૂટી ગઇ.

વાણિયો હસીને કહેઃ "શી બળીયા કાકાની કિરપા! કાકાએ પાડાને સજીવન તો કર્યો પણ ઘેર આવીને દર્શન દીધાં!"

વાણિયાએ તો બળીયા કાકાની શિલાને ઘરમાં આણી ને તેનો વરઘોડો કાઢયો.

કાકાને વેલમાં બેસાર્યા. મોઢા આગળ ઢોલ શરણાઇ વગડાવ્યાં. સાથે વાણિયો પોતે ગાતો જાય ને ગવડાવતો જાયઃ

"નંદના ફંદ ગોવિંદ જાણે,
બળીયા કાકાને પાડો તાણે."

ઉંદર ભલી તમારી આંખ,
મારા રૂપિયા લઈ ગ્યા પાંચ–
ઘણું શું કહીએ રાજ વાલાજી.

ઉંદર ભલી તમારી બોલી,
મારી કંપાશી ડાંગર ફોલી–ઘણું૦

ઉંદર ભલા તમારા હોઠ,
મારો દળેલ ખાધો લોટ–ઘણું૦

ઉંદર ભલા તમારા ગાલ,
મારા દાબેલ ખાઇ ગ્યા વાલ–ઘણું૦

ઉંદર ભલા તમારા પગ,
મારા દાબેલ ખાઇ ગ્યા મગ–ઘણું૦

ઉંદર ભલા તમારા કાન,
મારાં તાણી ગયા તમે પાન–ઘણું૦

ઉંદર ભલું તમારું પુંછડું,
મારું કરડી ખાધું લુગડું–ઘણું૦

ઉંદર ભલું તમારું પેટ,
મુજને ભલી કરાવી વેઠ–ઘણું૦

ઉંદર ભલા તમારા દાંત,
મારી કરડી ખાધી તાંત–ઘણું૦

ઉંદર ભલી તમારી ટેવ,
મારી ખાઇ ગ્યા ચણેલી સેવ–ઘણું૦

ઉંદર ભલી તમારી ચાલ,
મારી કોરી કરડી શાલ–
ઘણું શું કહીએ રાજ વાલાજી.

જળમાં રહેનારાં પ્રાણીઓ	મુસાફરીનાં આજનાં સાધનો
(૧) માછલાં	(૧) આગગાડી
(૨) દેડકાં	(૨) ગાડું–એકો
(૩) પોરા	(૩) સાઇકલ
(૪) જળો	(૪) ટપ્પો–ગાડી
(૫) મગર	(૫) મોટર
(૬) જળસાપ	(૬) વહાણ
(૭) કાચબા	(૭) આગબોટ
(૮) જળકૂકડી	(૮) વિમાન

બહેનોનાં નામ

ગામડાની	શહેરની
(૧) ડાહીબેન	(૧) અનંતબાળા
(૨) જમનાબેન	(૨) કુંજકિશોરી
(૩) ચંચળબેન	(૩) શશીવદની
(૪) ઝમકુબેન	(૪) તરુલતા
(૫) મણીબેન	(૫) પ્રિયંવદા
(૬) સમરથબેન	(૬) કુમુદસુંદરી
(૭) સોનુબેન	(૭) અનોપમા
(૮) દીવાળીબેન	(૮) ગુણગૌરી

પોંક ખાવા

"કાં, ઉકા ! પોંકને કેટલીક વાર છે ?"

"હવે વાર શી ? ડુંડીએ ધઉં તો ચડી ગયેા છે."

"ત્યારે હવે એક વાર પોંક ખવરાવવા લઇ જા ને ?"

"આપણી કયાં ના છે ? થાએા સાબદા. ગાડું તૈયાર છે."

"ત્યારે કાલે વાત. કયારે જશું ?"

"સવારે નહિતર સાંજે, પણ બપોરા પછી ઠીક. આ....ને નિરાંતે જવાય. સાંજે પાછા વળી આવશું."

"ઠીક ત્યારે બપોરે નીકળશું."

* * *

ઉકાએ ગાડું જોડવા માંડયું ત્યાં તો ચિંતુ, બટુક, જમના ને ગેાદી ગાડે ચડી બેઠાં.

ઉકેા કહેઃ "અરે, એટલાં ઉતાવળા કાં થાએા ? ગાડું જોડવા તો દ્યો."

ચિંતુ કહેઃ "કાં બટુક, ઉતરવું પડયું ના ?"

બટુક કહેઃ "તે તારેયે ઉતરવું પડયું ના ?"

જમના કહેઃ "બેાખ્યલું !"

ગેાદી કહેઃ "તારૂં બેાખ્યલું !"

રામજી કાકા કહેઃ "હવે સૌનું બેાખ્યલું. ચાલેા હવે ગાડામાં બેસી જાએા. જોજો, સૌ બરાબર સાચવીને બેસજો."

ચિંતુ કહેઃ "કાકા, હું અહીં બેસું ?"

રામજી કાકા કહેઃ "ત્યાં નહિ બાપુ, ત્યાં આડામાંથી પડી જવાય."

જમના કહેઃ "આપણે તો ઠાંઠે બેસશું. આ દોરડું પકડીને."

* * *

ગાડું ખેતરે આવ્યું ને બળદ છૂટ્યા. હામાએ બળદને લીમડે બાંધ્યા, બુંગણ પાથર્યું ને કહ્યું: "એલ્યેા સેાકર્યો, (છેાકરાંએા) આ બુંગણ ઉપર બેહેા."

ચિંતુ કહેઃ "અહાહાહા ! લીલું લીલું ખેતર !"

ગોદ્દી કહેઃ " જો તો, વા વાય છે ને ધઉં કેવા આમ આમ હલે છે ! "

બટુક કહેઃ " કાકા, અમે ધઉંમાં જઇએ ?

કાકા કહેઃ " જાઓ. પણ બહુ આઘે જશો નહિ. "

ચિંતુ અને જમના, બટુક અને ગોદ્દી ધઉંમાં દોડી ગયાં. ચિંતુને ધઉં છાતી સમા, બટુકને કેડ સમા, ને જમનાને ને ગોદ્દીને તો માથા સુધી. ધઉંમાં દોડતાં રમતાં છોકરાંને કાકા જોઇ રહ્યા.

* * *

રઘો ધઉંને કાપી આવ્યો. ખેતરને શેઢેથી ખડ લાવ્યો. દીવાસળી મૂકીને સળગાવ્યું ને ઉપર ધઉંની પૂળી ધરી રાખી. હડહડ ખડ સળગ્યું અને ધઉંની ડુંડીઓ તડતડ કરતી નીચે પડી.

ચિંતુ ને જમના, બટુક ને ગોદ્દી તાપ સામે જોઇ રહ્યાં.

પોંક પડી રહ્યો. રધા અને જોધાએ જોડા પહેરી જોડે જોડે તીખારવા ઓલવી નાખ્યા. હોમાએ ડુંડીઓ ડુંડીઓ ભેગી કરી. રધા અને જોધાએ પછેડી લીધી ને મહીં ડુંડીઓ નાખી; ચાર છેડા ઘોભી રાખ્યા ને લાકડીથી ડુંડીઓને સોડી. તડફડ તડફડ, તડપડ તડપડ. ડુંડીઓમાંથી પોંક જુદો થયો ને ફોતરાં ડુંડાં જુદાં પડયાં. માધાએ પોંકને ઉપણી નાખ્યો ને ડુંડાં ફોતરાં ઉડી ગયાં. પછેડી ઉપર લીલો મજાનો ધઉંના પોંકનો ઢગલો થયો.

રામજી કાકા કહેઃ " જોયું કે છોકરાંઓ, પોંક કેમ પડે છે ? "

જમના કહેઃ " હા કાકા, આજ તો નજરોનજર જોયું. "

ચિંતુ કહેઃ " મેંયે કોઇ દિવસ જોયું નહોતું. "

બટુક કહેઃ " મેં એક વાર જોયું હતું; નાનાભાઇ સાથે પોર બજુડ ગયો હતો ત્યારે. "

" હવે સોકરેં, અઇં બેહીને માંડો ખાવા. "

રામજી કાકા કહેઃ " આ સાકર આણી છે તે હારે ખાજ્યો. "

માધો કહેઃ " કાકા, સાકર વિનાયે ભારે મીઠો લાગે. પોંક તો એમ

ને એમ જ ખવાય. અમે તો એમ ને એમ જ ખાઇએ."

રામજી કાકા કહેઃ "એ જેને જેમ ખાવો હોય એમ ખાન્ને."

ચિંતુ કહેઃ "કાકા, સાકર વિનાય મીઠો લાગે છે. જેમ ચાવીએ છીએ એમ સાકર જેવો ગંજ્યો લાગે છે!"

રઘો કહેઃ "ઇ તો એમ જ છે ના? સાકર ભેગો તો તમે ખાઓ. નાહકના સાકર બગાડો."

જમના કહેઃ "કાકા, થોડો ઘરે લઇ જવા ખીસામાં નાખું?"

માધો કહેઃ "થોડોક શું કામ? આ આટલો બધો ઢગલો કોના સારૂ છે? એક વાર ખાવ તો ખરાં. વધશે ઇ હારે લેજો. તમારે માટે જ પાંડ્યો છે ના?"

સૌએ ધરાઇ ધરાઇને પોંક ખાધો; ખૂબખૂબા ખાધો.

* * *

"એ હવે ગાડા ઉપર ચડી બેસો. સાંજ પડવા આવી છે." રઘે ગાડે ચડી બળદની રાશ હાથમાં લઇ હાકલો કર્યો.

છોકરાં પટાપટ ગાડે ચડી બેઠાં. વચ્ચે રામજી કાકા બેઠા, ને ગાડું ધર ભણી ચાલ્યું. સીમમાંથી હળુ હળુ ગાડું પાદર આવ્યું. પાદરથી ગામમાં આવ્યું. ત્યાંથી શેરીએ આવ્યું ને ત્યાંથી રામજી કાકાના ઘર પાસે આવ્યું.

છોકરાં ઉતરી ગયાં ને રઘા પટેલે પોંકનું પોટકું ગાડામાંથી. ઓશરીમાં મૂક્યું.

ઘરમાં નાનાં છોકરાંએ કૂદાકૂદ કરી મૂકી: "એ પોંક આવ્યો! પોંક આવ્યો!"

* * *

"રઘા પટેલ, આવજો. હામાને રામરામ ને ઉકાને ને માધાનેય રામરામ. એ આવજો."

"એ હો કાકા."

રઘા પટેલ ખાલી ગાડું ઝટઝટ હાંકતા ઉપડી ગયા.

રઘો, હામો, માધો ને ઉકો ચાર ભાઇઓ છે. દસ સાંતીની ખેડ કરે છે. ચારે જુવાન જોધ છે. રાત દિ' રૂપાળી ખેડ કરે છે ને મજા કરે છે.

રામજી કાકા પટેલના ગોર છે;

પૂછવાનું ઠેકાણું છે; ત્રણ પેઢીનો જૂનો નાતો છે.

ચિંતુ, બટુક, જમના ને ગોદી શિવલાલનાં છોકરાં. રામજી કાકાનો નાનો ભાઈ શિવલાલ દરબારમાં નોકરી કરે છે.

બાવળ

પગમાં બાવળનો કાંટો લાગ્યો હશે તેણે તો બાવળનું ઝાડ જોયું હશે.

બાવળ કાઠિયાવાડ અને ગુજરાતમાં ઠેકઠેકાણે થાય છે.

કુદરતે ઘણાં ઝાડો ઉગાડ્યાં છે, તેમ બાવળને પણ ઉગાડ્યો છે.

બાવળની લાંબી સૂળો પગમાં ભોંકાઇ જાય તેટલા માટે નહિ, પણ તેનું લાકડું બહુ કામનું છે માટે બાવળ ઉપયોગી છે.

બાવળનું લાકડું કઠણ છે. તે જલદી સડતું નથી. ખેડુતો તેના લાકડાનાં પૈડાં કરે છે. એનાં પૈડાં બહુ લાંબો વખત ટકે છે.

બળતણ તરીકે બાવળનાં લાકડાં બહુ વપરાય છે. લાકડું કઠણ હોવાથી લાંબો વખત બળે છે, ને તેની આંચ સખત લાગે છે.

બીજાં બળતણ બળીને રાખ થઈ જાય છે. બાવળના લાકડાના કોલસા પડે છે. એ કોલસા ફરી વાર શગડીમાં બાળી શકાય છે.

જંગલોમાં મોટા પાયા પર કોલસા બનાવવામાં આવે છે તે મોટે ભાગે બાવળના લાકડાના.

જંગલનાં મોટાં મોટાં ઝાડો સળગાવી મૂકે છે. લગભગ સળગી રહેવા આવે છે ત્યારે તેના પર ધૂળ વગેરે વાળી દેવામાં આવે છે, અગર તે દાટી દેવામાં આવે છે. આ કોલસા શહેરમાં વેચાતા મળે છે તે.

બાવળની સૂળો ધોળી અને લાંબી છે. બે સૂળો એક છેડે જોડાએલી રહે છે. નાનાં બાળકો તેનું એક ઉખાણું નાખે છેઃ—

"બે ભાઇ વચ્ચે એક મુખ."

બાવળનો કાંટો એકાએક પેસી જાય તો તે ઉંડે જાય છે. બાવળના કાંટાને કેટલાક લોકો ટાંકણીઓ પેઠે ગામડામાં વાપરે છે. કોઇ વાર છોકરાઓ મોટર કે સાઇકલમાં પંચર પાડવા બાવળના કાંટાને રસ્તામાં વેરે છે. બાવળની સૂળોને ગામડામાં ભીંતે કાંઇ ચોડવું હોય તો ખીલી પેઠે વાપરે છે.

બાવળને લાંબી લાંબી શીંગો થાય છે. તેને પરડા કહે છે. પરડાનો સ્વાદ તુરો લાગે છે. કાઠિયાવાડનાં ગામડાંમાં લોકો તેનું અથાણું કરે છે. એ અથાણું સારૂં લાગે છે.

બાવળનો ગુંદર વધારે મોંઘો અને વધારે ઉપયોગી છે. બાવળનો ગુંદર દવામાં કામ આવે છે. શિયાળામાં લોકો તેનો પાક કરીને ખાય છે, તેને ગુંદરપાક કહે છે.

પણ પેલો માસ્તર નિશાળીયાને 'ગુંદરપાક' આપે છે તે જુદો. તે ગુંદરપાક એટલે તો ઠોંસા અને થપાટ.

બાવળના થડ કે ડાળી ઉપર કુહાડીથી કાપા પાડવામાં આવે છે. તેમાંથી રસ નીકળે છે અને જામી જાય છે. એનું નામ ગુંદર.

બાવળ ઉપયોગી છે છતાં લોકો તેની નિંદા કરે છે. ગધેડાને કઠોર, કળથીને કઘાન અને બાવળને કઝાડ કહે છે.

શું કામ એનેં કઝાડ કહેતા હશે? કેમ કે એના છાંયે બેસી શકાતું નથી. એની નીચે એટલા બધા કાંટા. એને શીળે અનાજ પાકે નહિ ને ખેતી બગડે.

બાવળને ઝાડે સુગરી પોતાના માળા ખાસ કરીને બાંધે છે. સુગરીને એમ તો અક્કલ બહુ છે. એનું નામ સુગૃહી, સારા ઘરવાળી. એનો માળો સાચે જ સુંદર હોય છે. પણ શા માટે એ કાંટાળા બાવળે જઇને બાંધતી હશે? પણ એમ તો બુલબુલને પણ બાવળ ગમે છે. એમ તો એવું બહુએ હશે. આપણે પક્ષીનું ક્યાં જાણીએ છીએ?

અને આટલું બધું લખ્યું પણ એક વાત તો રહી જ ગઇ. બાવળનાં રોજ રોજ દાતણ કરીએ છીએ એ તો યાદ રહ્યું જ નહિ! બાવળનું દાતણ

બહુ સારૂં ગણાય છે. તે ચાવવાથી મ્હોં, જીભ, ગળું સુંવાળું રહે છે ને તેનો કૂચો પોચો મજનો થાય છે.

બાવળનું વાંકું વાધરી નહિ બોલે. વાધરીનો તો એના ઉપર રોટલો છે.

હું આ લખું છું તે વખતે મારી પાસે બેઠેલા એક વૈદ્ય કહે છે: "અરે ! તમે બાવળની પાલી—પાંદડાંની વાત તો ભૂલી જ ગયા ! માણસનું મોઢું આવે ત્યારે બાવળની પાલી મૂકવાથી મોઢું મટી જાય.

બાવળ વિષે ઘણું લખ્યું. હવે બસ.

સંઘર્યો સાપ કામનો

એક નગરશેઠ હતા. એને એક દીકરો હતો. એનું નામ કપુરચંદ. કપુરચંદને શેઠે નાનપણથી પરણાવ્યો હતો. શેઠાણી કપુરચંદને નાનો મૂકીને મરી ગએલાં. જતે દિવસે શેઠનો ધંધો નબળો પડયો; કંઇક પૈસો બંધાઇ ગયો ને કંઇક તણાઈ ગયો. શેઠની સ્થિતિ બહુ નબળી આવી ગઇ.

શેઠ તો છેવટે મરી ગયા ને કપુરચંદ એકલો રહ્યો. કપુરચંદ સારી પેઠે મોટો થયો. આડોશી પાડોશી સૌ કહેવા લાગ્યાં: "હવે તો કપુરચંદ વહુને તેડવા જાય તો સારૂં. હવે વહુ પણ મોટાં થયાં. આવતરમાં તે એને કયાં સુધી રખાય ?"

બધાના કહેવાથી કપુરચંદ સાસરે વહુને તેડવા ગયો. સાસરે ગયો તો: ખરો પણ તેની સ્થિતિ ગરીબ થઇ જવાથી તેને સાસરે તેની વહુને મોકલવાની ના પાડી ને કહ્યું કે "કાંઇક ધંધો પાણી કરો ત્યારે તેડવા આવજો. અત્યારે મારી દીકરી ત્યાં આવીને શું ખાશે ? એણે કાંઇ ગરીબી જોઇ નથી."

કપુરચંદને બહુ ખોટું લાગ્યું. તેની વહુને ખબર પડી કે મારો ધણી તેડવા આવ્યો છે પણ મારાં બાપા મને મોકલવાની ના પાડે છે

કપુરચંદની વહુને પણ ખોટું લાગ્યું. એણે તો નક્કી કર્યું કે "મારે તો સાસરે જવું છે. પિયર પાલખી હોય તોય મારે શા કામની ?" સવારમાં વહેલી ઉઠી કળશે જવાનો સાડલો પહેરી

હાથમાં કળશો લઈ બહાર નીકળી.

કપુરચંદને તો ડેલીમાં જેવો તેવો બાટલો નાખી સૂવાયેં હતો. કપુરચંદની સ્ત્રીને પોતાના ધણીનું આવું અપમાન થતું જોઇ તેના બાપ ઉપર ખૂબ ગુસ્સો ચડ્યો, ને ધણીને જગાડીને કહ્યું: "ચાલો, હું તમારી સાથે આવું છું. તમારૂં આવું અપમાન થાય ત્યાં મારે રહીને શું કરવું છે?"

બન્ને જણાં ચાલી નીકળ્યાં. પોતાને ગામ આવ્યાં. જેમ તેમ કરી પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યાં. કપુરચંદની સ્ત્રીએ તેને કહ્યું: "રોજ કળશે જઇને આવો ત્યારે તમારે કાંઇક વસ્તુ લેતા આવવું."

કપુરચંદ કહે: "શું લાવું?"

તેની સ્ત્રી કહે: "ગમે તે લાવજો. છેવટે કાંઇ નહિ તો ચપટી ધૂળ લેતા આવજો, અને આ ખૂણામાં નાખજો."

કપુરચંદ કહે: "ઠીક."

કપુરચંદ તો રોજ કાંઈ કાંઇ લાવે. કાંઇ નહિ તો ધૂળ, ઠીંકરૂં, દાતણની ચીરો એવું જ લાવે. એમ કરતાં કરતાં મોટો ઉકરડો થઈ ગયો. એક વાર કપુરચંદ કળશે જઇને આવતો હતો. રસ્તામાં મરેલો સાપ ભાળ્યો. કપુરચંદે તે લીધો ને ઘરે લાવીને ખૂણામાં નાખ્યો.

રાજની રાણી-સવા લાખ રૂપિયાનો હાર બીલીએ વળગાડી ન્હાવા બેઠાં હતાં ત્યાં સમળીએ ઝડપ મારી હાર લઇ લીધો ને ઉડી ગઇ. ઉડતી ઉડતી કપુરચંદના ઘર ઉપર આવી ત્યાં મરેલો સાપ ભાળ્યો. તરત સમળી હેઠે ઉતરી; સાપ મ્હોંમાં લીધો ને હાર ત્યાં મૂકીને ઉડી ગઇ.

સવારે કપુરચંદની સ્ત્રી ઉઠીને જુએ તો ઉકરડા ઉપર કાંઇક ઝગારા મારતી વસ્તુ દીઠી. જઇને જુએ તો હાર!

રાજની રાણી નાહીને ઉઠી ત્યાં તો હાર ન મળે. રાણીએ રાજને ખબર આપ્યા. રાજાએ આખા ગામમાં ઢંઢેરો પીટાવ્યો: "જે કોઈ રાણીનો હાર લાવી આપશે એને મોઢે માગ્યું આપશું."

આ ઢંઢેરો કપુરચંદે અને તેની સ્ત્રીએ સાંભળ્યો. કપુરચંદની સ્ત્રીએ

કહ્યું: " તમે આ હાર જઇને રાજાને આપી આવો, ને જો કાંઇ માગવાનું કહે તો મને પૂછવા આવજો. "

કપુરચંદ કહેઃ " ઠીક. "

કપુરચંદે જઇને રાજાને હાર આપ્યો ને કહ્યું કે "મારા ફળીયામાં ઉકરડા ઉપર પડ્યો હતો. "

રાજા કપુરચંદની પ્રામાણિકતા જોઈ ખુશી થયો ને જે જોઇએ તે માગવા કહ્યું.

કપુરચંદ તેની સ્ત્રીને પૂછવા ગયો. તેની સ્ત્રીએ કહ્યું: " તમે રાજા પાસે એટલું માગજો કે દીવાળીમાં અમારા ઘર સિવાય ગામમાં કયાંઇ દીવો ન થાય. રાજ દરબારમાં પણ નહિ. "

કપુરચંદ રાજા પાસે ગયો ને કહ્યું: " મહારાજ, મારે બીજું કાંઈ નથી માગવું. ફક્ત એટલું જ માગું છું કે દીવાળીમાં મારા ઘર સિવાય કોઇને ઘેર દીવો ન થાય. તમારા મહેલમાં પણ નહિ. "

રાજા કહેઃ " ઓહો ! એમાં શું માગ્યું ? ભલે તમે કહો છો તેમ આ દીવાળીએ તમારા ઘર સિવાય બીજે કયાંઇ દીવો કરવામાં નહિ આવે. "

દીવાળીના તહેવારો આવ્યા પણ ગામમાં બધે અંધારું ઘોર ! કપુરચંદના ઘર સિવાય કયાંઈ દીવો ન મળે.

લક્ષ્મીજી ફરવા નીકળ્યાં. બધે અંધારું જોઇ વિચારમાં પડ્યાં કે " મારે તે જવું કયાં ? "

કપુરચંદના ઘરમાં અજવાળું જોઇ લક્ષ્મીજી ત્યાં ગયાં. દીવાળીના ચાર દિવસમાં કપુરચંદનું ઘર તો અહારે ભરાયું ઘરમાં મેલ્યા મારગ નહિ !

કપુરચંદના સાસરે જ્યારે ખબર પડી કે દીકરી એની મેળે કહ્યા વિના ચાલી ગઇ છે ત્યારે પહેલાં તો એને ગુસ્સો ચઢ્યો. પણ પછી દીકરીની બુદ્ધિ જોઈ ખુશી થયો ને દીકરીને કરિયાવર કરી સાસરે મોકલી.

કપુરચંદ તો પાછો નગરશેઠ થઇ પડ્યો. વણજવેપાર ધમધોકાર ચાલવા લાગ્યાં. ત્યારથી કહેવત થઇ કે " સંધ્યેા સાપ પણ કામ આવે. "

ઓળખી કાઢશો ?

વસ્ત્ર વિના લોક જોઇ, સૂકી કાયા લાકડીશી,
આંખો કોની ખૂબ રોઇ ? સૂઠી હાડકાંનો માળો;
કોટ પાટલૂન છોડ્યાં બોખું મોઢું ધોળા વાળ,
છોડ્યાં ધોતી પેરણને; હસે જાણે નાનું બાળ–
એકલો લંગોટી પહેરી, છતાં ધ્રૂજે સરકાર,
વસ્ત્ર વિના થઇ રહ્યો. પૂરી રાખે જેલ દ્વાર.
વસ્ત્ર વિના લોક જોઇ, સૂકી કાયા લાકડીશી,
આંખો કોની ખૂબ રોઇ ? સૂઠી હાડકાંનો માળો.

જંગલમાં આંબા નીચે, કોણે ખાનપાન તજી,
પાંદડાંની ઝુંપડીમાં, કાયા દેશ કાજે સજી ?
લખી પત્ર નાનો એવો, કોણે ધન ધાન છોડી,
હાકેમને સૂંઝવે છે. ગરીબોની ભૂખ તોડી ?
એક એક બોલ બોલે, કોણે મોહમાયા પીધી,
શે'નશા'ત ડમડોલે. આશ્રમની વાટ લીધી ?
જંગલમાં આંબા નીચે, કોણે ખાનપાન તજી,
પાંદડાંની ઝુંપડીમાં. કાયા દેશ કાજે સજી ?

મહાત્મા ગાંધીજી

શ્રીસરસ્વતી છાપખાનું, ભાવનગર

Daily-Planning

Date

Day

પ્રાસ Prd.	ધોરણ Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids

Daily-Planning

Date

Day

...ગુ d.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids	ગૃહકાર્ય Home Work

22966

22966

Daily-Planning

Date

નામ. Prd.	ધોરણ Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids